
॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥


પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કોઠારીશ્રી
નંદકિશોરદાસજી સ્વામીનું સંક્ષિપ્ત જીવન

નંદાખ્યાન



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી


નંદાખ્યાન



ગુરુવર્ય પ.પૂ. શાસ્ત્રીજી સ્વામી સાથે
નંદાખ્યાનના લેખક શા. સંતવલ્લભદાસજી તથા
સંપાદક શ્રી રસિકવલ્લભદાસજી સ્વામી




શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ






સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી




સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી



સ.ગુ. શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી



સ.ગુ. શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી



સ.ગુ. શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી

।। इदं गुरुभ्यो पूर्वेभ्यो नमो वाचं प्रचास्महे ।।



પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કોઠારીશ્રી નંદકિશોરદાસજી સ્વામી સાથે
પ.પૂ. શાસ્ત્રીજી સ્વામી તથા પ.પૂ. પુરાણી સ્વામી

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥



સદ્‌ગુરુ સ્મરણાંજલિ



આ સૃષ્ટિમાં જ્યારથી આધ્યાત્મિકતાનો સૂર્યોદય થયો છે ત્યારથી આજસુધી પરબ્રહ્મના પરમ ઉપાસક મહાપુરુષોનો મહિમા ગવાતો રહ્યો છે. સનાતન વૈદિક ધર્મની દરેક શાખા-પ્રશાખાઓનું અસ્તિત્વ સંતપુરુષોના નામે અંકિત થયેલું છે અને આ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના પણ સદ્‌ગુરુશ્રી રામાનંદ સ્વામી જેવા સંતપુરુષ દ્વારા થઈ છે.

વિ.સં. ૨૦૩૭ - ચૈત્ર શુક્લ-૯ નવમીએ સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાનશ્રી સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં પધાર્યા. પાંચસોથી વધુ પરમહંસોએ રાત્રિ-દિવસ ગામડે ગામડે ઘર ઘર સુધી જઈને પ્રગટ ભગવાન શ્રીહરિની ઓળખાણ કરાવી છે. સંપ્રદાયની આજે જે જેટ સ્પીડથી પ્રગતિ થઈ રહી છે તેના મૂળમાં આ પરમહંસોનું સમર્પણ છે. આ સંપ્રદાય સદૈવ એ પરમહંસોનો ઋણી રહેશે; જેમણે સાંપ્રદાયિક અસ્તિત્વના પાયા પાતાળ સુધી પહોંચાડ્યા છે. એવા મહામુનિરાજ શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી, વિદ્વત્‌રાજ શ્રી નિત્યાનંદ સ્વામી, કવિરાજ શ્રી બ્રહ્માનંદ સ્વામી, કવિરાજશ્રી આધારાનંદ સ્વામી, કવિરાજશ્રી નિષ્કુળાનંદ સ્વામી; આ પરમહંસોના ઉપકારોનું ઋણ આપણે કેવી રીતે ચૂકવી શકીએ !

ટૂંકમાં માત્ર ૨૨૫ વર્ષના ઈતિહાસમાં આ સંપ્રદાય દેશ-

વિદેશમાં વિસ્તરી રહ્યો છે તેમાં પરમહંસોનું અશ્રુતપૂર્વ યોગદાન છે. એવું આપણે સહુ હૃદયથી માનીએ છીએ. એટલે જ આજ આબાલવૃદ્ધ દરેકના હૃદયમાં ભગવાન શ્રીહરિ પછીનું સ્થાન આ પરમહંસોનું છે.

હું મારા અંગત જીવનની વાત કરું તો મને ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ પછી સૌથી વધુ હેત પરમહંસોમાં છે. પરમહંસોમાં પણ સદ્‌ગુરુરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીમાં અસાધારણ હેત છે અને એ ગોપાળાનંદ સ્વામી કરતાં મારા આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામીમાં હજારો ઘણું હેત છે. અને તેમના કરતાં કોટિ ઘણું હેત મને મારા મોક્ષદાતા ગુરુદેવ નંદબાબામાં છે.

કારણ કે, આ સંપ્રદાય પ્રત્યેની મારી નિષ્ઠાનું ઘડતર તેમના હસ્તે થયું છે. વૃત્તાલય વિહારીની અનન્ય ઉપાસના તેમની જ અનુકંપાનું ફળ છે. પરમહંસો પ્રત્યેની ઉક્ત લાગણી પણ તેમનાં જ સાંનિધ્યથી પ્રાપ્ત થઈ છે. આ સંપ્રદાયમાં બધું જ છે પરંતુ જો મને મારા ગુરુદેવ ન મળ્યા હોત, તો મને કંઈ જ ન મળ્યું હોત. હું કંઈ જ સમજી શક્યો ન હોત. જો હું મારા જીવનમાંથી ગુરુદેવના ઉપકારોની બાદબાકી કરી નાંખુ તો આ પંચભૂતના ખોળીયા સિવાય કંઈ જ ન રહે. મેં નાનપણમાં જ આ સંપ્રદાયમાં પ્રવેશ કરેલો પરિણામે મારા ઘડતરમાં વિશેષ પરિશ્રમ પડે તેમાં કાંઈ જ બે મત નથી છતાં મને કહેતા ગર્વ થાય છે કે પૂ. ગુરુદેવે સો સો માતાની મમતા આપીને મારું ઘડતર કર્યું છે. એટલું જ નહિ, મમતાભર્યા લાડકોડમાં ઘડતરમાં કસર ન રહે, તેનું પણ એટલું જ ધ્યાન રાખ્યું છે. એ મહાપુરુષના ઉપકારોનું ઋણ તો હું કેમ ચૂકવું ? અને હા, મારા ઘડતરમાં પ.પૂ. પાર્ષદવર્ય કો. શ્રી ઝવેર ભગત. વડિલ ગુરુબંધુ પ.પૂ. પુરાણી શ્રી ભક્તિકિશોરદાસજી સ્વામીને તથા મારા પૂજ્ય કાકાગુરુ મુગટ સ્વામીને ભૂલી જાવ, તો હું નગુણો કહેવાવ. એટલે જ મારા હૃદયમાં જ્યારે જ્યારે તેમના ઉપકારોનું વિશેષ સ્મરણ થઈ આવે છે ત્યારે ત્યારે વધુ દૃઢતાથી તેમના વચન

પ્રમાણે જીવી; આ સંપ્રદાયની સેવા કરવાની દૃઢતા કરું છું. ટૂંકમાં મને પરમહંસોમાં સૌથી વિશેષ હેત મારા ગુરૂદેવમાં છે.

પૂજ્યશ્રી ગુરૂદેવ સંપ્રદાયના એક મહાન બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ સંત હતા. તેમના પ્રત્યે સંપ્રદાયના સૌ-સંતો ભક્તો અગાધ લાગણી રાખતા. તેમને ત્યાંથી માંગણી કરનાર કોઈ પણ - ક્યારેય પણ ખાલી હાથે નથી ગયા. તેમની સૌથી મોટી વિશેષતા એ હતી કે, તેઓશ્રી આજીવન અજાતશત્રુ રહ્યા છે. વરસો સુધી મંદિરોમાં મહંતાઈ કરી છે. દેવ મંદિરની મિલકતોનો કબજો લીધો છે. સંઘર્ષો પણ જોયા છે છતાં તેમનો કોઈ જ શત્રુ નહિ. સદૈવ અજાતશત્રુ રહ્યા છે. વિરોધી પણ કોઈ જ નહિ. સંપ્રદાયમાં બન્ને પક્ષના સંતો તેમને સમાન આદરભરી દૃષ્ટિએ નિહાળતા. સુરત મંદિરના મારા બાલ્યકાળના સંસ્મરણો પ્રમાણે ઉત્તરાયણ પર્વે વરતાલના બહુધા સંતો ત્યાં પધારતા. પૂજ્યશ્રી સહુને પ્રસન્ન કરતા. પૂ. સ્વામીશ્રીના આવા અનેકાનેક સંસ્મરણોની સ્મૃતિયાત્રા મારા જીવનનું પ્રેરકબળ છે.

આ સ્મરણીય પ્રસંગો હું અવાર-નવાર સંતોની સભામાં ઘડતરના એક ભાગરૂપે રજૂકરતો. આ પ્રસંગો મારા કૃપાપાત્ર સેવક સાધુ રસિકવલ્લભદાસ નોંધ કરવા લાગ્યા. પૂ. ગુરૂદેવના સમકાલીન સંતોનો પણ સંપર્ક કર્યો. અને આ ''નંદાખ્યાન''ની સામગ્રી એકત્રિત કરી. આ સામગ્રી અધ્યાત્મ દૃષ્ટિએ સંતજીવનના ઘડતર માટે પ્રેરક જણાતા તેને ગ્રંથસ્થ કરવાનો પુણ્યવિચાર ઉઠ્યો. આ વિચારને મારા શિષ્ય મંડળમાં મૂર્ધન્ય વિદ્વાન મારા પરમ કૃપાપાત્ર શિષ્ય શાસ્ત્રી સંતવલ્લભદાસે મૂર્ત સ્વરૂપ આપ્યું. પૂ. ગુરૂદેવ પ્રત્યેની શ્રદ્ધા-લાગણીથી સર્વ સંતો-પાર્ષદોએ તેમાં સહકાર આપ્યો છે. ઈષ્ટદેવ શ્રીહરિ અને સમસ્ત પરમહંસ પરંપરાના રૂડા આશિષથી આજે આ ગૌરવવંતી ગાથા ''નંદાખ્યાન'' પ્રકાશિત થઈ રહી છે તે જોઈને મને ઘણો જ આનંદ થાય છે.

- સેવક શા. ઘનશ્યામપ્રકાશદાસ



સમર્પણ

પ.પૂ.સદ્. કોઠારીશ્રી નંદકિશોરદાસજી સ્વામી

જેમણે સમ્પ્રદાયના સ્થાપક અને પ્રવર્તકના આદર્શ શિષ્યત્ત્વને પ્રાપ્ત કર્યુ હતું એવા સદ્‌ગુરૂશ્રી મુક્તમુનિની ગૌરવવંતી ઉજ્વળ શિષ્ય પરંપરામાં દીક્ષા પ્રાપ્ત કરી છે.

જેમણે મમતા-કારૂણ્ય-વાત્સલ્ય જેવા સદ્‌ગુણો દ્વારા પોતાના જીવનમાં આદિગુરૂ મુક્તમુનિની ઝાંખી કરાવી છે.

જેમણે ધોલેરા-સુરત મુંબઈ જેવા મંદિરોમાં વર્ષો સુધી મહંત પદે રહેવા છતા દાસત્ત્વના દસ્તાવેજ જેવી સરળતા, સાધુતા મૂર્તિમંત કરી આપી છે. વિકાસના ઈતિહાસમાં યાદગાર કાર્યો કર્યા છે. સંસ્મરણીય સમૈયાઓ કર્યા છે.

જેમણે પોતાની જીંદગી ચંદનની જેમ સત્સંગને માટે ઘસી છે. જેઓની સેવાએ ધૂપસળીની જેમ સુગંધ પ્રસરાવી છે. જેમણે દીપકની જેમ સદૈવ બીજાને માટે પ્રકાશ પાથર્યો છે.

જેમના જીવન મંદિરના જ્ઞાનશિખરો પર ભક્તિ સૌંદર્યના કળશોની સાથે ધર્મની ધજા ફરકે છે.

એવા અજાતશત્રુ, આજાનબાહુ, અદ્‌ભૂત ઓજસ્વી, વિરલવિભૂતિસ્વરૂપ એવં મારા દાદાગુરૂ પ.પૂ. સદ્‌ગુરૂ કોઠારીશ્રી નંદકિશોરદાસજી સ્વામી; આપશ્રીના કરકમળોમાં આ ''નંદાખ્યાન'' નામની આપના જીવનની ગાથા રૂપી કુસુમાંજલિ સમર્પિત કરતા આનંદ અનુભવું છું.

સેવક - સંતવલ્લભદાસ

પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કોઠારીશ્રી

નંદકિશોરદાસજી સ્વામીનું સંક્ષિપ્ત જીવન

નંદાખ્યાન

ॐ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કોઠારીશ્રી

નંદકિશોરદાસજી સ્વામીનું સંક્ષિપ્ત જીવન

નંદાખ્યાન

:: પ્રેરણા ::

પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

:: લેખક ::

શા. સંતવલ્લભદાસ - વેદાંતાચાર્ય-પીએચ.ડી.

:: સંપાદન ::

સાધુ રસિકવલ્લભદાસજી સ્વામી

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - ''ભક્તિનગર'' કંડારી

ગ્રંથ : નંદાખ્યાન

પ્રેરણા : પ.પૂ.સદ્‌ગુરુ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક : શા. સંતવલ્લભદાસ - વેદાંતાચાર્ય - **Ph.D.**

પ્રકાશન તિથિ : શ્રી સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવ - ૨૦૧૨

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ - ગુરૂકુલ - કંડારી

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૩૦૦૦

કિંમત : ૧૦/- (સૌજન્યને આભારી)

પ્રાપ્તિ સ્થાન :

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - કંડારી (૦૨૬૬૬) ૨૩૨૩૩૪/૭૩૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - વડોદરા (૦૨૬૫) ૨૫૭૧૧૭૭

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - નાવલી (૦૨૬૯૨) ૨૮૩૬૪૫

શ્રી સ્વામિનારાયણ-મંદિર - લોયાધામ – ૯૯૨૫૨૦૭૫૦૭

શ્રી સ્વામિનારાયણ-મંદિર - લોયાધામ-ન્યૂજર્સી – ૦૦૧-૭૩૨-૩૭૭-૩૪૮૬

શ્રી સ્વામિનારાયણ-મંદિર - લોયાધામ-મેકન – ૦૦૧-૪૭૮-૯૫૪-૪૯૩૧

મુદ્રક :

શ્રીજી આર્ટ, અમદાવાદ

ફોન. (૦૭૯) ૨૬૫૮૦૯૧૬. મો. ૯૮૭૯૬૦૬૬૮૬

પ્રસ્તાવના

અમૃતમય વચનામૃતમાં શ્રીજી મહારાજ ઉદ્‌ઘોષણા કરતા કહે છે કે, આ જીવને જ્યારે ભરતખંડને વિશે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ તે જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય. (વ૨.૧૯) એ ન્યાયે ભગવાન અને અનેક મહાપુરૂષો આ પૃથ્વીને પાવન કરી ગયા છે, કરી રહ્યા છે અને કરતા રહેશે.

ભગવાન પૃથ્વી પર પધારી અનેક લીલાઓ કરતા હોય છે. તેનું ગાન જીવાત્મા માટે શ્રેયસ્કર છે. જેમ ભગવદ્‌ચરિત્રથી જીવાત્માને પરમ શાંતિનો અનુભવ થાય છે તે જ રીતે સંતચરિતથી પણ જીવાત્માને પરમાત્મા તરફ ચાલવાનો રાહ મળે છે.

"શાસ્ત્રમાં કાં તો ભગવાનના ચરિત્રો હોય કાં તો સંતના ચરિત્ર હોય" (ગ.મ.૨૧) આમ શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે. શાસ્ત્ર માત્ર જેટલો ભગવાનને ન્યાય આપે છે, તેટલો જ સંતપુરૂષોને આપે છે. માટે જ શ્રીમદ્‌ભાગવત, મહાભારત આદિ ગ્રંથોમાં ભગવાન અને ભક્તોના ચરિત્રો ગૂંથાયેલા છે. સાંપ્રદાયિક પરિપ્રેક્ષ્યમાં દૃષ્ટિ કરીએ તો, સત્સંગશિરોમણિ અને શ્રીજીમહારાજ માન્ય ગ્રંથરાજ શ્રીમદ્‌ સત્સંગિજીવનમાં પણ સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ ભગવાનની સાથે સાથે સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીના જીવનનું દર્શય ખડુ કર્યુ છે. ભક્તચિંતામણિ ગ્રંથમાં ભગવાનના ચરિત્રોનું બાહુલ્ય છે. છતાં તો નામકરણ તો ભક્તથી જ થયું છે. આ ગ્રંથમાં સદ્‌. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પરચા પ્રકરણમાં ભક્તના ચરિત્રોને પ્રાધાન્ય આપવામાં બાકી નથી રાખ્યું. સ્વયં શ્રીજીમહારાજ પણ ભક્તચરિત્રના આગ્રહી હતા. સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી પાસે ગ્રંથરચના સમયે સદ્‌. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રકરણની રચના કરાવી હતી. ટૂંકમાં ભગવદ્‌ચરિત્રો કલ્યાણકારી અને મોક્ષપ્રદ છે, તેમ સંતના ચરિત્રો પણ કલ્યાણકારી અને મોક્ષપ્રદ છે.

પ્રસ્તુત "નંદાખ્યાન" પુસ્તકમાં નંદ સંતોની સદંશ જીવન જીવી

ગયા છે એવા સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામીની જીવનગાથા આલેખિત કરી છે. જેઓની આંખોમાંથી સતત દયા વરસી છે. જેઓના હાથના સ્પર્શે હજારોને પ્રેમનો અનુભવ કરાવ્યો છે. જેઓના ચરણકમળે હરિભક્તોના ઘરમાં પવિત્રતાના પૂંજ પાથર્યા છે. જેમના મુખકમળમાંથી વહેતા પ્રવાહથી શાંતિનો અનુભવ થયો છે, જેમના દર્શનથી હરિના દર્શનનો અહેસાસ માનસમાં થાય છે. હૃદયમાં શાંતિની સુવાસ પ્રગટે છે, જેમના સહવાસથી નિજ અંતરમાં સહજાનંદનો વાસ થાય છે, એ હતા આપણા દાદાગુરુ સદ્. શ્રી નંદકિશોરદાસજી સ્વામી...

પૂ. સ્વામીજી મુંબઈ-ધોલેરા-સુરતના મહંતપદે રહ્યા છતા સંતપદનો તેમણે ત્યાગ નથી કર્યો. આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખરો સર કર્યા છતાં ભક્તિનાં ઊંડાણ પણ એટલા જ હતા. સર્વના સુખદુઃખમાં સાથે ભળી મહારાજને મળાવી દેતા. ''परकार्यम् साध्नोति इति साधुः'' આ સાધુ શબ્દના અર્થને પૂરેપૂરો ન્યાય તેમણે આપ્યો હતો. તેઓ સદા પરકાર્યના હિતમાં રત રહેતા. આવા પરમ ભાગવત સંત ભારતભરમાં ઘણા દુર્લભ છે, એવી જનમાનસની ચોક્કસ અને તટસ્થ શ્રધ્ધા છે. આવા સ્વામીજીના જીવનમાં અકલ્પ્ય અને અવર્ણનીય સદ્‌ગુણો હતા. પ્રસ્તુત પુસ્તકમાં વર્ણિત સદ્‌ગુણો કરતા પણ વિશેષ સદ્‌ગુણો સ્વામીશ્રીના જીવનમાં હતા.

આવા સ્વામીજીની જીવનગાથા વર્ણવવાનો શુભ અવસર મળે એ જ જીવનનો અલૌકિક લ્હાવો છે. અમારા ગુરુવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીની પ્રેરણા અને આશીર્વાદથી આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે. પ્રસ્તતુ ગ્રંથમાં પ્રસંગોનું વૈવિધ્યપૂર્ણ અને સાહિત્યિક ભાષામાં કંડારવાનું શ્રેય મારા વિદ્વાન ગુરૂબંધુ પૂ. શાસ્ત્રી શ્રી સંતવલ્લભદાસજીના ફાળે જાય છે. તેમણે આ પ્રસંગોનું આલેખન કરી પુસ્તકને નવો ઓપ આપ્યો છે. છૂટી છવાઈ રહેલી માહિતીને એકત્ર કરી આપનાર સાધુ શ્રી રસિકવલ્લભદાસજીને ખૂબ જ અભિનંદન પાઠવું છું.

આવા સંતની જીવનગાથાને પ્રકાશિત કરતા આનંદ સાથે ગૌરવ અનુભવીએ છીએ. આ પુસ્તકમાં જેણે જેણે સહયોગ આપ્યો છે તે સહુ કોઈના આભારી છીએ.

આ સંતવર્યની ગાથા અમે કંડારી છે, તેમાં આપ ઓછપ અનુભવો તો અનુકંપા કરશોજી.

લિ. કો. શ્રી શુકવલ્લભદાસના જય શ્રી સ્વામિનારાયણ

લેખકની કલમે



ભારતીય સંસ્કૃતિનું સંવર્ધન ભગવાધારીઓએ કર્યું છે. વનમાં રહેવા છતાં પણ સમાજના હિતની ખેવના રાખવાની ઉદારતા આ દેશના ઋષિઓએ કરી છે. સામાજીક-રાજનૈતિક અને શૈક્ષણિક સ્તરે સંતોએ સિંહફાળો આપ્યો છે. આ દેશના સર્વાંગી વિકાસમાં સંત-મહાત્માઓનું જીવન સમર્પણ રહ્યું છે. આધ્યાત્મિક જગતમાં પણ કોઈ એવો સંપ્રદાય નથી, જેમાં સંતોનું યોગદાન ન હોય.

આ ઉદ્ધવ સંપ્રદાયમાં પણ શ્રીરામાનંદ સ્વામીથી લઈને આજ દિવસ સુધી ધર્મ અને કર્મ ક્ષેત્રે સંતોએ સક્રિય સેવા કાર્યો કર્યા છે અને કરી રહ્યા છે. સંપ્રદાયની ઐતિહાસિક તવારીખોમાં જેમનું યોગદાન સુવર્ણાક્ષરે આલેખાયું છે એવા સંતોના રસપ્રદ પ્રસંગો ભાવી ઘડતરમાં રસાયણરૂપ સાબિત થઈ શકે એમ હોવા છતાં આપણે એ દિશામાં કોઈ નક્કર કાર્ય કરી શક્યા નથી. સાંપ્રદાયિક વિકાસની ધરી સમા કાર્યો કરવાનું છોડીને મિથ્યા અહંકારના નશામાં ચડી ગયા. પરિણામે શ્રૃંખલાબદ્ધ ક્ષતિઓ સર્જાતી રહી છે તેમાં અનેક સંતોની ઉપેક્ષા છે.

સત્ય, સંતોની ઉપેક્ષા થઈ છે. પરંતુ આજે આપણે પુનઃ એ ભૂલનું પુનરાવર્તન કરવાની ભૂલ કરવા ન માંગતા હોઈએ તો આપણા આપ્ત મહાપુરુષોની પ્રેરક ગાથાઓ આ સત્સંગ સમાજને ચરણે ધરવાની તાતી જરૂરીયાત છે. આ જરૂરીયાતની

પૂર્તિ માટે ગુરૂવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી સદૈવ પ્રેરક બની રહ્યા છે. તેઓશ્રીની પ્રેરણાથી સંત જીવનનું ઘણું સાહિત્ય આ કલમે લખાયું છે. આજ તેમાં આ નંદાખ્યાનનો ઉમેરો થઈ રહ્યો છે.

આ નંદાખ્યાન ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો ત્યારે મારા મનમાં એમ હતું કે, હું મારા દાદાગુરુ પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કોઠારીશ્રી નંદકિશોરદાસજી સ્વામીની પાવન જીવન કથા આલેખવા જઈ રહ્યો છું. પરંતુ આ ગ્રંથના આલેખન માટે જરૂરી પૂર્વ સામગ્રી મેળવવા જેમ જેમ સંપ્રદાયના આપ્ત પુરુષોના સંસર્ગમાં આવતો ગયો, તેમની પાસેથી સમુદ્ર જેવા અગાધ વ્યક્તિત્વનું આચમન કરતો ગયો, તેમ તેમ મારી ભ્રમણા તૂટતી ગઈ અને અંતે મારા માનસમાં એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે હું માત્ર મારા દાદાગુરુજીની જીવનગાથા લખવા નથી જઈ રહ્યો પણ સમગ્ર સંપ્રદાયના મૂર્ધન્ય બ્રહ્મનિષ્ઠ મહાપુરુષની જીવનગાથાને કલમની કેદમાં પુરવાનો બાલિશ પ્રયાસ કરવા જઈ રહ્યો છું અને મને જ્યારે મારી મૂર્ખતાનો ખ્યાલ આવ્યો ત્યારે આ કાર્ય કેવી રીતે કરી શકીશ ? મારાથી આ કાર્ય નહીં જ થાય. એ મનોસ્થિતિમાં મને ગુરુવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીના આશીર્વાદ અને પ્રેરણા પ્રેરક બન્યાં છે, એવું કહેવા કરતાં આ ગ્રંથનું આલેખન તેમની જ અદૃશ્ય શક્તિ દ્વારા થયું છે એમ કહેવું હું વધારે યોગ્ય માનું છું.

આ નંદાખ્યાનમાં "પૂ. સ્વામીશ્રીની બાલ્યાવસ્થા" વાંચીએ ત્યારે વચ.ગ.મ.૫૫માં કહેલ પોતાની બાલ્યાવસ્થાની રૂચિના સાક્ષાત્ દર્શન થાય છે. "આદર્શ સેવક પૂ. સ્વામીજી" અને "પંચસેવાવ્રતધારી" પૂ. સ્વામીજી" આ પ્રસંગો ગ.મ.૨૫ વચનામૃતના શબ્દોને જીવંત કરી આપે છે. "હરિ ? એ તો હરિના હાથની વાત છે" આ પ્રસંગ ભગવાનને સદા કર્તા હર્તા માનવાની વિશેષ ભક્તિભાવનાં દર્શન કરાવે છે. "જેણે દીકરો આપ્યો છે, તે જ રક્ષા કરશે" વાંચીએ છીએ ત્યારે ગ.મ.૩૭ વચનામૃતમાં કહેલ સંતની સર્વ ઈન્દ્રિયોમાં ભગવાનના નિવાસને સાબિત કરે છે. "સર્વોપરી તો એક મારો મહારાજ જ છે." પ્રસંગ કારિ.ના બીજા વચનામૃતના શબ્દોની નિષ્ઠાનો રણકાર સંભળાવે છે. "ત્રણ પાંદડાનો વડ વટવૃક્ષ બન્યો." આ પ્રસંગ ગ.પ્ર.૫૮માં વચનામૃતના શબ્દોને સાર્થક કરે છે. ૨૨, ૪૧, ૫૨ નાં પ્રસંગો ઈષ્ટદેવના મંદિરો પ્રત્યેની

ઊંડી ભક્તિનાં દર્શન કરાવે છે. પ૯નાં પ્રસંગમાં સ્વતંત્રપણે ભગવાનના સાંનિધ્ય ગમનનો પ્રસંગ કાળ-માયાદિથી પર સ્થિતિના દર્શન કરાવે છે. ટૂંકમાં પૂ. સ્વામીજી એટલે સંતના શાસ્ત્રોક્ત લક્ષણોનું મૂર્તિમંત સ્વરૂપ. આવા ઉત્તમશ્લોક મહાપુરુષના જીવનને શબ્દમાં કેદ કરવા માટે એક નહિ, અસંખ્ય કલમો અસમર્થ છે. અહીં માત્ર પુણ્યપ્રસંગોનું આચમન જ થયું છે. સમયની સાનુકૂળતા સાથે સાથે ભગવાન શ્રીહરિની ઈચ્છાશક્તિના આધારે વધુ વિસ્તૃત રોચક પ્રસંગોનો રસથાળ ભવિષ્યમાં રજૂ થશે.

અને સેવામૂર્તિ પૂજ્યપાદ્ સ્વામીજીના વ્યક્તિત્વને ક્યાંય અન્યાય ન થઈ બેસે, તેની પૂર્ણ તકેદારી રાખવા છતાં ભ્રમાત્ કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તેની સંપૂર્ણ જવાબદારી સ્વીકારું છું. આ ગ્રંથમાં સમાવિષ્ટ પ્રેરક પ્રસંગો ગુરૂપરંપરા અને સંપ્રદાયના વડીલ વયોવૃદ્ધ સંત પુરૂષોની સ્મૃતિ પ્રસાદી રૂપે પ્રાપ્ત થયા છે. આ પ્રસંગોનું સંકલન કરવાનો પ્રારંભ મારા લઘુ ગુરૂબંધુ સાધુ **શ્રી રસિકવલ્લભદાસજી સ્વામી**એ કરેલો, તેની સાદર નોંધ લેતા આનંદ થાય છે. આ કાર્યની શરૂઆત થઈ ત્યારથી પૂર્ણતા સુધી સદ્ગુરૂ સ્મૃતિ મહોત્સવ - ૨૦૧૨ની સેવામાં વ્યસ્ત રહેવાથી જરૂરી સમય ફાળવી શક્યો નથી, છતાં ગુરુવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીની સતત પ્રેરણા અસાધારણ કારણ બની છે અને **પૂ. પૂર્ણવલ્લભ સ્વામી, પૂ. શ્યામવલ્લભ સ્વામી - પૂ. આદર્શવલ્લભ સ્વામી, પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ કે. પટેલ (શ્રીજી)** વગેરેનો આત્મીય સહયોગ સહકારી કારણ બન્યો છે. હું તો નિમિત્ત કારણ સ્વરૂપે

અતીતના આયનામાં જોઈ, ગ્રંથ આ ગૂંથી રહ્યો છું,
વર્તમાનના મધુર સ્વપ્ને, ભાવિની ઝંખના કરી રહ્યો છું.

અને અંતે સૌથી મહત્વની વાત તો એ છે કે, આ લેખન કાર્ય ગીતા-ભાગવત, વચનામૃત અને સત્સંગિજીવન જેવા ગ્રંથોની સાક્ષીએ કર્યું છે. અહીં જે લખાણ થયું છે તે સંપૂર્ણપણે સત્સંગની મર્યાદાનુરૂપ લખાય; એવો મારો પ્રયાસ રહ્યો છે. આ નંદાખ્યાન સંત જીવનના ઘડતરમાં ઘણી ઉપયોગી થઈ શકશે; તેવા પ્રસંગો તેમાં ગૂંથાયેલા છે. આ કંઈ ગ્રંથનો મહિમા નથી; આ તો ગ્રંથના ચરિત્ર નાયક પૂ. સ્વામીજીના પાવન જીવનનો મહિમા છે; તેમનું જીવન જ એવું છે કે, કોઈપણની કલમ અમરત્વ પ્રાપ્ત કરી શકે.

આ ગ્રંથને ભાષાકીય ક્ષતિઓથી રહિત બનાવવાનું કાર્ય મારા સ્નેહી ભૂદેવ આદરણીય **શ્રી હરેન્દ્રભાઈ ભટ્ટ - વિદ્યાનગર** દ્વારા સંપન્ન થયું છે. આ ગ્રંથનું ફાઈનલ પ્રૂફ મારા ગુરૂબંધુ **સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજી તથા કો. શા. શ્રી શુકવલ્લભદાસજી**એ જોઈ આપ્યું છે. અહીં રજૂ થયેલી કાવ્યરચનાઓ **પૂ. ભજનવલ્લભ સ્વામી**ની છે. થોડો કાવ્યપ્રસાદ ગુર્જર ગિરાના સાધક **કવિશ્રી જયેન્દ્રભાઈ શેખડીવાળા - વિદ્યાનગર** દ્વારા પ્રાપ્ત થયો છે. અહીં જે ફોટોગ્રાફ રજૂ કર્યા છે તે વરસો જૂના છે, છતાં પ્રસંગોને જીવંત કરી આપે છે. જે અમારી પાસે હતા તે ઉપરાંત **પૂ. દિવ્યવલ્લભસ્વામી**ના પ્રયત્નોથી ઉધના **પૂ. નારાયણપ્રસાદસ્વામી** પાસેથી પ્રાપ્ત થયા છે. પ્રુફ સંશોધનકાર્ય **પૂ. સર્જુવલ્લભદાસજી સ્વામી - પાર્ષદશ્રી હરિકૃષ્ણ ભગત, પાર્ષદ શ્રી અમૃત ભગત** દ્વારા થયું છે. આ ગ્રંથ પ્રકાશનનું સૌજન્ય; **પ.ભ. ભાવિનભાઈ રાજેનભાઈ ત્રિવેદી - પરિવાર - મેકન, યુ.એસ.એ.** અને **પ.ભ. ભરતભાઈ નારાયણભાઈ પટેલ - પરિવાર - મેકન, યુ.એસ.એ.** આ બન્ને ભક્તોને પ્રાપ્ત થયું છે. ટૂંકમાં અહીં સહુએ વરતાલવિહારીશ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીની કૃપા મેળવવાનો પ્રયાસ કર્યો છે.

આ ગ્રંથના પ્રકાશનથી સત્સંગ સમાજ સમક્ષ એક વિરલ વિભૂતિ સંતની જીવનગાથા રજૂ થશે. વરતાલના ભક્તો જેમના નામ પર સાત્વિક ગર્વ કરી શકે, એવા આ સંતની ''નંદાખ્યાન'' ગાથાથી ભવિષ્યને અતીત પર ગૌરવ લેવાનું મન થશે - ''सुज्ञेषु किं बहूना''

गच्छतस्स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दूर्जनास्तत्र समादधति सज्जनाः ॥

અહીં જે આપને રૂચિકર લાગે તે ભગવાન શ્રીહરિ અને મારા ગુરુજનોની કૃપા છે અને જે અણગમતું હોય તે આ સેવકની ક્ષતિ છે; એમ માનીને પ્રસન્ન રહેજો એ જ.

સત્સંગ કૃપાભિલાષી
શા. સંતવલ્લભદાસના
જય શ્રી સ્વામિનારાયણ

સંપાદકીયમ્

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન નવયુગના પ્રભાતના સૂર્ય સમાન હતા, તો તેમની સાથે ફરનારા અને તેમની અલૌકિક પ્રભાને જાણનારાં-માણનારાં શ્રીહરિના પરમહંસો તેમની દિવ્ય નક્ષત્રમાળા સમાન હતાં. આ નક્ષત્રમાળાનો એક એક ચળકતો ચાંદ એટલે સર્વાવતારી શ્રીહરિના પ્યારા પરમહંસ. આ પરમહંસોમાં સંપ્રદાયની સત્સંગની માં સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી તથા તેમની પરંપરામાં જેમણે શ્રીહરિની દિનચર્યા રચીને સંપ્રદાયને હરિચરિત્રામૃતસાગર જેવો વિશાળ ગ્રંથ બક્ષિસમાં આપ્યો છે; એવા સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી, સદ્‌ગુરુ હરિપ્રિયદાસજી સ્વામી, સદ્‌ગુરુ વૈકુંઠચરણદાસજી સ્વામી, સદ્‌ગુરુ નારાયણસ્વરૂપદાસજી સ્વામી, સદ્‌ગુરુ નંદકિશોરદાસજી સ્વામી.

સાધુતાવચ્છેદકતાવચ્છિન્ન સાધુ થી યુક્ત જેમણે જીવન જીવી બતાવ્યું છે એવા મારા દાદાગુરુજી પ.પૂ. સદ્‌ગુરુ કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી જે, આજ્ઞા-ઉપાસના-ભાગવત ધર્મના પોષક - સંરક્ષક અને શિક્ષક હતા. સન્માનનાં ઊંચા શિખરો સર કર્યાં હતાં, છતાં પણ દાસત્વનાં મોભિયાં હતાં. તેમની સાધુતા તેજસ્વી-પ્રભાવી-ઓજસ્વી હતી. પૂજ્ય નંદબાબાની સાધુતાની આગળ મોટા મોટા માંધાતાઓનો અહં બરફની જેમ ઓગળી જતો અને ચરણોમાં ઢળી પડતાં. પૂ. સ્વામીજી પાસે લૌકિક શિક્ષણ કરતાં પણ અલૌકિક શિક્ષણ જબરજસ્ત હતું. આવી પૂ. સ્વામીજીની અનેક ખૂબીઓ હતી. આવા પૂ. સ્વામીશ્રીના અનેક સદ્‌ગુણોનું વર્ણન ''નંદાખ્યાન'' દ્વારા આ પુસ્તકમાં મારા ગુરુજી પ.પૂ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના અંતરના સંકલ્પથી અને શુભ પ્રેરણાથી મારા વડીલ ગુરુબંધુ શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી (વેદાંતાચાર્ય, Ph.D.) એ પોતાની સાહિત્યિક આગવી ભાષાશૈલીમાં સુંદર રીતે આલેખન કર્યું છે.

પૂ. નંદબાબાની સાથે રહીને જેમણે સાધુતાના ગુણો સંપાદન કર્યા છે એવા; અમારા પૂજ્ય ગુરુજીએ અવારનવાર કથાના માધ્યમ દ્વારા તેમના પ્રસંગોને વહેતા કર્યા છે. તે પ્રસંગોનું આલેખન પ્રસ્તુત ''નંદાખ્યાન'' પુસ્તકમાં છે. અમારા મોટા ગુરુજી પ.પૂ. પુરાણી શ્રીભક્તિકિશોરદાસજી સ્વામી (નાવલી) તથા અમારા દાદાગુરુતુલ્ય નિરન્નમુક્તદાસજી સ્વામી (મુગટસ્વામી-કંડારી) એ

સ્વાનુભવિત પ્રસંગો કહીને પૂરતી માહિતી પૂરી પાડી છે. ''નંદાખ્યાન'' પુસ્તકનું માર્ગદર્શન મારા વડીલ ગુરુબંધુ પ.પૂ.કો. શ્રી શુકવલ્લભદાસજી સ્વામી તથા પ.પૂ. સંતવલ્લભદાસજી સ્વામી (વેદાંતાચાર્ય-Ph.D.) એ પૂરું પાડ્યું છે. તેમજ અમારા દાદાગુરુજી (પૂ. નંદબાબા) ના સમકાલીન વરતાલ, મુંબઈ, ધોલેરા, જૂનાગઢ દેશોના વડીલ વયોવૃદ્ધ સંતોનો અમને ખૂબ મોટો સહયોગ મળ્યો છે. ખાસ કરીને તો અમારા દાદાગુરુજીના (પૂ. નંદબાબા) પૂર્વાશ્રમના લઘુબંધુ ''માધાબાપા હિરપરા'' વગેરે સંબંધીઓનો તેમજ દાદાગુરુજીના જન્મસ્થાન લીમધરા ગામના વડીલો દ્વારા ખૂબ મોટી માહિતી પ્રાપ્ત થઈ છે. મારા દાદાગુરુજીનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે તથા તેમની સેવા કરી છે; એવા સુરત, મુંબઈ, વડતાલ, કાનમ-રાજપ્રદેશના વડીલ હરિભક્તો દ્વારા ઘણી માહિતી પ્રાપ્ત થઈ છે.

આ ''નંદાખ્યાન'' પુસ્તકમાં સચોટપૂર્વક પ્રુફ તપાસનાર પ.પૂ.શા.શ્રી સરજુવલ્લભદાસજી સ્વામી (વ્યાકરણાચાર્ય) તથા પાર્ષદ શ્રી અમૃત ભગત, સરજુ ભગત, હરિકૃષ્ણ ભગતનો ખૂબ આભારી છું.

''નંદાખ્યાન''માં પ્રસંગોનું એકત્ર મેં ૧૮ વર્ષની ઉંમરે ચાલુ કર્યું હતું તે આજે ૨૦ વર્ષની ઉંમરે પૂરું કરવું તે કીડીને લાડુ જમવાં જેવું ગહન હતું, પણ પરમ ઉદાર મારા વડીલ ગુરુબંધુ પ.પૂ. શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી (વેદાંતાચાર્ય, Ph.D.) એ સરળ કરી આપ્યું. મારા મોટા ભાગ્ય છે કે આટલી ઉંમરે મને મારા દાદાગુરુજીની ૩૦મી પુણ્યતિથિ પ્રસંગે ઉજવાયેલ ''સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવ-૨૦૧૨''માં ''નંદાખ્યાન'' પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે, તેમાં મને સેવાનો લાભ મળ્યો તે મારા અહોભાગ્ય માનું છું. આ સંપાદન થયું છે તેમાં મારા ગુરુરૂપ હરિની કૃપાદૃષ્ટિ તથા મારા વડીલ ગુરુબંધુઓનો સહકાર તથા રાજીપો માનું છું. મારા આરાધ્ય ઈષ્ટદેવ હરિકૃષ્ણમહારાજ તેમજ મુક્તાનંદસ્વામીથી લઈને મારા ગુરુજી પર્યંત, મારા ગુરૂજનોના શુભચરિત્ર અને ચરણમાં મારું મન અખંડ ભ્રમરવત્ ભમતું રહે એ જ યાચના.

ભવદીય કૃપાભિલાષી

સાધુ રસિકવલ્લભદાસના જય શ્રી સ્વામિનારાયણ

અભિનંદનમ્

સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણની પરમહંસ પરંપરામાં મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામીને સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અગ્રગણ્ય એવં ''સત્સંગની માં'' તરીકે તત્કાલીન બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુઓએ સહર્ષ સ્વીકાર્યા. આજે પણ એ મહામુનિના દિવ્ય સ્મરણમાત્રથી સ્વાત્માને પ્રત્યેક આશ્રિત ધન્યભાગી થયાની લાગણી અનુભવે છે. આ ગૌરવવંતી મહાન મુક્તાનંદીય પરંપરામાં કેટલાય મુમુક્ષુ આત્માઓને મુક્તાત્મા થવાનો શ્રેય સાંપડ્યો છે. અપિતુ આ ગૌરવવંતી પરંપરાને ઉજાળવાનુ તેમજ વિસ્તારવાનું શ્રેય જો કોઈને પ્રાપ્ત થયુ હોય તો તે છે વરતાલના મહાન બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કો.શ્રી નંદકિશોરદાસજી સ્વામી. જેમના વિરલ વ્યક્તિત્વએ સંતજીવનના સદ્‌ગુણ સુમનોની સૌરભ જન જન પ્રત્યે પ્રસરાવી છે. પ્રસ્તુત ''નંદાખ્યાન'' નામની લઘુ પુસ્તિકામાં મહાન સદ્‌ગુણોની મહેક ફોરે છે. આ સંત ચરિત્રરુપ ગ્રંથ પ્રકાશનમાં સહયોગી બનેલા

પ.ભ. શ્રી રાજેનભાઈ ત્રિવેદી, અ.સૌ. હર્ષાબેન રાજેનભાઈ ત્રિવેદી

હસ્તે : **પ.ભ. શ્રી ભાવિનભાઈ રાજેનભાઈ ત્રિવેદી,**

પ.ભ. શ્રી પ્રિનાબેન ભાવિનભાઈ ત્રિવેદી

સુપૌત્ર : આરિષ, આયુષ તથા સુપૌત્રી : ક્રિયા (મેકન-યુ.એસ.એ.)

તેમજ

પ.ભ. શ્રી ભરતભાઈ નારણભાઈ પટેલ - (મિત્રાલ)

અ.સૌ. પ્રતિમાબેન ભરતભાઈ પટેલ

હસ્તે : સુપુત્ર : **પ.ભ. ભાવેશભાઈ ભરતભાઈ પટેલ, અ.સૌ. ઝલકબેન ભાવેશભાઈ પટેલ**

પ.ભ. શ્રી દિનેશભાઈ ભરતભાઈ પટેલ, અ.સૌ. મિત્તલબેન દિનેશભાઈ પટેલ તથા

પ.ભ.જિજ્ઞેશભાઈ ભરતભાઈ પટેલ, અ.સૌ. ધ્રુવીબેન જીજ્ઞેશભાઈ પટેલ તથા

પ.ભ. નૈનેષભાઈ ભરતભાઈ પટેલ (મેકન-યુ.એસ.એ.)

ને ગુરુકુલ પરિવારના શત શત હાર્દિક અભિનંદન.....

આ પરિવાર સંસ્થા તથા પૂજ્યપાદ્ ગુરુજી સાથે સમર્પણભાવથી જોડાયેલો છે. આ પરિવારો વિદેશમાં સ્વદેશવત્ ખૂબ જ સંપ-સુહૃદભાવ સાથે સત્સંગ કરી રહ્યાં છે. શ્રીજીમહારાજ તેમને આલોક-પરલોકમાં વધુને વધુ પ્રગતિ આપે એવી પ્રાર્થના સાથે હાર્દિક અભિનંદન.

- શા. સંતવલ્લભદાસ

અનુક્રમણિકા

ક્રમ	નામ	પેજ નં.
	સદ્‌ગુરુ વંદના	૦૨
૧.	જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે...	૦૪
૨.	સત્પુરુષ સદા પ્રગટ રહે છે	૦૮
૩.	ઈચ્છા થકી અવતરે...	૧૦
૪.	પૂ. સ્વામીશ્રીની બાલ્યાવસ્થા	૧૨
૫.	માતૃદેવો ભવ - પિતૃદેવો ભવ	૧૪
૬.	હિરપરા પરિવારનું હીર/ગિરનારની ગોદમાં	૧૬
૭.	ગૃહત્યાગની પૂર્વભૂમિકા	૧૮
૮.	ગૃહત્યાગ પૂર્વેની સાધના	૨૦
૯.	ચલ બેટા સાધુ હો જા।	૨૨
૧૦.	લીમધરામાં કરુણ આકંદ	૨૬
૧૧.	સદ્‌ગુરુનું હૃદય જીત્યું	૨૮
૧૨.	ભોળાનાથનો આદેશ	૩૦
૧૩.	વારાણસીથી વરતાલ	૩૪
૧૪.	વરતાલ વિહારીના સાંનિધ્યે	૩૮
૧૫.	દીક્ષા ગ્રહણ કરી	૪૨
૧૬.	વર્તનની વાતો	૪૪
૧૭.	રાજીપાનો વરસાદ	૪૬
૧૮.	આદર્શ સેવક પૂ. સ્વામીજી	૪૮
૧૯.	આજથી આ સંત ચાણોદના મહંત	૫૨

૨૦. પૂ. સ્વામીજીના પ્રથમ સેવક ૫૪
૨૧. આ નંદબાબા આવ્યા.....૫૬
૨૨. સુરત મંદિરમાં ઐતિહાસિક કાર્યો ૫૮
૨૩. હરિ ! એ તો હરિના હાથની વાત છે.....૬૨
૨૪. જેણે દીકરો આપ્યો છે, તે જ રક્ષા કરશે ૬૪
૨૫. પંચ સેવા વ્રતધારી પૂજ્ય સ્વામી ૬૬
૨૬. સર્વોપરી તો એક મારો મહારાજ જ છે.....૭૦
૨૭. દયાળુમૂર્તિ સ્વામીશ્રી ૭૨
૨૮. ઉધના મંદિરના નિર્માતા પૂ. સ્વામીજી ૭૪
૨૯. રૂસ્તમબાગમાં પ્રભાવ બતાવ્યો.....૭૬
૩૦. અનોખી રીત.....૮૦
૩૧. બાલું ! તું આ કામ કરીશ ? ૮૨
૩૨. માતૃત્વનું ઝરણું - સો માંની મમતા.....૮૪
૩૩. જા, તું ઘનશ્યામ મહારાજને પૂછી આવ.....૮૬
૩૪. ધણીને ખાટલે ધણી જ રાખજે ૮૮
૩૫. સુરત પાઘ ઉત્સવ.....૯૦
૩૬. ગજરાજ પર મહારાજની પાઘ ૯૨
૩૭. જૂનાગઢ સભામંડપમાં સહયોગ.....૯૬
૩૮. સુરત સત્સંગ સમાજ દ્વારા પૂ. સ્વામીજીનું અપૂર્વ સન્માન ૯૮
૩૯. આપે બીજાને માન અપાર.....૧૦૦
૪૦. પૂર્વજનોનો ઉદ્ધાર ૧૦૨
૪૧. ધોલેરામાં વિકાસની વાંસળીના સૂર રેલાયા ૧૦૬
૪૨. ચારધામની યાત્રાએ પૂ. સ્વામીશ્રી.....૧૧૨

૪૩. સમસ્યાથી સમાધાન સુધી ૧૧૬
૪૪. જીવન પરિવર્તન ૧૨૦
૪૫. ક્ષમાનિધિ પૂ. સ્વામીજી "અહિંસા પરમો ધર્મઃ" ૧૨૪
૪૬. આ ઘનશ્યામને પંડિત કરવો છે ૧૨૬
૪૭. તપ વહાલું છે વાલમને ૧૩૦
૪૮. મૂર્તિ સિધ્ધ કરાવી ૧૩૨
૪૯. વજ્રથી કઠોર અને પુષ્પથી પણ કોમળ ૧૩૪
૫૦. હું કથા કરું છું અને મહારાજ સાંભળે છે ૧૩૮
૫૧. એ દેડકી ફાટવાની થઈ છે... ..... ૧૪૨
૫૨. શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી જન્મ જયંતી
મહોત્સવ - મુંબઈ ૧૪૬
૫૩. સન્માનપત્રમ્ - મુંબઈ ૧૫૦
૫૪. પૂનમનું નિયમ ૧૫૨
૫૫. સ્વામી ! આ ચાખડી આપી દો ૧૫૪
૫૬. ત્રણ પાંદડાંનો વડ વટવૃક્ષ બન્યો ૧૫૬
૫૭. આ ચરણારવિંદ પૂજામાં રાખજે ૧૬૦
૫૮. તો મહારાજ સદૈવ તારી સાથે રહેશે ૧૬૨
૫૯. ભાગવતી તનુ ધારણ કર્યું ૧૬૪
૬૦. અંતિમ સંસ્કાર ૧૬૬
૬૧. વરતાલમાં અશ્રુતપૂર્વ સ્મૃતિ પારાયણ ૧૬૮
૬૨. સંતને સાક્ષાત્ ભગવાનનો સંબંધ ૧૭૨
૬૪. સંતો-ભક્તોના પત્રો ૧૭૬
૬૫. પરિશિષ્ટ ૧૮૬



સહજાનંદગુરું ભજે સદા

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરૂણાનિકેતનમ્;
વ્રતદાનતપઃક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા....૧
કરૂણામયચારૂલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;
પતિતોદ્ધરણાય તત્પરં સહજાનંદગુરું ભજે સદા....૨
નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વતઃ એવ દુર્ગમમ્;
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં સહજાનંદગુરું ભજે સદા....૩
વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલમ્;
અપિધાર્ય મનો નરપ્રભં સહજાનંદગુરું ભજે સદા....૪
નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ભવજીવગોચરમ્;
ઈતિ યઃ કુરૂતે કૃતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા....૫
બહિરીક્ષણલોકમાનુષં, નિજદતામ્બકદર્શિનાં હરિમ્;
ભજનીયપદં જગદ્ગુરું સહજાનંદગુરું ભજે સદા....૬
શરણાગતપાપપર્વતં, ગણયિત્વા ન તદીયસદ્ગુણમ્;
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા....૭
ભવવારિધિમોક્ષસાધનં, ગુરુરાજપ્રકટસ્વસંગમમ્;
પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા....૮
ભગવન્! કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકારમીદૃશમ્,
ક્ષમતે પ્રતિકર્તુમત્રકઃકુરુતે દીનજનસ્તતોંઽજલિમ્....૯


સદ્‌ગુરુ વંદના

હરિગીત છંદ




સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી

જે પૂર્ણ પુરૂષોત્તમ ગુરુદેવ આપ ગણાય છે,
અણીશુદ્ધ જેની સાધુતા શતશાસ્ત્રમાં વખણાય છે;
પ્રભુ પાસ વાસ છે ખાસ શ્વાસ જણાય જે અવિનાશના,
"મુનિમુક્ત" હું નમું પ્રણમું દૃઢ ધ્યો દયાળું ઉપાસના.



સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી

જેને હરિમાં હેત ભક્ત સમેત છે જે અતિ ઘણું,
અતિ બુદ્ધિમાન સુજ્ઞાનવાન ન માન રાખે જે અણું;
જેણે કર્યો હરિચરિતનો શુભ ગ્રંથ અતિ રળીયામણો,
નમું નેહથી સુવિનીત થૈ "આધારાનંદજી" હું ઘણો.



સ.ગુ. શ્રી હરિપ્રિયદાસજી સ્વામી

જેને પ્રભુમાં પ્યાર પારાવાર તો જ થયો થયો,
ઉરમાં ઉમંગ રહે સદાયે નેહ યુક્ત નયો નયો;
જે છે ભલા અતિ અવિચલા જાણે કલા હરિરીજની,
"હરિપ્રિયદાસજી" હું નમું કરજો વિશુદ્ધ ધી જની.



સ.ગુ. શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી

જેને હરિવરની છબી ચિત્તવૃત્તિએ જ ચડી પડી,
પડી ટેવ સેવ વિના નહિ કદી ગાળવી એક ઘડી;
શૂરવીર ધીર ગંભીર બાંધી મંદિર રાજી કર્યા હરિ,
"વૈકુંઠચરણ" હરણ ભવદુઃખને નમું હું ફરી ફરી.



સ.ગુ. શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી


જે ધર્મપુત્ર તણું સદા ઉરમાંહી ધ્યાન ધરે ધરે,
ખૂબ કાપવા અજ્ઞાનતમ જગમધ્યે જે અતિ વિચરે;
કરીને કથા હરીને વ્યથા સ્થાપે પ્રથા સત્કર્મની,
નમું "નારાયણ" શુભ નામી ખામી હરો હરો અમ ધર્મની.

સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી

જેને હરિબીન અન્ય કાંઈ ત્રિકાળમાંહી નવ ગમે,
અહોનિશ માનસ મૂર્તિના સુખમાંહિ જેનું રમે રમે;
વિતરાગી રાગી રાજના વળી જે દયાળુ અથાગી છે,
પ્રણું હું "નંદકિશોરજી" મનમોર તવપદ રાગી છે.

રાગ : મધુમાદ સારંગ

વંદુ વંદુ શ્રી નંદકિશોરને...
લોપે ન તમને માયા-કાળ
ઓપે છે તમને સદ્‌ગુણ-માળ,
સોપે આત્મા આતમચોરને...(૧)
રાજે તમારે હૈયે હરિવર,
કાજે તમારે આવે અમર-નર
આજે વાજે વાજા કરી શોરને...(૨)
ફરીએ તમારે વાટે હેતાળુ,
મરીએ તમારે માટે માયાળુ,
ધરીએ અંતર અંતર મોર ને...(૩)
દાજે દ્વેષી દિલ ખોઈ દયાળુ,
લાજે અતિ ગતિ જોઈ મરાળુ,
ગાજે ભજન કરિ અતિ જોર ને...(૪)



જ્યારે "સત્પુરુષ પ્રગટ" થાય છે ત્યારે...

આજથી ૧૯૦ વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું હતું કે, અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે... ને એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ અને નારદ, સનકાદિક ને બ્રહ્માદિક દેવ તેમની સભામાં પણ નિરંતર આ જ વાર્તા થાય છે અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા, તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ **''જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે, ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિ બળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.''** (વચ.ગ.મ.૧૩)

આપણા ઈષ્ટદેવ; ''જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે, ત્યારે તેમના દ્વારા જ ભગવત્સંબંધી વાત સમજાય છે'' એવો ઉદ્ઘોષ કરે છે. આ ઉદ્ઘોષમાં સત્પુરુષ પ્રત્યેનો તેમનો અહોભાવ ઊડીને આંખે વળગે છે. સત્પુરુષના જન્મને 'પ્રગટ થાય છે' આવા ભક્તિભર્યા શબ્દોથી કહીને શ્રીહરિએ મુમુક્ષુઓને મોટા પુરૂષો પ્રત્યેના દિવ્યભાવની કેડી કંડારી આપી છે.

જ્યારે સદ્ગુરુ શ્રી રામાનંદ સ્વામી પ્રગટ થાય છે ત્યારે તેમના ''હું તો ડુગડુગી વગાડનારો છું, ખરા ખેલના ભજવનારા આવી ગયા છે. ''હવે સહુએ લોજમાં નીલકંઠવર્ણીનાં દર્શને જવું.'' આ વચનોથી સત્સંગને ભગવાન શ્રીહરિનો નિશ્ચય થાય છે. અરે ! જ્યારે ખાખરાના વનમાં શ્રીરામાનંદ સ્વામી દિવ્ય દર્શન આપીને મુક્તાનંદ સ્વામીને સમજાવે છે ત્યારે તે સદ્ગુરુના વચને સ્વામીને શ્રીહરિના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થાય છે.

શ્રી નીલકંઠવર્ણીની દરેક દિવ્ય ચમત્કારિક ક્રિયાઓના સાક્ષી હતા. વેદ વેદાંતના જ્ઞાતા હતા. વ્યવહારમાં પણ નિપુણ હતા છતાં સદ્ગુરુના એક વચને જે કાર્ય થયું તે બીજા કોઈથી નથી થયું એટલે જ ઈષ્ટદેવ શ્રીહરિ સત્પુરુષ જ્યારે પ્રગટ થાય છે, ત્યારે જ ભગવત્સંબંધી વાર્તા સમજાય છે, એમ કહે છે.

અધ્યાત્મ જગતમાં ભગવત્પ્રાગટ્ય ક્યારેક ક્યારેક થાય છે, પરંતુ સત્પુરુષોનું પ્રાગટ્ય ભગવાનની ઈચ્છાથી અવારનવાર થાય છે અને તેથી જ મુમુક્ષુઓ ભગવાનના સ્વરૂપના ઉપભોક્તા બને છે. ભગવત્સાક્ષાત્કાર કરતાં પણ સત્પુરુષનું સાંનિધ્ય મુમુક્ષુને વધુ શ્રેયાસ્પદ છે. શાસ્ત્ર માત્ર આ વાતનું



"જ્યારે સત્પુરુષ
પ્રગટ થાય છે,
ત્યારે તેમના મુખ
થકી જ વાત
સમજ્યામાં આવે છે,
પણ પોતાના બુદ્ધિ બળે
કરીને સદ્ગ્રંથોમાંથી
પણ સમજાતી નથી."
- ગ.મ. ૧૩

સમર્થન કરે છે. દા.ત. ભાગવતજીમાં જ દૃષ્ટિપાત કરીએ તો ધ્રુવજીને ભગવાનના સાક્ષાત્ દર્શન થયા હતા. ભગવાને બ્રહ્મજ્ઞાન આપ્યુ હતું, છતાં તેમના ભાઈને યક્ષોએ માર્યો ત્યારે બ્રહ્મજ્ઞાન ઢોળાય ગયું અને લાખો યક્ષોને મારી નાંખ્યા ને અલકાપુરીનો નાશ કરવા તૈયાર થયા ત્યારે પરમ ભાગવત મહાપુરુષ મનુ મહારાજે આવીને કહ્યું, "अलं वत्सातिरोषेण" ભાગ. ૪।૧૧।૭ - "વત્સ ! ક્રોધ ના કર" કહીને એવી સમજણ આપી કે, ફરી ક્યારેય ક્રોધ ન આવ્યો. મનુ મહારાજના સંગે ધ્રુવના રાગ-દ્વેષ છૂટી ગયા અને જીવન્મુક્ત સ્થિતિ પામ્યા. ધ્રુવજીને સાક્ષાત્ ભગવાન મળ્યા હતા છતાં સત્પુરુષની જરૂર પડી.

પ્રહ્લાદની કથા પણ એવી જ છે. ભગવાન નૃસિંહરૂપે દર્શન આપે છે. અનેક કષ્ટોથી રક્ષા કરે છે પરંતુ જ્યારે કાવેરી નદીના કિનારે સહ્યાદ્રિ પાસે દત્તાત્રેયનો સમાગમ થયો ત્યારે અખંડ ભગવત્દર્શનની અનુભૂતિ થાય; એવી સ્થિતિ પ્રાપ્ત થઈ.

પરીક્ષિત માતાના ગર્ભમાં હતા ત્યારે બ્રહ્માસ્ત્ર થકી ભગવાને રક્ષા કરી પરંતુ, એક ઋષિએ શાપ આપ્યો ત્યારે "ब्रह्मदण्डो दूरत्ययः" (ભાગ. ૯।૪।૧૮) એ નિયમ પ્રમાણે ભગવાને સહાય ન કરી, પરંતુ શુકદેવજી મહારાજે ભાગવત સંભળાવીને જીવન્મુક્ત સ્થિતિ આપી.

'વચનામૃત' (ગ.મ.૯) પ્રમાણે યુધિષ્ઠિરનું દુઃખ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પણ ટાળી ન શક્યા; તે જ દુઃખ પિતામહ ભીષ્મના વચને ટળી ગયું છે.

ભાગવતજીની આ ઘટનાઓ ભગવાનના સાક્ષાત્કાર કરતા પણ સત્પુરૂષના સાક્ષાત્કારને વધુ મહત્વની સાબિત કરે છે. આ સત્ય-તથ્ય-પથ્યનો સાક્ષાત્કાર વચનામૃતનાં પાને પાને થાય છે. જેમની નજર સમક્ષ સાક્ષાત્ પરબ્રહ્મ બિરાજે છે એવા નિષ્કુળાનંદ સ્વામી, ભક્તચિંતામણિમાં સંપૂર્ણ પ્રકરણ-૨ માં સંતોની સ્તુતિ કરે છે. આ શાસ્ત્રોના પ્રસંગો આપણા મોક્ષમાર્ગના માઈલ સ્ટોન બની રહ્યા છે.

અને હા, ભગવાન શ્રીહરિની અનુકંપાથી આપણને એવા મહાપુરુષો પણ મળતા રહ્યા છે; જેમના વચને એકાંતિક ધર્મ સમજાય. (ગ.પ્ર.૬૦) જેમના થકી સાકાર સ્વરૂપની ઉપાસના દૃઢ થાય. (ગ.પ્ર.૬૪) જેમના થકી શાસ્ત્રના શબ્દો સમજાય. (ગ.પ્ર.૬૬) અને આજ બન્ને દેશના વડીલ-વૃદ્ધ સંતો-ભક્તોના અંતરનો નાદ એમ કહે છે કે, એવા મહાપુરુષ એ જ આપણા સદ્‌ગુરુ પ.પૂ. શ્રીનંદકિશોરદાસજી સ્વામી છે. એ મહાપુરુષના પ્રતાપે જ આજ આપણને "સર્વોપરી તો એક મારો મહારાજ જ છે"નો નિશ્ચય કરાવનારા ગુરુદેવ પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી મળ્યા છે.



"નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે છે."

- ગ.મ. ૨૧



સત્પુરુષ સદા પ્રગટ રહે છે.

'દિવ્ય દેહે રામાનંદ સ્વામી, મળ્યા તેને ચાલ્યા શિશ નામી'
(ભ.ચિ.૫૫/૧૧)

આપણા આ સંપ્રદાયનું અસ્તિત્વ સત્પુરુષોના સદા પ્રગટપણા સાથે જોડાયેલું છે. જેઓ ઈ.સ. ૧૦૧૭ માં પ્રગટ થયા



હતા અને ઈ.સ. ૧૧૩૭માં અંતર્ધ્યાન થયા હતા એવા શ્રીરામાનુજાચાર્યજી શ્રીરંગક્ષેત્રમાં શ્રી રામાનંદ સ્વામીને સ્વપ્નમાં દીક્ષા પ્રદાન કરે છે. આ સંપ્રદાયના દરેક આશ્રિતો આ વાર્તાને જાણતા હોવા છતાં પણ આજે સત્પુરુષોના મહિમા અને દિવ્યત્વ વિષે પ્રશ્નો ઉઠાવે છે ત્યારે આશ્ચર્ય થાય છે.

જેમ ભગવાન સદા પ્રગટ રહે છે, તેમ શ્રદ્ધાવાન મુમુક્ષુ માટે સત્પુરૂષ ક્યારેય પરોક્ષ થતા નથી. સાચા શિષ્ય માટે સદ્‌ગુરુ ક્યારેય અપ્રગટ રહેતા નથી. માત્ર અને માત્ર પરમેશ્વર જ સદા પ્રગટ રહે છે એવી વાતો કરનારા સંપ્રદાયના શાસ્ત્રોને જાણતા જ નથી.


'શ્રીમદ્ સત્સંગિજીવન' અનુસાર શ્રીનીલકંઠવર્ણીની પુલહાશ્રમની તપશ્ચર્યા સમયે ધર્મ અને ભક્તિ દિવ્ય સ્વરૂપે સેવામાં રહ્યા છે.

'શ્રીહરિચરિત્રામૃત સાગર' પ્રમાણે કાલવાણીમાં શ્રીરામાનંદ સ્વામી સ્વયં શ્રીમુક્તાનંદ સ્વામીને દિવ્ય સ્વરૂપે દર્શન આપે છે.

ગઢપુરના અન્નકૂટ ઉત્સવમાં રસોઈની સેવા કરતી બહેનોને ભક્તિમાતા પ્રત્યક્ષ દર્શન આપે છે.

કચ્છ-ભૂજ જતાં શ્રીહરિ પાસે રામાનંદ સ્વામી જળપાન કરી જાય છે. આ બધી સંપ્રદાયની પ્રસિદ્ધ ઘટનાઓ છે. આવી અનેક ઘટનાઓ સત્પુરુષ સદા પ્રગટ રહે છે, તેનું પ્રમાણ છે. ઈષ્ટદેવની અનુકંપાથી આ સંપ્રદાયમાં એવા સમર્થ મહાપુરુષોની પરંપરા સર્જાણી છે. અને આ પરંપરામાં આપણી આંખોએ જેમના દર્શન કર્યા હોય, આપણે જેમની વાણી શ્રવણે સાંભળી હોય, જેમના ચરણસ્પર્શનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય, એવા મહાપુરુષોમાં પ.પૂ. સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી એક આદરણીય નામ છે.

'દિવ્ય દેહે રામાનંદ સ્વામી,
મળ્યા તેને ચાલ્યા શિશ નામી'
(ભ.ચિ.૫૫/૧૧)



ઇચ્છા થકી અવતરે...

જ્યાં સર્વોપરી ઉપાસનાના ઉદ્‌ગાન સાથે સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦-૪૦ વર્ષ સુધી કથામૃતની હેલી વરસાવી છે એવા જૂનાગઢથી વિસાવદર તરફ જતાં રસ્તામાં રૈવતાચળની તળેટી જેવું રમ્ય દૃશ્ય દેખાય છે. સિદ્ધ પુરુષોના આવાસ સ્થાન તરીકે પ્રસિદ્ધ ગિરભૂમિના ગરવા દૃશ્યો જોતા જોતાં આગળ વધો એટલે લીમધરા ગામ આવે છે. ગામના પાદરે પહોંચો એટલે તેની માટીની પવિત્રતાની સોડમ આવે છે. ગામની ગલીઓમાં જ્યાં શંકરજીનું મંદિર દેખાય, તેનાથી નહિવત્ અંતરે નળિયાંવાળું એક ઘર છે.

ઘર તો નાનકડું જ છે, પણ તેમાં રહેતો જેરામબાપાનો પરિવાર વિશાળ છે. વિશાળ પરિવાર ઐહિક-દૈહિક સુખોથી સમૃદ્ધ હતો અને ગ્રામજનોની દૃષ્ટિએ પણ તે પરિવાર ઘણો સમૃદ્ધ અને સંસ્કારી હતો. જેરામબાપા સંસ્કારને જ સંપત્તિ માનતા. તેઓએ વારસામાં સુપુત્ર વાલજીને સંસ્કાર વૈભવ આપ્યો છે. સંસ્કાર વૈભવના પ્રતાપે ''पात्रत्वाद् धनमाप्नोति, धनाद् धर्मः ततः सुखम्'' સુખ સંપત્તિની પ્રાપ્તિ થઈ.

આ સુખી-સંપન્ન પરિવારમાં ''शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते'' એ ન્યાયે એક મુક્તાત્મા પધાર્યા. લીમધરાની ગલીઓમાં શંકરજીના મંદિરથી

આગળ રામજી મંદિર પાસે આવેલા ઘરમાં વાલજીભાઈને ત્યાં માતા(રૂક્ષ્મણિ) રખમાઈબાની કૂખે સત્સંગના શિરતાજ સત્પુરુષ પ.પૂ. સદ્‌ગુરુ કોઠારી શ્રીનંદકિશોરદાસજી સ્વામીનું પ્રાગટ્ય થયું. લીમધરાની ધરતીના લલાટે મુક્તાત્માની પદરજનું તિલક થયું. વિક્રમ સંવત્ ૧૯૮૧-જેઠ સુદ ભીમઅગિયારસ ચિત્રા નક્ષત્ર અને કન્યા રાશિમાં તા. ૦૩-૦૬-૧૯૨૫ ને સોમવારના રોજ પૂ. સ્વામીજીએ શ્રીહરિની ઈચ્છાનુસાર હિરપરા પરિવારમાં જન્મ ધારણ કર્યો.

વાલજીભાઈ મૂળ કૃષિકર્મી અને કણબી જ હતા, પરંતુ તેને આંગણે પૂ. સ્વામીજી જેવા મુક્તો રમવાના છે એની આગાહી સ્વરૂપે જ વાલજીભાઈ "હિરપરા" કહેવાતા હશે ને ! હિરપરા પરિવારમાં હરખની હેલી ચડી. "ગાઈએ ગણપતિ ગુણ જગવંદન"ના નાદો થયા. સાકર વહેંચાણી. ગિરનારના સિદ્ધ પુરુષોની વૃત્તિઓ પણ મુક્તાત્માના પ્રાગટ્ય પર્વે લીમધરાની ધરતી તરફ ખેંચાણી. માતા-પિતાના આનંદ કરતાં જેરામબાપાના જીવમાં અનોખો આનંદ થયો છે; પણ દાદા કરતાં પણ વધુ આનંદ સોનાઈબેનને થયો. "મારો વીરો આવ્યો."

સૌના આનંદના મૂળ મમતામાં હતા. પોતપોતાની મમતા અનુસાર સુખી થતા પરિવારને ક્યાંથી ખબર હોય કે, આ મુક્તાત્મા તો અમારી મમતાના બંધનો તોડીને - ઘર છોડીને જતાં રહેશે. એટલું જ નહિ, અનેકની મમતાઓના દોરડા તોડીને ભગવાનમાં જોડી દેશે.

અસ્તુ, જ્યાં સુધી ઘર છોડે નહિ ત્યાં સુધી તેમને મમતાનું સુખ મનાવવાનો અધિકાર આપણાથી કેમ છીનવાય ? પરિવાર પ્રેમપુલકિત છે, એટલું જ નહિ સમગ્ર વાતાવરણમાં અભૂતપૂર્વ આનંદ વ્યાપી રહ્યો છે. દશે દિશાઓ પ્રફુલ્લિત થઈ છે. સુગંધી સમીર વહી રહ્યો છે. યજ્ઞાગ્નિ નિર્ધૂમ થયો છે. યોગીઓનાં હૃદયમાં પ્રકાશ પથરાયો છે. આ બધું જ અતિશયોક્તિ છે. જ્યાં સુધી મહાપુરુષોનો મહિમા ના સમજાય ત્યાં સુધી આ બધું જ અતિશયોક્તિ છે. અને જો યથાર્થ મહિમા સમજાય જાય તો આ લખાણ તો ઘણું ઓછું છે. અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રીહરિના પ્યારા મુક્તોના પ્રાગટ્ય માટે વરતાલગાદીના તૃતીય પીઠાધિશ્વર આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના શબ્દો સાંભળીએ.

તે મુક્ત વળી જાણ સમર્થ કેવા, બ્રહ્માંડ કોટિ ઉપજાવી શકે જ એવા ।
ઈચ્છા થકી અવતરે જો અવનીનિમાંય, પૂજાય ત્યાં ઈશ્વર તુલ્ય આપ ॥

અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ કરી શકે એવા મુક્તાત્માઓ જ્યારે બ્રહ્માંડમાં પધારે છે ત્યારે ત્યાં સમગ્ર વૈશ્વિક ચેતના હાજર થાય છે. આપણી શક્તિ અનુસાર આપણે તેનો અનુભવ કરી શકીએ, વધુ નહિ.



પૂ. સ્વામીજીની બાલ્યાવસ્થા

આપણા ગુરુદેવ પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી જેમની વાત કરતાં કરતાં ગદ્ગદીત્ થઈ જાય છે. જેમનું નામ સાંભળતા જ "અહોભાવ"થી હૃદય છલકાવા લાગે છે એવા સમર્થ પ.પૂ. સદ્ગુરુ કોઠારી શ્રીનંદકિશોરદાસજી સ્વામીના સંસ્મરણો વાગોળતાં આજે પણ કુટુંબીઓ કૃતજ્ઞતાના ભાવથી હર્ષાશ્રુ વહાવે છે.

"સ્વામીજી ! અમે તો ભોળાનાથના ભગત છીએ, છતાં અમારા પરિવારમાં પૂ. સ્વામી જેવા સ્વામિનારાયણ ભગવાનના સંત થયા છે; અમે તો એને ચમત્કાર જ માનીએ છીએ. અમારા ગામમાં આજે પણ સ્વામિનારાયણનું મંદિર નથી, સાધુ-સંતોનું આગમન પણ નહિવત્ છે, છતાં તે સંત બને ત્યારે કોઈક દૈવી શક્તિ જ કામ કરી ગઈ છે; એમ અમે માનીએ છીએ." પૂ. સ્વામીજીના પૂર્વાશ્રમના નાનાભાઈ માધવભાઈ આ વાતો કરે છે.

પૂ. સ્વામીજીનું બાળપણ જનસામાન્ય માન્યતાઓથી નોખું અનોખું રહ્યું છે. ઘનશ્યામ વર્ણ - સુખસદન વદન અને સદા આનંદ મગન મિજાજથી સૌનું ચિત્ત નાચી ઊઠતું. એમની આસપાસ સદા શાંતિની હરિયાળીનું સામ્રાજ્ય છવાયેલું રહેતું. સંસારવનના ઘનઘોર જંગલમાં પૂ. સ્વામીજીની ઉપસ્થિતિ આનંદનું નંદનવન ખડુ કરવામાં સફળ થતી. કદાચ એટલે પરિવારજનો તેમને બાલ્યાવસ્થામાં "પોપટ"ના પ્યારા નામથી બોલાવતા હશે.

આ સૃષ્ટિમાં માતા પાસે કંઈક એવી અલૌકિક શક્તિ છે કે, તે બાળકના મૌનને સમજે છે. બાળક રડે છે ત્યારે શા માટે રડે છે તે માતાથી વધુ બીજું કોણ જાણી શકે છે ? કોઈ જ નહિ. પુત્ર પોપટને પારણીયે ઝૂલતો જોઈને માતા રખમાઈબાનું અંતર આનંદના હિલોળે ચડતું. અને હા, ક્યારેક પોપટની આંખોના ઊંડાણમાં દેખાતું તેજ - ઓજ જોઈને અહોભાવ સાથે આશ્ચર્યમાં સરી પડતા.


એકવાર શ્રાવણ મહિનામાં આંગણે આવેલા ભૂદેવને પગે લગાડીને માતાએ ભવિષ્ય પૂછ્યું. ભૂદેવ ટીપણું ખોલીને સ્તબ્ધ થઈ ગયા. માતાને અનિષ્ટની શંકા ગઈ. અંતર ફફડી ઊઠ્યું. તે જોઈને ભૂદેવ બોલ્યા, 'મા, **આ બાળક એવો ઓજસ્વી-તેજસ્વી બનશે કે, જ્યાં સુધી સુરજ-ચાંદ ચમકશે, ત્યાં સુધી તેના ચારિત્ર્યના તેજદીપક પ્રજ્વલિત રહેશે** અને બધુ જ જો હું જોઈ રહ્યો છું તે પ્રમાણે થશે તો તમારૂં નામ પણ અમર કરી દેશે.'' આટલું સાંભળતા માતાને એટલો પ્રેમ ઉભરાયો કે, પોપટને તેડી લીધો - ચૂમી લીધી.

ભૂદેવની ભવિષ્યવાણીનો ભેદ ખુલવાને હજુ એક-બે દાયકાની વાર છે છતાં પૂ. સ્વામીજીના બાળપણના સાક્ષીઓની વાતો તેમના અસાધારણ વ્યક્તિત્વને પ્રગટ કરે છે. ''ઈ તો જબરો ભગત, શિવની ડેરીએ છોકરા ભેગા કરીને મંડળી માંડતો. વાતુ તો એવી કરતો કે, જાણે કોઈ કથાકાર આવ્યા હોય. પૂજારી કોઈ પણ હોય પણ રોજની સાચી પૂજા તો પોપટ જ કરે. શ્રાવણમાં આખો મહિનો દૂધથી અભિષેક કરવો, બિલીપત્ર ચડાવવા, ધૂન્ય કરાવવી. પ્રસાદ વહેંચવો. આ બધુ જ એનુ કામ. અરે ! ઘણા તો હસતા હસતા કહેતા કે, ''આ ભગતે થોડી ભૂલ કરી નાંખી, એમણે ભામણને ત્યાં જન્મ લેવાની જરૂર હતી. પાકો પૂજારી છે.'' ગ્રામજનોના મુખે થતી આવી વાતોના સમાચાર સાંભળીને માતા-પિતા-પરિવારજનો પ્રસન્ન થતાં.

પ્રકાશના પ્રચંડ ધોધને ઝીલતી જીવંત સાધુતાના દર્શકો આજે પણ વિદ્યમાન છે. શતાબ્દીથી ચિરશાંત સાધુત્વના ચેતન મંત્રનો ગુંજારવ કરાવતા પૂ. સ્વામીજીનું બાળપણ જાણીએ તો એ ધન્ય વસુંધરાની ધૂળ માથે ધરવાનું મન થઈ જાય. આવા મહાપુરૂષોની દિવ્યતાની બિરદાવલી સ્વરૂપે

કુલં પવિત્રં જનની કૃતાર્થા, વસુન્ધરા ભાગ્યવતી ચ તેન ।
વિમુક્તિમાર્ગે સુખસિંધુમગ્નં લગ્નં પરે બ્રહ્મણિ યસ્ય ચેતઃ ॥

જેવી રચનાઓ થઈ હશે. હું તો અહીં મુમુક્ષુના અંતરમાં સૂતા ભાવઝરણાને જગાડી રહ્યો છું. આ વાતો તો લીમધરા ગામની જેરામબાપા - હિરપરા પરિવારપાસેથી ઉછીની લીધેલી વાતો છે. એમની બાલ્યાવસ્થા દિવ્યત્વના સ્પંદનો માણવા માટે લીમધરાની યાત્રા સહાયક બનશે.



માતૃદેવો ભવ પિતૃદેવો ભવ

અમીબા યુગથી લઈને આજ દિવસ સુધી દુનિયામાં શ્રેષ્ઠ જીવન પદ્ધતિ જો કોઈ આપી શક્યું હોય તો તે ભારત છે. ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાને દેવનો દરજ્જો મળ્યો છે. ગંગા-યમુના-નર્મદા જેવી નદીઓને માતાનો દરજ્જો મળ્યો છે. આ સંસ્કૃતિમાં છોડમાં રણછોડના સંસ્કારો મળે છે. ''वसुधैव कुटुम्बकम्''ની ઉદારભાવના અહીં પાંગરી હતી. આ દેશના ઋષિઓની આપેલી જીવનશૈલી છોડીને સુખી થવા માટે દુઃખી થતાં આજના સમાજ માટે પોપટ ભગતનું જીવન એક આદર્શરૂપ છે.

પોપટ ભગતના જીવનમાં દૃષ્ટિપાત કરીએ તો આપણને સ્વસ્થ અને સુખી પરિવારના જીવનમંત્રો હાથમાં આવે છે. પોપટ ભગતના જીવનનો પ્રથમ મંત્ર માત-પિતાની સેવા છે. 'માતૃદેવો ભવ - પિતૃદેવો ભવ,' તેમણે ક્યારેય સાંભળ્યું હશે કે નહિ તે ખબર નથી પણ તેમણે માત-પિતાને દેવ જરૂર માન્યા છે. **પોપટ ભગત યુવા અવસ્થાના ઉંબરે પહોંચ્યા છતાં ક્યારેય માત-પિતાની સામે ઉંચે સાદે બોલ્યા નથી. એટલું જ નહિ, તેઓ સંસારથી બેપરવાહ હોવા છતાં માતપિતાની પરવાહ કરવાનું ભૂલ્યા નથી.**

પરિણામે જેરામબાપાના પરિવારમાં સંપ-સુહૃદભાવનો બગીચો ખીલેલો. વડીલોને યુવકો પ્રત્યે આત્મભાવ વધતો જતો અને યુવકોને વડીલો પ્રત્યે દેવભાવ અને હા, આજે પણ જે કુટુંબ આ ભાવ કેળવે એ પરિવાર ઘણાખરા દુઃખોથી

સદૈવ મુક્ત થઈ જાય. એકલતા-ડીપ્રેશન જેવા ૨૧મી સદીના મહારોગોથી તે કુટુંબ સદૈવ મુક્ત રહે.

આ વાત જેટલી સત્ય છે એટલું જ જરૂરી એ પણ છે કે આ વાત માત્ર વાતોમાં નહિ; જીવનમાં પણ હોવી જ જોઈએ. પોપટ ભગતને માતા પ્રત્યે એવો અહોભાવ હતો કે, માતાના પ્રત્યેક કાર્યોમાં સહયોગ આપીને તેમને આનંદ થતો. ઘર આંગણે બાંધેલાં ગાય-ભેંસ-બળદ આદિ પશુઓનાં છાણ વાસીદું કાઢવાનું કાર્ય બહુધા બહેનોના ભાગે જ આવે છે. આ સૌરાષ્ટ્રનો સામાન્ય રીવાજ છે. આ જન સામાન્ય માન્ય લોકરીવાજ જેરામબાપાના સુખી પરિવારમાં પણ હતો અથવા કહો કે તે પરિવારના બહેનોએ રાખ્યો હતો. માતા સ્વયં જ્યારે વાસીદું કરતા હોય ત્યારે પોપટ ભગત ત્યાં દોડી જતાં અને મદદ કરતા. ગામના કૂવેથી માતા પાણી ભરવા જતાં તો પોપટ ભગત ત્યાં પણ મદદે પહોંચી જતાં, એટલું જ નહિ, પરંતુ ધીરે ધીરે તે કાર્ય પોતાને શિરે લઈને માતાને આરામ કરાવતા; 'શું આજના યુવાન પુત્રો આવું કરી શકે ખરા?'

પોપટ ભગત માતાને દરેક કાર્યમાં સહયોગ આપતા; એ વાત સત્ય હોવા છતાં તે માત્ર માવડિયા ન હતા. પિતા વાલજીભાઈના કાર્યમાં પણ મદદ કરવામાં તેઓ ક્યારેય પાછા ન પડતા. પછી વાડિયે જવાનું કામ હોય કે સાંતી ચલાવવાનું કામ હોય. ભગત ઉત્સાહથી તમામ કામ કરતા. કામ કરતા કરતા શિવનામ જપતા. એટલે પરિવારના સહુ તેમને "ભગત"ના લાડલા નામથી બોલાવતા.

માતા-પિતાનાં દરેક કાર્યોમાં મદદ કરતા પોપટ ભગત શિવ મંદિરે દર્શન કરવા જવાનું ચૂક્યા હોય, તેવું ક્યારેય બન્યું નથી. હા, જમવાનું છૂટી ગયું હોય, સૂવાનું રહી ગયું હોય; તેવું તો ઘણીવાર બન્યું છે, પણ કામકાજ કે ભજન ન છૂટે. આ ગુણીયલ દીકરાના ગ્રામજનો પણ વખાણ કરતા. તેથી માતા-પિતા અને દાદા-દાદી તો પ્રસન્ન થતાં જ પણ ભાઈ-બહેન પણ પ્રસન્ન રહેતા. આ પ્રસન્નતા મમતાના મૂળને ઊંડા નાંખતી. એકબીજા એવા આદરભાવ સાથે રહેતા કે, વૃદ્ધાશ્રમની કલ્પના પણ ન થઈ શકે. માત-પિતાને વૃદ્ધાશ્રમના સંચાલકોના હવાલે કરીને સુખી થવા મથતા પુત્રોને આ વાત સમજાય જાય, તો તેનું જીવન નંદનવન બની જાય એટલું જ નહિ, વૃદ્ધાવસ્થાની પાનખરમાં વડીલોનાં જીવનમાં પણ વસંત ખીલી ઊઠે. જો કોઈ સત્સંગી યુવાનો પોપટ ભગતના જીવનમાંથી પ્રેરણા પ્રસાદ સ્વીકારશે, તો તેમના પરિવારમાં આનંદનું નંદનવન ખડું થઈ જશે.

હિરપરા પરિવારનું હિર / ગિરનારની ગોદમાં

प्राप्त्यर्थं भक्तिवृद्धयर्थं, सद्गुरुशरणं तथा ।
रैवताचलसानिध्ये, गृहं त्यक्त्वा गतः शुकः ॥

પૂ. શ્રી જેરામબાપાના પરિવારમાં અદ્‌ભુત સંપ છે. સમગ્ર પરિવાર એક સાથે જ રહે છે. સંપના મૂળમાં કુળ પરંપરાગત સંસ્કારો હતા. શિવ ભક્તિની અમોઘ શક્તિ હતી. આ પરિવારમાં એવો સૂર્યાસ્ત ક્યારેય નહિ થયો કે, જે દિવસે કોઈ શિવાલય ના ગયું હોય. **સંપૂર્ણ પરિવાર શિવભક્તિના તાંતણે બંધાયેલો છે, એમાં પણ પોપટ ભગતની ભક્તિ, નોખી પડે એવી અનોખી છે.**

પોપટ ભગત એટલા જ વિચક્ષણ પણ છે. તેઓને જૂનાગઢની ભૂમિ પ્રત્યે અનુરાગ છે. શિવરાત્રીના મેળામાં સમગ્ર પરિવાર ભવનાથની તળેટીમાં હોય. સહુની દૃષ્ટિ ભક્તોની ભીડમાં હોય પણ પોપટ ભગતની દૃષ્ટિ; એ ભીડમાં 'સદ્‌ગુરૂ'ને શોધતી રહેતી. **જન સમૂહથી વિરક્ત સાધુ-મહાત્માનાં દર્શન થાય એટલે મહાશિવરાત્રીનો મેળો છોડીને તેની સાથે ગોઠડી ના કરે તો તે પોપટ ભગત નહિ.** કોઈ સિદ્ધ પુરૂષ મળી જાય તો તેની સેવા કરવાની તમન્નાથી ઘણી શિવરાત્રીઓ ભવનાથની તળેટીમાં કાઢેલી, પણ સદૈવ પ્રસિદ્ધ પુરુષો મળ્યા. સિદ્ધ અને પ્રસિદ્ધ વચ્ચે ઘણું મોટું અંતર છે. પોપટ ભગત રૈવતાચલની ગહન ગુફાઓ સુધી ફંફોળવા તૈયાર છે છતાં અંતરની ગુફામાંથી આવતા અવાજને ચરિતાર્થ કરે એવા સદ્‌ગુરૂ મળતા નથી.

જટા-વલકલધારી મળ્યા. દિગંબર મળ્યા. ખોપડીઓની માળા અને કાળાં વસ્ત્રો પહેરીને ફરતા કાપાલિક મળ્યા. અનેક પ્રકારની માળાઓ અને કિંમતી નંગ ધારણ કરનારા મળ્યા. ભિક્ષાટન કરીને વૃક્ષની છાયામાં સૂઈ રહેનારા મળ્યા. સમય-સ્થિતિ અનુસાર વેશ પરિવર્તન કરનારા મળ્યા પણ દૃષ્ટિમાત્રથી સંસારીનાં જીવન પરિવર્તન કરનારા કોઈ ન મળ્યા, કોઈએ કહ્યું: 'बच्चे सिद्ध पुरुष मेलें मे नहि, अकेले में मीलते है। एकांत में रहते है।' પોપટ ભગતે નિર્ણય કર્યો કે, ગિરનારની ગુફાઓમાં - એકાંતમાં રહેતા સિદ્ધપુરૂષો પાસે જવું. તેઓએ પોતાનો સદ્‌વિચાર પિતાજી સમક્ષ રજૂ કર્યો. પિતા

વાલજીભાઈ પુત્રની પ્રેમ ભાવનાને સમજતા હતા, છતાં સંમ્મત ન થયા. પિતાની મંજૂરી ન મળી એટલે પોપટ ભગતની ઈચ્છા અધુરી રહી. ભવનાથની યાત્રા અનેકવાર થઈ પણ આ ઈચ્છા ક્યારેય પુરી ન થઈ.

અંતરમાં ઘૂંટાતી આ ઈચ્છાને સાકાર સ્વરૂપ આપવાની તીવ્ર તમન્નાથી એક દિવસ પોપટ ભગતે મક્કમ નિર્ણય કર્યો. કહ્યાગરા ભગત કોઈને પણ કહ્યા વિના ઘેરથી નીકળી ગયા. થોડીવાર રસ્તે ચાલીને 'કોઈ જોઈ જશે' એવા ડરથી ઝાડીવાળી કેડી પકડી. ગિરનારની તળેટીમાં ઘટાદાર ઝાડી જોઈને મનમાં સંતોષ થયો. અહીં એકાંતમાં કોઈ સિદ્ધ જરૂર મળશે. ભરબપોરે પણ જ્યાં સૂરજના કિરણ માંડમાંડ પહોંચે એવી જગ્યાએ ભગત પહોંચી ગયા. ઝાડીની વચ્ચે એક કેડી જોઈ. કેડીએ ચાલતાં પગમાં અણિયાળા પથ્થર ખૂંપી જતા હતા છતાં તેની પરવા કર્યા વિના મક્કમ મન રાખીને ઝડપથી આગળ વધ્યા. આગળ વધતા એક તલાવડી દેખાણી. તલાવડી તરફ ગયા ત્યાં અચાનક કાન ચમકી ઊઠ્યા. અડબંગ બાવાઓના અનાબ-સનાબ શબ્દો સંભળાયા. એ કેડીમાંથી ફંટાતી બીજી નાની કેડી એક ઘટાદાર વૃક્ષ તરફ જતી હતી. તે વૃક્ષ નીચે ભાંગનું સેવન કરીને ભાન ભૂલેલા ભભૂતધારીઓ બેઠા હતા. તેમના મુખમાંથી નીકળતા શબ્દો સાંભળીને પોપટ ભગતનું હૃદય એકાદ બે ધબકારા ચૂકી ગયું. વસ્તીમાં શિવ નામ જપતા જોગીઓ એકાંતમાં આવા અપશબ્દો બોલે. વાણીમાં વર્તનની છાપ પડે છે, એ સત્ય હોય તો મારૂં અહીં આવવું અસત્ય છે; તેમાં કોઈ જ બે મત નથી. માતા-પિતાના સાત્વિક સંસ્કારોએ પોપટ ભગતને આગળ જતા અટકાવ્યા.

ભગત પાછા વળ્યા, ત્યાં રસ્તામાં એક અઘોરી મળી ગયો. માટલા કરતાં મોટું પેટ, પેટ કરતાં મોટી દાઢી, દાઢી કરતાં પણ મોટી-ખુલ્લી જટા અને જટા કરતાં પણ મોટો ચીપીયો. એક હાથમાં ચીપીયો અને એક હાથમાં ચરસની ચલમ. ચલમ ચડી ગયેલી તેથી બાવાજી યદ્વા તદ્વા બકવાસ કરતા આવી રહ્યા હતા. તે જોઈને પોપટ ભગત મૂઠી વાળીને ઘર તરફ દોડ્યા.

હિર ભૂમિ ગિરનારની ગોદમાં,
હિરપરા પરિવાર,
અસીમ કૃપાથી સ્વામિની,
એ પામ્યું અક્ષરઆકાર.

ગૃહત્યાગની પૂર્વભૂમિકા

पुत्ररतिप्रभावाद्धि पिता चिन्तातुरोऽभवत् ।
शुकोऽयं सकलं हित्वा गमिष्यति न संशयः ॥

ભુવન ભાસ્કર અસ્તાચળને આંબે ત્યાં તો લીમધરાનું શિવ મંદિર ઘંટારવથી ગુંજી ઊઠે. શિવાલયનો ઘંટનાદ સહુને મંદિર તરફ ખેંચતો હતો પરંતુ પોપટ ભગતના અંતરના ઓરડે ઊઠતો "આત્મનાદ" તેમને ગિરિકાનન તરફ ખેંચી રહ્યો છે. સંસારના ઉજ્જડ વનમાં તેમના અંતરે, મીઠાં ફળની કોઈ જ આશા ન હતી. પોપટ ભગત જેમ જેમ યુવાનીના ઉંબરાની નજીક પહોંચતા જતા હતા, તેમ તેમ તેમનું મન ઘરના ઉંબરાને ઓળંગી જવા તરફડતું હતું. માતા-પિતા પણ પોપટ ભગત આ સંસારના તરપાખડેથી ઉડી જાય તે પહેલાં જ તેમને સંસાર (લગ્ન)ના પાંજરે પુરી દેવાના મનસુબા ઘડતાં હતાં.

પુત્રની વિરક્તિ જોઈને પિતાના પેટમાં બળતરા ઉપડી. હરિભરી સુખી જીંદગીમાં ચિંતાની આગ ઉઠી. એકવાર – ચિત્તમાં લાગેલી ચિંતાની આગ ઓલાવવા મથી રહ્યા હતા ત્યાં એક અભ્યાગત આવ્યા. જે નારાયણ કરીને આસન પાણી કરીને કહ્યું, "આજ આપ ચિંતામાં દેખાઓ છો ? આજ પહેલા અમે આપને ક્યારેય આવા ચિંતિત નથી જોયા. આપે અમને હરપલ મદદ કરી છે. અમારા લાયક કંઈક મદદની જરૂર હોય તો કહો." આ સાંભળીને વાલજીભાઈએ ઊંડો નિસાસો નાંખ્યો અને કહ્યું, "જેને કોઈ ના પૂગે તેને તેનું પેટ પુગે; એ વાત સાચી છે." અરે...અરે... તમે એવું કેમ બોલો છો ? પોપટ તો ડાહ્યો - કહ્યાગરો દીકરો છે. આજ સુધી અમે ક્યારેય કોઈના મોઢે એનો ભાંગલો અક્ષર નથી સાંભળ્યો." વાલજીભાઈ વચ્ચે જ તાડુક્યા. "હા...હા... તમે તેનો ભાંગલો અક્ષર નથી સાંભળ્યો પણ ઈ ભગતડાએ તો મને જ ભાંગી નાંખ્યો છે ઈ કોને કે'વું ?"

"એવું તે વળી પોપટે શું કર્યુ છે કે તમે આવા ભાંગી પડ્યા છો ?" "અરે ભાઈ ! ઈ બાવો થઈ જાશે; એમ દેખાય છે." આ સાંભળીને સહુ હસી પડ્યા. પોપટ ભોળો ભગત છે તે તો અમે જાણતા જ હતા પણ તેના બાપા પણ ભોળા ભગત છે તે તો આજે જ ખબર પડી. અરે ! જેને લીલી કચકડા જેવી દોઢસો વીઘાની વાડી હોય- ઘોડી હોય - મેડી હોય - મૂડી હોય અને આટલું ઓછું હોય તેમ યુવાની આવી હોય ત્યારે કોઈ ઘર છોડીને જાય ખરું ? એવો કોઈ મૂર્ખ હોય ખરો ?"

વાલજીભાઈએ ફરી નિસાસો નાંખીને કહ્યું, "ભાઈ ! તમારૂં ગણિત - ગણતરી ખોટી છે, એ તો અગણિત સુખ-સંપત્તિ છોડીને અલગારી ઈશ્વર - અલખ નિરંજનની રઢ લઈને બેઠો છે. મારી વાડી, ઘોડી-મેડી-મૂડી છોડીને જ નહિ; ચૌદ ભૂવનની સંપત્તિ

છોડીને કોટિ બ્રહ્માંડના કર્તા-હર્તાની ધૂન ગણગણ્યા કરે છે. **મારો પોપટ રહે છે આપણી સાથે, પણ તેની રહેણી-કહેણી-નોખી-અનોખી-સહુથી છે. પોપટ જેટલો શાંત છે એથી વધુ ઊંડો છે અને જેટલો ઊંડો છે એથી વધુ સમજણમાં ઊંચો છે.** ઉર્ધ્વગતિને ઝંખી રહેલી તેની રતૂમડી આંખોમાં ઉદાસી જોઈને મારા પેટમાં ફાળ પડે છે. મારો પોપટ આ ઘર સંસારનો માળો છોડીને દૂર દૂર ઉડી જશે; એટલા જ આભાસથી મારૂં મન જ નહિ, મારો પરિવાર વિષાદમાં ગરકાવ થઈ જાય છે.''

પિતાએ આજ અંતર ઠાલવી દીધું. પણ શ્રોતાઓના મનમાં વાત મનાણી નહિ. ભરજુવાની, આવા સુખડા મેલીને ભીખ માંગી ખાવાના દુઃખડા સામે ચાલીને કોણ માગે ? પોપટ જેવો સમજુ-કહ્યાગરો ડાહ્યો દીકરો સાધુઓની જમાતમાં ભળી જાય; એ વાતમાં તેમને કંઈ જ તથ્ય ન દેખાયું.

જેરામભાઈ અને સ્નેહી સંબંધીજનો વિચારોની આપ લે કરતા હતા તેવામાં ત્યાં પોપટ ભગત આવ્યા. તેમને શિવભક્તિના સંસ્કાર માત-પિતા તરફથી જ મળ્યા હતા. ભક્તિના પ્રતાપે સત્સંગનો પણ લાભ મળતો. એટલે અંતરમાં જ્ઞાનજ્યોતિ જગમગતી હતી છતાં.....

''ભાઈ ! ભક્તિ જેવી પંખિણી, જેને જ્ઞાન વૈરાગ્ય બે પાંખ છે;
ચિદાકાશ માંહે જ ઊડે, જેને સદ્‌ગુરુરૂપી આંખ છે''

આ પંક્તિ તેમને સદ્‌ગુરુરૂપી આંખ મેળવવાનો આગ્રહ કરી રહી હતી. શિવભક્તિના ચિદાકાશમાં વિહાર કરવા માટે પોપટ ભગત પાસે જ્ઞાન-વૈરાગ્યરૂપી પાંખો છે પરંતુ સદ્‌ગુરુરૂપી આંખો નથી. આંખો વિના પાંખો હોવા છતાં ઊંચી ઉડાન ભરી શકાતી નથી. માટે પોપટ ભગતના હૈયામાં ગિરનારની ગુફાઓમાં ગુરૂ મિલનનાં સ્વપ્નાઓ સ્ફૂરે છે.

પોપટ ભગતનું મન ઓસવાયા કરે છે. ગિરનારની તળેટી સિદ્ધ પુરુષોથી ભરેલી છે. અનેક વિભૂતિઓ જ્યાં ધૂણી ધખાવીને બેઠી છે ત્યાં જઈને મારા હૈયાની તડપ શાંત કરૂં. આશાભરી દૃષ્ટિ ગિરનાર તરફ માંડે, ત્યારે પોપટ ભગતના કાનમાં સદ્‌ગુરૂઓના આગમનના પદરવ સંભળાતા.

એક દિવસ બ્રહ્મમુહૂર્તે શિવાલય જવાના મિષે પોપટ ભગતે રૈવતાચલની વાટ પકડી. લીમધરાથી રૈવતાચલની તળેટીમાં પહોંચ્યા. ગૃહબંધન છોડીને ભવબંધન છોડાવે તેવા સત્પુરુષની ખોજમાં નીકળેલા પોપટ ભગતને ''પ્રથમ ગ્રાસે મક્ષિકા''નો અનુભવ થયો. સંસાર છોડીને નીકળેલા ભભૂતધારી - જટાધારીઓ ગંજેરી-ભંગેરી નીકળ્યા. સાત્વિક શિવભક્તિના મુસાફર પોપટ ભગતને આ જોઈને અસહ્ય આઘાત લાગ્યો. તેમના પગ ભૂમિ સાથે ચોંટી ગયા. તેઓ આગળ ના જઈ શક્યા. ''મારા ગુરૂ આચાર-વિચારમાં મારા કરતા ઉત્તમ હોવા જોઈએ, નહિ તો પિતાજી ક્યાં ખોટા છે'' આમ વિચારીને પાછા લીમધરા આવી ગયા.

ગૃહત્યાગ પૂર્વેની સાધના

शिवस्तु शिवरूपोऽस्ति ध्यातृणां मोक्षदायकः ।
इति संचिन्त्य कीरस्तु ध्यानजपपरोऽभवत् ॥

આ ભારતભૂમિમાં, સંસારના સંબંધોને તરછોડીને, ઘર છોડીને ચાલી નીકળવું; તે કંઈ નવી વાત નથી. ત્યાગ કરતાં પણ ત્યાગની પાછળનો હેતુ વધુ મહત્ત્વનો છે. ગરવા ગિરનારની ગરિમાને ગૌરવાન્વિત કરનાર નરસિંહ મહેતાના ત્યાગની પાછળ તેમની ભાભીનો આકરો - કર્કશ સ્વભાવ કારણભૂત છે. ૯૨ લાખ માળવાના ધણી ભર્તૃહરિના ત્યાગની પાછળ પિંગલાની બેવફાઈનો પર્દાફાશ કારણ છે. મહાત્મા તુલસીદાસ અને સુરદાસના ત્યાગની પાછળ સ્ત્રીઓના વ્યંગબાણ કારણ છે.

બીજી બાજુ મીરાંબાઈ રાજરાણી હતાં. બુદ્ધ અને મહાવીર રાજના ઉત્તરાધિકારી હતા. સંસારના સર્વસુખ તેમના ચરણોમાં આળોટતા હતા છતાં ઈશ્વરપ્રદત્ત દિવ્ય જ્ઞાન ચક્ષુઓ દ્વારા સંસારના અંધારા ઉલેચવા માટે તેઓએ ગૃહત્યાગ કર્યા છે. અસંખ્ય આત્માઓને અધ્યાત્મપાથેય પીરસવા જ્ઞાનની પરબ માંડીને બેઠા છે. ત્યાગની આ ઉભયવિધ ભાવનાઓમાં હેતુ નિરીક્ષણની દૃષ્ટિએ દ્વિતીય પ્રકારનો ત્યાગ ઉત્તમ છે. અને હા, આપણે જે પુણ્યશ્લોક મહાપુરૂષની વાત કરી રહ્યા છીએ, તેઓશ્રીનો ત્યાગ પણ તેવો જ ઉત્તમ - ઉચ્ચ કક્ષાનો છે. ત્યાગમય નિરસ શુષ્ક જીવનમાં ભક્તિનું નંદનવન કેવી રીતે નિર્માણ પામે છે; આપણને એ આદર્શ શીખવવા માટે જ તેમનો આત્મા ત્યાગની ભૂમિકામાં પ્રવેશ કરવા તલપાપડ હતો. પ્રથમ પ્રયત્ન અસફળ થયો છતાં નિરાશ નહોતા થયા.

''બિન હરિકૃપા મિલહિ નહિ સંતા''


'ભગવાનની કૃપા વિના સદ્‌ગુરુ નથી મળતા', એ વાત સાચી છે. મારી શિવભક્તિ કાચી છે. મારી ભક્તિ પરિપક્વ થશે એટલે શિવકૃપાથી આ જીવને સમર્થ સદ્‌ગુરુ મળશે; આવા અડગ-અતૂટ-અખંડ વિશ્વાસ સાથે વિશ્વનાથનું સ્મરણ વધારી દીધું. ઘરકામ ઓછું કરીને ખેતીકામ સ્વીકાર્યું. જેથી એકાંતમાં શિવ આરાધનાનો સમય મળે. કામ સાથે નામનો સમન્વય તો જન્મસિદ્ધ આવડત છે. નામ ભક્તિ જ મારી શક્તિ છે; એવું હૃદયથી માનનારા પોપટ

ભગતે નામજપની
એવી સાધના કરી કે, અજપાજપની
સ્થિતિએ પહોંચ્યા.

ઘરમાં હોય, ખેતરમાં હોય, રસ્તામાં હોય, જાગ્રતમાં હોય કે સુષુપ્તિમાં હોય; મુખ બંધ હોય છતાં કંઠ આંશિક રીતે ચાલુ જ હોય. શિવ...શિવ...શિવ...જપની ગંગા વહેતી જ હોય. ઘણીવાર માતા-પિતા કુટુંબીઓ આ દૃશ્ય જોઈને મનોમન વંદન કરી લેતા. પોતાના સૌભાગ્ય પર સાત્વિક ગર્વ કરતા. ભોળાનાથે આપણને કેવો પવિત્ર આત્મા પુત્ર સ્વરૂપે આપ્યો છે, આ વિચાર કરતાં કરતાં આંખોના ખૂણા ભીના થઈ જતા. પુત્રની શિવભક્તિની શક્તિ આગળ માત-પિતાની મમતા પરાજીત થઈ ગઈ. માત-પિતાને પુત્ર પોપટમાં પુત્ર કરતા પણ વધુ ભાવના ભગત તરીકેની થઈ ગઈ. આવા માતા-પિતાને ત્યાં જ પૂ. સ્વામીજી જેવા મહાપુરૂષ જન્મ ધારણ કરતા હશેને!

''जपात् सिद्धिर्न संशयः'' જપથી સિદ્ધિ મળે છે એ વાત તો પોપટ ભગત જાણતાં જ હતા. ''जगत्सर्वं देवाधीनं देवा सर्वे मंत्राधीनाः'' જગત્સર્વ દેવને આધીન છે અને દેવતાઓ મંત્રને આધીન છે. જપકર્તા દેવતાઓની ભક્તિ કરે છે પણ ખરેખર દેવતાઓ તેમને ભાવવશ થઈ જાય છે. તેનો આ પ્રથમ અનુભવ હતો. ''कर्पूरगौरं.....भवं भवानी सहितं नमामि'' મંત્ર સાથે પ્રતિદિન જે પ્રાર્થના કરતા હતા તે ગૌણ થવા લાગી. ભાવસમાધિ લાગી ગઈ. ભવસાગરમાંથી છૂટવા તલપતા પોપટ ભગત ભાવસાગરમાં ડૂબી ગયા. ભવસાગરમાં તરવાનો જે આનંદ હોય છે તેના કરતાં ભાવસાગરમાં ડૂબવાનો વધુ આનંદ હોય છે; એ અનુભવથી પોપટ ભગત કૃતકૃત્ય થઈ ગયા. ''હે ભોળાનાથ ! મને ભવસાગર પાર કરાવે; એવા પવિત્ર પુરુષનો સાક્ષાત્કાર કરાવી દો.'' આ પ્રાર્થના પણ ભૂલાઈ ગઈ.

હા, પોપટ ભગત જરૂર એ પ્રાર્થના ભૂલી ગયા હતા, પરંતુ; ભોળાનાથના કાનમાં તેમની પ્રાર્થનાનો નિનાદ સદૈવ ગુંજતો રહેતો હતો. ભોળાનાથ ભક્તની શ્રદ્ધા કે વિશ્વાસથી ઓછું આપવાની ભૂલ કરે, એવા ભોળા નથી. ભોળાનાથ પોપટ ભગતની શ્રદ્ધાથી પણ ચડિયાતા સત્પુરુષનો યોગ આપવા ઈચ્છતા હતા એટલે જ સમય ખેંચાતો જતો હતો.



चल बच्चा साधु हो जा ।

कृषकं कृषिकर्माणं मध्याह्ने घोर आतपे ।
स्वामी प्राह अरे वत्स ! जहि संसारबन्धनम् ॥

આજ હિરપરા પરિવારનો પોપટ, લીમધરાનો જ નહિ પણ ગિરપંથકનો અભિનવ "નરસિંહ મહેતા" તરીકે પંકાયો છે. લોકો કહે છે - "નરસિંહ મહેતા કૃષ્ણ-કૃષ્ણ કરતા અને આ આપણો પોપટ શિવ-શિવ કરે છે, એટલો જ ફેર છે. બાકી તો સાક્ષાત્ નરસિંહ મહેતા જોઈ લ્યોને !"

સાવજના એંઠા પાણી પિનારા આ પોપટ ભગતનું હૃદય માખણ જેવું કોમળ છે. કોમળતા સાથે સમતા ભળી ગઈ. "शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः" गीता - પોપટ ભગતના હૃદયમાં જીવ જીવમાં અન્વય સ્વરૂપે રહેલા અંતર્યામીના દર્શન થવા લાગ્યાં. તેમની વાડી જ તેઓનું સાધનાક્ષેત્ર બની ગયું. સવારે ભાત લઈને વાડીએ આવે પણ ખેત-મજૂર-સાથી કે પશુ પંખીને જમાડ્યા વિના જમે નહિ. સૌને જમાડતા ઘણીવાર ભૂખ્યા રહેવાનો સમય

આવે તો તેને
તપશ્ચર્યા માનીને સ્વીકારી લે; પણ આપવામાં
પાછા પડે તો તે પોપટ ભગત નહિ.

પોપટ ભગતની વાડી અભયદાનનું કેન્દ્ર બની ગયેલી. અન્નાર્થી અન્ન લઈ જાય. પશુઓ ઘાસ ચરી જાય. પંખીઓ દાણા ચણી જાય. પંખીઓ માટે ઘેરથી બાજરી-જુવાર લઈ આવે. વાડીમાં કૂતરૂ આવે તો તે પણ ભૂખ્યું ન જાય એટલું જ નહિ, ઝેરી જંતુઓ કે વાની પશુઓ આવી ચડે તો તેને પણ મારે નહિ. માત્ર મનુષ્યો જ નહિ, પશુ પંખીઓ પણ તેમની છબી જોઈ નાચી ઉઠતાં. પોપટ ભગતે શિવનામામૃતના પાન સિવાય કોઈ જ યોગસાધના કરેલી નહિ; છતાં ''तत्सन्निधौ वैरत्यागः''—તેમના સાંનિધ્યમાં હિંસક પશુઓ પરસ્પર વૈરભાવનો સ્વતઃ ત્યાગ કરે છે.'' આ યોગસૂત્ર તેમાં ચરિતાર્થ થયેલું; એવું સાંભળવા મળે છે.

એકવાર પોપટ ભગત વાડીએ બેઠા હતા. બેસાય એટલો સમય ન હતો, કામ ઘણું હતું છતાં તાપ બેસવા માટે મજબૂર કરતો હતો. બળદને પણ થોડો આરામ મળી જાય; એમ વિચારીને બળદને વૃક્ષના છાંયડામાં બાંધીને નીણ નીરતા હતા ત્યાં કાનમાં અમૃત રેડાયું. **''ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમોલવાસી રે, જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે...''** લાંબે લહેરકે-મીઠે સ્વરે - મૂર્તિની સ્મૃતિ સાથે સંતના કંઠમાંથી વહેતી શબ્દાવલી પોપટ ભગતને અમૃત જેવી મીઠી લાગી. પવન સાથે વહેતા આવતા પવિત્ર શબ્દોની દિશા તરફ દૃષ્ટિ કરી ત્યાં તો ભગવું વસ્ત્ર દેખાયું. ભગતે કાન સરવા કર્યા. કીર્તન આગળ વધતું ગયું તેમ તેમ પોપટ ભગત પણ તેમની નજીક જતા રહ્યા. જેઓ શિવજીના અનન્ય એકનિષ્ઠ ભક્ત છે એવા પોપટ ભગતને જીવનમાં પ્રથમવાર જ આ સંતોનાં દર્શન થયાં છે. સંતોની સૌમ્યાકૃતિ-સાત્વિકતા નીતરતી કાયાની માયા લાગી ગઈ. ભગવાન શ્રીહરિના સંતોમાં શિવભક્તનું આ પ્રથમ ખેંચાણ હતું. તે સ્વયં વિસ્મિત થઈ ગયા કે, ''મારા ઈન્દ્રિયો-અંતઃકરણને ખેંચનારા આ સંત મહાત્માઓ કોણ હશે ? ભોળાનાથ સિવાય ક્યાંય મારૂં મન ખેંચાય; એવું તો મને ક્યારેય સ્વપ્નુ પણ નથી આવ્યું.'' થોડીવાર વિચારોના વૃંદાવનમાં રમે છે તો થોડીવાર કીર્તન કાવેરીમાં ડૂબી જાય છે. વાડી પાસેની પગકેડીએ અડવાણે પગે ચાલતાં સંતો સહજાનંદી મસ્તીમાં ઝૂમી રહ્યા છે. કીર્તનો ગાતા-ઝીલતા જઈ રહ્યા છે.

પોપટ ભગત પાણી પાણી થઈ ગયા.

વાયુવેગે દોડીને
વંદન કર્યા. પૂ. શ્રી **ઘનશ્યામજીવનદાસજી**
સ્વામીએ "જય સ્વામિનારાયણ" કહ્યા અને બાકીના સંતોએ કીર્તન ગાન શરૂ જ રાખ્યું. પોપટ ભગતની આંખોમાં આંખ માંડીને જોયું ત્યારે પૂ. ઘનશ્યામજીવન સ્વામીને કંઈક તેજ દેખાણું. માળાના બેરખા સહિત ડાબો હાથ ઊંચો કર્યો એટલે કીર્તન ભક્તિ વિરામ પામી. પછી પૂ. સ્વામીએ પોપટ ભગતને પૂછ્યું,

"જય સ્વામિનારાયણ બેટા, શું નામ તારું ?"

"મારૂં નામ પોપટ છે પોપટ."... ભગતે ઉત્તર આપ્યો. અને સામો પ્રશ્ન પણ કર્યો, "મહાત્માજી ! આપનું નામ શું છે ? અને આવા તાપમાં આપ સહુ ક્યાંથી ક્યાં જઈ રહ્યા છો ?"

પોપટ ભગતના પ્રશ્નનો જવાબ આપતા એક સ્વામી બોલ્યા, "ભાઈ ! આ અમારા ગુરુ પૂ. શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી છે; અમે તેમના સેવકો છીએ. જૂનાગઢ મંદિર અમારૂં નિવાસ સ્થાન છે."

"અરે ! મહાત્માજી ! માફ કરજો. આપને તાપમાં-રસ્તામાં જ વાતે ચડાવી દીધા. વાડીએ પધારો. ટાઢે છાંયડે બેસીને પે'લા બપોરા કરી લઈએ. પછી વાતો કરીશું." વાડીએ તો આવીશું પણ બપોરા નહિ કરીએ. અમે ભગવાન સ્વામિનારાયણના સાધુ છીએ. કાચું સીધું લઈને સ્વયં બનાવીને જમીએ છીએ અને એ પણ દિવસમાં એક જ વાર...

"અરે દયાળુ ! આવો તો ખરા, કંઈક દાન-દક્ષિણા તો ચાલશેને ?" 'જો ભાઈ, તારી ભાવના ઉત્તમ છે પણ અમે કંઈ જ લેતા નથી.'

અરે કંઈ જ લેતા નથી, તો આવા તાપમાં શીદને ફરો છો ? પોપટ ભગતે સદ્‌ગુરૂને અંતિમ પ્રશ્ન કર્યો. આ પ્રશ્નનો જવાબ સાધુને રોકીને સ્વયં શ્રીઘનશ્યામજીવન સ્વામીએ આપ્યો. 'પોપટ ! તારા જેવા જીવને આ સંસારરૂપી પાંજરામાંથી છોડાવવા માટે આ તાપમાં ફરીએ છીએ.'

પોપટ ભગત કહે, "મહાત્માજી ! મહાદેવની અનુકંપાથી હું તો મુક્ત જ છું." ભગતના આ શબ્દોમાં અહંકાર નહિ પણ શિવભક્તિનો હુંકાર છે. એ વાત પૂ. ઘનશ્યામજીવન સ્વામીથી છુપી ન રહી. તેમના પર નારાયણદાસજી સ્વામી જેવા સમર્થ સંતની અનુકંપા હતી. તેઓ

માણસના

જાણતા.

ક્ષણવાર આંખો બંધ કરીને શ્રીહરિ અને ગુરૂદેવને યાદ કરીને સ્વામીએ પોપટ ભગતના ભવબંધનને કાપતું વાક્‌બાણ છોડ્યું: 'પોપટ ! જો મુક્ત જ છો, તો અહીંથી જ, चल बच्चा अमारी साथे हो जा साधु. મુક્ત પુરુષો પંચવિષયના પાંજરામાં ના શોભે. ભગવી ગુણાતીત ઝોકમાં જ શોભે.'

પોપટ ભગતને કોઈ અદૃશ્ય શક્તિ ખેંચી રહી હોય, અલખનો સંકેત હોય, સાક્ષાત્ સદાશિવ જ કહી રહ્યા હોય એવો અનુભવ થયો. અંતરના ઊંડાણમાંથી અવાજ આવ્યો, આ વિચાર કરવાનો સમય નથી. નિર્ણય કરવાનો સમય છે. સદાશિવની કૃપા છે. સ્વીકાર કરી લે. આ પ્રાપ્તિ માટે જ તારે આટલી રાહ જોવી પડી છે. ''सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः'' ભગતે આત્મનાદનો સ્વીકાર કર્યો. સાધુ થવાનો નિર્ણય કર્યો. સદ્‌ગુરૂ શ્રી ઘનશ્યામજીવન સ્વામીના ચરણે મસ્તક મૂકતાં મૂકતાં માત્ર એટલું જ બોલ્યા કે, ''આજથી આ શિશ આપને સોંપું છું.'' સ્વામીએ પોતાના અભયહાથ ભગતના મસ્તકે મૂક્યા. હાથ પકડીને ઊભા કર્યા અને ભેટ્યા. અને પછી મંદહાસ્ય કરીને ચાલતા થયા. સ્વામી ચાલ્યા એટલે ''એ બાપાને કહેજે, પોપટ જુનેગઢ સાધુ થવા ગયો છો'' આટલી હાંકલ કરીને પાછું વળી જોયા વિના ચાલી નીકળ્યા. વાડી-વૃક્ષો-પશુપંખીઓ આ ભક્તરાજની વિદાયને સજળનેત્રે જોઈ રહ્યાં. ભગત દેખાતા બંધ થયા એટલે ભર ઉનાળે ચોમાસુ બેઠું. પશુ-પંખી પણ રડી પડ્યા. બળદ ઘર તરફ જવા તૈયાર ન થયા. છતાં સાથી ગાડુ જોડીને લીમધરા ગામમાં આવ્યો.

ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમોલવાસી રે, જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે - ૧
જુવો જીવ મોહ નિદ્રામાંથી જાગી રે, વરી એને થાઓ અખંડ સોહાગી રે - ૨
જોતાં વાટ આવી મારે જાન રે, પોતે વર પુરુષોત્તમ ભગવાન રે - ૩
શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે, મારાં લોચન કરે તે મુખડાનું પાન રે - ૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે, ચોટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે - ૫
હથેવાળો[૧] હરિ સંગાથે મેં કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે - ૬





લીમઘરામાં કરુણ આક્રંદ

આ અમારો લાડલો પોપટ આપણને મૂકીને એક દિવસ જરૂર ઉડી જવાનો છે. પિતા વાલજીભાઈના મનમાં ઉઠતા વિચારો સત્ય ઠર્યા. પોપટ ભગતના ગૃહત્યાગથી પિતાને કંઈ જ આશ્ચર્ય ના થયું પરંતુ માતા રખમાઈબા અને બહેનોને જબ્બર આંચકો લાગ્યો. વાડીએથી આવીને સાથીના મુખે ''ૐ નમઃ શિવાય'' કહીને ભાઈએ શિવત્વના પંથે પ્રયાણ કર્યુ છે. **જૂનાગઢના સાધુ સાથે જતા રહ્યા છે. આ શબ્દો સાંભળીને નાના બહેન જીવીનો જીવ તાળવે ચોંટી ગયો. ભાઈ કાયમ માટે છોડીને ગયો છે તે સાંભળતાં જ તેઓ મૂર્છિત થઈને ઢળી પડ્યા. મોટાં બહેને દોડીને ઘરમાં માતાને જાણ કરી. મા પણ ત્યાં જ ઢગલો થઈ ગયા.** હિરપરા પરિવારનું હિર લૂંટાય ગયું.

સગાં-સ્નેહી-કુટુંબી અને ગ્રામજનોએ એક સ્વરે પ્રાર્થના કરી, ''વાલજીભાઈ ! પોપટને પાછા લઈ આવો. પોપટ તમારૂં - તમારા પરિવારનું જ નહિ; આ ગામનું રતન છે. રતન હિરપરા પરિવારમાં જ શોભે, ભગવા ચીંથરામાં નહિ. રસ્તે ચાલતાં સાધુ-બાવા જાદુટોણાના જોરે આપણા પોપટને લઈ જાય. રતનને ઝૂંટવી જાય. અને આપણે ચૂપ રહીએ તો જનેતાનું દૂધ લાજે.''

પિતા પોતાના પુત્રની મનોસ્થિતિ સારી રીતે જાણતા હતા છતાં દીકરીઓ અને ગ્રામજનોના સંતોષ ખાતર પોપટ ભગતને પાછા લેવા માટે સંમત થયા અને બોલ્યા, ''કાલે દિ ઉગતા જૂનેગઢ પોંચી જાશું ને દિ આથમે ઈ પે'લા પોપટને ગમે ત્યાંથી શોધીને લઈ આવીશું.'' આ સાંભળીને સાથી બોલ્યો, ''માલિક ! એને શોધવા માટે રખડવું નહિ પડે. એ તો સ્વામીના સાધુ ભેળો ગયો છે.'' ''અરે ! તો તું બોલતો કેમ નથી !'' ''અરે બાપા ! કોઈ સાંભળે તો બોલુને. ભગત ભગવા પહેરવા ગયા છે; એટલું કહ્યું ત્યાં તો આ સ્થિતિ, આ કકળાટ શરૂ થઈ ગયો છે. આ કકળાટમાં અમારૂ ગરીબનું કોણ સાંભળે. બાપા ! જો પોપટ ભગતને પાછો નહિ લાવો તો આપણી વાડીએ

આવતા પશુ પંખીઓ પણ તમને માફ નહિ કરે. આજ બપોરથી બળદોએ પાણી પણ નથી પીધું અને આંખમાંથી પાણી પડ્યા કરે છે.''

''મારી નજર સામે વાડી-મેડી-ઘોડી છોડીને જ્યારે એ ચાલતો થયો ત્યારે મને એમ થયું કે, આંખો ફોડી નાંખું તો મારે તેને જતા જોવા ના પડે. પણ જો એમ કરૂ તો તમને આ વાત કરવા અહિ કેવી રીતે પહોંચું!'' કહેતાં કહેતાં સાથીનો સ્વર તૂટી પડ્યો. રડવા લાગ્યો.

મમતા સાગરમાં ડૂબેલી માતાએ સમજણરૂપી નૌકાનો સહારો લીધો અને પોપટને જૂનાગઢથી પાછા તેડવા તૈયાર થયેલા તેના પિતાને રોક્યા અને કહ્યું, ''મારો પોપટ પ્રભુને પામવા ગયો છે. મમતા તો મને પણ છે, પરંતુ તેને મદદ કરવાના બદલે વિઘ્ન કરવાનો વિચાર કેમ કરો છો ? શું મા-બાપ તરીકે આપણી આટલી જ ફરજ છે કે દીકરાને સત્કાર્યમાંથી પાછો વાળીને સંસારના ગાડે જોડી દેવો ? આપણી સાત સાત પેઢીમાં કોઈએ નથી કર્યુ એવું પવિત્ર કાર્ય મારા પોપટે કર્યુ છે; તમને તેમાં આડા આવવાનો શો અધિકાર છે ?''

સદૈવ શાંત રહેતી માતાએ આજે પોતાનું ભક્તિમય શક્તિસ્વરૂપ બતાવ્યું. તેમાં પ્રશ્નોનો સામનો ન કરી શકતા પિતા વાલજીભાઈએ માત્ર એટલું જ કહ્યું કે, ''બધાની ઈચ્છા ના પાડે છે.''


આ સાંભળી માતા કહે, ''બધા પ્રભુ ભજનમાં જ કેમ આડા આવે છે ? ગામમાં ઘણા યુવાનિયા મા-બાપની આમન્યા નથી રાખતા, ત્યાં કેમ બધા સમજાવવા નથી જાતા ?'' પિતા વાલજીભાઈ અવાક્ બની ગયા. આ માત્ર સ્ત્રી નથી ખરેખર ધર્મપત્ની છે. શાસ્ત્રોમાં પત્નીને ધર્મપત્ની આ માટે જ કહ્યા હશે. એમ મનોમન વિચારીને પુત્ર પોપટને સંસારમાં પાછા લાવવાનો નિર્ણય બદલી નાંખ્યો. નારી જગતના ઈતિહાસમાં આવા ગુણીયલ પાત્રો બહુ ઓછા જોવા મળે છે. અને હા, આવા પાત્રો માટે સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી

''ધન્ય ધન્ય માતા ધ્રુવતણી, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી''

જેવી કાવ્ય પંક્તિઓ આલેખે છે. **ધન્ય છે રખમાઈબાને, પોપટ ભગતના ત્યાગમાં આત્મકલ્યાણનો સ્વાર્થ છે. પરંતુ માતાની ત્યાગ ભાવનામાં માત્ર અને માત્ર પરહિત જ સમાયેલું હતું.** શું આજે દિવો લઈને શોધવા જઈએ તોપણ આવા પાત્રો મળે ખરા ?

મૈયા તણા અંતરે હતી પીડા,
પણ બોલતા આવી હશે વ્રીડા,
યાદ કરી કરી પોપટની ક્રીડા,
સહી રહ્યા નિજ અંતર પીડા.

તેજ પંથે તું પગલાં ભરજે, એકલ વીર ધીર સંચરજે.



સદ્‌ગુરુનું હૃદય જીત્યું

લીમધરાનો લાડકવાયો લાડકોડ છોડીને એક જ વચને સર્પ કાચળી ઉતારે તેમ સંસાર છોડીને સાધુ થવા તૈયાર થઈ ગયો. પોપટ ભગતના ત્યાગની છટાથી પૂ. ઘનશ્યામજીવન સ્વામી પણ સ્તબ્ધ થઈ ગયા. સાધુ તો સહજભાવે કહે, તેને વાસ્તવિક દૃષ્ટિએ અમલ કરવો, એ પણ પ્રથમ મુલાકાતમાં જ; આ કંઈક અલૌકિક ઘટના છે.

જૂનાગઢ મંદિરના ઈતિહાસમાં આમ ત્યાગ કરનારો કોઈ આવ્યો નથી. અરે ! સંપ્રદાયના ઈતિહાસમાં રામાનંદ સ્વામીના વચને ભાઈરામદાસ સ્વામીએ આ રીતે ઘર છોડેલું. ત્યારબાદ સાધુના વચને આ મુમુક્ષુની જેમ ઘર છોડનાર મેં જોયા - જાણ્યા નથી. આવા વિચારોમાં રમતા ગુરુદેવને પોપટ ભગતે ધીરે રહીને પૂછ્યું,

"મહારાજ ! પે'લું ભજન મેં પ્રથમવાર સાંભળ્યું છતાં સાંભળ્યા જ કરવાનું મન થાય છે. તે ભજન કો'નું છે ?" "એ કીર્તન આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું છે. આ સંતોને એવા ઘણાં ભજનો આવડે છે. તમારે પણ શીખવાં પડશે." 'બીજું શું શું શીખવું પડશે ?' 'બધું જ શીખવુ પડશે ?' આ સંપ્રદાયમાં સાધુ-સ્વામી એમ સંબોધન થાય છે. "મહારાજ" શબ્દ શ્રીજી મહારાજ માટે જ વધુ વપરાયો છે. સ્ત્રી-ધનનો ત્યાગ એ આપણી મુખ્ય સાધુતા છે. પાંચ વર્તમાન એ આપણો મુખ્ય ધર્મ છે. કથા-કીર્તન અને સેવા સાથે નામ સ્મરણ; એ આપણી ભક્તિ છે.


નવા નવા સેવકને સદ્‌બોધ આપવામાં તલ્લીન બનેલા પૂ. ઘનશ્યામજીવન સ્વામી વાતોમાં મસ્ત હતા. તેથી નજરચૂક થઈ અને પગમાં કાંટો વાગ્યો. વાંકા વળીને કાંટો કાઢીને ચાલતાં થયા પણ પોપટ ભગત રડી પડ્યા. તેણે પોતાના બુટ

કાઢીને સ્વામીને આપ્યા. પણ સ્વામીજીએ તે સ્વીકાર્યા નહિ.

રસ્તામાં પડેલી શૂળથી સદ્‌ગુરુનો પગ વીંધાયો તેના કરતા વધુ પોપટ ભગતનું હૃદય વિંધાયું. આંખોમાંથી આંસુડાંની ધાર થઈ. સંતોને કંઈ સમજાયું નહિ કે, આ આટલું બધું કેમ રડે છે ! એક ઉતાવળીયા સેવક કહે - ઘર યાદ આવ્યું કે ! ભગત કહે, યાદ આવ્યું એ તો સાચું જ કહ્યું, પણ ઘર નહિ.

ઘર નહિ, તો એવું શું યાદ આવ્યું કે, આટલા બધા રડો છો ? અરે સ્વામીજી ! આપ સર્વે અડવાણા પગે ચાલો છે ને મારા પગમાં આ ખાસડા છે, તે મને અત્યારે યાદ આવ્યું. મારા ગુરૂ અડવાણે પગે હોય અને હું બૂટ પહેરીને ચાલુ, તો મારી ભક્તિમાં ધુડ પડે. **હું તો સદ્‌ગુરૂના શરણે આવ્યો છું. હું તેના કરતાં વધુ પદાર્થ કેવી રીતે ભોગવી શકું ? કહેતાં કહેતાં પોપટ ભગત ફરી હીબકે ચડી ગયા.**

પૂ. ઘનશ્યામજીવન સ્વામીએ કહ્યું, અમારે તો અડવાણે પગે ચાલવાનું વ્રત છે; ભગત કહે, સ્વામી આજથી - અત્યારથી મને પણ એ વ્રત આપો. **''આપ જે વસ્તુ ના વાપરો તે હું ક્યારેય નહિ વાપરૂં.''** એક સત્પુરુષમાં મુમુક્ષુને કેવો અનુરાગ હોવો જોઈએ. તેનું આ આદર્શ દૃષ્ટાંત બની ગયું. સાથે રહેલા સંતોને પણ નવા મુમુક્ષુની ભક્તિમય દૃષ્ટિથી આશ્ચર્ય થયું. સ્વયં સદ્‌ગુરુના હૃદયમાં પણ પોપટ ભગતની ભાવનાની છબી ઉપસી આવી. તેમણે ભગતના બુટ પહેરીને ચાલવા માંડ્યું. ભગતની રડતી આંખો આનંદથી નાચી ઊઠી. પૂ. સ્વામીના હૃદયમાં સ્થાન મેળવીને તેમની પાછળ ઉઘાડા પગે ચાલતા ચાલતા જૂનાગઢ મંદિરે આવ્યા.



હું તો સદ્‌ગુરૂના શરણે આવ્યો છું. હું તેના કરતાં વધુ પદાર્થ કેવી રીતે ભોગવી શકું ? કહેતાં કહેતાં પોપટ ભગત ફરી હીબકે ચડી ગયા.



ભોળાનાથનો આદેશ

शिवोऽहं शिववाक्यं ते, वच्मि शुक मुदा श्रृणु ।
स्वामिनारायणं प्रीत्या सेवस्व मां यथा पुरा ॥

જૂનાગઢ મંદિરમાં પ્રવેશ કરતાં જ પોપટ ભગતના રોમ રોમ પુલકિત થઈ ગયા. તેના હૃદયમાં અગાધ શાંતિનો અહેસાસ થયો. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામી, બાલમુકુંદદાસજી સ્વામી જેવાના પવિત્ર સ્પંદનોનો સ્પર્શ પામીને પોપટ ભગત ધન્ય ધન્ય થઈ ગયા. અહીં જ કૈલાસ છે. અહીં સાક્ષાત્ શિવનો વાસ છે; અહો...અહો... મનોમન ભોળાનાથનો આભાર માનતાં માનતાં મંદિરનાં પગથિયા ચડ્યા.

પૂ. સ્વામી નવા મુમુક્ષુનું કાંડુ પકડીને મંદિરમાં લઈ ગયા. સૌ પ્રથમ રાધારમણ દેવનાં દર્શન કરાવ્યા. મહિમા સમજાવ્યો. ત્યાર પછી રણછોડ-ત્રિકમરાયનાં દર્શન કરાવ્યા અને છેલ્લે સિદ્ધેશ્વર મહાદેવનાં દર્શન કરાવ્યા. દેવ દર્શન કરીને હર્ષિત-પ્રફુલ્લિત થયેલા પોપટ ભગત નાચી ઊઠ્યા.

"અરે ! મારો ભોળોનાથ જ મને અહીં લઈ આવ્યો છે.

સ્વામિનારાયણના મંદિરમાં પણ મારો નાથ બેઠો છે. છે ભાઈ છે. ભોળાનાથ છે...છે...છે.''

ભોળાનાથ સામે ઊભા ઊભા એક ભૂદેવ બ્રહ્મમુનિ કૃત સ્તુતિ લલકારી રહ્યા હતા.

ભગતનું મન સ્તુતિના સહારે શબ્દાનુવિદ્ધ સમાધિમાં ચડી ગયું. મંદિરના પગથિયા ઉતરતાં ઉતરતાં પૂ. સ્વામીને કહે, ''આજ સુધી પ્રતિદિન સવાર-સાંજ શિવ મંદિરે જતો પણ સ્તુતિ ક્યારેય સાંભળી જ નથી.'' આ સંપ્રદાય જ સર્વોપરી છે. અહીં દેવ-મંદિર-શાસ્ત્રો-સંતો-સત્સંગીઓ, બધું જ સર્વોપરી છે. આમ, મહિમા કહેતાં કહેતાં સ્વામી તેમને સંતોની ધર્મશાળામાં લઈ ગયા. સંતો-પાર્ષદોને રહેવાની રીત બતાવી. ક્ષણવાર પોપટ ભગતના મનમાં ગાંજાના કેફમાં ડોલતા ખાખીઓની સ્મૃતિ થઈ આવી. મનોમન આ સંતો અને તેના જીવનનો તફાવત કરવા લાગ્યા. અહીંની પરમ સાત્વિકતા તેના હૃદયમાં ચોટી ગઈ.

''ગયેલી ક્ષણ ફરી ક્યારેય આવતી નથી. માટે થાય એટલું ભજન કરી લેવું'' આ પોપટ ભગતની માન્યતા હતી. તેમણે તો પોતાની માન્યતા પ્રમાણે શિવ-શિવ જપ શરૂ જ રાખ્યા. વિચારવૃત્તિ દ્વારા શિવજીનો આભાર-કૃતજ્ઞતા માનતા જાય અને ભજન કરતા જાય. ભજન કરતાં કરતાં ઊંઘ આવી ગઈ. ઘોડીએ ચડીને ચાલનારા પોપટ ભગત આજે લગભગ પ્રથમવાર જ આટલું લાંબુ પગપાળા ચાલ્યા હતા. થાકના પ્રભાવે ભજનમાં જ ઊંઘ આવી ગઈ.

રાત પડી ગઈ અને ઊંઘ આવી ગઈ. આ તો એક સામાન્ય ક્રિયા છે પરંતુ પોપટ ભગત માટે રાત્રિએ જે ઘટના ઘટી તે જીવનનો કલ્પનાતીત વળાંક આપતી ગઈ. બનેલું એવું કે, અરધી રાત ગઈ હશે ત્યાં પોપટ ભગત સ્વપ્નાવસ્થામાં સરી પડ્યા. સ્વપ્નમાં સાક્ષાત્ સિદ્ધેશ્વર મહાદેવજીનાં દર્શન થયાં. દર્શન કરતાં જ ભગત ઊભા થઈ ગયા. શિવજીએ મસ્તકે હાથ મૂકીને કહ્યું, ''ભગત! હું જ તને અહીં લાવ્યો છું.'' ''પણ..પણ શું ભોળાનાથ!''

''પણ કંઈ નહિ. આજથી તારે મારૂં ભજન કરવું નહિ.'' ''પણ મારો કંઈ અપરાધ!'' પોપટ ભગતે ધ્રાસકા સાથે કહ્યું. ભોળાનાથ કહે, મારી વાત નહિ માનો તો જરૂર અપરાધ થશે. **આજથી તમારે હું જેનું ભજન-સેવા કરૂં છું તે ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન-સ્મરણ કરવું.** પોપટ

ભગત તો એકનિષ્ઠ-ઈશનિષ્ઠ ભક્ત હતા. તેઓ સાશંક નજરે મહાદેવની સમક્ષ જોઈ રહ્યા. ભોળાનાથે ભગતની શંકા દૂર કરવા શ્રીહરિનો મહિમા કહ્યો. વન વિચરણ દરમ્યાન પોતે કરેલી સેવાની વાત કરી. અને કહ્યું, મેં એકવાર તેમને સાથવો જમાડ્યો તો આજે પણ મને રોજ મિષ્ટાન્ન જમાડે છે. **મારા જેવા અનેક દેવતાઓ-ઈશ્વરો તેમનું ભજન કરે છે.** તમે શુદ્ધભાવે મારૂં ભજન કર્યુ છે, એટલે મારી તમને એટલી જ આજ્ઞા છે કે, અહીં સંતો પાસેથી મહિમા સમજીને શ્રીહરિની અનન્ય ભક્તિ કરો. આટલું કહીને પિનાકપાણી શંકર અંતર્ધાન થઈ ગયા. સ્વપ્ન છે કે સાક્ષાત્કાર એ સમજાય, તે પહેલાં જ ભગવાન સદાશિવ અદૃશ્ય થયા. ભગત ઝબકીને જાગી ગયા. સવાર સુધી ઊંઘ ન આવી.

પ્રાતઃકાળે નિત્યક્રમમાંથી પરવારીને સૌ પ્રથમ સદ્‌ગુરૂના ચરણે ગયા. રાતની વાત કરી. પૂ. સ્વામીએ એ વાતની દૃઢતા કરાવવા ગુણાતીત જ્ઞાન પીરસ્યું. ભગત પ્રશ્નો પૂછતા ગયા અને સ્વામી સમજાવતા ગયા. એક આસને ૨ કલાક ચર્ચા કરી. પ્રશ્ન-પરિપ્રશ્ન કર્યા અને અંતે ''**करिष्ये वचनं तव**'' કહીને ઊભા થયા.

શિવ અને સદ્‌ગુરુ બન્નેના વચન એક થયા. ભગત ફરીવાર મધ્યાહ્‌ન સમયે સદ્‌ગુરૂ પાસે ગયા. અને ઉત્થાપન સુધી બેઠા. હવે સત્સંગમાં મંદિરમાં-મંડળમાં કેવી રીતે રહેવું ? તે સર્વે રીત જાણી અને સંધ્યા પછી સેવામાં લાગી ગયા તે છેલ્લા શ્વાસ સુધી સેવા કરી. પૂ. ઘનશ્યામજીવન સ્વામીએ જપ-તપ અને સેવા-સ્મરણ; આ બે જોડલા આપેલા; તે તેઓએ આજીવન સાથે રાખ્યા.

કથાવાર્તાની પરંપરા મુમુક્ષુઓને મોક્ષના રસાયણો પીરસતી. કથાના પ્રતાપે પોપટ ભગતની શ્રદ્ધા પૂર્ણચંદ્રની જેમ ખીલી ઊઠી. સવારે વહેલા ઊઠીને મંદિરનું ચોગાન વાળે. ચોગાન વાળી રહે ત્યાં બ્રાહ્મમુહૂર્ત થઈ જાય. બ્રાહ્મમુહૂર્ત થઈ જાય એટલે સંતો ઊઠવા લાગે. સંતો ઉઠવા લાગે એટલે તેમનાં સ્નાન પાણીની વ્યવસ્થા કરે. સીંચી સીંચીને વડીલ-સંતોને સ્નાન કરાવે. તેના વસ્ત્રો ધોઈ નાંખે. સાજા-માંદા હોય તેના માટે ગરમ પાણી કરી આપે. સૌ સંતો સ્નાનાદિ કરી લે એટલે ગૌશાળામાં પહોંચી જાય ત્યાં સેવા કરે. ગાયો દોવે - વાસીદુ કરે. પછી પાછા ગાયો માટે ઘાસ કાપવા જાય. બપોરની કથામાં હાજર રહે. કથા પછી સંતો પાસે બેસીને વાતો સાંભળે. થોડા જ દિવસમાં જ્યાં જુઓ ત્યાં પોપટ ભગતની વાતો થવા લાગી. જબરો શ્રધ્ધાવાળો મુમુક્ષુ છે. સહુ રાજી થઈને અંતરના આશિષ આપતા. શ્રીજી મહારાજનો મહિમા કહેતા.

જૂનાગઢ કથાવાર્તાનો ગઢ. ઉપાસનાની અણિશુદ્ધ વાતો જૂનાગઢના ચોકમાં નિત્ય થાય. તે વાતોનું શ્રવણ-મનન કરીને પોપટ ભગતના અંતરમાં વરતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શનનાં બીજ રોપાયા. સદ્‌ગુરુના સંગે એ બીજ અંકુરિત-પલ્લવિત થયું. પ્રતિપળ પરમને પ્રસન્ન કરવા પ્રયત્નશીલ પોપટને પાર્ષદ થવાનું સૌભાગ્ય પણ મળ્યું. સૌ પ્રસન્ન થયા પણ હવે ભગતનો આત્મા મૂંઝાવા લાગ્યો. તેમનું મન હવે વરતાલ વિહારીના સાક્ષાત્કાર માટે વધુને વધુ તડપવા લાગ્યું. દેહ જૂનાગઢમાં રહ્યો અને મન વરતાલમાં ગયું. ભગવાન પાકા ભક્તની જ કસોટી કરે છે; ભગત ક્યારેક સ્વપ્નમાં વરતાલ પહોંચી જાય. વરતાલ વિહારીની અલપ ઝલપ ઝાંખી કરી લે. ક્યારેક વળી દિલ ભરીને દર્શન કરી લે, પણ જ્યાં સ્વપ્ન પૂર્ણ થાય ત્યાં તો જીર્ણદુર્ગ. જીર્ણદુર્ગનું નામ આવું જ બરાબર છે. આ દુર્ગમાંથી મને ક્યારે વરતાલ જવા મળશે ? મર્યાદાના ગઢનું ઉલ્લંઘન પણ ન થાય. નહિતર જઈને સદ્‌ગુરુને કહે, 'મારે વરતાલ જવું છે.' પણ પોપટ ભગત એવું કરી જ ના શકે. સદ્‌ગુરુના વચનથી વધુ કંઈ જ કહેવાનું નહિ. કરવાનું નહિ. આ તેમની સાધનાનો મંત્ર હતો. તેથી હંમેશા મર્યાદાના ગઢમાં - જૂનાગઢમાં રહીને વરતાલની વાટ જોતા. ઘણીવાર રાતની રાત રડી લેતા. કરગરી કરગરીને પ્રાર્થના કરતા. **'હે મહારાજ ! મને વરતાલ દર્શન કરાવો.'** મહારાજે તેમને વરતાલ દર્શનનો અવસર ન આપ્યો પણ કાશી મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે સદ્‌ગુરૂ સાથે સેવામાં જવાનો અવસર આપ્યો.

આદેશ થકી ભોળાનાથના પામ્યા
કાશી જવાનો અવસર,
મુમુક્ષમાર્ગના યાત્રી પોપટજી,
પામ્યા દર્શન સુખ સરભર.

પેટ છૂટી કરી વાત ગુરુને, હૈયું કિધું શાંત,
પળમાં રમતા થયા હરિવર, રોમ રોમને પ્રાન્ત.



વારાણસીથી વરતાલ

અહોરાત્રી વરતાલ વિહારીના પ્રત્યક્ષ દર્શનના વિચારોમાં રમતા પાર્ષદ પોપટ ભગતને સદ્‌ગુરૂ શ્રી ઘનશ્યામજીવન સ્વામીએ આજ્ઞા કરી, ''ભગત તૈયારી કરો, આપણે કાશી જવાનું છે.'' એ જમાનામાં કાશીની યાત્રા વિદેશયાત્રા જેવી લાગતી. વાહન વ્યવહારની સગવડ નહિ, છતાં સંતો નિયમ-ધર્મ સાચવીને વિચરણ કરતા રહેતા.

વારાણસીમાં વરતાલ તાબાનું મંદિર તૈયાર થયું એટલે સમગ્ર વરતાલ દેશના અગ્રણી સંતો-ભક્તોને આમંત્રણ અપાયા. વરતાલ-ધોલેરા-ગઢપુર-જૂનાગઢ વગેરે મુખ્ય મંદિરોમાંથી સંપ્રદાયના મૂર્ધન્ય સંતોના મંડળો એક પછી એક આવવા લાગ્યા. કાશી તા. ૨૦-૪-૧૯૪૨ સોમવાર, વૈશાખ સુદ પાંચમ સંવત્ ૧૯૯૮ ના રોજ પ્રતિષ્ઠા મહોત્સવ હતો, તેનાથી થોડા દિવસ પહેલાં જૂનાગઢથી પૂ. શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી મંડળ સહિત કાશી પહોંચ્યા.


કાશીમાં સંતો-ભક્તોની ભીડ જામેલી. ભીડમાં ભગવાન ભૂલાય જાય એટલી દોડધામ ભળી. દોડધામ

મંદિર માટે જ છે એટલે સેવા કહેવાય પણ સેવામાં ભગવાન ભૂલાય જાય તો તે ક્રિયા જ કહેવાય. સંતોની ભીડને પાર્ષદ પોપટ ભગત સેવાનો સુવર્ણ અવસર માનીને સેવામાં લાગી ગયા. પ્રથમ પોતાના ગુરૂદેવની સેવા કરે, ત્યારબાદ ઉત્સવની તડામાર તૈયારીમાં સેવા કરતા સંતોની સેવા કરે. રસોડામાં સાફ સફાઈ અને વાસણની સેવા તો જાણે તેમના શિરે જ હોય, એમ અચુક તેઓ જ કરે. સેવા કરવા છતાં મુખાકૃતિ પર થાક ન દેખાય એટલું જ નહિ હાથમાં કામ. કામ કરતા કરતા નામ જપનો જૂનો અભ્યાસ. સવારથી સાંજ સુધી સેવામાં હોય પણ સૌથી ઓછું બોલે.



મૌન રહીને સેવા કરતા ભગતને એક દિવસ વરતાલના વિદ્વાન સુપ્રસિદ્ધ કથાકાર **સદ્‌ગુરૂ શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીની** સેવાનો અવસર મળી ગયો. સ્વામી માત્ર શાસ્ત્રોનાં પાનાઓ જ ના વાંચતા, મુમુક્ષુઓના હૃદય પણ વાંચી લેતા. **પૂ. સ્વામીને પોપટ ભગતના અંતરની નિર્મળતા સ્પર્શી ગઈ.** તેઓએ પ્રેમથી





પૂછ્યું, ''ભગત ! કોના મંડળમાં છો ?'' ભગતે હાથ જોડીને કહ્યું, ''જૂનાગઢના પૂ. શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામીના મંડળમાં છું.'' આટલું જ સાંભળતા પૂ. સ્વામી ઊભા થઈ ગયા અને ભેટી પડ્યા. ભેટતાં ભેટતાં બોલ્યા... **''અરે તો તો તમે અમારા જ છો એમ કહોને.''**

પોપટ ભગતને કંઈ સમજણ ન પડી, પણ આ બન્ને મંડળોની આત્મીયતા ઘર જેવી જ હતી. જૂનાગઢથી વરતાલ જાય. વરતાલથી જૂનાગઢ જાય ત્યારે એકબીજાને ત્યાં ઉતારા થતાં. નિયમ ધર્મ-જ્ઞાન-ઉપાસનામાં પણ રૂચિ મળતી આવતી. પૂ. નારાયણસ્વરૂપ સ્વામી વરતાલ દેશના પ્રમુખ વક્તા અને પ્રખર શાસ્ત્ર અભ્યાસી હતા અને સ્વામી જૂનાગઢ મંદિરના. બન્નેના જીવન સત્સંગ માટે સમર્પિત. બન્ને વચ્ચે કેવી આત્મીયતા છે, તે કાશી મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે એક નાનકડા પ્રસંગે સૌને જોવા-જાણવા મળ્યું.

પૂ. નારાયણસ્વરૂપ સ્વામીએ ઉત્સવની ભીડમાં એકાંત શોધી લીધું. પૂ. શ્રી ઘનશ્યામજીવન સ્વામી પાસે પહોંચ્યા. ''પુરાણી મહારાજ ! મને કહ્યું હોત તો હું આપને ત્યાં આવી જાત, મોટા થઈને અમને સંકોચમાં મૂકો છો.'' આવી મીઠી મૈત્રી સભર વાણીથી સ્વાગત કરીને આસન આપ્યું. બેઠા, વાતચીત કરી અને અંતે પુરાણી સ્વામી જે વાત માટે ગયા હતા તે વાત શરૂ કરીઃ-


''સ્વામી ! આ તમારો ભગત તો રતન છે.''

કોણ, પોપટ ભગત !

હા, એ જ.

તમ જેવા સંતો રાજી થાય છે એ જ એની કમાણી છે.

અને હા, ઉત્સવ સમૈયા - કથા પારાયણમાં આવા સેવકની જરૂર મારે



વધારે પડે છે. એકે હજારા જેવો ભગત ભગવાને તમને આપ્યો છે. દોડી દોડીને સેવા કરે છે તે જોઈને સર્વ સંતો ખૂબ જ રાજી થાય છે અને મને તો એમ થાય છે કે, એ ભગત જો મારી સાથે હોય તો મારે કથા વાંચવા સિવાય કોઈ જ ચિંતા ના રહે.

આ સાંભળીને શ્રી ઘનશ્યામજીવન સ્વામીએ સવિનય કહ્યું, ''સ્વામી! આપ જેવા સંત તેનું કાંડું પકડે તો તો તે જીવના અતિ મોટા ભાગ્ય કહેવાય. હું પણ પ્રસન્ન થઈશ; મહારાજે કહ્યું છે કે પોતાથી મોટા સાધુ સાથે સેવક જાય તો ગુરૂ રાજી થાય.'' આ શબ્દો સાથે બન્ને મહાપુરૂષો ખખડીને હસી પડ્યા. પૂ. ઘનશ્યામજીવન સ્વામીએ ''તુરંત દાન ને મહાપુણ્ય'' ન્યાયે સાદ કર્યો. પોપટ ભગત ! એ...ભ...ગ...ત.. પ્રતિસાદમાં ભગત તુરંત હાજર થયા.

પૂ. સ્વામીએ પુરાણી મહારાજનો પરિચય આપ્યો. એમની સાધુતા અને વૈદુષ્યના ચંદ શબ્દોમાં વખાણ કર્યા ને કહ્યું, ''સ્વામીની ઈચ્છા તમને વરતાલ સાથે લઈ જવાની છે; તમારી શું ઈચ્છા છે !'' પોપટ ભગતે ક્ષણનોય વિલંબ કર્યા વિના કહ્યું, ''**આપની ઈચ્છા જ મારૂં જીવન છે.**'' આ શબ્દો મુમુક્ષુઓને સાચી સાધનાનો રાહ બતાવે છે. પૂ. ઘનશ્યામજીવન સ્વામીએ હાથ લાંબો કર્યો. પ્રિય સેવક પોપટ ભગતનું કાંડું પકડ્યું. બીજા હાથે પુરાણી મહારાજનો હાથ પકડ્યો અને પોપટ ભગતનું કાંડું તેમને સોંપતા સોંપતા બોલ્યા, ''આજથી આ પોપટ તમારો'' અને પોપટ ભગતને કહ્યું, ''આજથી આ તારા ગુરુ, મારી કરતા વધુ તેમનો રાજીપો મેળવજે !'' આટલા, શબ્દો સાથે પૂ. સ્વામીએ પોપટ ભગતના અંતરાત્માને વરતાલનો દરવાજો કાયમ માટે ખોલી આપ્યો. પૂ. ભગત ઉત્સવના અંતે પુરાણી મહારાજ સાથે પ્રથમવાર કાશીથી વરતાલ આવ્યા.



વરતાલ વિહારીના સાંનિધ્યે

પૂ.નારાયણસ્વરૂપદાસજી સ્વામી કાશીથી વરતાલ આવ્યા. સાથે એક નવા ભગતને લાવ્યા. પુરાણી મહારાજ ભગત લાવ્યા છે તે જાણીને કો. ઝવેર ભગત રાજી થયા. ઝવેર ભગત રાજી થાય એટલે સંપૂર્ણ મંડળમાં ખુશી ફરી વળે. કારણ કે, ભગત જેટલા વહીવટ કુશળ હતા એટલા જ સ્વભાવના તેજ હતા. વાતે વાતે રોક-ટોક કરવાની ફાવટ આવી ગયેલી. પુરાણી મહારાજ વિદ્યાવ્યાસંગી અને કથાકાર હતા અને ભગત ખૂબ વ્યવહારું. તેથી કામકાજ તેઓ જ કરતા.

પુરાણી મહારાજે સ્નાન-પૂજાપાઠ કરીને મંદિરે દર્શન જતાં જતાં પોપટ ભગતને કો. ઝવેર ભગતનો ભેટો કરાવ્યો. અલપ ઝલપ મુલાકાત કરીને દેવ દર્શન કરવા પધાર્યા. શ્રી ધર્મભક્તિ - વાસુદેવ - શ્રી લક્ષ્મીનારાયણ દેવ - રણછોડરાય - શ્રી રાધાકૃષ્ણ દેવના દર્શન કરાવ્યા અને છેલ્લે સર્વોપરી વરતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનો મહિમા કહ્યો. આ સાક્ષાત્ અક્ષરધામનું જ સ્વરૂપ છે. **આ સ્વરૂપ જ શ્રી રામપ્રતાપજી મહારાજને દર**

પૂનમે હાર પહેરાવીને ઉતારો કરાવતા. શ્રીહરિએ પોતાનું સ્વરૂપ માત્ર વરતાલમાં જ પધરાવ્યું છે અને તે આ શ્રી હરિકૃષ્ણ મહારાજ છે. આ બ્રહ્માંડમાં આજે ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે.

આટલી વાતની ગાંઠ મારી લેજે, તો વરતાલમાં તને ધાર્યા કરતા પણ વધુ આનંદ આવશે. સુખ આવશે. ગુરુદેવનું એક એક વાક્ય વેદની ઋચા સમાન છે. પાર્ષદ પોપટ ભગતનું ભણતર આ વરતાલના ડેરામાં શરૂ થયું અને ત્યાં જ, ત્યારે જ પૂર્ણ પણ થયું. એક વૈદિક પંડિતને સસ્વર વેદગાન સાંભળીને જે આત્મસંતોષ મળે છે તેનાથી વધુ આનંદ ગુરુદેવના વચનો સાંભળીને ઉત્તમ આસ્થાવાન મુમુક્ષુ પોપટ ભગતને મળ્યો. તેમને દર્શન કરતાં જોઈને

''पिबन्त इव चक्षुर्भ्याम्,
लिहन्त इव जिह्वया''

નિરખી મુનિ કરિ હેત અતિ,
જાણું મિટેશું પીશે મુરતિ।
વળી ચાટશે જીભાએ કરી,
જાણું ભેટશે ભુજાએ ભરી॥

(ભ.ચિ. ૫/૪૯)

દર્શનાર્થીઓને ભાગવત અને ભક્તચિંતામણિની પંક્તિઓ યાદ આવી ગઈ. મીરાં જેમ સદેહ દ્વારકાધીશમાં સમાઈ ગયાં હતાં તેમ ભગતની ઈન્દ્રિયો-અંતઃકરણ અને આત્મા-પરમાત્માના સ્વરૂપમાં તલ્લીન થઈ ગયા. અક્ષરધામના મુક્ત અને અક્ષરાધિપતિનું આ પૃથ્વી પરનું પ્રથમ મિલન અવિસ્મરણીય બની ગયું.

દેવ દર્શન કરી અક્ષરભુવન-હરિમંડપ અને

આ સ્વરૂપ જ શ્રી રામપ્રતાપજી મહારાજને દર પૂનમે હાર પહેરાવીને ઉતારો કરાવતા. શ્રીહરિએ પોતાનું સ્વરૂપ માત્ર વરતાલમાં જ પધરાવ્યું છે અને તે આ શ્રી હરિકૃષ્ણ મહારાજ છે. આ બ્રહ્માંડમાં આજે ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે.



આસને દર્શન કરી ઉતારે આવ્યા. દોડવું જ હોય અને ઢાળ મળે તેમ પોપટ ભગતને મનગમતું મળી ગયું. પ્રાપ્તિ થઈ ગઈ. પ્રાપ્તિની પ્રતીતિ થઈ ગઈ. હવે તો બસ, સેવા-સ્મરણ દ્વારા માત્ર પ્રાપ્તિનો પરમાનંદ જ માણવાનો હતો. લોભીને ધનના ભંડાર મળે તેમ ભગતને સુખનો ભંડાર મળી ગયો. તેનો આનંદ થયો. સેવા ભક્તિનો રાજમાર્ગ સ્વીકારી લીધો. નિર્ભય થઈ ગયા.

''धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह'' આંખો બંધ કરીને ચાલે કે દોડે, દાસ્યભક્તિમાં ચ્યુત થવાનો કે પતનનો કોઈ જ ભય નથી. જેમ જૂનાગઢ મંદિરમાં સેવા કરતા તેમજ અહીંયા પણ ગૌશાળા-ભંડાર અને સંતોની સેવામાં લાગી ગયા. પરોક્ષમાં સદ્‌ગુરૂ-સંત અને સેવાનો અનેરો મહિમા હોય છે, ભગતના જીવનમાં આ સંસ્કાર બાળપણથી જ પડેલા. સત્સંગમાં આવ્યા પછી તેમણે આજીવન એ સંસ્કારને જાળવી રાખ્યા છે. આપણે ''सेवा मुक्तिश्च गम्यताम्'' કહીએ છીએ ખરા પણ મેવા ન મળે તો સેવા કરવા રાજી નથી. આજ મંદિરોમાં પગારદાર સેવકો વધતા જાય છે. આશ્ચર્યમ્ ! જે સંપ્રદાયમાં સેવાને મુક્તિનો દરજ્જો અપાયો છે ત્યાં સેવામાં પગારદાર સેવકો આવવા લાગ્યા છે. આ આજની સ્થિતિ છે પણ પાંચ દશ દાયકા પાછળ જઈએ તો.....
''મેવા મળે કે ના મળે, મારે સેવા તમારી કરવી છે''ના નાદો મૂર્તિમંત જોવા મળતા. પંચસેવા વ્રતના પ્રખર ધારક પૂ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી જ્યારે વરતાલ આવ્યા ત્યારે વરતાલમાં સેવાને મુક્તિ કરતાં પણ શ્રેષ્ઠ માનવામાં આવતી. દેવ સેવાથી લઈને ગૌશાળા સુધી સર્વત્ર ત્યાગી સંતો પાર્ષદો જ સેવા કરતા. અરે ! નાના-મોટા કામ ચાલતા હોય. રંગકામ થતું હોય તે પણ સંતો-પાર્ષદો જ કરતા. એમાં સદ્‌ગુરૂ શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીને પોતાના આદિ ગુરૂદેવ સદ્‌ગુરૂશ્રી મુક્તાનંદ સ્વામીની ''નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો'' પંક્તિ ખૂબ જ ગમતી. સેવા ગમતી અને સેવા કરનારા સેવક પણ ગમતા. મારા ગુરૂદેવને રાજી કરવાનો શ્રેષ્ઠ ઉપાય સેવા છે એ જાણ્યા પછી જો સેવાથી દૂર રહે તો તે પોપટ ભગત ન હોય. વચનામૃત જેને નૈમિષારણ્ય ક્ષેત્ર કહે છે, મોક્ષદ્વાર કહે છે. અરે ! પરમ કલ્યાણ કહે છે એવા સંતને રાજી કરવાના એકમાત્ર હેતુથી અહોરાત્રિ સેવા કરવા લાગ્યા.

પૂ. પુરાણી મહારાજના પુસ્તકની સારસંભાળ રાખવી. વાંચન માટે દીવાની વ્યવસ્થાનું ધ્યાન રાખવું. તેમનાં વસ્ત્રો ધોવાં. કથાની તૈયારીમાં જરૂરી સામગ્રી લાવવી. નિત્યપૂજા માટે ચંદન-પુષ્પાદિ તૈયાર કરવા. આસનમાં કચરા પોતાં કરવાં. વાસણ માંજવા. ઝવેર ભગતની સેવા કરવી. આ બધું જ કરતા કરતા પાંચ આરતીના દર્શન અચૂક કરી લેવાના. પાંચ વાર માનસી પૂજા પણ કરી જ લેવાની. અને હા, વરતાલના સભામંડપમાં સંધ્યાથી શયન વચ્ચે જે કથા અને સ્વાભાવિક ચેષ્ટા થાય; તેમાં પણ હાજરી આપવાની.

આજકાલ મંદિરમાં આવેલા આ ભગત જાણે વરસોથી ઘડાયેલા હોય તેવા પીઢ જણાતા. આ જોઈને મોટા મોટા સંતો રાજીપો વરસાવતા. જેના ઉપર સંત રાજી થાય છે તેને સંતત્વ કેળવવું નથી પડતું. સ્વતઃ મળી જાય છે! એનું જીવતું જાગતું ઉદાહરણ એટલે આપણે જેમને વરતાલધામના મહાન પરબ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કહીએ છીએ એવા આપણા પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી...









દીક્ષા ગ્રહણ કરી

वाणी मे गुणकीर्तने भगवतः, कर्णौ कथायाः श्रुतौ,
सेवायां च भुजौ स्मृतौ हृदयं, भूयाद् दृशौ लोचने ॥
कृष्णार्थैव मम क्रियास्तु सकला, शारीरिकी मानसी,
दुःसंगक्वचनापि मास्त्विह विभो, देहि त्वमेतान् वरान् ॥



"હે ગુરૂદેવ ! મારી જીહ્વા સદૈવ ભગવાનના ગુણોનું ગાન કરે, મારા કાન સદૈવ કથામૃતનું પાન કરે, મારા હાથ સદૈવ પ્રભુ સેવામાં રહે, મારા હૃદયમાં અખંડ હરિસ્મૃતિ રહે, મારી આંખો સદૈવ હરિદર્શનમાં સંલગ્ન રહે, મારી શારીરિક, માનસિક તમામ ક્રિયાઓ સદૈવ ભગવાનમય થાય. મને ક્યારેય કુસંગનો સંગ ન લાગે, એટલા વરદાન મને આપો." પોપટ ભગતને આ શ્લોક આવડતો હતો કે નહિ, તેની તો મને ખબર નથી પરંતુ આનાથી વધુ બીજું કાંઈ તેમણે ક્યારેય પોતાના ગુરૂદેવ પાસે માંગ્યુ જ નથી; એ વાત નક્કી છે.

સેવા એ જ મારું સર્વસ્વ છે; નાનામાં નાની સેવા અદમ્ય ઉત્સાહ સાથે કરવાની. સેવામાં કંઈક કસર રહી જાય; કોઈ રોકે ટોકે, કો. ઝવેર ભગત પ્રત્યેના ભાવમાં કોઈ ફેર ન પડે. અભાવ ન આવે, દેહભાવ ન આવે અને દિવ્યભાવ વધતો જ રહે. આ તો મારા હિતેચ્છુ છે. મારા જીવના હિતની વાત કરે છે; આવા વિચારથી સ્વીકારી શકવાની ક્ષમતા દરેક

મુમુક્ષુમાં પણ નથી હોતી પરંતુ, પોપટ ભગતમાં એ ક્ષમતા શ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી જન્મસિદ્ધ જ હતી. વરતાલધામની એ સમયની સ્થિતિ-પરિસ્થિતિ આજે દેખાય છે તેનાથી ઘણી જ જુદી હતી. મોટા મોટા સાધુઓ પ્રત્યે નાનામાં નાના ભગતો પણ દિવ્યભાવ રાખતા. આ પુરાણી મહારાજનું મંડળ ઝવેર ભગતના મંડળ તરીકે ઓળખાતું. કારણ કે, જેમને નંદસંતોના દર્શન થયેલા એવા મહાતપસ્વી પ.પૂ. સદ્. શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામીના તેઓ સેવક હતા. વ્યવહાર કુશળ હતા અને નાના મોટા ભક્તો સાથે ખૂબ જ આત્મીયભાવ રાખતા. વ્યાવહારિક કામ ભગત જ કરતા. પુરાણી મહારાજ તો કથા-પારાયણ અને ભજન ભક્તિમાં મસ્તાના રહેતા.

ભગતજીના કારણે મોટા મોટા સંતો-મહંતો સાથે ઊઠ-બેસ રહેતી. પોપટ ભગતના હૃદયમાં સંતો પ્રત્યે અનોખો આદરભાવ. જે જે વડીલ સંતો હતા તેમને ભાવથી દંડવત્ કરવા. જે કહે તે સેવા દોડીને કરવી. ઘણીવાર બે-ત્રણ સેવા એક સાથે જ આવી પડે; છતાં ચીવટ રાખીને તે સેવા કરી લે. સેવામાં શ્રીહરિ સ્મરણનો તાર તૂટવા ન દે. અખંડ સ્મૃતિના પ્રતાપે મુખાકૃતિ પર બ્રહ્મતેજ ઝળહળતું હોય. ઝળહળતા મુખડા પર પરસેવાથી થયેલા પરસેવાના બિંદુઓ મોતીની જેમ ચળકતા હોય. ચળકતા ચહેરે ચપળતાપૂર્વક ચપોચપ સેવા કરતા ભગત પર રાજીપાની વાદળીઓ વરસી પડતી.

વરતાલના ચોકમાં જ્યાં બે-ચાર સાધુ-પાર્ષદો ભેળાં મળે ત્યાં સદ્ગુરુ પુરાણી શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીના સેવકની જ વાતો થાય. **કોઈ તો કહે કે, પુરાણી મહારાજને કથાવાર્તાનું ફળ મળ્યું છે. રતન જેવો ભગત મળ્યો છે. સેવા કરતાં થાકતો જ નથી. કાંઈ સેવા ન હોય તો ''મહામંત્રરાજ શ્રી સ્વામિનારાયણ''નું ગાન કરતાં કરતાં સભામંડપ વાળે છે. ગૌશાળાએ સેવા કરે છે.**

આ સેવકને હવે મારે સાધુ કરી દેવો છે; આ સંકલ્પ પૂજ્યશ્રી પુરાણી મહારાજે કો. ઝવેર ભગતને કહ્યો. ભગતજી કહે, ''પુરાણી! મારું મન પણ એમ જ ઈચ્છે છે. હવે તેની કોઈ જ પરીક્ષા કરવાની જરૂર નથી. એ જીવ જ સાધુ છે. એટલું જ નહિ સાધુ સમાજનું ગૌરવ છે. મેં મારી જીંદગીમાં આવી સેવા ભાવનાવાળો ભગત નથી જોયો - પુરાણી! એ સાધુ થાય ત્યારે તમારા કરતાં પણ વધુ આનંદ સ્વયં શ્રીહરિને થશે.'' લાંબી ગોઠડી કરીને ત્યાંથી છૂટા પડ્યા અને કોઠારીશ્રીને મળ્યા. કોઠારીશ્રીએ પણ વાતને સહર્ષ વધાવી લીધી અને વરતાલ પીઠાધિપતિ આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજને વિનંતી કરી.

અને વરતાલમાં શ્રી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં આચાર્ય મહારાજે તા. ૧૮-૧૧-૧૯૪૨ બુધવાર, કારતક સુદ એકાદશી, સંવત ૧૯૯૯ ના રોજ ભાગવતી દીક્ષામંત્ર આપ્યો. અને પૂજ્ય પુરાણી સ્વામીએ ભગવું વસ્ત્ર આપીને ''સાધુ નંદકિશોરદાસજી'' નામ પાડ્યું. દીક્ષા લઈને દેવ દર્શન કરીને બ્રહ્મચારી નિવાસે તપ્તમુદ્રાઓ લઈને અક્ષરભૂવન-હરિમંડપ-આસને દર્શન કર્યા. તમામ સદ્ગુરુ સંતોને સાષ્ટાંગ દંડવત્ કરીને આશીર્વાદ લીધા. અને અંતે ગોમતીજીમાં સ્નાન કરીને આસને પધાર્યા. પાર્ષદ પોપટ ભગત હવે સાધુ શ્રી નંદકિશોરદાસજી બની ગયા છે. બધાની દૃષ્ટિમાં ભગત સંત બન્યા છે, પણ પૂજ્ય સ્વામીની દૃષ્ટિમાં તો હજુ પણ એ જ સેવક છે જે મંદિરમાં આવ્યા ત્યારે હતા. તેમની સેવા-ભાવના આજીવન સોનાના દોરા જેવી રહી છે, તેમ વડીલો કહે છે.



વર્તનની વાતો

આપણા વરતાલધામથી માત્ર ૮-૧૦ કિલોમીટર દૂર મહેળાવ ગામ છે. આ ગામ સત્સંગનું કેન્દ્ર. આ કેન્દ્રમાં સહજાનંદી નરબંકાઓ તૈયાર થાય. સત્સંગના અનુભવી પીઢ ભક્તોના અંતરમાં એક વિચાર સ્ફૂર્યો. અમારા ગામમાં "પારાયણ" કરવું છે. ૫૦ વર્ષ પહેલાંની સ્થિતિ અને પરિસ્થિતિ; આજ કરતાં જુદી હતી. બે-પાંચ વર્ષ તૈયારી કરે ત્યારે એક પારાયણ થાય. મહેળાવના ભક્તો શિક્ષાપત્રીના આશીર્વાદથી આલોક અને પરલોક; બન્ને દૃષ્ટિએ સમૃદ્ધ હતા. વડીલોએ ગામમાં પારાયણ કરાવવાનો સંકલ્પ કર્યો એટલે પ.ભ. શ્રી


આશાભાઈ શંકરભાઈ પટેલે મુખ્ય શ્રોતાપદ સ્વીકાર્યું. ગામમાં ઉત્સાહનું પૂર આવ્યું. ભાલના ભગવાન જેવા મહાપુરુષ માયાતીતાનંદજી સ્વામી અને સમર્થ સદ્‌ગુરુ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીના આશીર્વાદ લીધા. વરતાલ મંદિરના મુખ્ય કોઠારીને મળીને સઘળી વાત કરી. આચાર્યજી મહારાજના પણ આશીર્વાદ લીધા. અને અંતે જેમના વક્તાપદે આ પારાયણ કરવાનું છે એવા બન્ને સંતોને મળવા ગયા.

શાસ્ત્રી સ્વામી ચતુર્ભૂજદાસજી સ્વામી સંમત થયા. ત્યાંથી ભક્ત મંડળ આવ્યું પુરાણી સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી પાસે. સ્વામીએ વાત સાંભળીને ''ના'' સંભળાવી દીધી. કથા સંભળાવવાની ના પાડે, તેનું આપણને આશ્ચર્ય થાય જ પણ પુરાણી મહારાજે ના પાડી તેને કોઈ હા પડાવી શકે તેમ ન હતું. કારણ કે, પૂજ્ય સ્વામીએ ધર્મામૃતની આજ્ઞા પ્રમાણે ''જન્મસ્થાન''માં ન જવાની શ્રીહરિની આજ્ઞાની સાક્ષીએ ના પાડેલી.

સત્સંગીઓ ગળગળા થઈ ગયા પણ પુરાણી પીગળ્યા નહિ. આશા લઈને આવેલા ભક્તજનો નિરાશ વદને પાછા ફર્યા. કોઠારીની નજર પડી. તેઓએ પૂછ્યું શું થયું ? પુરાણી મહારાજ પાણીમાં બેસી ગયા છે. વ્યાસપીઠે બેસવા તૈયાર થતા નથી. તેમણે કહ્યું, ''હું તેમને કહીશ પણ તમે આ વાત માયાતીતાનંદ સ્વામી અને જ્ઞાનજીવન સ્વામીને કહો. પુરાણી મહારાજ તેમનું વચન નહિ ઉથાપે'' અને થયું પણ એમજ. મોટા પુરૂષોના વચનોને પૂજ્ય સ્વામીએ સહર્ષ શિરે ચડાવ્યા.

આ પ્રસંગ આપણા પૂ. નંદકિશોરદાસજીસ્વામીની સાક્ષીમાં બનેલો. એમના ત્યાગી જીવનના પ્રારંભના દિવસોમાં આ ઘટના ઘટી. તેમના અંતરાત્મા પર આ એક જ ઘટનાની બે અમીટ છાપ ઉપસી આવી. **ત્યાગીના ધર્મમાં કોઈ દિવસ કોઈની ભાવનાને વશ થઈને બાંધછોડ ના કરવી. અને મોટા ધર્મનિષ્ઠ પુરૂષોના વચનોનો ક્યારેય અનાદર ન કરવો.**

પૂ. સ્વામીજી ગુરૂદેવના વર્તનમાંથી પણ આ રીતે શિક્ષા મેળવી લેતા. ''સંતોના વર્તન વાતો કરશે'' એવી વાતો સાંભળી છે, પણ અહીં તેની અનુભૂતિ છે. પ.પૂ. પુરાણી શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીના વર્તનની છાપ સેવક નંદકિશોરદાસજી સ્વામીના જીવનમાં આજીવન દેખાય છે. અહીં કોઈ ઉપદેશ નથી. માત્ર વર્તનની વાતો છે.



રાજીપાનો વરસાદ

એ સાધુરામ ! આજ દશ સંતો વધુ આવવાના છે. આજ ઉત્સવનો પ્રારંભ છે, સરસ થાળ કરજો. સંતોના ઉતારાના ઘર સાફ કરાવી નાંખજો. ઠંડું પાણી લાવજો. આ બે-ચાર ભક્તોને જરા નાસ્તા-પાણી કરાવી દેશો. જો વરતાલથી કોઠારીશ્રી અને આપણા ભગતજી આવ્યા છે, સાચવી લેજો. આવા સંદેશાઓ આવતા. સેવક શ્રદ્ધાળુ છે; એવા વિશ્વાસથી પુરાણી મહારાજના દરેક શબ્દોની ગતિ નવા નવા સાધુ થયેલા શ્રી નંદકિશોરદાસજી તરફ જતી. આ સાધુ નવા હતા, પણ મહારાજ અને સંતો-ભક્તો-મુક્તો સાથેની પ્રીતિ તો અક્ષરધામથી જ લઈને આવેલા.

ગુરૂદેવનો પ્રત્યેક સંદેશ તેમના માટે આદેશ બરાબર જ બની જતો. એક સેવાકાર્ય પૂર્ણ ન થયું હોય ત્યાં બીજા બે કાર્યો આવીને ઊભા હોય. બન્ને કાર્યો તત્કાળ કરવાના હોય. ક્યારેક તો સંદેશવાહક આદેશ આપતા હોય કે, આ કામ

પે'લા કરો. આ કામ પે'લા કરો. જેનું કાર્ય થાય તે કોઈ પણ પ્રકારની ખુશી વ્યક્ત કર્યા વિના રસ્તો પકડે અને જેને થોડી રાહ જોવી પડે તે લાંબું ભાષણ આપવા લાગે. આ પરિસ્થિતિ દરેક સેવકના જીવનની વાસ્તવિકતા હોય છે; પરંતુ તેને સેવક સિવાય કોઈ સમજવા તૈયાર નથી હોતું. સહુને પોતાના કાર્ય સાથે જ નિસબત હોય છે. માની લઈએ કે, મોટા સમૈયામાં એમ જ હોય. હા, પરંતુ એવા મોટા સમૈયામાં દરેકના મન રાજી રાખવાનું કામ કંઈ સરળ નથી હોતું. અને જો કોઈ દરેકને રાજી રાખવાની ખેવના રાખે તો તેને સ્વયં દુઃખી થવું પડે છે એટલે જ તુલસીદાસજી ''पराधीन सपनेहु सुख नाहि'' કહે છે.

મહેળાવનો સમૈયો તેમના માટે પ્રથમ સમૈયો હતો. સેવકપણાની કસોટીનો સમય હતો. પૂ. નંદકિશોરદાસજીસ્વામીએ શું કર્યુ ? તે તો કોઈને ખબર ન પડી પરંતુ, દરેકના મન જીતી લીધાં તેની સહુને ખબર પડી. અરધી રાત્રે પણ એટલા જ ઉત્સાહ-ઉમંગથી ઉઠીને મદદ કરે. સૌથી પે'લા ઊઠી જાય અને સૌથી છેલ્લે સૂવા જાય. કોઈ કંઈ કામ કહે અને જો મુખમાંથી 'ના' શબ્દ નીકળે તો તે નંદસ્વામી ન હોય. વડીલો બ્રાહ્મમુહૂર્તમાં જાગે ત્યારે સ્વામીજીને સેવા કરતા જુએ અને જ્યારે રાત્રે સૂવા જાય ત્યારે પણ સેવા જ કરતા હોય. આ જોઈને સહુ પૂછી લેતાઃ આ સાધુ કોના છે ? અને અંતે અંતરથી વરસી પડતા.

આ સમૈયાના સાક્ષી વયોવૃદ્ધ પ.ભ. શ્રી મધુભાઈ મહેળાવવાળા કહે છે, ''સ્વામી ! એ સમયમાં વરતાલ દેશના મોટા સમૈયામાં નામ આવે, એવો ભવ્ય ઉત્સવ મહેળાવમાં થયેલો. પુરાણી મહારાજ અને શા. ચતુર્ભુજદાસજી એવી અદ્‌ભુત કથા વાંચતા કે, આખુ ચરોતર ગાંડુ થયેલું. અને હા, આ સમગ્ર મહોત્સવમાં ભાલના ભગવાન (માયાતીતાનંદ સ્વામી) અને જ્ઞાનજીવનદાસજી સ્વામી (વીરસદવાળા) હાજર રહેલા. પૂ. નંદ સ્વામીએ આ ઉત્સવમાં એમનો ખૂબ રાજીપો લીધેલો. ખૂબ સેવા કરેલી. સ્વામી ! એ ઉત્સવ એવો જબરજસ્ત થયેલો કે, પારાયણ પછી તુરંત ગામના મંદિરનો જીર્ણોદ્ધાર તેમાંથી જ થઈ ગયો. **આ વાતને આજ બાવન વર્ષ થઈ ગયા પણ મારા અંતરમાંથી સંતો-ભક્તોના રાજીપાના વરસાદથી ભીંજાયેલા એ ''નંદસ્વામી''ની છબી ભૂલાતી નથી. સ્વામી ! હું નહિ, નંદ સ્વામીને જે એકવાર મળે તે કોઈ, ક્યારેય તેમને ભૂલી ના શકે, એવા તે સંત હતા.''**



આદર્શ સેવક પૂ. સ્વામીજી

સાધુની દીક્ષા અને સેવાની શિક્ષા; પૂ. નારાયણસ્વરૂપદાસજી સ્વામીએ પ્રસન્ન થઈને આપી. પોપટ ભગત હવે સાધુ નંદકિશોરદાસજી બન્યા. તેઓ સાધુ થયા ત્યારે વરતાલ મંદિરમાં હજુ જૂના સંતોની પરંપરાથી સ્થાપેલી સેવા પદ્ધતિ ચાલુ હતી. પગારદારોને પ્રવેશ મળ્યો ન હતો. અને હા, જ્યાં સુધી સેવાને મુક્તિ માનનારા પૂ. નંદસ્વામી જેવા મહાપુરૂષો હોય ત્યાં સુધી પગારદારોને પ્રવેશ મળે પણ ક્યાંથી ?

વરતાલ ગામની કુલ બારસો એકર જમીન. તેમાંથી નવસો એકર જમીન શ્રી લક્ષ્મીનારાયણ દેવની. આટલી મોટી જમીન હોય તો બળદશાળા કેટલી મોટી હોય ! આટલી જમીન હોય ત્યાં ગાયો-ભેંસો કેટલી હોય ! અરે વરતાલ મંદિરમાં હાથી અને ઘોડાઓ પણ એક જમાનામાં હતા. છતાં નોકરો ન હતા. દરેક કામ સંતો-પાર્ષદો સેવાભાવથી કરતા. પૂ. સ્વામીજી સંત બન્યા એટલે ગૌશાળાની સેવામાં મૂકાયા. **ગાયો માટે ઘાસ વાઢવા જવાનું. દોવરાવવી - દૂધના દહીં કરવા. વલોણા કરવા. માખણ અને ઘી બનાવવા સુધીની સેવા તે વિભાગમાં આવે.** ઘણા સંતો સેવામાં હોય છતાં નવા સંતને શિરે કાર્યભાર વધુ આવે તે સંપ્રદાયની એક રૂઢ રીતિ છે. પૂ. સ્વામીજીને ઘણીવાર મંદિરે દર્શન કરવાનો અવસર પણ ન મળે છતાં શ્રીહરિની સ્મૃતિ સાથે પ્રસન્ન મનથી સેવા કરતા રહેતા. સેવામાં નિત્ય નિયમ અને કીર્તન ભક્તિ ત્યારે સહજ ગણાતું. મંદિરમાં રહેતા દરેક ત્યાગીઓ પણ સહજભાવે સ્વકર્તવ્ય સમજીને આજ્ઞાનુસાર સેવામાં જોડાતા. અને સેવા ભક્તિના પ્રતાપે જ જૂના સંતો-યોગીઓ જેવી સિદ્ધ દશા પ્રાપ્ત કરતા. યોગ સાધના કરતા પણ સેવા કઠણ છે. ''सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यः'' એટલે જ શ્રીહરિ યોગ સાધના કરતા યોગીઓ કરતાં પણ વધુ પ્રસન્ન આ સેવકો પર થતા અને રાજી થઈને સિદ્ધ દશા પ્રદાન કરતાં.

વાસ્તવમાં ભક્તિ સંપ્રદાયોમાં સિદ્ધદશા કરતા પણ વધુ માહાત્મ્ય મુક્તિનું છે અને મુક્તિ કરતા પણ વધુ માહાત્મ્ય 'ભક્તિ'નું છે. ભગવાન સ્વયં આ રહસ્યની વિક્તિ કર્યા વિના જેના પર પ્રસન્ન થાય, એને તત્કાળ મુક્તિ આપી દે છે. ''मुक्तिं ददाति कर्हिचित् स्म न भक्तियोगम्'' પણ ભક્તિયોગ આપતા નથી; કારણકે, જીવને મુક્ત કરે છે ત્યારે ભગવાન સ્વતંત્ર જ રહે છે પરંતુ જ્યારે જીવને ભક્તિ પ્રદાન કરે છે ત્યારે સર્વ તંત્ર સ્વતંત્ર પરમાત્માને પણ બંધાવુ પડે છે. ભગવાન ભક્તિવાનને વશ થઈ જાય છે એટલે જ भक्तिसूत्रोपनद्ध કહેવાય છે.

મારા મહારાજનું કાર્ય કરતા સંતો-ભક્તો જમશે; મારા સદ્‌ગુરૂદેવ પ્રસન્ન થશે.
આ કંઈ ઓછું છે. સુખી-સંપન્ન પરિવારમાંથી આવેલા યુવાન સંતે
આ રીતે સેવા કરી ત્યારે ''શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે''વાક્ય યાદ આવી જાય.

ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ પૂ. સ્વામીજીની આ સેવાથી પ્રસન્ન થયા. તેમના હૃદયમાં નિષ્કામ ભક્તિ ઉદય પામી. ભક્તિને પલ્લવિત થવાનો અવસર મળે એટલે શ્રીહરિએ જ ભંડારમાં થાળ બનાવવાની સેવા આપી. પ્રતિદિન બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને નિત્ય ક્રિયા - નિત્યપૂજામાંથી પરવારીને થાળની સેવામાં પહોંચી જવાનું. લાકડાના ચૂલા પર એક સાથે છ છ ચૂલા ચાલુ થાય. ચારે બાજુ સંતો બેસી જાય. સો-દોઢસો - સો દોઢસો રોટલા રોજ બનાવવાના; મહારાજ જમશે, **મારા મહારાજનું કાર્ય કરતા સંતો-ભક્તો જમશે; મારા સદ્‌ગુરૂદેવ પ્રસન્ન થશે. આ કંઈ ઓછું છે. સુખી-સંપન્ન પરિવારમાંથી આવેલા યુવાન સંતે આ રીતે સેવા કરી ત્યારે** ''શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે''**વાક્ય યાદ આવી જાય.**

પૂ. સ્વામીજીને કોઈ સેવામૂર્તિ કહે. કોઈ આજ્ઞામૂર્તિ કહે તો કોઈ વળી ગુરૂભક્ત પણ કહેતા. કોઈ ભાવથી કહેતા અને કોઈ વ્યંગમાં પણ કહેતા. પરંતુ સ્વામીજીને મન આ બધા શબ્દોનું કોઈ મહત્ત્વ ન હતું, તેમની નજર માત્ર અને માત્ર શ્રી હરિકૃષ્ણ મહારાજ અને પોતાના ગુરૂના વચન પર હતી.

પૂજ્યશ્રીએ નિત્ય નવા ઉત્સાહ સાથે થોડો સમય ભંડારમાં સેવા કરી ત્યાં પ.પૂ. પુરાણી મહારાજને પીજ મંદિરની મોરછાપ (મહંતાઈ) મળી. પૂ. સ્વામીજી સદ્‌ગુરૂની સાથે પીજ આવ્યા. નવું મંદિર થયેલું. સુવિધાઓ થતી આવતી હતી છતાં કોઈ પણ પ્રકારની દુવિધા વિના ઠાકોરજીની સેવા પૂજા કરવા લાગ્યા. શણગારના દર્શન કરીને ભક્તોના મનમયુર આનંદથી નાચી ઊઠતા. પ્રત્યક્ષ ભાવે યથા ઉપલબ્ધ ઉપચારથી સેવા કરતા સેવક પર ગુરૂ પ્રસન્ન થતા. મનોમન આશિષના અમી વરસાવતા. ભગવાન અને ભક્તની સેવાથી ઈન્દ્રિયો સ્ફટિક જેવી નિર્મળ બની. નિર્મળ ઈન્દ્રિયો અંતઃકરણમાં આરાધ્ય ઈષ્ટદેવનો આવાસ થયો. તેથી આ તેજસ્વી-ઓજસ્વી

નવયુવાન બ્રહ્મતેજથી ઝળહળી ઊઠ્યા. સૌનાં મનમાં તેમના પ્રત્યે સહજ સદ્‌ભાવ જાગ્યો. સદૈવ સેવામાં રહેતા. કથા પ્રવચન કરતા નહિ, છતાં આ નવયુવાન સંત હજારો હરિભક્તના લાડીલા બની ગયા.

પીજથી ગુરૂદેવ પુરાણી મહારાજને ડભાણ મંદિરની સેવામાં મૂક્યા. ત્યાં પણ સદ્‌ગુરૂ સાથે પૂ. સ્વામીજીએ ખૂબજ સેવા કરી. ડભાણથી સુરત મંદિરની મહંતાઈ મળી. સુરત શહેર પ્રમાણે સત્સંગનો વિકાસ નહિવત્ હતો. સુરત મંદિરમાં ગુરૂદેવ પુરાણી મહારાજની કથાવાર્તા અને સેવક પૂ. સ્વામીજીની સેવા રંગ લાવી. મંદિરના વિકાસ કાર્યના શ્રીગણેશ થયા. મહિલા મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય આ સમયમાં સંપન્ન થયું. સત્સંગ નૂતન કલેવર ધારણ કરીને વિકાસના પંથે અગ્રેસર થઈ રહ્યો હતો તે સમયે ચાણોદમાં મંદિર તૈયાર થયું. આ નૂતન મંદિરને આપ જેવા કુશળ સંતની જરૂર છે. આટલા ટૂંકા સમાચાર સાથે પુરાણી મહારાજની સુરતથી ચાણોદ નિમણૂંક થઈ.

નર્મદા સર્વદા સરિતા છે. સત્ય સંકલ્પ સરિતા છે. નર્મદાનો મહિમા અપરંપાર છે એમાં પણ ગુજરાતમાં "ચાણોદ" તીર્થ ભારતભરનું પ્રસિદ્ધ સ્થાન છે. સિદ્ધપુર અને ચાણોદ - માતા-પિતાની પાછળ થતી પુણ્યવિધિ માટે પ્રસિદ્ધ છે. અહીં શ્રીહરિનું મંદિર કરીએ તો દેશ-દેશાવરમાંથી આવતા અસંખ્ય આત્માઓને આપણા સત્સંગનો લાભ મળે. હરિભક્તો માટે પણ ઉતારા-પાણીની સગવડ થઈ જાય. કોઈ જ અગવડ ન પડે; આવા વિચારો સાથે વડીલોએ અહીં નર્મદા કિનારે જગ્યા સંપાદિત કરીને શિખરબધ્ધ મંદિર કર્યું.

આ શિખર મંદિર 'નારાયણબલિ' માટે ચાણોદ આવતા અનેક આસ્થાળુઓનું આશ્રય સ્થાન બન્યું. પીજ મંદિરમાં સેવા કથા વાર્તા કરતા પ.પૂ. પુરાણી મહારાજ ચાણોદ આવ્યા. ચાણોદ મંદિરના મહંત થયા. કો. ઝવેર ભગતની જવાબદારી પર મહંતાઈ લેતા પરંતુ ઉંમરના વધતા પ્રભાવથી તંદુરસ્તી ઘટતી ગઈ. અસ્વસ્થતા વધતી ગઈ એટલે ભગતજી વરતાલ રહેવા લાગ્યા. ભગતજી વરતાલ રહેતા એટલે દેવ સેવાની સાથે સાથે ઓફિસની સેવા પણ પૂ. નંદકિશોર સ્વામીના ભાગે આવી. **પૂજ્યશ્રીને ઓફિસની સેવાનો કોઈ જ અનુભવ કે અભ્યાસ ન હતો, પરંતુ આસ્થા જબરજસ્ત હતી.** મારા ગુરૂદેવનું દરેક કાર્ય અમારે જ કરવું. સૌ ગુરૂભાઈઓ સંપીને સેવા કાર્ય ઉપાડી લેતા પણ ઓફિસની સેવા ઉત્સાહી સેવક પૂ. સ્વામીજીના શિરે આવી. ને પોતાના અંતરની આસ્થા અને સદ્‌ગુરૂના આશિષના બળ પર સેવાકાર્યો પાર પણ પડતાં.



‘આજથી આ સંત ચાણોદના મહંત’


વિક્રમ સંવત ૧૯૯૮ (તા. ૧૮-૧૧-૧૯૪૨) માં દિક્ષા લીધી પરંતુ સેવાની શિક્ષા તો સહજ સ્વભાવથી જ પ્રાપ્ત થયેલી. પૂ. સ્વામીજીએ જ્યાં જ્યાં ગુરૂદેવ પુરાણી મહારાજ મહંત થયા ત્યાં ત્યાં ખૂબ સેવા કરી. સ્વભાવ મૂકીને, દિવ્યભાવ રાખીને સતત સેવા કરવાની વાત આવે એટલે આજે પણ પૂ. સ્વામીજીની છબી નજર સમક્ષ ઉપસી આવે છે. પીજ-ડભાણ અને સુરતમાં રહીને ચાણોદ આવ્યા.

ચાણોદમાં સેવા-કથાવાર્તા કરતા પુરાણી મહારાજ અચાનક જ વિ.સં. ૨૦૧૪ શ્રાવણ માસમાં શ્રીજીમહારાજના સાંનિધ્યમાં પધાર્યા. સંપ્રદાયના વરિષ્ઠ વક્તા વિદ્વત્‌ભૂષણ પુરાણી મહારાજને શ્રીજીમહારાજે પોતાની સેવામાં બોલાવી લીધા છે તે સમાચાર જાણીને સમગ્ર સત્સંગ સમાજ એક અસહ્ય આઘાત સાથે ઘેરા શોકમાં સરી પડ્યો. પૂજ્યપાદ્ પુરાણી મહારાજશ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીના અક્ષરવાસથી સેવક સાધુ નંદકિશોરદાસજી તો ભાંગી જ પડેલા પણ પાર્ષદવર્ય શ્રી ઝવેર ભગતે વડીલની ભૂમિકા ભજવી. શ્રીહરિની ઈચ્છામાં રાજી

રહીને ગુરૂદેવના પગલે પગલે ચાલવાની શીખ આપી. મંડળ અને સત્સંગના વડીલોના નિર્ણયાનુસાર નર્મદા કિનારે જ ધામધૂમથી ધૂન-કીર્તનની રમઝટ સાથે અંતિમવિધિ થઈ.

સમગ્ર સત્સંગ સમાજ જેમને આદર્શ સંત અને વરિષ્ઠ વક્તાશ્રીની માનભરી દૃષ્ટિએ નિહાળતો હતો એવા પૂજ્યપાદ્ પુરાણી મહારાજ પ્રત્યે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ પણ હાર્દિક લાગણી રાખતા. તેઓશ્રીના દેહોત્સર્ગ પ્રસંગે આયોજીત શ્રદ્ધાંજલિ સભામાં સંપ્રદાયના અગ્રણી સંતો-ભક્તોની સાથે સાથે પ.પૂ. આચાર્યજી મહારાજ પણ પધાર્યા. પ્રગટ ભક્તિના પાયા પર પ્રસ્થાપિત થયેલા આ સંપ્રદાયમાં પરોક્ષપ્રિયતાના દર્શન થયાં. સભામાં ઉપસ્થિત સંતો-ભક્તોએ ખુલ્લા દિલથી પૂ. પુરાણી મહારાજના સદ્ગુણોની અમર કહાની સંભળાવી. જીવનના અદ્ભૂત પ્રસંગો સંભળાવ્યા. અંતમાં પ.પૂ.ધ.ધૂ. આચાર્યજી મહારાજે શ્રદ્ધાંજલિ અર્પણ કરતા કહ્યું, પુરાણી જેવા મૂર્ધન્ય સંત આપણી વચ્ચેથી વિદાય થાય ત્યારે દુઃખ થાય; એ જ આપણી સત્સંગ પ્રત્યેની આત્મીયતાની નિશાની છે. અને હા, ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ જ્યારે આપણી ઈચ્છા પૂર્ણ કરે ત્યારે તેમની કૃપા માનવી અને જ્યારે આપણી ઈચ્છા ન હોય તેવું કાર્ય થાય ત્યારે તેમની ઈચ્છા જાણવી. આ આપણું કર્તવ્ય છે. અને આજ અમને પણ જરૂર હૃદયમાં ગ્લાનિ છે છતાં **એક વાત આનંદ સાથે કહું છું કે સંસારમાં જેમ ઘણીવાર બાપ કરતાં બેટા સવાયા સિદ્ધ થાય તેમ પુરાણી મહારાજના આ સેવક નંદકિશોરદાસજી તેમના ગુરુ કરતાં પણ સવાયા સિદ્ધ થશે; એમ અમારું અંતર કહે છે. આજથી આ સંત ચાણોદ મંદિરના મહંત છે.** ગુરૂની જેમ જ આ સત્સંગનું પોષણ કરશે. કો. ઝવેર ભગત વગેરેના માર્ગદર્શન પ્રમાણે મંદિરનો વિકાસ કરશે. એવા અમારા શુભાશિષ છે!

શ્રદ્ધાંજલિ સભામાં મહોત્સવની સભા જેવો આનંદ છવાઈ ગયો. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા શિરે ચડાવી પૂ. સ્વામીજી સૌ પ્રથમ ચાણોદ મંદિરના મહંત બન્યા. ચાણોદ-પીજ-ડભાણ-સુરત-ધોલેરા અને મુંબઈ મંદિરમાં મહંતપદે રહ્યા. જ્યાં જ્યાં રહ્યા ત્યાં ત્યાં ષડંગી સંપ્રદાયના પોષણના યાદગાર કાર્યો કર્યા. આજે પણ વૃદ્ધ સંતો-ભક્તો તેમનું નામ લેતાં જ આનંદથી નાચી ઉઠે છે.



પૂજ્ય સ્વામીજીના પ્રથમ સેવક

ज्येष्ठत्वान्न हि ज्येष्ठोऽस्ति, सेवकत्वाद्धि सेवकः ।
भक्तिकिशोरदासस्तु, सेवया सेवकोऽभवत् ॥

આપણા પૂ. સ્વામીજી સેવામૂર્તિ સમાન સંત હતા તે તો ઘણા જાણે છે પરંતુ સ્વામીજી ખરેખર મહિમાની મૂર્તિ પણ હતા તે વાત ભાગ્યે જ કોઈક જાણતું હશે. ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનું નામ જેના મુખમાં હોય એવા નાનામાં નાના હરિભક્તનો પણ તેઓ ખૂબ જ મહિમા સમજતા. ગુરૂદેવ શ્રી પુરાણી મહારાજ સાથે સુરત રહેતા ત્યારે ત્યાં આવતા-જતા નાના નાના બાળ-યુવા ભક્તોને પણ એવો અદ્‌ભુત પ્રેમભાવ આપતા કે, તેના જીવમાં આજીવન ભગવાનના સંતનું સ્થાન સ્થિર થઈ જતું.

પૂ. પુરાણી મહારાજ જ્યારે સુરત મંદિરના મહંત હતા ત્યારે ત્યાં કાનમના ટીંબરવા ગામનો એક મેટ્રિક પાસ યુવક એકાઉન્ટ ભણવા આવેલો. મંદિરે તેમને સત્સંગીના નાતે આશ્રય આપ્યો. યુવકનું નામ ભોગીલાલ હતું પણ ભારે સંયમી. સંયમી એટલું જ નહિ સેવક પણ ખરો. પૂ. નંદકિશોરદાસજી સ્વામી સાથે તેનું અંગ મળી ગયું. અભ્યાસ સિવાયના સમયમાં સાથે સેવા કરવા લાગ્યા. પૂ. સ્વામીજીનું જીવન એવું નિરાળુ હતું કે, જેમ જેમ તેમની સાથે રહે તેમ તેમ જીવમાં દિવ્યભાવ દૃઢ થતો જાય. ભોગીલાલને સ્વામીમાં આત્મીયતા બંધાણી. સંયમી ભોગીલાલ સ્વામીના



સત્સંગના બંધાણી બની ગયા.

સમય જતાં પુરાણી મહારાજની બદલી થઈ. પુરાણી મહારાજની બદલી થઈ તે પહેલાં ભોગીલાલની જીવનવૃત્તિ પણ બદલી ગયેલી. ભોગીલાલને પણ જ્યારે આ સંતનો સંગ છૂટ્યો ત્યારે જ ખબર પડી કે, તેને સંત સાથે કેવું હેત બંધાયું છે. પૂ. સ્વામીજી ચાણોદ મંદિરે રહે છે, ચાણોદ ટીંબરવાથી ઘણું નજીક છે. નામાનું ભણવાનું પૂર્ણ કરીને હું ચાણોદ રહેવા જઈશ; એવા વિચારમાં રમતા ભોગીલાલ એક દિવસ ચાણોદ આવી જ પહોંચ્યા. ખૂબ જ ઓછા સમયમાં ઘણો ફેરફાર થઈ ગયેલો. પૂ. પુરાણી મહારાજ શ્રીજી મહારાજના ધામમાં સીધાવ્યા હતા અને પૂ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી ચાણોદના મહંત બનેલા. ભોગીલાલ ત્યાં આવ્યા; તેની પાછળ પાછળ તેના સંબંધીઓ પણ દોડી આવ્યા. ઘર છોડીને જતાં પહેલાં અમને કહેવું તો જોઈએને ! એમ કહીને રોષ ઠાલવ્યો. પણ ભોગીલાલનું મન ઘર-સંસારથી છૂટીને સાધુ સાથે બંધાય ગયેલું. પૂ. સ્વામીના સાંનિધ્યે તેનાં અંતરના અશ્વોની હણહણાટી શાંત થઈ જતી. એ આંતરિક શાંતિ માટે ભોગીલાલે સંબંધીઓ સાથે સંઘર્ષ કર્યો અને વિજેતા પણ થયા. વિજેતા થયા એટલું જ નહિ પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામીના પ્રથમ ત્યાગી સેવક થયા. ભોગીલાલ શ્રીજી મહારાજના સેવક પૂ. સ્વામીજીના સેવક; એટલે કે દાસના દાસ થવાનું સૌભાગ્ય સાંપડ્યું. ઉત્સાહી યુવક ભોગીલાલભગત સેવા કરતા. તેમની વિચક્ષણ બૌદ્ધિક પ્રતિભા જોઈને પૂ. સ્વામીજીએ તેમને વિશેષ વિદ્યાભ્યાસ કરાવવાનો સંકલ્પ કર્યો. કો. ઝવેર ભગત, પૂ. શ્રી મુગટ સ્વામીજી વગેરેના સહવાસથી ભગતની સેવા-અનુવૃત્તિ નીખરી ઊઠી, પૂ. સ્વામીજીએ વરતાલ સમૈયામાં જઈ રહેલા પૂ. મુગટ સ્વામીને કહ્યું, ''આ ભોગીલાલ ભગતને દીક્ષા આપવાની ઈચ્છા છે.'' સૌએ તેમની ઈચ્છાનો આદર કર્યો અને ભોગીલાલ ભગતે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે ભાગવતી દીક્ષા ધારણ કરી. **પૂ. સ્વામીએ ભગવા વસ્ત્ર સાથે ''ભક્તિકિશોરદાસ'' નામ ધારણ કરાવ્યું** અને કહ્યું, ''આપણી મુક્તાનંદી પરંપરા છે, માટે આપણે અભ્યાસ કરવો જોઈએ.'' ''करिष्ये वचनं तव''ના નિયમને વરેલા નવા સંતે વંદન કરીને આજ્ઞાનો સ્વીકાર કર્યો.


પૂ. સ્વામીજીની આજ્ઞાનુસાર ચાણોદમાં જાંબુ બ્રાહ્મણ સંસ્કૃત પાઠશાળામાં

સંસ્કૃત વિદ્યાભ્યાસનો પ્રારંભ કર્યો. સુહૃદગ્રાહી ભક્તિકિશોરદાસજીએ છગનલાલ શાસ્ત્રીજી વગેરે ગુરૂજનોને પ્રભાવિત કર્યા. પંડિતો પણ નવા સાધુની વિદ્યા સંપાદન વૃત્તિની પ્રશંસા કરે છે તે જાણી પૂ. સ્વામીજી પ્રસન્ન થયા. ભણતર પૂર્ણ થાય તે પહેલાં જ ચાણોદમાં રહેવાનો સમય પૂર્ણ થઈ ગયો. ચાણોદથી પૂ. સ્વામીજી વરતાલ આવ્યા અને સેવકને શ્રી લક્ષ્મીનારાયણ દેવ સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ શરૂ કરાવ્યો. એ સમયમાં ગઢપુરમાં સંતોને સંસ્કૃત ભણાવનાર સંત ખૂબ જ પ્રભાવક હતા; એ વાત પૂ. સ્વામીથી અજાણી ન હતી. તેઓએ પૂ. ભક્તિકિશોરદાસજીને ગઢપુર ભણવા મોકલ્યા. ગઢપુરમાં વિશેષ વિદ્યાભ્યાસ આગળ વધે તે પહેલાં વિદ્યાગુરુ પૂ. શ્રી મુરલીધર સ્વામીની તબિયત લથડી. અભ્યાસની સગવડતા ન રહેતાં પાછા વરતાલ આવ્યા અને ત્યાં જ પાઠશાળામાં અભ્યાસ કરવા લાગ્યા.

વિદ્યાભ્યાસ પ્રત્યે પૂ. શ્રી નંદકિશોરદાસજી સ્વામીને સહજ વિશેષ રૂચિ હતી. સાધુ ભણે તેના માટે ઘટતી તમામ સગવડ તેઓ પૂરી પાડતા. અનેક વિઘ્નોની વચ્ચે પણ તેઓએ સંસ્કૃતનો અભ્યાસ અટકવા ન દીધો. ચાતુર્માસ આવ્યો. વડતાલની પ્રાચીન વ્યવસ્થામાં નવા સંત સૌ પ્રથમ વરતાલમાં ચાતુર્માસમાં કથા કરતા. સાધુ ભક્તિકિશોરદાસજી ચાતુર્માસ અને અધિક માસમાં પ્રત્યેક શ્લોકના અર્થ સાથે રસમયી કથા કરીને પુરાણી બન્યા. ગુરૂદેવ પૂ. સ્વામીજીએ અપાર રાજીપો આપ્યો.

આ સમૈયા પછી થોડા જ સમયમાં ઈ.સ. ૧૯૬૪-૬૫માં પૂ. સ્વામીજી સુરત-મંદિરના મહંત થયા. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી, શા. લક્ષ્મીપ્રસાદદાસજી, પુરાણી ભક્તિકિશોરદાસજી વગેરે સંતોએ કથાવાર્તાથી ને બળદેવ ભગતે સેવાથી ભક્તોને રસતરબોળ કર્યા. આ સમયે પુરાણી ભક્તિકિશોરદાસજીએ ઓફિસની સેવાની જવાબદારી ઉપાડી લીધી. ખૂબ જ ટૂંકા સમયમાં તેઓ તમામ કાર્યોમાં કુશળ કાર્યદક્ષ તરીકે ઉપસી આવ્યા. સુરત-ધોલેરા-મુંબઈમાં તેઓએ એવો સહયોગ આપ્યો કે આજે પણ ભક્તજનો તે વાતને ભૂલી શકતા નથી.

પૂ. પુરાણી સ્વામી વરતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી પણ રહ્યા છે છતાં આજે તેમની ભક્તિમયી જીવનચર્યા જોઈએ તો તેમની સ્થિતિ જળમાં રહેલા કમળ જેવી દેખાય છે. ૮૦ વર્ષની ઉંમરે પ્રતિદિન સવારે ૩-૦૦ કલાકે ઊઠવાનું. સ્નાન આદિ નિત્યક્રિયા કરીને ૧૦-૦૦ વાગ્યા સુધી પૂજાપાઠ અને જનમંગલ-હરિકવચના પાઠ કરવાના. ત્યારબાદ સાંપ્રદાયિક શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો. કોઈ પણ નાના સાધુ પૂછે - ગુરૂ ! આ વાત ક્યાં છે ? એટલે તુરંત ગ્રંથમાં બતાવે. આવી અધ્યાત્મભરી જીવનચર્યા ગુરૂદેવ પૂ. સ્વામીજી જેવા મોટા પુરૂષોના સહવાસનું જ ફળ છે. તેમની સેવા અને રાજીપાના ફળ સ્વરૂપે જ આજ પૂ. પુરાણી સ્વામી સાધુજીવનની આદર્શ પરંપરાને પ્રભાવિત કરી રહ્યા છે.





આ નંદબાબા આવ્યા

એકવાર વરતાલમાં સુરતના ભક્તોએ અરજી કરી. હે મહારાજશ્રી ! આપની મરજીમાં આવે તો અમારી અરજી ધ્યાને લો. અમે બીજું તો કંઈ નથી માંગતા પરંતુ એક સારા સાધુ માંગીએ છીએ.

સાધુ તો બધા સારા જ હોય છે; કહીને પ.પૂ. મહારાજશ્રીએ વાતને વધુ રસદાર બનાવી. કસદાર સુરતી ભક્તોએ કહ્યું - હા, બાપજી ! સાધુ તો બધા જ સારા હોય છે પરંતુ પુરાણી મહારાજના સેવક નંદકિશોર સ્વામી જેવા સાધુ જોઈએ છે. પુરાણી મહારાજના સમયમાં તેઓ સુરત રહેલા ત્યારે અમે તેમના પરિચયમાં આવેલા. એકવાર એમના પરિચયમાં આવે, તે ભૂલે જ નહિ એવા હેતાળ સ્વભાવ, રસાળ વાણી અને પ્રેમાળ જીવન. તેમનો ભાવ સારો છે. ભાવ કરતાં પણ સ્વભાવ સારો છે. સ્વભાવ કરતા પણ વર્તન સારૂં છે અને આટલું હોવા છતાં પણ સદા સહુની સેવા કર્યા જ કરે છે. ગાયોની સેવા એમના જેવી તો ગોવાળ પણ ન કરી શકે.

જાણે કથા કરવા બેઠા હોય તેમ પૂ. સ્વામીજીના ગુણગાન કરતાં ભક્તોને સાંભળીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પણ પ્રસન્ન થયા. કારણ કે પૂ. સ્વામીજી તેમના પરમ આત્મીય સંત હતા. પૂ. સ્વામીજી ઉંમરમાં એટલા મોટા ન હતા છતાં મોટા મોટા વયોવૃદ્ધ આપ્તપુરૂષો પણ એમના સદ્‌ગુણોનો આદર કરતા. સંપ્રદાય બે પક્ષમાં વહેંચાયેલો હોવા છતાં તેમની સાધુતાનો ભાર બન્ને પક્ષે પડતો, એટલું જ નહિ સ્વયં આચાર્ય મહારાજશ્રી પણ ''નંદબાબા કહે તે આપણને માન્ય'' કહીને પૂ. સ્વામીજી પ્રત્યે આદરભાવ વ્યક્ત કરતા.

પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું - જુઓ, તમને જેમ સ્વામી પ્રત્યે સદ્‌ભાવ છે તેમજ સહુને છે. તમે જેમ સુરત લઈ જવા માંગો છો; તેમ તેઓ જ્યાં જાય ત્યાંના ભક્તો ત્યાં ને

ત્યાં જ રાખવા ઈચ્છે છે. અરે ! હરિભક્તોની વાત છોડો; અમે પણ સ્વામી અમારી સાથે રહે, તેમ ઈચ્છીએ છીએ. આમ જ્યાં મીઠડી ગોઠડી ચાલે છે ત્યાં જ પૂજ્ય સ્વામીજી દર્શનાર્થે પધાર્યા.

લ્યો, આ નંદબાબા આવ્યા, કહેતા પ.પૂ. મહારાજશ્રી હસી પડ્યા. આ સાંભળીને ઉપસ્થિત ભક્ત મંડળી પણ ખુશીથી હસી પડી. હસતાં હસતાં સુરતી ભક્તો કહે, સ્વામીજી ! ટમનેટો ભગવાને જ અહીં મોકલ્યા છે. આ સાંભળતાં જ સ્વામી બોલ્યા; હા, ભગવાનની મરજી વિના તો ક્યાં કોઈથી કાંઈ થાય છે. સૂકું પાંદડું પણ હલવા સમર્થ નથી તો હું અહીં કેવી રીતે આવી શકું ? આપણને આ મનુષ્ય જન્મ મળ્યો તે ભગવાનની ઈચ્છા. આ સત્સંગ મળ્યો તે ભગવાનની ઈચ્છા અને આ મહારાજશ્રીનો રાજીપો મળે છે તે પણ ભગવાનની ઈચ્છા જ છે.

અને આ નંદબાબા હવે સુરત મંદિરના મહંત થશે; એ પણ ભગવાનની જ ઈચ્છા છે. પૂ. મહારાજશ્રીએ વચ્ચે જ ઘોષણા કરતા કહ્યું. તેમની વાણી સાંભળીને સુરતી ભક્તોના હૈયામાં આનંદનું ઝરણું ફૂટ્યું. તાળીઓ ગુંજી ઊઠી અને ''શ્રી નારાયણમુનિ દેવની જય'' બોલાણી. પૂ. સ્વામીજી અવાક્ રહી ગયા. સહજ સદા વસંતની જેમ ખીલેલા રહેતા પૂ. સ્વામીજીને ધીર-ગંભીર જોઈને પૂ. મહારાજશ્રી બોલ્યાઃ સ્વામી ! કેમ શાંત થઈ ગયા છો, અમારી વાત ના ગમી ? અરે, બાપજી ! આપની વાત પણ આજ્ઞા બરાબર જ છે. પરંતુ...


પરંતુ શું સ્વામી ?

બીજું તો કંઈ નહિ પણ આપ ''નંદબાબા'' કહો એટલે મનમાં સંકોચ થાય. આ સાંભળીને પૂ. મહારાજશ્રી હસી પડ્યા અને કહે - અમે તમને ''નંદબાબા'' જ કહીશું, અમને આ નામ ખૂબ જ ગમે છે.

જે આપને ગમે તે મને પણ ગમશે; કહીને પૂ. સ્વામીજીએ હાથ જોડ્યા. તે જોઈને પૂ. મહારાજશ્રી કહેઃ સ્વામી ! તમે આ સુરતના ભક્તોની માંગણી સ્વીકારીને ત્યાં જશો તે પણ અમને ખૂબ જ ગમશે. આપને ગમતું હોય, આવા પ્રેમી ભક્તોને ગમતું હોય; તે કાર્ય કરવાનો મને ખૂબ જ આનંદ આવશે.'' કહીને પૂ. સ્વામી પગે લાગ્યા. પૂ. મહારાજશ્રી કંઠમાં ધારણ કરેલી પુષ્પમાળા સ્વામીજીના કંઠમાં પહેરાવતા પહેરાવાતા બોલ્યા - એ સુરતી; આ નંદબાબા એ સુરતના મહંત.''

આ સાંભળીને પૂ. સ્વામીજી કહે, બાપજી ! આ મને સુરતનો મહંત કર્યો. તેમાં કોણ જીત્યું ?

આ સાંભળીને સુરતી ભક્તો એક જ સ્વરે બોલ્યાઃ સ્વામીજી ! અમે જીત્યા. અને અમારા પર મહારાજની એવી કૃપા છે કે વરતાલમાં હંમેશા અમારી જ જીત થાય છે. મહારાજના સમયથી આ પરંપરા ચાલી આવે છે. અમારા વડવાઓ ધજા ચડાવવા આવેલા; ત્યારે તેઓ જ જીતેલા. આ મંદિર પર પ્રથમ ધજા અમારી ચડી છે. આ પ્રસંગની વાતો કરતા કરતા સહુ છૂટા પડ્યા.



સુરત મંદિરમાં ઐતિહાસિક કાર્યો

ભગવાન શ્રી સ્વામિનારાયણની ભગવી ચૂંદડીનો અલૌકિક પ્રભાવ છે. તેમના નામની કથા ધારણ કરનાર પૂજનીય બને છે; અને જો હૃદયમાં અખંડ ભગવાનને ધારણ કરી રાખવાની સાધનામાં સફળતા મળે તો તેમના જીવનકાર્યોમાં દૈવી પ્રભાવની છબી ઉપસી આવે છે. આપણે જ્યારે સુરત મંદિરના ઐતિહાસિક કાર્યોની તવારીખ જોઈએ ત્યારે પ.પૂ. બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ પ.પૂ.સદ્. શ્રી નંદકિશોરદાસજી સ્વામીમાં રહીને શ્રીજી મહારાજે જણાવેલી દૈવી શક્તિનો સાક્ષાત્કાર થાય છે.

ઈષ્ટદેવની અગાધ અનુકંપાના પ્રભાવથી પૂ. સ્વામીની દીર્ઘદૃષ્ટિ, અદમ્ય

હિંમત, કાર્યકૌશલ્ય અને ત્વરિત નિર્ણયશક્તિ સાથે નેતૃત્વના સર્વ સદ્‌ગુણોની મણિમાળાથી શોભતા હતા. તેઓશ્રી ધાર્મિક, આર્થિક, સામાજિક, સરકારી-બિનસરકારી; દરેક ક્ષેત્રોમાં એક સમાન પ્રભાવથી કાર્ય કરી શકતા. તેમની કાર્યશક્તિમાં ઈષ્ટદેવની ઈચ્છાશક્તિ જ કાર્ય કરી રહી હોય; તેવા પણ અનેક અનુભવો છે. ''ગજરાજ પર મહારાજની'' પાઘ વગેરે પ્રસંગો આજે પણ ભૂલ્યા ભૂલાતા નથી.

પૂ. સ્વામીજી ઈ.સ. ૧૯૬૪-૬૫માં સુરત-રામપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત થયા. પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીની હેતભરી આજ્ઞા, સત્સંગ સમાજનો સંપૂર્ણ સહકાર અને સહકાર્ય કરતા સંતો-ભક્તોનો ઉત્સાહ મંદિરના વિકાસના કાર્યોની હારમાળા સર્જી દે છે.

(૧) નૂતન ઓફિસ નિર્માણ : પૂ. સ્વામીજીએ સુરત મંદિરમાં આવીને વિકાસ કાર્યોનો પ્રારંભ મુખ્ય ઓફિસથી કર્યો. શહેરને અનુરૂપ સુવિધા સંપન્ન મુખ્ય ઓફિસના નિર્માણથી મંદિરની મુલાકાતે આવતા બિન સત્સંગીઓને પણ આપણા મંદિર પ્રત્યે સદ્‌ભાવ થાય; એવું કાર્ય કરવાનું છે. આટલો આદેશ આપીને પૂ. સ્વામીજી કાર્યકર્તાઓને પૂર્ણ સ્વતંત્રતા આપી. કાર્યકર્તાઓ ભગવાનને સંભારીને દેવકાર્યમાં પોતાની તમામ ક્ષમતાઓ રેડી દીધી. જેથી પ્રથમ કાર્યથી ખૂબ જ સારો પ્રભાવ પડ્યો અને મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ વધવા લાગી.

(૨) વિશાળ મંદિર પરિસર : મંદિર વિશાળ છે પરંતુ જગ્યાના અભાવે પૂર્વે મંદિરની નજીકમાં જ ઘણું બાંધકામ કરી દીધેલું. ફળ સ્વરૂપે મંદિરના પ્રમાણમાં વિશાળ ગ્રાઉન્ડનો અહીં સદંતર અભાવ હતો. પૂ. સ્વામીજીએ સત્સંગના વિકાસની દીર્ઘદૃષ્ટિએ કાર્યને આગળ વધાર્યું. મંદિર પરિસરમાં આસપાસના શક્ય એટલા બાંધકામો દૂર કરીને વિશાળ ચોગાન તૈયાર કર્યું. પરિણામે મંદિરમાં સ્ત્રી-પુરૂષની મર્યાદા પાલનમાં સાનુકૂળતા ઊભી થઈ. અહીં પૂજ્યશ્રીની આજ્ઞા પાળવા-પળાવવાની સૂક્ષ્મ દૃષ્ટિના દર્શન થયા.

(૩) પૂર્વ તરફ પ્રદક્ષિણાનો વિસ્તાર : હા, જેમ જેમ સુવિધાઓ વધવા લાગી તેમ તેમ દર્શનાર્થીઓ પણ વધવા લાગ્યા. સુરતમાં સૌરાષ્ટ્રના ભક્તોની ભીડ પણ વધવા લાગી. સૌરાષ્ટ્રના નિયમધારી ભક્તોને અહીં શા. શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીની કથા અને પૂ. સ્વામીજીના પ્રેમનો પ્રસાદ મળતો. મંદિરમાં એટલા ભક્તોની ભીડ થવા લાગી કે સંજોગોવશાત્ નાની બનાવેલી પૂર્વ તરફની પ્રદક્ષિણાનો વ્યાસ વધારવાની તાતી જરૂરિયાત ઊભી થઈ. પૂ. સ્વામીજીએ એ કાર્ય પણ ખૂબ જ ખૂબી પૂર્વક પાર પાડ્યું. નિયમિત પ્રદક્ષિણા કરતા


ભક્તોના અંતરમાંથી અવાજ આવ્યો, "હે મહારાજ ! આ કોઠારીશ્રીને અહીં જ કાયમ રાખજો."

(૪) રંગકામ : મંદિર પરિસરના વિકાસ સાથે પ્રદક્ષિણાના કાર્યથી સમગ્ર સત્સંગમાં જેઓ વિકાસના પર્યાય બની રહ્યા હતા તેવા પૂ. સ્વામીશ્રીએ મંદિર અને પરિસરના રંગકામનો અકલ્પ્ય નિર્ણય કર્યો. એ સમયે આર્થિક સવલતો આજ જેવી ન હોવાથી રંગરોગાનમાં પૈસા વાપરવાનું કોઈ વિચારતું નહિ. પરંતુ પૂજ્યશ્રીએ મંદિર નૂતન ક્લેવર ધારણ કરે, સત્સંગમાં ઉત્સાહ-ઉમંગ વધે, સહુ મંદિર જોવાના નિમિત્તે પણ અહીં આવી દેવ દર્શન કરે; એવા અદ્‌ભૂત રંગકામનો આદેશ આપ્યો. ચિતારાઓની પીંછીમાં ભગવાન શ્રીહરિની કાર્યશક્તિ કાર્ય કરવા લાગી. ખૂબજ અલ્પ સમયમાં મંદિર સહિત સમગ્ર પરિસર અકલ્પ્ય સૌંદર્યથી ઓપી ઊઠ્યું.

(૫) મંદિરની જમીનોનું જતન : પૂ. સ્વામીજી સદૈવ શાંતમૂર્તિ હતા. અજાતશત્રુ હતા. જીવનમાં તેમણે ક્યારેય કોઈને પણ ગુસ્સે થઈને કંઈ પણ કહ્યું નથી, એ સત્ય છે એટલું જ મહત્ત્વનું એ છે કે મોટા માંધાતાઓ આંખો બતાવીને જે નથી કરી શક્યા તે પૂ. સ્વામીએ યુધિષ્ઠિરની જેમ સહજ સ્વભાવે કરી બતાવ્યું છે. આ ગ્રંથના "ઉધના મંદિર નિર્માતા - પૂ. સ્વામીજી" અને "રૂસ્તમબાગમાં પ્રભાવ બતાવ્યો" આ બન્ને પ્રકરણો તેમના પ્રચંડ તેજસ્વી વ્યક્તિત્વના દ્યોતક છે. આશ્ચર્યની વાત તો એ છે કે, વરસો જૂનો કબ્જો છોડાવ્યા છતાં ક્યાંય ક્યારેય તેમને કોઈની સાથે દુશ્મનાવટ નથી થઈ. શું આ સંભવ છે ? હા, જેમાં રહીને સ્વયં ભગવાન શ્રીહરિ જ કાર્ય કરતા હોય; તેવા મહાપુરૂષોના સંકલ્પે-સાનિધ્યે બધુજ સંભવ છે.

(૬) રૂસ્તમબાગ સેનેટોરિયમ નિર્માણ : રૂસ્તમબાગની જમીનનો કબ્જો મેળવીને ત્યાં ગાયોના ઘાસ માટેની ખેતી શરૂ કરાવી. ખેતીની સાથે સાથે ત્યાં નાનકડા મંદિરનું જીર્ણોદ્ધાર કાર્ય કર્યું. એટલું નહિ, ત્યાં કાયમી નિવાસ કરીને મંદિરના માણસો રહી શકે એવા સેનેટોરિયમનું નિર્માણ કરાવ્યું. આજ દાયકાઓના અંતે પણ તે કાર્ય પૂ. સ્વામીજીની વિકાસગાથાની સાક્ષી બનીને ઊભું છે.

આમ, એક પછી એક જે સેવાકાર્યો થયાં તે સેવા મંદિર પર શિખર સમાન "પાદ્ય સાર્ધ શતાબ્દિ મહોત્સવ" જેવા કાર્યોની નોંધપોથી ઘણી જ લાંબી છે; પરંતુ આપણે અહીં આટલાથી જ સંતોષ માનીશું. અહીં આપણે વિકાસના નહિ પરંતુ એક મહાપુરૂષમાં રહીને કાર્ય કરતા ભગવાન શ્રીહરિની કાર્યશક્તિનાં દર્શન કરીશું, તો આપણા આત્મામાં અનોખો ભક્તિભાવ ઉદય પામશે.



હરિ ! એ તો હરિના હાથની વાત છે

શ્રીહરિભાઈ શ્રીહરિના ઘરના માણસ. જીંદગીભર રાજકારણમાં રહ્યા, પણ જીવનમાં ક્યાંય-ક્યારેય કિંચિત્માત્ર પણ રાજકારણ ન આવ્યું. કારણકે, તેના મસ્તકે સદ્ગુરુના રાજીપાનું છત્ર હતું. પ.ભ. શ્રી હરિભાઈનું ગામ સુરત પાસે આવેલું શેરડી. શેરડી ગામમાં રહેતા તેજ તરાર તરવૈયા નવયુવાન હરિભાઈનું જીવન પણ શેરડી જેવું મધુર. સરદાર જેવું અસરદાર જીવન. જેમ જેમ સમાજ સેવામાં તન-મન ઘસતા ગયા, તેમ તેમ તેમના જીવન- ચંદનની સોડમ સમાજમાં ફેલાતી ગઈ.

વિશુદ્ધ ભાવથી કરેલી સેવાના ફળ સ્વરૂપે સિદ્ધિ મળી. પ્રસિદ્ધિ મળી. લોકહૃદયમાં સ્થાન મળ્યું પરંતુ હરિભાઈનું હૃદય તો કંઈક અલગ ખેવના રાખતું હતું. રિદ્ધિ-સિદ્ધિ-પ્રસિદ્ધિના પ્રભાવમાં પણ ઘરમાં શેર માટીની ખોટ સહુને સાલતી ખટકતી હતી. લોકોનાં દુઃખોને દૂર કરનારના દિલના દુઃખને કોઈ જાણતું ન હતું; છતાં તેમનાં ચહેરા પર આનંદનો અભાવ કોઈ અગમ્ય દુઃખની ચાડી ખાતો. વિશાળ ચાહકવૃંદ અને મિત્રમંડળથી ઘેરાયેલા હરિભાઈ "પુત્ર વિના પારણીયું ખાલી છે" આ ચિંતાથી ઘેરાઈ ગયા. ચિંતા તો ચિતા કરતાં પણ વધુ જ્વલનશીલ હોય છે; ચિતા નિર્જીવને બાળે છે અને ચિંતા તો જીવતાને પણ બાળી નાંખે છે. ચિંતાની આગમાં સળગતા શ્રીહરિભાઈને સહાય કરવાનો ઘણા લોકોએ પ્રયત્ન કર્યો. પુત્ર પ્રાપ્તિના ઘણા ઉપાયો બતાવ્યા પણ તેઓ નિષ્ફળ ગયા.

હરિભાઈને શ્રીહરિ સિવાય કોઈની પાસે હાથ લંબાવવાનું મંજુર ન હતું. મંત્ર-તંત્ર-દોરા-ધાગામાં આસ્થા કરું, તો મારા ગુરુનું નામ લજાય.

હા...હા... તો તો પછી તમારા ગુરુને જ કહેજો. દીકરો આપે. સ્વામિનારાયણીયા કોઈનું માને જ નહિ. એક સ્નેહીએ વ્યંગ કસીને સંભળાવ્યું તે હરિભાઈના હૈયાને સ્પર્શી ગયું. શેરડીથી રામપુરા મંદિરની વાટ પકડી. શ્રીનારાયણ મુનિદેવના

દર્શન કરીને ગુરૂદેવ પાસે આવ્યા. પગે લાગીને બેઠા. ઔપચારિક વાતચીત કરે તે પહેલા જ હૈયું ભરાઈ આવ્યું. ગુરૂદેવે આજાનબાહુ હાથ હરિભાઈના મસ્તકે મૂક્યો. ડૂમો છૂટી ગયો. ચોધાર આંસુએ રડી પડ્યા. રડતા તૂટતા સ્વરે બિન સત્સંગીએ કહેલા શબ્દો સંભળાવ્યા અને કહ્યું, મને પુત્ર નથી તેનું દુઃખ છે, તે કરતાં પણ કોઈ તમ જેવા મહાપુરૂષનું ઘસાતુ બોલે તેનું દુઃખ થાય છે.


જીવતી-જાગતી કરૂણાની મૂર્તિસમા મહાપુરૂષ પૂ. સ્વામીજી આ સાંભળીને હસી પડ્યા. આ કરૂણ પ્રસંગે હસવું વ્યવહાર દૃષ્ટિએ અયોગ્ય છે. પણ એવા લૌકિક વ્યવહારોથી તેઓ પર હતા. મર્માળુ હાસ્ય કરીને હેતાળુ વાક્ય બોલ્યાઃ **હરિ, એ તો હરિના હાથની વાત છે.** આ સાંભળીને હરિભાઈએ મસ્તક ઊંચુ કર્યુ અને ગુરૂદેવ સાથે નજર મીલાવી. થોડીવાર અપલક નયને ગુરૂદેવની સામે જોઈ રહ્યા. બાળકનું મૌન જેમ મા વાંચી લે છે તેમ સદ્‌ગુરૂ સેવકના મૌન કલરવને સાંભળે છે.

''મારા હરિવર આપના રોમરોમમાં રમે છે; તમે જે કરો તે થાય'' સેવક હરિભાઈના હૈયામાં રમતા આ વિચારોને આંખના ઈશારે - અંતર્યામીપણે જાણીને આંખો બંધ કરીને શ્રીનારાયણ મુનિદેવને યાદ કરીને પૂ. સ્વામીજી બોલ્યા. હરિ, તો આજથી તમે બન્ને પતિ-પત્ની શ્રીહરિજયંતીનું વ્રત કરો. નિયમિત શ્રીહરિજયંતિએ શ્રીઘનશ્યામમહારાજ અને શ્રીનારાયણમુનિદેવના દર્શન કરો.

આ નિયમો પાળો. શ્રીજી મહારાજ દીકરો આપશે. હરિભાઈના હૈયામાં હાશકારો થયો. મુખ પરથી ગમગીની ગઈ અને આનંદની રંગોળી ઉપસી આવી. જોતજોતામાં શ્રીહરિજયંતી પણ આવી ગઈ. બન્ને જણાએ ગુરૂવચને શ્રી હરિજયંતીનું વ્રત કર્યુ. શ્રીહરિજયંતીએ સુરત દર્શન પણ કર્યા. થોડા જ સમયમાં સુભગ ચિહ્નોથી શ્રદ્ધા ને વિશ્વાસનો સહયોગ મળી ગયો. સમય જતાં શ્રીહરિભાઈને ઘેર તા. ૨૭-૦૭-૧૯૭૬ ના રોજ પુત્રરત્નનો જન્મ થયો.

''હરિ, એ તો હરિના હાથની વાત છે'' આ વચન હરિભાઈના હૈયામાં રમતું હતું. તેમના સમગ્ર પરિવારમાં આનંદ છલકાતો હતો પણ હરિભાઈના હૈયામાં મીઠી મૂંઝવણ થતી હતી. હરિના હાથની વાત સંત પુરૂષના હાથમાં કેવી રીતે આવી ગઈ ! ઘણા સમય પછી તેઓ નિજહૃદયની આ શંકા ગુરૂદેવ સમક્ષ રજુ કરી. પૂજ્ય સ્વામીજીએ સર્વકર્તા એક શ્રીજી મહારાજ જ છે. મારા જેવા બીજાને કર્તા માનવા એ જ ભૂલ છે. ઈષ્ટદેવને સર્વકર્તા, સદાસાકાર, સદાપ્રગટ અને સર્વોપરી; આટલી વાતને સમજે તે જ શ્રીહરિનો શુદ્ધ ઉપાસક કહેવાય.

હરિભાઈ, ગુરૂદેવની આ વાત આજીવન ભૂલ્યા નથી. ચિ. ઘનશ્યામને પણ એ જ સંસ્કાર સમજણ આપતા ગયા છે. શ્રી ઘનશ્યામ મહારાજના દર્શનના નિયમથી આનો જન્મ છે માટે ''ઘનશ્યામ'' નામ રાખજો. આમ કહીને પૂ. સ્વામીજીએ જ ''નામકરણ'' કરેલું.



જેણે દીકરો આપ્યો છે, તે જ રક્ષા કરશે

रक्षिष्यतीति विश्वासो कर्तव्यो मनुजैर्भुवि ।
महदाशी:प्रभावाद् वै त्राता धाता भविष्यति ॥

હરિભાઈ પર શ્રીહરિકૃપાની વાદળી વરસી. પૂ. સ્વામીજીના આશીર્વાદ ફળ્યા. મોટી ઉંમરે ઘેર પારણીયું બંધાયું. હરિભાઈના પરિવારમાં હરખની હેલી ચડી. આંખો આનંદથી રડી પડી. આ પરિવારને જેટલો આનંદ પુત્ર પ્રાપ્તિનો હતો તેનાથી કંઈક વધુ આનંદ, સંતકૃપા મૂર્તિમંત થઈ તેનો હતો. પુત્ર ઘનશ્યામને પારણીયામાં ઝૂલતો જોઈને માત-પિતાને મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજની કરૂણા ભીની દૃષ્ટિની સ્મૃતિ થઈ આવતી. 'હરિ, એ તો હરિના હાથની વાત છે.' આ શબ્દોની સ્મૃતિ થઈ આવતી.

હરિભાઈના આંગણીયે આવીને કોઈ કંઈ કહે કે અભિનંદન આપે, તો તુરંત વળતો જવાબ મળતો. જે કહેવું તે રામપુરા મંદિરે જઈને કહો; આ મારા ભાગ્ય નથી, મારા ઈષ્ટદેવની કૃપા છે. મારા સદ્‌ગુરૂના આશીર્વાદ છે. ઘણીવાર લોકો મનમાં ને મનમાં વિચારતા; આવા સજ્જન પર ભગવાન કૃપા કરે, તેમાં કંઈ નવી વાત નથી.

દિવસ પછી દિવસ જતા ગયા. ઘનશ્યામ મોટો થતો ગયો. અને જેમ જેમ ઘનશ્યામ મોટો થતો ગયો તેમ તેમ પરિવારનો આનંદ ઘટતો ગયો. લોકોનો ઉપદ્રવ વધતો ગયો. લોકોમાં બધા કંઈ ઉપદ્રવ કરતા ન હતા પણ જેની નજર હરિભાઈની સંપત્તિ પર હતી તેવા જ લોકોને ''ઘનશ્યામ''નો જન્મ પ્રસંગ દુ:ખદ બનેલો. જે દિવસે ઘનશ્યામનો જન્મ થયો તે જ દિવસે આ લોકોના મનમાં ઈર્ષ્યાની આગ પ્રગટેલી. ઘનશ્યામ કરતાં ઈર્ષ્યાની આગ વધુ સ્પીડથી વધવા લાગી. એક ઘટના એવી બની ગઈ કે, હરિભાઈનું હૈયું એકાદ બે ધબકારા ચૂકી ગયું. ઘનશ્યામના પ્રાણ લેવા ફરતી પૂતનાના પદચિહ્ન જોઈને હરિભાઈ સ્તબ્ધ થઈ ગયા. જેને મેં મારા માન્યા, તે જ મારા નિર્દોષ બાળક સાથે આવું જઘન્ય વૈર રાખે!

ઊંડા આઘાતમાં સરી પડેલા હરિભાઈએ શેરડીથી સુરતની વાટ લીધી. રામપુરા

મંદિરે ગયા. શ્રીનારાયણ મુનિદેવ - શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા. મનોમન પ્રાર્થના કરી. પ્રાર્થના કરીને ઓફિસમાં આવ્યા. અહીં ગુરૂદેવ પૂ. સ્વામીજી બિરાજતા હતા. તેમને વંદન કર્યા. પગે લાગ્યા અને પગમાં જ બેસી ગયા. પૂ. સ્વામીજીએ સહજભાવે સેવક હરિભાઈના મસ્તકે હાથ મૂક્યો. સદ્‌ગુરૂની કરૂણાનો વિચાર કરતાં જ હરિભાઈનું હૈયું ભરાય ગયું. ક્ષણવારમાં હૃદયમાં ઘૂંટાતી વ્યથા કથા આંસુડાંની ધાર બનીને વહેવા લાગી.

પૂ. સ્વામી સમક્ષ હરિભાઈએ પ્રથમવાર અંતરની વ્યથા ઠાલવી. કીડી જેવા જીવને પણ દુઃખી ના જોઈ શકે, એવા સહજ કરુણાશીલ પૂ. સ્વામી સેવકને રડતો જોઈને ઊભા થઈ ગયા. તેમને મસ્તકે હાથ મૂકીને સાંત્વના આપી અને વિગતે વાત કરવા કહ્યું. હિબકે ચડી ગયેલા હરિભાઈએ તૂટતા સ્વરે આપવીતિ કથા કહી. અને કહ્યું, સહી ન જાય એવી વાત તો એ છે કે, આ મારા નજીકના જ લોકો છે. મેં તેને મારા માનીને પાળ્યા પોસ્યા છે. હવે મારે શું કરવું?

પૂ. સ્વામીજી પણ ક્ષણવાર સ્તબ્ધ થઈ ગયા. શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્મરણ કરવા લાગ્યા અને બોલ્યાઃ હરિ ! ચિંતા છોડી દે. જેણે દીકરો આપ્યો છે તે જ તેની રક્ષા કરશે. ઘનશ્યામનો વાળ પણ વાંકો નહિ થાય. જે ભૂંડું કરે છે - કરશે; તેનું જ ભૂંડું થશે. ભગવાન કોઈનું ભૂંડું કરતા નથી પણ પોતાના ભક્તનું ભૂંડું કરે છે તેને માફ પણ કરતા નથી. આમ કહીને તુલસીદાસની સાખી બોલ્યા-

પરનું ભૂંડું ચાહતા, નિજનું ભૂંડું થાય।
અંજની સુતને બાળતા, લંકા સળગી જાય॥

પૂ. સ્વામીજીની જીભે ભગવાન જ બોલી ગયા. સાધુ પુરૂષો ક્યારેય કોઈનું ભૂંડું ઈચ્છતા નથી. પરંતુ તેમની સાધુતા-ક્ષમાને નિર્બળતા સમજીને કોઈ જ્યારે તેનો ગેરલાભ ઉઠાવે છે ત્યારે સ્વયં ભગવાન તેમને પાઠ ભણાવે છે.

હરિભાઈના ઘેર જેમનો જન્મ થયો છે એ જીવાત્મા ભગવદિચ્છાથી આવ્યો છે. સંતની પ્રાર્થનાથી આવ્યો છે. ભગવાન સ્વયં "ઘનશ્યામ"ના રક્ષક બન્યા. એક-બે વાર નાના નાના પ્રયત્નોમાં નિષ્ફળ ગયેલા તેજોદ્વેષી આખરી ફેસલો કરવાની તમન્નાથી દોડધામ કરી રહ્યા હતા, તેવામાં પથારીવશ થયા અને એ પથારી જ તેમની અંતિમ પથારી બની ગઈ. ટૂંકી માંદગીમાં જ જીવનદોરી તૂટી ગઈ. મેલી ઈચ્છા અધૂરી રહી ગઈ અને જીંદગી પૂરી થઈ ગઈ. જેની જીવનદોરી ટૂંકાવવી હતી તે "ઘનશ્યામભાઈ" આજે પણ ભગવાનનું ભજન કરે છે, સંતોની સેવા કરે છે અને સુખી જીંદગી જીવે છે.

આ પ્રસંગને તટસ્થભાવે વાંચીએ - વિચારીએ તો બે વાત ધ્યાન પર આવે છે. (૧) ભગવાન અને મોટા પુરૂષની કૃપા જેમના પર હોય, તેનું મનથી પણ ભૂંડું ઈચ્છવું નહિ. (૨) જેમની દશ ઈન્દ્રિયો અને ચારે અંતઃકરણ ભગવાનમાં રમતા હોય; તેવા મહાપુરૂષના વચન ક્યારેય મિથ્યા થતા નથી.



પંચ સેવા વ્રતધારી પૂજ્ય સ્વામી

परो वा बन्धुवर्गो वा मित्रं द्वेष्टापि वा सदा । आपन्नः सर्वथा रक्ष्यो दयैषा परिकीर्तिता ॥

આપણો સમગ્ર સત્સંગ જેમને ચાણોદ - પીજ - ધોલેરા - સુરત અને મુંબઈ જેવા મંદિરોના મહંત તરીકે ઓળખે છે એવા ગુરુદેવ પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી ખરેખર મહંત કરતાં મોટા સેવક હતા. પૂજ્ય શ્રી મહંત હતા તે વાત તો જગ જાહેર છે પરંતુ પંચ સેવા વ્રતધારી સેવક હતા તે વાત તેમની નજીકના સંતો ભકતો જ જાણે છે. પંચવ્રતે પુરા શૂરા સંતની વાતો તો ઘણી સાંભળી છે. આજે એક પદ આગળ પંચસેવા વ્રતધારી પૂ. સ્વામીના પ્રેરક પ્રસંગો માણીએ. પૂ. સ્વામી (૧) દેવ સેવા (૨) ભક્ત સેવા (૩) ગરીબ સેવા (૪) ગૌ સેવા અને (૫) બિમાર સેવાના વ્રતધારી સંત હતા.

સેવા નમ્રતાનો દસ્તાવેજ છે. સેવા સરળતાનું બીજું નામ છે. સેવા નિર્માની

ભાવની અભિવ્યંજના છે. સેવા સર્વશ્રેષ્ઠ સાધના છે. એટલું જ નહિ. પણ સત્સંગમાં તો સેવા એ જ મુક્તિ છે. ''सेवामुक्तिश्च गम्यताम्'' (શિક્ષા. ૧૨૧) સેવા જ મુક્તિ હોય તો તો મુક્તિ કેટલી સરળ થઈ જાય ! સેવા તો સર્વ દુર્લભ સાધન છે. સર્વ મુક્તિના અધિકારી થઈ જશે ? ના... નહિ થાય. કારણ કે, સેવા કાર્ય કોઈને મળી શકે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ સેવા કરવાની વાત આવે ત્યારે પ.પૂ. સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી જેવા કોઈ વિરલ મહાપુરુષ જ કરી શકે છે, તેમાં કોઈ બે મત નથી.

પૂજ્યશ્રીએ સેવાને જ સાધના તરીકે સ્વીકારેલી. દીક્ષા બાદ પૂ. સ્વામીએ પૂછ્યું, 'નંદકિશોર ! તમે શું ભણશો ?' 'ગુરુદેવ ! મારે તો સેવાશાસ્ત્ર ભણવું છે. આપ પ્રસન્ન થઈને આશીર્વાદ આપો, આપનું વચન એ જ સૌથી મોટી સાધના છે. આપ જે બોલશો તે થશે.'

પૂ. પુરાણી મહારાજ શાસ્ત્રજ્ઞ હતા. શાસ્ત્ર પ્રમાણે આ કળિકાળમાં મુમુક્ષુને મહાપુરુષ મળવા દુર્લભ ગણાય છે. પણ આજે સદ્‌ગુરુને મનમાં એવો સંકલ્પ થઈ જાય છે કે, આવો સેવક મળવો દુર્લભ છે. તેમના હૃદયમાંથી સાધનાના સારરૂપ વાક્યો સરી પડ્યા, ''બેટા ! ઠાકોરજીની સેવા આપણો ધર્મ છે. ઠાકોરજીના સેવક-ત્યાગી-ગૃહીની સેવા આપણો દાસત્વભાવ દૃઢ કરાવે છે. ગરીબની સેવાથી ગરીબ નવાજ સ્વયં અતિ પ્રસન્ન થાય છે. ગાયની સેવા એ મંદિર અને સાધુ જીવનની શોભા છે; એમ હું માનું છું અને છેલ્લે રોગાર્ત સેવાને શાસ્ત્રમાત્ર પવિત્ર કાર્ય માને છે. આટલું કરીશ એટલે મહારાજ ને હું રાજી.''

૧. દેવસેવા : દીક્ષા સાથે જ દેવસેવાની શિક્ષા મળતાં પૂ. સ્વામીજીનું મન મયૂર બનીને નાચી ઉઠ્યું. પૂજ્યશ્રી પ્રથમવાર પીજ મંદિરમાં પૂજારી બન્યા. દેવો ભૂત્વા યજેત્ દેવં, નાદેવો દેવમર્ચયેત્''નો મર્મ પુરાણી મહારાજે બરાબર સમજાવેલો. તેથી તેઓશ્રી સદૈવ જાગૃત રહીને પવિત્રપણે સેવા કરતાં. સેવાકાર્યોમાં ક્યાંય કોઈના સહયોગની અપેક્ષા રાખે, તો તે પૂ. નંદકિશોર સ્વામી નહિ. જેટલું કામ હોય તે તમામ કામ કંઈ પણ બોલ્યા વિના કરવાના જન્મસિદ્ધ સ્વભાવના પ્રભાવથી સૌનો વિશેષ રાજીપો મળતો.

પીજથી પુરાણી મહારાજ ડભાણ મંદિરના મહંત થયા, ત્યાં પણ પૂ. સ્વામીજી પૂજારી બન્યા. ડભાણમાં દેવ સેવાની સાથે સાથે ભંડારની સેવા પણ કરતા - થાળ જાતે જ બનાવતા. ડભાણથી પૂ. પુરાણી મહારાજ સુરત મંદિરના મહંતપદે આવ્યા. અહિં પણ શ્રી ઘનશ્યામ મહારાજની પૂજા-સેવાનો લાભ લીધો.

થોડો સમય થયો ત્યાં કો. ઝવેરભગત આવ્યા. પુરાણી મહારાજ ! આપણે ચાણોદ જવાનું છે; તમારા નામની મોરછાપ આવી છે. પૂ. પુરાણી મહારાજ કથાવાર્તા કરતા. કાનમ-રાજમાં તેમનું વિચરણ પણ ઘણું હતું. પૂજ્યશ્રી ચાણોદના મહંત થયા. ત્યારે દેવ સેવા અને તીર્થયાત્રીની સેવા; આ ઉભય સેવા આપણા લાડીલા મહાપુરુષ શ્રીનંદકિશોરસ્વામીએ ઉપાડી લીધી. સમયે સમયે દેવ સેવા કરે.

પૂ. સ્વામીજી સ્વયં ચાણોદ-સુરત-ધોલેરા અને મુંબઈ મંદિરના મહંત થયેલા પણ દેવસેવાનો આગ્રહ સદૈવ સોનાના દોરા જેવો રહેલો. સુરતમાં મહંત હતા ત્યારે પૂ. સ્વામીજીને શ્રીઘનશ્યામ મહારાજની સેવા કરતા જોનારા ભક્તો આજે પણ હાજર છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, જો કંઈ દેવસેવા ન હોય તો પૂજ્યશ્રી અકળાઈ ઉઠતા અને રસોડામાં જઈને ઘીમાં શાક બનાવીને બ્રહ્મચારીજીને થાળમાં ધરાવવા આપી આવે અને પ્રસાદ પણ ન લેતા - એવું તેમનું દેવ સેવા વ્રત હતું.

૨. ભક્તસેવા : પૂ. સ્વામીજીના જીવન સાક્ષીઓ કહે છે કે, સ્વામી જેવા મહિમાવાળા સંત અમે જોયા નથી. સાધુ થયા પછી પણ હરિભગતનો મહિમા રાખવો, તે જેવા તેવાનું કામ નથી. અને હા, પૂ. સ્વામી સંત હતા અને મહંત પણ હતા છતાં જેમ દેવ સેવા ભાવથી કરતા તેમજ ભક્ત સેવા પણ કરતા. સંકોચવશાત્ કોઈ રોકે તો કહેતા, અરે ! તુલસીદાસજીએ કહ્યું છે :

''तुलसी जाके मुखन से, भूले निकसे राम ।
ताके पग की पहनियाँ, मेरे तन की चाम ॥ ''

તમે તો સર્વોપરી શ્રીહરિકૃષ્ણ મહારાજના ઉપાસક છો. અમે ક્યાં અમારા ચામડાના જોડા પહેરાવીએ છીએ. થાય એટલી સેવા તો કરવા દ્યો. આમ કહીને સેવા કરવા લાગી જતા.

વહીવટ કરવાનું અંગ પડી જાય પછી દેવ સેવાનું અંગ હોય તો પણ ગૌણ થઈ જાય છે; એ વહીવટનો પ્રભાવ છે, પણ પૂજ્યશ્રી તેવા પ્રભાવોથી પર હતા. સ્વયં મહંત હોવા છતાં દેવસેવા કરતા એટલું જ નહિ દેવ મંદિરમાં આવતા ભક્તોની સેવા પણ મુક્ત માનીને કરતા. હરિભક્તો માટે ચા-નાસ્તો સ્વયં બનાવે સ્વયં પીરસે અને સ્વયં તેના વાસણો પણ સાફ કરી નાંખે આ વાત કરતા કરતા સુરતના લાલજીદાદાની આંખમાં પાણી આવી જાય છે. એમના જેવો સાધુ મેં મારી જીંદગીમાં નથી જોયો. કહીને વાત પુરી કરી દે છે. ઓ શેઠ ! તમારે તો રોજ ભાર

ઉંચકવાનો હોય. અમારે તો ક્યારેક જ તમ જેવાની સેવાનો લાભ મળે; એમ કહીને હસતાં હસતાં હરિભગતના સૂટકેશ ઉચકી લે. આજની પેઢીના મગજમાં ન ઉતરે એવી અદ્‌ભૂત અશ્રુતપૂર્વ આ વાત છે. પૂ. સ્વામીની ઉદારતા પણ અશ્રુતપૂર્વ હતી.

૩. **ગરીબ સેવા** : ભગવાન શ્રીહરિની કૃપાથી નંદબાબાનો દરબાર કરૂણારસથી છલકાતો રહેતો. અન્નાર્થી આવે તો પૂ. સ્વામીજી તેની જોળી છલકાવી દેતા. વસ્ત્રાર્થી મનમાં સંકોચ સાથે આવ્યો હોય. કેમ માંગવું ? પણ જાય ત્યારે હૈયે હરખાતો હરખાતો - મુખમાં મલકાતો મલકાતો જાય. પૂ. સ્વામીજીની આગળ આવીને વિનંતિ કરે, સ્વામી ! મારે થોડા દિવસ મંદિરમાં રહેવું છે. સુરતમાં કોઈ આશ્રય સ્થાન નથી. કામકાજ શોધવા આવ્યો છું. થોડા દિવસ દયા કરો, તો આ ગરીબનું કામ થઈ જાય. આવી અરજી સાંભળે એટલે પૂ. સ્વામીજીનું હૃદય ભરાય આવે. આપણા અન્ન વસ્ત્ર શ્રીજી મહારાજે પોતાની માથે રાખ્યા છે. (ગ.પ્ર.૭૦) આ મંદિર મહારાજનું ઘર છે. આપણે તેના દાસ છીએ. અહીં રહો. તમારી તમામ ચિંતા શ્રી નારાયણમુનિદેવના ચરણે મૂકી દ્યો. મંદિરમાં સેવા કરજો. મંદિરમાં રહીને સેવા ના કરીએ તો ઋણ ચડે. અરજી કરનાર સંતની કરૂણાથી ગળોગળો થઈ જાય.

પૂ. સ્વામીજી તેનું ખાસ ધ્યાન રાખે-રખાવે. કોઈ એવો શ્રીમંત ભગત આવે તેને ત્યાં કામે પણ લગાડી દે. અન્ન-વસ્ત્ર અને આશરાની સાથે સાથે કામ મળી જાય એટલે દામ પણ મળવા લાગે. કામ અને દામ મળે એટલે પછી જોવાનું શું ? જે પોતાનો ખર્ચ કાઢી શકતો ન હતો તે સમગ્ર પરિવારનો ખર્ચ ઉપાડી લે. પછી તો ધીરે ધીરે એક એક પગથિયા ચડતાં ચડતાં શ્રીમંતાઈના મહેલમાં પહોંચી જાય. અહીં શ્રીહરિકૃષ્ણ મહારાજની નિષ્ઠા. પૂ. સ્વામીજીની કરૂણા છાયાના દર્શન કરી શકે, એવા કૃતજ્ઞ ભક્તો દેવ-મંદિર અને સત્સંગની પણ એટલાં જ ભાવથી સેવા કરતા-કરે છે. સૌરાષ્ટ્રથી સુરત આવેલા ઘણા પરિવારો આ રીતે જ સુખી થયેલા છે. અહીં મંદિરે રહેતા ભક્તોને પ.પૂ. બ્રહ્મચારી મહારાજશ્રી આત્માનંદજી સ્વામીની સેવા પ.પૂ. શા. શ્રી નારાયણસ્વરૂપદાસજીની કથાવાર્તા ઈનામમાં મળતી. એટલે ભૌતિક સમૃદ્ધિની સાથે આધ્યાત્મિક સમૃદ્ધિ પણ વધતી.

૪. **ગૌસેવા** : બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને ગાયોને ઘાસચારો નાખતાં હોય એવા સંતની વાત આવે એટલે તેમાં પ્રથમ નામ આપણા પ.પૂ.સદ્. શ્રી નંદકિશોરદાસજી સ્વામીનું આવે. ગૌ સેવા તો ભારતભરમાં થાય છે, પરંતુ પૂ. સ્વામીજીની ગૌસેવા સૌથી અનોખી હતી; તેમાં કોઈ જ બે મત નથી. કારણ કે, આપણે ગાયના

મહિમાથી સેવા કરીએ છીએ જ્યારે પૂ. સ્વામી પરબ્રહ્મના મહિમાથી ગૌ સેવા કરતા.

સામાન્ય માણસને આશ્ચર્ય થશે. પરબ્રહ્મના મહિમાથી ગૌસેવા ! હા. પૂ. સ્વામીજી કહેતા, આ ગાયોનું દૂધ મારા મહારાજના થાળમાં જાય છે. આ ગાયોનું દૂધ સંતો-ભક્તો માટે વપરાય છે. આપણે જે સંતો-ભક્તોના ઉપયોગમાં આવે છે તેની સેવા કરીએ તો પણ મહારાજ ખૂબ રાજી થાય. અહો ! કેવી અદ્‌ભૂત ભાવના છે.

નિયમિત ગાયોને ઘાસચારો નાંખવો. ઘણીવાર વાસીદું પણ કરી લેવું. દાણ-ખાણની ચિંતા રાખવી. ગાય સાજી-માંદી થાય તો ગોવાળથી વધુ ચિંતા પૂ. સ્વામીજી કરતા. મોટા ગુરૂ પૂજ્યપાદ્‌ પુરાણી શ્રી ભક્તિકિશોરદાસજી સ્વામી કહે છે; અમે ઠતા હોઈએ ત્યારે ગુરૂજી ગૌશાળામાં પહોંચી ગયા હોય. તેમના જેવી ગૌસેવા કોઈથી ન થાય.


(૫) રોગાર્ત સેવા : પૂ. સ્વામીજી સદ્‌ગુણના સાગર હતા. તે વાતના જેટલા સાક્ષીઓ છે એટલા જ સાક્ષીઓ તેઓ પક્ષપાતી હતા તે વાતના છે. પૂ. સ્વામીજી સદૈવ - પ્રત્યેક કાર્યમાં મંદિરનો જ પક્ષ રાખતા. છતાં તેઓ ભૂખ્યાને ભોજન આપવામાં અને રોગાર્તની સહાય કરવામાં પૂર્ણ નિષ્પક્ષ રહ્યા છે તે પણ એટલું જ સત્ય છે.


પૂ. સ્વામીજીને સમાચાર મળે. ફલાણા-ફલાણા બીમાર છે. સેવા કરનાર કોઈ નથી. એટલે પૂજ્યશ્રી બધા જ કામ છોડીને ત્યાં પહોંચી જાય. યથાયોગ્ય વ્યવસ્થા કરે-કરાવે એટલું જનહિ, જો દર્દી તૈયાર થાય તો પોતાની સાથે લઈ આવે. સમયે સમયે દર્દીની રૂચિ પ્રમાણે જમાડવા સ્વયં પોતે પહોંચે, તે તો કંઈ નવી વાત નથી, પણ તેમનાં વસ્ત્રો-ધોવા, મળ-મૂત્ર સાફ કરવા સુધીની સેવા પૂ. સ્વામી કરતા.

એવા હરિભક્તો પણ હતા જેના દીકરાઓ ધ્યાન ન રાખતા હોય તો તેની છેલ્લી અવસ્થામાં પૂ. સ્વામી સેવા કરતા કરાવતા. અને કોઈ સાજા થઈ જાય ને આભાર માનવા આવે તો માત્ર એટલું જ કહેતા કે, અમે મહારાજને રાજી કરવા કરીએ છીએ. તમને સારું લાગ્યું હોય તો ''સ્વામિનારાયણ''નું ભજન કરજો.

देवगोभक्तरुग्‌दीनजनानां परिचर्यया ।

सेवामूर्तिरितिख्यातः पृथिव्यां पुण्यपुञ्जः ॥





સર્વોપરી તો એક મારો મહારાજ જ છે

શ્રી સ્વામિનારાયણ મંદિર રામપુરા સુરતમાં શ્રી નારાયણમુનિદેવ વિરાજમાન છે. સુરતી લાલાઓ આ દેવને ખૂબ લાડકોડ કરે છે. ''उत्सवप्रियाः खलु मानवाः'' એ અનુસાર મનુષ્યમાત્રને ઉત્સવ પ્રિય છે. આધુનિકતાના વાતાવરણમાં પણ અનેક ઉત્સવો ઉજવીને મનુષ્ય આનંદ માણે છે. મંદિરમાં પણ દેવની સમક્ષ અનેક ઉત્સવ ઉજવે છે.

શ્રી નારાયણમુનિદેવનો પાટોત્સવ ધામધૂમથી ઉજવી રહ્યા છે. તેમા વિવિધ આયોજનો સભર ઉત્સવમાં યજ્ઞનું આયોજન પણ થયું છે. યજ્ઞની તૈયારીઓ ચાલી રહી છે. યજ્ઞમાં દેવસ્થાપનની વિધિમાં થોડી રકઝક થઈ અને ચકમક ઝરી હરિભક્તો વાતવાતમાં વિવાદે ચડ્યા. વાત તો સામાન્ય હતી પણ અસામાન્ય બની ગઈ. વાત એમ હતી કે દેવસ્થાન બાબતે વિરોધ થયો. કોઈ કહે યજ્ઞ નારાયણ પધરાવો તો કોઈ કહે નારાયણમુનિદેવ. અકસ્માત્ પૂ. નંદસ્વામીજી ત્યાં આવી પહોંચ્યા. પૂ. સ્વામીજી પરિસ્થિતિ પારખી ગયા. હરિભક્તોની સમજણને સાચી દિશામાં વાળતા કહ્યું, 'મુખ્ય દેવ તો નારાયણમુનિદેવ છે.' માટે તેમની જ મૂર્તિ મુખ્ય સ્થાને અને બીજા બધા ગૌણ સ્થાને. આ રીતે ગામઠી ભાષામાં ઉપનિષદના મર્મો સમજાવી દીધા. સર્વોપરી ઉપાસનાના પીયુષ પાઈ દીધા. યજ્ઞ તો નારાયણમુનિદેવના મુખ્યત્વ પદે સંપન્ન થયો.

મહારાજ સ્વયં વચનામૃતમાં કહે છે, ''જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે ત્યાં સૌ કોઈના ચિત્ત ભ્રમી જાય છે પરંતુ આ વચન પર સત્પુરુષ મેખ મારે છે. જ્યારે જીવને સત્પુરુષનો યોગ થાય ત્યારે તે જીવ જગદીશને જાણે છે, માણે છે. અધ્યાત્મના ઊંડાણ સુધી પહોંચે છે. માટે જ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે પણ પોતાના બુધ્ધિબળે કરીને સદ્ગ્રંથમાંથી પણ સમજાતી નથી.'' (ગ.મ.૩)

પૂ. સ્વામીજીના સંપર્કમાં જે જે આવ્યા તેને સર્વોપરી ઉપાસનાના પિયૂષ પાઈને અમરત્વ આપતા. વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજની નિષ્ઠા સ્વામીજીના રગેરગમાં વણાયેલી હતી. મહારાજનું મહત્ત્વ અને મમત્વ તેઓ ખૂબ સમજતા હતા માટે જ આપણને ઉપાસનાના અમૃતવારિ પાનારા શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (પૂ. ગુરૂજી)ની ભેટ તેમણે આપી છે. આપણને ધન્ય કર્યા છે. આવા મહાપુરુષના ચરણોમાં લાખો વંદન કરીએ તોપણ ઓછા છે.

દયાળુમૂર્તિ સ્વામીશ્રી

માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, અતિથિદેવો ભવ આ ભાવના આપણી સંસ્કૃતિમાં પાંગરી છે. ભરબપોરે આંગણે કોઈ અતિથિ આવે તો પોતાનું ભોજન પણ અતિથિને આપી તેનો સત્કાર કરે છે. આજે આ ભાવના ભોંયતળીયે જતી હોય એવું ભાસે છે. જ્યારે સ્વામીશ્રી પાસે કોઈ પરિચિત-અપરિચિત ચિરપરિચિત કોઈપણ ઠાકોરજીનો પ્રસાદ ગ્રહણ કર્યા વિના જાય જ નહીં.

પૂ. સ્વામીજી ભૂખ્યાને ભોજન આપી પોતે તૃપ્તિનો ઓડકાર ખાતા. પૂ. સ્વામીજી સેવાના વ્રતધારી હતા. ઘણીવાર મંદિરમાં યાત્રાર્થી હરિભક્તો અગાઉ જાણકારી આપ્યા વિના રાત્રે આવ્યા હોય તોપણ સ્વયં રસોઈ બનાવી હરિભક્તોને જમાડતા. આજે પણ તે હરિભક્તોના માનસ પર તેની સ્મૃતિ થઈ આવે તો સજળ નેત્રે ભાવવિભોર થઈ પૂ. સ્વામીજીને ભાવવંદન કરે છે. આવો જ એક પ્રસંગ નિહાળીએ.

પાંચ બ્રાહ્મણો અને સુરતના બે હરિભક્તો ટ્રેનની મુસાફરીનો આનંદ માણતા માણતા મદ્રાસથી ગુજરાત આવતા હતા. દૈવયોગે તે જ સમયે ભૂદેવોને વ્યાધિ નડી. નર્મદા નદીએ પોતાની પ્રચંડ તાકાત બતાવી. તેથી ટ્રેનને સુરતથી થોડે દૂર ચલથાણા સ્ટેશન પર ઉભી રાખી દીધી. ભૂદેવો હજી કંઈક આશાના તાંતણે બંધાયા હતા કે થોડીવારમાં દુઃખ દૂર થશે. બે કલાક પછી સ્ટેશન માસ્તરે જાહેરાત કરી. નર્મદાનદીમાં પૂર ઘણું જ છે. માટે બે દિવસ સુધી ટ્રેન અહીં જ રહેશે. આ જાહેરાતે તેમના આશાના તાંતણા તોડી નાખ્યા. જીવ અધ્ધર થયા. સવિનય મહારાજને પ્રાર્થવા લાગ્યા.

બ્રાહ્મણો ધર્મ-નિયમમાં ચુસ્ત હતા. સ્નાનની વ્યવસ્થા થાય પરંતુ પેટનું શું ? આખો દિવસ ભૂખ્યા-તરસ્યા વ્યતીત થયો. સવારથી જ પેટમાં ઉંદરડા કુદાકુદ કરતા હતા. તેમની સાથે સુરતના બે હરિભક્તો હતા તે ભગવાનની કૃપાથી સુરત પોતાના ઘરે પહોંચ્યા. સ્નાન-પૂજા કરી સીધા ઉપડ્યા રામપુરા મંદિરે. નારાયણમુનિદેવના દર્શન કરી સ્વામીશ્રીના દર્શન કર્યા. સ્વામીશ્રીએ કુશળ સમાચાર પૂછ્યા. અણધારી આવેલી આફતનું અમંગળ વર્ણન કર્યું. દીનદુઃખીયોના બેલી સ્વામીશ્રીના હૃદયમાં ભૂદેવો પ્રત્યે કરુણા ફુટી. અરે ! બે દિવસ સુધી તેઓ ભૂખ્યા અને તરસ્યા જ રહેશે.

તત્ક્ષણ સ્વામીશ્રી સ્વયં રસોડામાં ગયા. મહારાજનુ સ્મરણ કરતાં કરતાં દૂધમાં ઢેબરા બનાવ્યા. એ મહારાજનો રસથાળ લઈ રાત્રે ૧૦-૦૦ વાગ્યે પહોચ્યા ભૂદેવો પાસે. સ્વામીશ્રીને આવતા જોઈ બ્રાહ્મણોના મનમયુર નાચી ઊઠ્યા. આનંદથી ઝૂમી ઊઠ્યા. સ્વામીશ્રીએ એ રસથાળ બ્રાહ્મણોને પીરસીને તેમના કંઠ તૃપ્ત કર્યા. આ તૃપ્તિ

ભૂખની ન હતી. પરંતુ જીવનભરની હતી. આ પ્રસંગે તેમના મન પર અમીટ છાપ પાડી હતી. તે કાળ પણ ભૂંસી શકવાને સમર્થ ન હતો.

સ્વામીશ્રી જમાડીને પોતાની સાથે મંદિરમાં લઈ ગયા. મંદિરમાં ઉતારાની જગ્યા ન હતી તો સંતનિવાસમાં વ્યવસ્થા કરાવીને પણ બે દિવસ સુધી ભૂદેવોની સંભાળપૂર્વક સરભરા કરી. આ રીતે સ્વામીએ પંચદેવોની સેવા કરી.

આવા દયાળુ, ઉદાર, દીનદુઃખીયાઓના બેલી સ્વામીશ્રીને કેમ ભૂલી શકીએ?...

સંતો તો દુઃખીને સુખી કરે છે. સંતના હૃદયમાં કરૂણાનો સ્રોત સતત વહ્યા કરે છે. પાપી હોય કે પુણ્યાત્મા, પાત્ર હોય કે કુપાત્ર, ભક્ત હોય કે અભક્ત, પરંતુ તેમની દયા મેઘની જેમ સર્વની ઉપર સમાનભાવે વરસે છે. સમુદ્રને પાળ હોય પણ તેમની દયાનો પાર ન હોય. આવા હતા આપણા પૂ. નંદકિશોરદાસજી સ્વામી...

પૂ. સ્વામીજીએ પોતાના શરણમાં આવેલાને પરમાત્માના સુખનો જ અનુભવ કરાવ્યો છે. ધનાર્થીને ધન, પુત્રાર્થીને પુત્ર, યશાર્થીને યશ આપીને રાજી કર્યા હતા. ''સર્વજીવહિતાવહ''નો સંદેશ સ્વજીવનમાં ચરિતાર્થ કર્યો હતો. એટલું જ નહીં, પણ આ સંદેશની સહુ કોઈને અનુભૂતિ થતી હતી.

સ્વયં શ્રીજીમહારાજ પણ દુઃખીને દેખી દ્રવી જતા અને યોગ્ય દાન આપતા. સ.ગુ. પ્રેમાનંદસ્વામીએ શ્રીજીમહારાજનો ગુણ આલેખતા લખ્યું છે કે, 'દુઃખીયો દેખી ન ખમાય, દયા આણી રે અતિ આકળા થાય. અન્ન-ધન-વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,' શ્રીજીમહારાજે અનેકવાર બ્રાહ્મણોને, ગરીબોને વસ્ત્રો આપી રાજી કર્યા છે. આ જ આદર્શ પૂ. સ્વામીજીના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે.

સુરત શહેરમાં રામપુરા વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે. મંદિરમાં શ્રીનારાયણમુનિદેવ વિરાજે છે. અહીં વૈદિક વિધિ મુજબ અવારનવાર યજ્ઞનું આયોજન થાય છે. એકવાર આવી જ રીતે યજ્ઞનું આયોજન થયું. ગામોગામથી આમંત્રણને સ્વીકારી સંતો-ભક્તો ખૂબ આવ્યા. દેવની પૂજા માટે ભૂદેવોને બોલાવ્યા. યજ્ઞમાં એક હોતા, ઉદ્‌ગાતા, યજમાન, વરૂણી બ્રાહ્મણોના સ્થાન હોય છે. આવશ્યકતા અનુસાર બધા જ સ્થાનોની પૂર્તિ થઈ ગઈ હતી. આ યજ્ઞ પૂ. સ્વામીજીની દેખરેખ હેઠળ ચાલી રહ્યો હતો.

યજ્ઞ પ્રારંભની પૂર્વ સંધ્યાએ આશરો ગોતતા ગોતતા બે બ્રાહ્મણ બટુ મંદિરમાં આવી પહોંચ્યા. યજ્ઞની જાણ થઈ. ભૂદેવોએ મુખ્ય હરિભક્તોને વિનંતી કરી અમને પણ વરૂણીમાં બેસાડો. હરિભક્તોએ આવશ્યકતા ન જણાવાથી આનાકાની કરી. ત્યાં પૂ. નંદસ્વામીજી આવ્યા. આવા સમયે સંતનું આગમન શુભસૂચક ગણાય છે. સ્વામી પરિસ્થિતિ પારખી ગયા. જરૂર ન હોવા છતાં સ્વામીજીએ બ્રાહ્મણોને વરૂણીમાં બેસાડ્યા. યજ્ઞ પૂર્ણ થયો. સ્વહસ્તે જ તેઓને દક્ષિણા-દાન આપ્યા.

પૂ. નંદસ્વામીજીના દરબારમાંથી કોઈ પાછો જાય એવું ક્યારેય ન બને.



ઉધના મંદિરનું ઐતિહાસિક કાર્ય

આજે આપણે જે ઉધના મંદિરના દર્શન કરીએ છીએ ત્યાં ઈ.સ. ૧૯૭૪-૭૫ની આસપાસમાં માત્ર એક નાનકડું શ્રીહનુમાનજી મહારાજનું મંદિર હતું. આ મંદિર આમજનતા માટે માત્ર હનુમાનજી મંદિર હતું પરંતુ સત્સંગી ભક્તોએ માટે પ્રાસાદિક તીર્થ પણ હતું. સુરતથી ધરમપુર વાંસદા પધાર્યા ત્યારે ભગવાન શ્રીહરિ ઉધના પધારેલા છે.

આ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે સંતો-ભક્તોને એવી દિવ્ય ભક્તિ ભાવના છે કે, જ્યાં ભગવાન રહ્યા હોય, જમ્યા હોય, સ્નાન કર્યુ હોય ત્યાં સર્વત્ર સ્મૃતિ-છત્રીઓ કરેલી છે. ઉધનાની આ પ્રાસાદિક ભૂમિ વરતાલ મંદિર દ્વારા સંપાદિત કરવામાં આવેલી. તે જગ્યા દફતરે મંદિરના નામ પર હતી પરંતુ તેનો કબજો પૂજા કરતા અતીત બાવાજી પાસે હતો. બાવાજી કબજો છોડવા તૈયાર જ ન હતા. પણ એક દિવસ એવો આવ્યો કે, તેમણે મને કમને પણ મંદિરને કબજો આપવો પડ્યો.

આમા બનેલું એવું કે, સુરતની મૂરત બદલનારા પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામીની નજરમાં એ જગ્યા આવી ગયેલી. દેવની જમીન છે, દેવને મળવી જ જોઈએ; આવો મક્કમ નિર્ણય કરીને પૂજ્યવર સ્વામીજીએ બાપુલાલભાઈ બ્રહ્મભટ્ટ, નરેશભાઈ દેસાઈ, બટુકભાઈ સાકરિયા વગેરે અગ્રણી ભક્તોની એક ટીમ તૈયાર કરી. એ ટીમનો એજન્ડા પણ તૈયાર કરી

આપ્યો. ટીમના લીડર પ.પૂ. શ્રી મુગટસ્વામીને બનાવ્યા. આટલું કરીને પછી કહ્યું, "ભગવાનશ્રી સ્વામિનારાયણનું નામ લઈને કામ શરૂ કરો. શ્રીહનુમાનજી દાદા તો સદૈવ સત્સંગની સેવામાં હાજરાહજૂર રહે છે. તેઓ જ તેના પૂજારીને સદ્‌બુદ્ધિ આપશે અને અંતે મંદિરની જગ્યા મંદિરને મળી જશે."

આટલા આશીર્વાદ સાથે સુરતના સત્સંગીઓએ ઉધના તરફ પ્રયાણ કર્યું. સ્વામિનારાયણવાળા પોતાની જગ્યાનો કબજો લેવા આવ્યા છે તે જાણીને ઉધનામાં બાવાજીએ ઉધામા શરૂ કર્યા. હિતભરી અને હેતભરી વાતોને છોડીને બાવાજી બઘડાટી બોલાવવા તૈયાર થયા. રજનું ગજ કરીને યદ્વા તદ્વા બુમ બરાડા કરવા લાગ્યા. વાર-તહેવારે મંદિરે આવતા ભરવાડો બાવાજીની વા'રે આવ્યા. સ્થિતિ વણસી ગઈ. પરિસ્થિતિ તંગ થઈ ગઈ.

હરિભક્તો સમય સૂચકતા વાપરીને એકવાર પાછા પગલા ભરવાનું વિચારતા હતા પરંતુ પૂ. સ્વામીજીએ જેમને ટીમ લીડર બનાવ્યા હતા તેવા મુગટ સ્વામી અડગ રહ્યા. અરે ! એવાથી શું ડરવાનું ? દેવની મિલકત દબાવીને બેઠા હોય તેમાં શું તાકાત હોય ? તાકાત હોય તો મહેનત કરીને કમાય નહિ ? ભગવાનની જગ્યા શા માટે લઈ લે ? આમ કહીને ચોગાનમાં આગળ વધ્યા. થોડો સંઘર્ષ થયો. પરંતુ "सत्यमेव जयते" સંતો-ભક્તોની જીત થઈ. ઉધનાની ઉજ્જડ જગ્યાનો કબજો મંદિરને મળ્યો. પૂ. સ્વામીજીએ પ્રસન્ન થઈને સૌને ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા.

ઉધનાની જમીન મળ્યા પછી સ્વામીએ વિજયોત્સવ ના મનાવ્યો પણ ફરી કોઈએ જગ્યામાં પગ પેસારો ના કરી જાય, તેની તૈયારી કરવા લાગ્યા. સદૈવ ઈષ્ટદેવને કર્તા હર્તા માનીને કાર્ય કરતા પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામીના આ નિર્ણયની ચોગરદમ પ્રશંસા થવા લાગી. સમગ્ર સત્સંગમાં આ ઘટનાના પડઘા પડ્યા. દેવનું હિત ઈચ્છતા સંતો-ભક્તોએ પ્રશંસાના ફૂલડા વેર્યા. સ્વયં પ.પૂ. આચાર્યજી મહારાજે પણ અભિનંદન આપી રાજીપો વ્યક્ત કર્યો. પૂ. સ્વામીને જ્યારે જ્યારે ચારે તરફથી પ્રશંસાના પુષ્પોથી ભક્તો વધાવી રહ્યા હતા ત્યારે તેમની સાથે રહેતા સંતો ભક્તોને ગીતાજીના સમત્ત્વ યોગના મૂર્તિમંત દર્શન થયા.

પૂ. સ્વામીજીએ અગ્રણી ભક્તજનોની સલાહ લઈને ઉધનાની જમીન પર સંતોને મૂકવાનો નિર્ણય કર્યો. પૂ. સ્વામીજીની નજર સાધુ નારાયણપ્રસાદદાસજી પર રહી. આ સંત દરેક અન્નકૂટમાં સેવા કરવા આવતા. તે મંડળ સાથેની આત્મીયતા પણ અનોખી હતી. પૂ. સ્વામીના વચને નારાયણપ્રસાદ સ્વામીએ વિવાદાસ્પદ જગ્યાએ રહેવાનું સ્વીકાર્યું. સ્વામીજી તેમની આ વચનપાલનતાથી ખૂબ જ પ્રસન્ન રહેતા. મંદિરેથી સીધુ-સામાન પણ મોકલતા અને ભક્તજનો પાસે ખબર પણ રખાવતા. હજુ ઉધનાનો તાલ બેસે ન બેસે ત્યાં વરતાલમાં ટેમ્પલ બોર્ડ નિમાયું. સ્કીમ બની એટલે થોડા જ સમયમાં ઈ.સ. ૧૯૭૫-૭૬માં પૂ. સ્વામીની સુરતથી બદલી થઈ. સ્વામીજી વરતાલ આવ્યા પછી પ્રથમ કાર્ય ઉધના મંદિરની સબ કમિટી નિમવાનું કરાવ્યું. સંતોના નિવાસથી ભૂમિમાં નવચેતના પ્રગટ થઈ. પૂ. સ્વામીજીએ સત્સંગીઓના હૃદયમાં નવચેતના પ્રગટાવવાનો સંકલ્પ કર્યો. પ.પૂ. સદ્. શા. શ્રી દેવનંદનદાસજી સ્વામીના વક્તાપદે પારાયણનું આયોજન કરાવ્યું. આ પારાયણમાં ૧૧૦ યજમાનોએ યજ્ઞવિધિમાં યજમાનપદે લાભ લીધો. મંદિર પરિસર ધમધમી ઊઠ્યું. મંદિરની તૈયારી થવા લાગી. પૂ. સ્વામીજીએ અમરેલીવાળા કરસનભાઈ કેરડીયા કોન્ટ્રાક્ટર પાસે મંદિરનું કામકાજ શરૂ કરાવ્યું. મંદિરના લાભાર્થે યોગેન્દ્રભાઈ ભટ્ટના વ્યાસાસને દ્વિતીય પારાયણ કરાવ્યું અને મંદિરનું કાર્ય પૂર્ણ થતાં નવોદિત વક્તા અને લાડલા સેવક પૂ. શાસ્ત્રીજી સ્વામીના વક્તાપદે પારાયણ કરાવ્યું. આમ, ત્રણ ત્રણ પારાયણો કરાવીને ઉધનાની ઉજ્જડ ભૂમિમાં આનંદકંદ સહજાનંદ સ્વામીનું નયનરમ્ય મંદિર કરાવ્યું. આજે પણ આ મંદિરમાં પૂજ્યપાદ્ શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી જ રહે છે. તેઓ કહે છે. "આ મંદિર પ.પૂ. શ્રી નંદકિશોરસ્વામીના જ પુરૂષાર્થથી તૈયાર થયું છે. સ્વામી ન હોત તો આ મંદિર ન હોત." મંદિરની સબકમિટીના પ્રથમ સભ્ય પ.ભ. શ્રી નરેશભાઈ ઠાકોરભાઈ દેસાઈ પણ સ્વામીજીના ઉપકારોને યાદ કરીને ગદ્‌ગદ્ કંઠ થઈ જાય છે.



રૂસ્તમબાગમાં પ્રભાવ બતાવ્યો

આપણા સત્સંગના ઈતિહાસમાં એવા અજોડ ત્યાગી મહાપુરૂષો થયા છે જેમણે સંસારનો ત્યાગ કર્યા પછી પણ દેવ મંદિરો પ્રત્યે પૂર્ણ મમત્વ રાખ્યું છે. કહેવાય છે કે, આપણા જૂના સંતો બૂટ પહેરતા. તે કડક થઈ જાય તો નરમ કરવા તેલ લગાવતા, પણ તે જ્યારે ગામડે જાય ત્યારે લગાવતા. દેવમંદિરમાં એટલો ખર્ચ ઓછો. એમ દેવ પ્રત્યે દેવ મંદિર પ્રત્યે - દેવ મંદિરની મિલકત પ્રત્યે મમત્ત્વ રાખતા. આપણી આ પ્રાચીન પરંપરાના અર્વાચીન સંવાહક એટલે પ.પૂ.સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી.

પૂ. સ્વામીજી મિતભાષી હતા છતાં દેવ મિલકતમાં નુકસાન થતું હોય ત્યારે પ્રકાંડ પ્રવક્તાની જેમ બોલતા પણ ખરા. હા. પરંતુ પૂ. સ્વામીજીને બોલવાનો અવસર ભાગ્યે જ આવતો. તેમની ભગવત્સ્મૃતિભરી પ્રત્યેક ક્રિયા એટલી પ્રભાવક રહેતી કે, તેમની ઉપસ્થિતિ માત્રથી પ્રત્યેક વિઘ્નો દૂર થતા. પ્રત્યેક કાર્યો સિદ્ધ થતા. કોઈ

ક્યારેક પ્રશંસા કરે તો **પૂ. સ્વામી કહેતાઃ આ બધા જ કામ મહારાજ કરે છે; તેનો મહિમા ગાઓ. આપણે તેની આજ્ઞા પાળીએ. તેમની દૃઢ નિષ્ઠા રાખીએ; એટલે આપણી ચામડાની જીભ જે બોલે તે પણ ભગવાન સત્ય કરે છે. માટે ભગવાનનો જ મહિમા ગાવો.**

પૂ. સ્વામીજી સદૈવ ભગવાન શ્રીહરિ સાથે તાદાત્મ્ય સંબંધથી જોડાયેલા રહેતા. પરિણામે તેનો કેવો અદ્‌ભુત પ્રભાવ પડતો; એ વાત સમજવા એક પ્રસંગ જાણીએ.

ઈ.સ. ૧૯૬૫-૬૬માં પૂજ્યપાદ્‌ સ્વામીજી સુરત મંદિરના મહંત થયા. તેઓશ્રી જ્યારે મહંતપદે આવ્યા ત્યારે કો. ઝવેર ભગત, શાસ્ત્રી શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી તથા શા. શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી; તેમના હાથ પગ બનીને દોડવા લાગ્યા. કામકાજ કરવા. પૂ. સ્વામી જેટલા કાર્યકુશળ હતા તેનાથી વધુ સારા કાર્યકર્તાઓના નિયોજક હતા. કયું કામ, ક્યારે ? કેવી રીતે ? કોની પાસેથી કરાવી શકાય. તે વાત પૂજ્ય સ્વામીજી ખૂબ જ સારી રીતે જાણતા હતા. સ્વામી સુરત પધાર્યા એટલે ધીરે ધીરે મંદિર પરિસરના કાયાકલ્પનો પ્રારંભ કર્યો. સુરત શહેરને અનુરૂપ મંદિર પરિસરમાં નૂતન ઓફિસનું નિર્માણ કરાવ્યું. મંદિરની આસપાસના બાંધકામો દૂર કરીને વિશાળ ચોગાન કર્યું. દર્શનાર્થીઓના હૃદય આનંદથી નાચી ઊઠ્યા. ભક્તોની ભીડ વધવા લાગી ત્યારે પૂર્વ તરફની નાની પ્રદક્ષિણાનો ભાગ મોટો કરાવ્યો. સંપૂર્ણ મંદિરનું રંગકામ કરાવ્યું. હા, એ સમયે હરિભક્તોની આર્થિક સ્થિતિ આજ જેટલી સમૃદ્ધ ન હતી. પરિણામે આટલું કાર્ય કરતા ઘણો સમય ગયો. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે, આ મંદિર પરિસરની સેવા જેવી પૂર્ણ થઈ એવી પૂજ્યપાદ્‌ સ્વામીજીએ દેવ મિલકતોના જતનનું અભિયાન શરૂ કર્યું.

વરતાલ મંદિરની માલિકીની સુરતમાં તાપી કિનારે જમીન હતી. આ જમીન પર નીલકંઠવર્ણિ વેષે ભગવાન શ્રીહરિ પધારેલા. સુરત પધાર્યા ત્યારે પણ આ રૂસ્તમબાગમાં ઉતારો કરેલો. એટલે આ જમીન મંદિર દ્વારા સંપાદિત કરવામાં આવેલી. પણ સમય જતાં આ જમીન પર ''સબ ભૂમિ ગોપાલકી''નો ઘાટ સર્જાયેલો. ભરવાડો ગાય-ભેંસો ચરાવતા. નાના નાના ઝૂંપડા પણ થઈ ગયેલા. પૂ. સ્વામીજીએ આ જમીનનો કબજો લેવાનું પુણ્યકાર્ય પ.પૂ. શ્રી મુગટ સ્વામી અને અગ્રણી ભક્તોને સોંપ્યું. થોડો સંઘર્ષ થયો પણ ભગવાનનું કાર્ય ભગવાન જ કરે છે. કબજો મળી ગયો. સહુની પ્રસન્નતા પણ મળી. અંતે ગૌશાળા માટે ત્યાં ઘાસચારો કરવાની શરૂઆત થઈ.

એકવાર અહીં કાર્ય નિરીક્ષણ માટે કો. ઝવેર ભગત ગયેલા. ભગતજી સ્વભાવે તેજ હતા. તેમણે બાજુમાં ડેરીએ રહેતા બાવાજીને મંદિરની જગ્યામાં જોઈને કઠોર શબ્દો કહ્યા. કઠોર શબ્દો સાંભળીને રુષ્ટ થયેલા નઠોર બાવાજીએ ભગતજીને એક ઝપાટે પાડી દીધા. ભગતને જીવનમાં પ્રથમવાર આવો અનુભવ થયેલો. તેઓ તો થથરી ઊઠ્યા. બાવાજીએ અનાબસનાબ બકવાસ સાથે ''सब भूमि गोपालकी''નો નારો લગાવ્યો. हम इधर इसलिए आता है, कि – यह जमीन हमारी थी, हमारी है, और हमारी हि होगी । तूम इधर क्युं आता है ? मरने का है क्या ? આટલું કહીને શ્વાસ ભરીને કહ્યું. अबकी बार जिंदा छोडता हुँ, फिर नही छोडुंगा । આ ઘટનાના સમાચાર પૂજ્ય સ્વામીજીને મળ્યા. સ્વામીજી ત્વરિત ગતિએ ત્યાં પહોંચી ગયા. તમાસાને તેડુ ન હોય. ઘણા માણસો એકત્રિત થઈ ગયેલા. પરંતુ પૂજ્ય સ્વામીજી જ્યારે ત્યાં આવ્યા ત્યારે એક આશ્ચર્ય સર્જાયું. જે બાવાજી ભગતજીને જાનથી મારવાની ધમકી આપતા હતા તેને પૂ. સ્વામીજીમાં એવા દિવ્ય તેજોમંડલના દર્શન થયાં કે તે અંજાય જ ગયો. થોડીવાર અપલક નયને જોઈ જ રહ્યો અને પછી જ્યાં ઊભો હતો ત્યાં જ ભૂમિ પર પડીને વંદન કરવા લાગ્યો. ક્ષમા માંગવા લાગ્યો.

પૂ. સ્વામીજી કહે, '' ભૂલ તો ભગતની થઈ છે. તમે તો આજ દિવસ સુધી ભગવાનની આ વાડીની રક્ષા કરી છે અને હવે પછી પણ ગાયો માટેના ઘાસની રખેવાળી તમારે જ કરવાની છે. ભગવાનના કામમાં કામ ન આવે તો આપણો ભેખ શા કામનો ?'' આ વાત સાંભળીને બાવાજી જ નહિ ઉપસ્થિત મેદની સ્તબ્ધ થઈ ગઈ. પૂ. સ્વામીજીએ શું કર્યુ ? કેમ કર્યુ ? કેવી રીતે કર્યુ ? તે કંઈ જ ખબર નથી પણ આજ આ ભૂમિ ઉપર શ્રીજી મહારાજનું લાલ પથ્થરનું મંદિર તૈયાર થઈ રહ્યું છે. આ મંદિરના પાયા જેણે નાંખ્યા છે તેને તો સહુ જાણે છે પણ તેના પાયામાં પૂજ્ય સ્વામીજી છે તેની ભાગ્યે જ કોઈને ખબર હશે.

આજ ઘણીવાર સમાજ સંતોની સમજ્યા વિના ટીકા ટીપણી કરે છે પરંતુ ખરેખર ભગવાનની સાથે તાદાત્મ્ય પામેલા મહાપુરૂષો આવા અલૌકિક વ્યક્તિત્વથી સંપન્ન હોય છે એટલે જ વચનામૃતમાં તેમને ભગવાન જેટલા જ સમર્થ કહ્યા છે. જેટલામાં રાજાનું રાજ છે એટલામાં રાણીનું રાજ છે તેમ જેટલામાં ભગવાનનું રાજ છે એટલામાં સાધુનું રાજ છે. વચનામૃતના આ વાક્યો જ્યારે આવા અચરજકારી પ્રસંગો બને છે ત્યારે વધુને વધુ દૃઢતા સાથે સાચા છે એવી દૃઢતા થતી જાય છે.




અનોખી રીત

દયાળુતાની મૂર્તિ, કરૂણાના સાગર, નિર્ભય અને નિર્મળ સાધુતા, પ્રગલ્ભ વ્યક્તિત્વ, નિર્દોષ જીવન, પંચવ્રતે પુરાશુરા, સેવાના વ્રતધારી, નિખાલસ જીવન, અસરદાર અને સચોટ વાણી, સૌમ્યમૂર્તિ, મુખમાં અખંડ સ્વામિનારાયણ મંત્રનું રટણ, દુઃખીઓના બેલી, આ સર્વ સદ્‌ગુણોનો સરવાળો એટલે આપણા દાદાગુરૂજી પૂ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી...

પૂ. સ્વામીજીએ પોતાની પ્રત્યેક ક્ષણ હરિભક્તો-સંતો માટે ખર્ચી નાખી છે. તેમના સહવાસમાં આવેલા ભક્તોના હૃદયમાં સ્વામીજીએ અમીટ છાપ પાડી હતી. પોતાની પાસે આવેલાને તેઓ પ્રેમના પાશથી બાંધી દેતા. તેમાંથી ભલભલાને છૂટવાનું મુશ્કેલ થઈ પડતું. સ્વામીજી વાણી કરતાંય વર્તનથી વધુ ઉપદેશ આપતા. જીવનપરિવર્તન કરવામાં સ્વામીજીની રીત અલૌકિક હતી. જે સ્વામીજીને મહારાજ પાસેથી બક્ષિસમાં મળી હતી.

શ્રીસ્વામિનારાયણ મંદિર રામપુરા, સુરત એટલે સુરતના ભક્તોની આસ્થાનું કેન્દ્ર. દુઃખી કે સુખી કોઈપણને ત્યાં પ્રેમભરી વ્હાલપ સ્વામીશ્રી પાસેથી મળતી. કેટલાક હરિભક્તો મહારાજના દર્શનનું સુખ લઈ સાથે સાથે મંદિર બહાર સેવખમણી અને ચાનું સુખ લેતા ખચકાતા નહીં. આ સ્વામીજીના મનમાં દુઃખ હતું. સ્વામીજીને થયું હરિભક્તોના લેબલ મારીને ફરે છે, પણ લેવલ તો હજુ થયું નથી. સ્વામીજી આ દરરોજ જોતા પણ કંઈ જ કહેતા નહીં. સ્વામીજી આ પરિવર્તન બોલ્યા વિના જ કરવા માંગતા હતા. તેથી મંદિરમાં જ નાસ્તા પાણીની વ્યવસ્થા શરૂ કરી દીધી. પૂ. સ્વામીજીની આ અણધારી વ્યવસ્થાથી હરિભક્તોના મનમાં 'બહારનો ચા-નાસ્તો' કંઈક ખોટુ કર્યાની અનુભૂતિ કરાવવા લાગ્યો. દૈવી આત્માઓનું હૃદય શરમથી સંકુચિત થયું. સ્વામીજીએ તેમના નિત્યક્રમમાં ફેરફાર કર્યા વિના જ જીવનમાં ફેરફાર કર્યો અને નિયમની દૃઢતા પરિશ્રમ વિના કરાવી દીધી. તે દિવસથી હરિભક્તો મહારાજનાં દર્શન કરી બહાર સેવખમણી ચા લેવા જતા હતા તે બંધ થયા અને મંદિરમાં જ પ્રસાદી લેવા લાગ્યા. આજે પણ સુરતના ભક્તો આ પ્રસંગને વાગોળ્યા કરે છે.

અહો ! સ્વામીજીની કેવી અદ્‌ભુત શક્તિ ! વાણીથી પરિવર્તન સહુ કરે, ધાકધમકીથી પરિવર્તન સહુ કરે પણ વિના વાણી અને ધાકધમકીથી પરિવર્તન તો સ્વામીજી સિવાય કોઈ જ ન કરી શકે.



બાલુ ! તું આ કામ કરીશ ?

મેઘરાજા અનરાધાર વરસ્યા. તાપી બે કાંઠે વહેવા લાગી. સુરતી લાલાઓ તાપીના રૌદ્ર સ્વરૂપને જોઈને ડરવા લાગ્યા. તાપી સુરતમાં આવશે તો ? સંકલ્પમાત્રથી સહુ ધ્રુજી ઊઠતા હતા. છતાં ઈશ્વરકૃપાએ કંઈ જ અણ ઈચ્છયું ન થયું. પણ વરસાદ ચાલુ ને ચાલુ જ હતો.

સુરત મંદિરના એક રસોડામાં પાણી પડતું હતું. આગ અને પાણીને છત્રીસનો આંકડો છે તે તો સહુ જાણે જ છે. રસોડામાં પાણી પડે એટલે રસોઈ બનાવવાની તકલીફ પડે. ભંડારીએ પૂ. કોઠારી સ્વામીને વાત કરી. ''સ્વામી ! તકલીફ બહુ પડે છે.'' પાણી પડે છે.

''પાણી ભલેને પડતું. પશુ-પંખી સુખી થાય. અનાજ સારા પાકે.'' આમ સ્વામીજીએ વાતને હળવી કરતા રમૂજ કરી. ભંડારી કહે, ''સ્વામી ! પાણી ભંડારમાં પડે છે. પતરા કાણાં થઈ ગયા છે. વરસાદ ઝમઝૂમ ઝમઝૂમ ચાલુ છે ને બાજુમાં હાઈટેન્શન લાઈન જાય છે એટલે કોઈ મિસ્ત્રી કામ કરવા તૈયાર નથી થતા. જે આવે છે તે જોઈને જાય છે ને કહે છે કે - ઉઘાડ નીકળે - કોરું થઈ જાય પછી કામ થશે. કરંટ પકડે તો તો જીવથી જઈએ. આમાં તે વળી કામ થતુ હશે ! આવો જવાબ આપે છે.''

ભંડારી જ્યારે આ વાત કરી રહ્યા હતા ત્યારે મોટી વેડ ગામના એક હરિભગત સ્વામીના દર્શને આવેલા. બાલકૃષ્ણભાઈ મિસ્ત્રી તેનું નામ. તેમને સહુ બાલુભાઈ મિસ્ત્રી કહીને બોલાવતા. **સ્વામીએ મીઠો ટહૂકો કર્યો. ''બાલુ ! તું આ કામ કરીશ.'' બાલુભાઈને પોતાની આવડત કરતાં વધુ વિશ્વાસ સદ્‌ગુરૂ પર હતો. તેમણે કહ્યું. ''સ્વામી તમારી કૃપા વિના અત્યારે કોઈથી તે કામ થાય નહિ. બે ફૂટ જ દૂર હાઈટેન્શન લાઈન છે. વરસાદમાં જોખમ ના લેવાય.**

''છતાં આપ આજ્ઞા કરો તો સેવક કામ કરવા તૈયાર છે.'' સ્વામીજીએ કહ્યું - ''ભંડારી સાથે જાઓ અને કામ કરી આપો. ''શ્રી નારાયણમુનિદેવ તમારી રક્ષા કરશે.'' આટલું કહીને ગૌમુખીમાં રહેલી માળા પૂજ્ય સ્વામીજીએ હાથમાં લીધી અને મિસ્ત્રીને કામ

કરવા મોકલ્યા. રંચમાત્ર ખચકાટ વિના મિસ્ત્રીએ ચપટી વગાડતા પતરું બદલવાનું કાર્ય શરૂ કરી દીધું. પૂ. સ્વામીજીએ મંત્રનાદ શરૂ કર્યો. માળા કરીને મહારાજને પ્રાર્થના કરી. 'આ તો આપનું જ કામ છે, આપ જ ધ્યાન રાખજો.'

એકાદ કલાક થઈ ન થઈ ત્યાં મિસ્ત્રી કામ પૂર્ણ કરીને નીચે ઉતરી ગયા. પૂ. સ્વામીજી ત્યાં ગયા અને યશનો ટોપલો તે મિસ્ત્રી પર ઢોળવા લાગ્યા. તે તો કમાલ કરી દીધી. કોઈથી ના થાય, એવું કામ કરી આપ્યું. સેવક બાલુ મિસ્ત્રીએ હાથ જોડ્યા - "સ્વામી ! આ તો સઘળી આપની જ અનુકંપા છે. શ્રી નારાયણ મુનિદેવનો પ્રતાપ છે; નહિતર હું તો વળી શું કરી શકું ?"

આજે પણ ૭૨-૭૫ વર્ષની ઉંમરે મિસ્ત્રી આ પ્રંસગને ભૂલ્યા નથી. વાત કરતાં કરતાં તેમની આંખોના ખૂણા ભીનાં થઈ જાય છે. ૭૨-૭૫ વર્ષે તેઓ શોધતા શોધતા આવ્યા કે, મારા ગુરૂની પૂજાના શ્રી હરિકૃષ્ણ મહારાજનું સિંહાસન મારે બનાવી આપવું છે. મારા ગુરૂની કૃપાથી જ હું મૂળ સંપ્રદાયનો આશ્રિત રહ્યો છું. મારા ગામમાં હું એક જ વરતાલનો હરિભગત છું. તે મારા ગુરૂ નંદસ્વામીના આશીર્વાદ છે. ઝવેરભગતના રાજીપાનું ફળ છે.

પૂ. સ્વામીજી સદૈવ શ્રીહરિને કર્તા હર્તા માનતા. દીન દુઃખિયાના દુઃખ દૂર કરતા પછી કહેતા "તારા પર ભગવાનની જબરી કૃપા છે. તુ મહારાજનો લાડલો ભગત છો એટલે ભગવાને તારું ધાર્યું કર્યું." આમ કહીને પોતે વચ્ચેથી નીકળી જતા. મારા આશિષથી તારું રૂડુ થયુ છે એવો હરફ જીંદગીમાં ક્યારેય બોલેલા નહિ. અને એટલા સહજ રહેતા. સૌને નમતા રહેતા. બીજાના જ વખાણ કર્યા કરતા. પરિણામે સત્સંગ સમાજ તેમને જોઈએ એવી દિવ્ય દૃષ્ટિથી જાણી ના શક્યો. પૂ. સ્વામીજીની કૃપાદૃષ્ટિ પામેલા ભક્તો આજે પણ એમની સ્મૃતિથી ગદ્‌ગદિત થઈ જાય છે.

ભક્તોના કામ કરીને તેનો યશ પોતાની ઉપર ન લેવો, તે તો અતિ ઉત્કટ સાધના છે. જો ભગવાનને પૂર્ણ કર્તા હર્તા ન માન્યા હોય તો ઉપસવાના ફણગા ફૂટ્યા વિના રહે જ નહિ.



ભક્તોના કામ કરીને તેનો યશ પોતાની ઉપર ન લેવો, તે તો અતિ ઉત્કટ સાધના છે. જો ભગવાનને પૂર્ણ કર્તા હર્તા ન માન્યા હોય તો ઉપસવાના ફણગા ફૂટ્યા વિના રહે જ નહિ.

માતૃત્વનું ઝરણું



સો માની મમતા


સુરતમાં જ્યારે આપણું એક જ મંદિર હતું ત્યારની વાત છે. રામપુરા શ્રીસ્વામિનારાયણ મંદિર ભક્તોથી ધમધમે છે. ભક્તોથી ધમધમતા મંદિરમાં રસોડું પણ ધમધમતુ રહેતું. રસોડામાં ભંડારીની સાથે સાથે સેવામૂર્તિ પૂ. સ્વામીજી પણ સેવા કરવા પહોંચી જતાં. સ્વામીજી ઓફિસમાં ન મળે એટલે દર્શનના નિયમધારી ભક્તો ગૌશાળા કે રસોડામાં જતા. જ્યાં દર્શન થાય ત્યાં દંડવત કરવા લાગી જતા.

એકવાર રસોડામાં બેઠા બેઠા પૂ. સ્વામીજી શાકભાજી સમારવાની સેવા કરી રહ્યા હતા. દર્શનાર્થી ભક્તોની અવર-જવર ચાલુ જ હતી. એવામાં બે ભાઈઓ દર્શને આવ્યા. સહુ ભક્તોની સાથે સાથે પાછળ દંડવત્ કરવા લાગ્યા. પૂ. સ્વામીજી વઘારના નાના લવિંગીયા મરચા છૂટા પાડી રહ્યા હતા ત્યારે જ બન્ને ભાઈઓ પગે લાગ્યા. મોટાભાઈની પાછળ ઊભેલા નાના ભાઈને પૂ. સ્વામીજીએ મરચાં બતાવ્યા અને કહ્યું - "દીકરા! મોગરી ખાવી છે ?" નાના ભાઈના મોંમાં પાણી આવ્યું. વેળાવદર છોડ્યા પછી મોગરી આજ પ્રથમવાર જોવા મળી છે. ખાવા પણ મળી જાય અને એ પણ સંતના હાથે તો ના પાડવાની ભૂલ કોણ કરે ? એમ વિચારીને નાના ભાઈએ હાથ લાંબો કર્યો. પૂ. સ્વામીજી અને મોટા ભાઈ; બન્ને હસ્યાં, પણ કંઈ બોલ્યા નહિ. નાના ભાઈ સુરતમાં હજુ નવા જ હતા. એટલું જ નહિ. આ મરચાં પણ તેમની સામે પ્રથમવાર જ આવ્યા હતાં. હતાં મરચાં, છતાં આકારમાં મોગરીથી જરા પણ જુદા ન હતા. ભોળપણમાં પૂજ્યશ્રીના હાથમાંથી લઈને નાના ભાઈએ

મોઢામાં મૂક્યા. આ મરચાં એટલા તીખાં હતા કે આંખમાં પાણી આવી ગયું. આકળા-બાકળા થઈ ગયા. તુરંત પૂ. સ્વામીજીએ ઊભા થઈને આ નાના બાળકને તેડીને ખોળામાં બેસાડી દીધો. રવાનો મોટો લાડું મંગાવ્યો અને સ્વયં જમાડવા લાગ્યા. આ બાળકને મરચાં તીખાં લાગ્યા હતા. તેમાં તો કોઈ જ શંકા નથી પરંતુ મરચાં જેટલાં તીખાં લાગ્યાં હતાં તેના કરતાં રવાનો લાડુ વધારે મીઠો લાગ્યો. સ્વામીજી લાડુના ટુકડા કરી કરીને સ્વહસ્તે બાળકને જમાડતા જતાં હતા અને નાના ભાઈ મોજથી જમતા જતા હતા. પૂ. સ્વામીજીએ પૂછ્યું, "બેટા ! હવે કેવું લાગ્યું ?" ત્યારે કીલકીલાટ કરતાં નાના ભાઈએ કહ્યું - "સ્વામી - સ્વામી, તમે જો આમ ખોળામાં બેસારીને લાડુ જમાડો તો હું રોજ મોગરીની લાલચમાં મરચું ખાવ" - આ સાંભળીને સહુ હસી પડ્યા. અને પૂ. સ્વામીએ બન્ને હાથથી બાળકને છાતી સરસો ચાંપીને મંદ હાસ્ય કર્યું. મોટાભાઈ સામુ જોઈને કહ્યું, "દેવશી ! સાંભળ્યું ? શું કહે છે આ છોકરો."

"સ્વામી ! એ સાધુકિયો છે. સાધુ મળે એટલે તેને કંઈ જ ના જોઈએ. સમજણો થયો ત્યારથી સાધુ સાથે તેને સહજ મમતા છે અને તમારા જેવા સાધુ મળે, હેતથી આવકાર મળે, તો તે અમને પણ ભૂલી જાય એવો છે." આ સાંભળીને ફરીવાર સૌ હસી પડ્યા. હસતાં હસતાં છૂટા પડ્યા. છૂટા તો પડ્યા પણ નાના ભાઈને સંતમાં જે મમતાનું ઝરણું દેખાયું. સો સો માતાની મમતા દેખાણી, એ મમતાના પ્રતાપે જે આત્મીયતાનો સેતુ બંધાયો, તે આજીવન અતૂટ રહ્યો. પ્રથમવાર જ પૂ. સ્વામીજીના દર્શન કરતાં જ જે હેત બંધાયું, તે દિવસે દિવસે વધતું ગયું. પૂ. સ્વામીજી તો સહજ સમભાવે હેત કરતા કરાવતા ગયા પણ નાનાભાઈ એ હેતના બંધનમાં એવા બંધાઈ ગયા કે માત-પિતાની મમતાના બંધન તોડતા વાર ન લાગી. આ નાના ભાઈ જ સમય જતાં પૂ. સ્વામીજીની આજ્ઞાનુસાર શ્રીઘનશ્યામ મહારાજની આજ્ઞા લઈને સાધુ થયા. અને શ્રીઘનશ્યામપ્રકાશદાસ બન્યા.

પૂ. સ્વામીજીએ મોગરીના બહાને મરચું ખવરાવ્યું, એ તો સહુને સમજાયું પરંતુ એક સામાન્ય ક્રિયામાં હાસ-પરિહાસમાં આત્મકલ્યાણકારી અતૂટ બંધન કેવી રીતે બાંધી દીધું તે કોઈને ન સમજાયું. સંસારી મમતા બાંધે તો માયા આપે છે પરંતુ સંત મમતા વરસાવે છે તો માયાના બંધન તોડી નાંખે છે. સંસારી અને સંતની મમતામાં આટલું જ અંતર છે.



જા, તું ઘનશ્યામ મહારાજને પૂછી આવ...

સંત બનવું જેટલું સરળ છે એના કરતા અનંતગણું અઘરૂં છે. વસ્ત્ર પરિવર્તન સરળ છે વાસનાનો પરિત્યાગ કઠણ છે. વિષયોથી વિરક્તિ અને પરમાત્મા માં પૂર્ણરતિ થાય ત્યારે સંતત્વ શોભે છે. સંતત્વ સંપન્ન સંત થવું તેના કરતાં પણ વધુ કઠણ સાધુતા સંપન્ન સંત તૈયાર કરવા તે છે. સમાજ-શિક્ષણ કે સત્સંગ ક્ષેત્રે સામ્રાજ્ય જેવું વર્ચસ્વ સ્થાપિત કરવા કરતાં પણ એક સંત જીવનનું ઘડતર કરવું, તે કાર્ય અતિશય કપરૂં છે.

સહસ્ત્રા સંતોમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેટલા ભગવી કંથાને ગૌરવાસ્પદ બનાવે છે ને તેમાંથી પણ બ્રહ્મનિષ્ઠ મહાપુરૂષ પૂજ્યપાદ્ નંદસ્વામી જેવા કોઈક જ સંત જીવનના કુશળ ઘડવૈયા બની શકે છે. અહીં આપણે પૂજ્ય સ્વામીની સંતજીવનના ઘડતરની ખાટી-મીઠી વાતો માણીએ.

✤✤✤✤✤

પૂજ્યશ્રી સુરત મંદિરના મહંત હતા. પરમ ઉદાર દયાળુ અને માયાળુ સ્વભાવ. સ્વભાવ કરતા પણ વધુ સારો પ્રભાવ. તેમના

પ્રભાવથી રામપુરા મંદિર સૌરાષ્ટ્રથી આવતા હજારો હરિભક્તોનું આશ્રય સ્થાન બનેલું. પૂ. સ્વામીજીની કીર્તિ વાયુવેગે ફેલાતી જતી હતી. પૂ. સ્વામીજીના ગુણગાન ગાતા જેમની જીભ સુકાતી નથી એવો એક ગુણિયલ યુવાન 'દેવશી ઘોઘારી' સ્વામી પાસે આવ્યો.

સ્વામી ! આ મારા ભાઈ વિનુને આપની સેવામાં રહેવું છે. ઉંમર ઘણી નાની છે; કહીને સ્વામીજીએ અરૂચિ દર્શાવી. દેવશી કહે, સ્વામી ! આપ દયાળુ છો. માયાળુ છો. આપ સેવામાં રાખો તો બધું જ બરાબર થઈ જશે. આજીજી સાંભળીને સ્વામીજીએ વિનુની સામે જોઈને કહ્યું - તારે સાધુ થવું છે ?

હા, સ્વામી.

કોને પૂછ્યું ?

કોઈને નહિ.

કોઈને નહિ, એમ ન ચાલે. **જા, શ્રીઘનશ્યામ મહારાજને પૂછી આવ. ઉત્સાહી બાળકે ધ્રુવ હઠ લીધી. નિત્ય ૧૦૮ દંડવત્ કરે. એક પગે ઉભો રહે ને જપ કરતાં કરતાં ઘનશ્યામને કાલાવાલા કરે. ''પ્રભુ ! તમે રજા આપો તો મને સાધુ થવા મળે.''**

વિ.સં. ૨૦૩૦ માગશર સુદ-૧૧ના દિવસે રામપુરાના મંદિરમાં બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજ સિંહાસનમાંથી દિવ્ય સ્વરૂપે નીચે ઉતર્યા. આ બાળક વિનુ પાસે આવ્યા. તેના મસ્તક પર હાથ મૂક્યો ને કહ્યું, 'જા, બચ્ચા, સાધુ થઈ જા.''

બાળકે આંખો ખોલી ત્યાં તો શ્રી ઘનશ્યામ મહારાજ સાક્ષાત્ અભયદાન આપી રહ્યા હતા. પ્રેમથી વંદન કરીને દોટ મૂકી. સાધુ આશ્રમમાં જઈને પૂ. સ્વામીજીને કહ્યું: સ્વામી ! સ્વામી... મને રજા મળી ગઈ. શ્રી ઘનશ્યામ મહારાજે રજા આપી. હાંફતા હાંફતા એક શ્વાસે આટલું બોલી ગયો. પૂ. સ્વામીજીએ હેતથી તેડી લીધો ને કહ્યું: હવે તને સાધુ કરીશ. પૂજ્યશ્રીએ એ બાળકને દીક્ષા અપાવીને સંત બનાવ્યો. એ બાળકનું સંત તરીકેનું નામકરણ કરતી વખતે આ ઘટનાની ગર્ભિત નોંધ લીધી અને ''ઘનશ્યામપ્રકાશદાસ'' નામ પાડ્યું.



ધણીને ખાટલે ધણીને જ રાખજે

આરાધ્ય ઈષ્ટદેવ ભગવાનશ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક ૫૦૦ પરમહંસોએ પ્રારંભકાળમાં જે સંપ્રદાયનો વિકાસ કર્યો છે તે આપણી પેઢીઓ પણ નથી કરી શકી. અણીશુદ્ધ આજ્ઞા અને અનન્ય ઉપાસનાના બળ પર અભણ સંતો-ભક્તો શતાબ્દી પહેલા જે સંપ્રદાયની પુષ્ટિ કરી ગયા છે; તે આજે નહિવત્ દેખાય છે.

સંપ્રદાયના છેલ્લા દશ-બાર દાયકાઓનો ઈતિહાસ જોઈએ તો સ્પષ્ટ જણાય આવે છે કે, સમજણ અને સિદ્ધાંતના ભાગાકાર કરીને પણ સત્તા અને સંપત્તિના સરવાળાના સંઘર્ષ કરતાં-કરાવતાં આવ્યા છે. અને સંઘર્ષની આગમાં સહુ પોતપોતાના રોટલા શેકતા હોય ત્યારે સંપ્રદાયના મૌલિક સિદ્ધાંતો માટે જ જીંદગી ખપાવી દેવા તૈયાર હોય તે તો પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂશ્રી નંદકિશોરદાસજી સ્વામી જેવા આંગળીના વેઢે ગણી શકાય તેવા બહુ ઓછા સંતો હોય છે.

પૂજ્ય સ્વામીજીએ આજીવન સંપ્રદાયના રકાસને રોકવાના પ્રયત્નો કર્યા છે એટલું જ નહિ પણ વિકાસનો મૂલમંત્ર પણ આપ્યો છે. તેમના કંઠેથી સદૈવ ગુણાતીત જ્ઞાનની સરવાણી વહેતી. પૂ. સ્વામીજી આચારશુદ્ધિના માધ્યમે આજ્ઞા દૃઢ કરાવતા અને વિચારશુદ્ધિના માધ્યમે માનસતપનો આદર્શ દૃઢ કરાવતા અને આચાર-વિચારથી શુદ્ધ શ્રદ્ધાવાન મુમુક્ષુના અંતરમાં અનન્ય નિષ્ઠાના બીજ રોપતા.

હિતકારી અને હેતભરી મધુરવાણીથી મુમુક્ષુઓના અંતરમાં અનન્ય ઈશનિષ્ઠા દૃઢ કરાવતા. ગામઠી ગીતા જેવા મર્મભર્યા હિત વચનો કહેતા. ''સાસુના જણેલા સાતેય સરખા ન કહેવાય.'' ''અંધ-રોગી કે દરિદ્ર, ગમે તેવો તોપણ મારો પતિ છે.'' ''મારો પતિ મારો દેવતા છે.'' **આવા લોકભાષાના મર્મવાક્યોમાં ગીતાજીના અવ્યભિચારી ભક્તિયોગનો અર્ક કહી દેતા.**

પૂ. સ્વામીજી એકવાર કાશી ગયેલા. આપણે સહુ તો કાશી તીર્થયાત્રાએ જઈએ પરંતુ પૂજ્યશ્રીને કાશી જવાનું કારણ કંઈક જુદું જ હતું. કારણમાં કંઈ ખાસ ન હતું પણ લાડલા સેવક ઘનશ્યામપ્રકાશને ભણવા મૂકવા માટે ગયેલા. એકાદ મહિના સુધી સાથે રહ્યા અને જ્યારે ગુજરાત આવવા તૈયાર થયા ત્યારે સમગ્ર વેદ વેદાંતના શ્રવણ-મનન-પઠન-પાઠનના અંતે જે નિષ્ઠા સિદ્ધ કરવાની છે તેની દૃઢતા કરાવતા થકાં બોલ્યા, **''બેટા ઘનશ્યામ ! ઘણીના ખાટલે ઘણી જ હોય, મહેમાન ન હોય.** પતિવ્રતા નારી પોતાના પતિને રોજ જૂના ગાદલા-ગોદડાવાળા ખાટલામાં સુવરાવે છે અને મહેમાન આવે તો તેને નવો ખાટલો - પાગરણ આપે છે પણ પતિના ખાટલે કોઈ દિવસ મહેમાનને સુવરાવતી નથી. તેમ આપણું હૃદય છે તે આપણા ધણી આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજનો ખાટલો છે; ત્યાં તો તે જ શોભે. ધ્યાન એકમાત્ર શ્રી હરિકૃષ્ણ મહારાજનું જ થાય. કોઈ સોનાના સિંહાસનમાં બેસે, કોઈ સોનાના મંદિરમાં બેસે; પરંતુ આપણા હૃદયમાં માત્ર અને માત્ર એક જ સ્વરૂપની અનન્ય નિષ્ઠા દૃઢ રહેવી જોઈએ. પૂજન-નમસ્કાર સહુને કરીએ. નિંદા કોઈની ના કરીએ પણ ઉપાસના એક જ સ્વરૂપની કરીએ. શ્રીહરિકૃષ્ણ મહારાજ જેવા કોઈ ભગવાન નથી અને શ્રી ''સ્વામિનારાયણ'' જેવો કોઈ મંત્ર નથી. બેટા, આટલી વાત માનજે. દૃઢ કરજે અને પછી વેદ-વેદાંત ભણજે. તને કોઈનો સંગ દોષ નહિ લાગે. ભણેલામાં આટલી નિષ્ઠા ન હોય તો,

''શ્રોતા ને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અરથે પુરાણી રે'' એવું કહેવાય. બેટા ઘનશ્યામ ! સાચી વાત તો એવી છે કે, આ સંપ્રદાયને કહેવાતા કેટલાક પંડિતોએ પારાવાર નુકશાન કર્યું છે. ઈશનિષ્ઠાના મૂળિયા કાપવાનું કામ કર્યું છે; હું તને અહીં એટલા માટે જ મૂકવા આવ્યો છું કે, તું ભણીને પછી શાસ્ત્રીય રીતે બધાને ''શ્રી હરિકૃષ્ણ મહારાજનો મહિમા સમજાવે.''

બેટા, તને મારી સાથે અપાર લાગણી છે છતાં જો ભણતાં ભણતાં ''શ્રી હરિકૃષ્ણ મહારાજ''થી મોટું કોઈ સમજાય. તેની સમાન કોઈ સમજાય; તો વરતાલ આવવાની તસ્દી ના લેતો; આપણે તો કલ્યાણ માટે સાધુ થયા છીએ, જ્યાં કલ્યાણ દેખાય ત્યાં જ રહી જવું.'' આટલું કહેતા કહેતા તેમની આંખોના ખૂણાં ભીનાં થઈ ગયાં.

પોતાના ગુરૂદેવની આંખ ભીની થતી જોઈને એ સેવકે એવી દૃઢ આંટી પાડી, નિષ્ઠાની ગાંઠ મારી કે આજે સર્વોપરી નિષ્ઠાનો નાદ સમગ્ર સંપ્રદાયમાં ગુંજી રહ્યો છે.



સુરતમાં પાઘ સાર્ધ શતાબ્દિ મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ નિત્ય નિત્ય નવી નવી લીલાઓ કરતા. હસતા-હસાવતા, જમતા-જમાડતા, રમતા-રમાડતા, નાતા-નવરાવતા. આવી લૌકિક ક્રિયાઓ દ્વારા મુમુક્ષુઓને અલૌકિક મૂર્તિનું સુખ આપતા. ક્યારેક રાજી થઈને ભેટી પડતા. ક્યારેક જમતા જમતા થાળ આપી દેતા એટલું જ નહિ ઘણીવાર પોતાના પહેરેલા વસ્ત્રો પણ આપી દેતા.

હા, કરૂણામૂર્તિ ભગવાન શ્રીહરિએ અનેકવાર એવી અલૌકિક લીલાઓ કરી છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ સુરતના મહાન મુક્તરાજશ્રી અરદેશર પારસીને રૂસ્તમબાગમાં જે પાઘ ઉતારીને આપી છે તે પ્રસંગ સત્સંગના ઈતિહાસમાં આજ સુધી સૌથી વધુ મહિમા સાથે ગવાતો રહ્યો છે. પારસી પરિવારને પરમેશ્વરમાં જે પ્રેમ-અનુરાગ છે તેના ફળ સ્વરૂપે સત્સંગમાં સુરતની પાઘ પ્રસિદ્ધ રહી છે.

ભગવાન શ્રીહરિએ આપી ત્યારથી આજ દિવસ સુધી પ્રતિદિન તે પરિવાર ભગવાનની જેમ તે પાઘને પૂજતો રહ્યો છે. આ પાઘ આ

પરિવાર પાસે વિ.સં. ૧૮૮૧માં કાર્તિક વદ-૭ ના રોજ આપેલ છે અને છેલ્લા દોઢસો વર્ષથી આ પાઘની નિયમિત પૂજા થાય છે. પરંતુ તે એક જ ઘરમાં થાય છે. આ પાઘ એક દિવ્યતાનો પૂંજ છે. સમર્પણ ભક્તિનું પ્રતિક છે. પ્રભુના દયાભાવનો દસ્તાવેજ છે. આ દિવ્યતાના પૂંજ સ્વરૂપ પાઘના દર્શનમાત્રથી સમગ્ર સત્સંગમાં - સુરતમાં એક અનોખુ નૂર પ્રગટશે; માટે પાઘ પ્રદાનના દોઢસો વર્ષના પ્રસંગને ખૂબ જ ધામધૂમથી ઉજવવો. ભક્તો સાથે બેસીને ભગવદ્‌વાર્તા કરતા મહંત પ.પૂ.સદ્‌.કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામીના કંઠે ઉપરોક્ત શબ્દો સરી પડ્યા. વાતાવરણ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યું. એક પછી એક શેઠિયાઓ ઊઠ્યા અને સમર્પણની ભાગીરથીનું અવતરણ થયું. **આ ઉત્સવમાં ભક્તિભાવના દર્શન કરાવવામાં કોઈ કસર ન રહે અને શક્તિ પ્રદર્શનથી સદંતર દૂર રહેવું. આ બે વાતના અનુસંધાન સાથે ભગવાન શ્રીહરિએ અરદેશરજીને આપેલ પાઘનો દોઢસો વર્ષનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવાનું નક્કી થયું.**

જે શ્રીનારાયણમુનિ દેવની કૃપાથી સુખિયા થયા છીએ. જે સંતની કૃપાથી બે પાંદડે થયા છીએ. અરે ! જે સત્સંગના પ્રતાપે મસ્તક ઊંચું રાખીને ફરીએ છીએ તે સત્સંગનું ગૌરવ વધે તેવો દિવ્ય મહોત્સવ ઉજવવા હરિભક્તો સક્રિય થયા. સંપ્રદાયના દિગ્ગજ સંતોની ઉપસ્થિતિમાં પાઘની ભવ્ય નગરયાત્રા કરાવી. સંપ્રદાયના મૂર્ધન્ય સંતોને તેડાવ્યા. એક પછી એક અશ્રુતપૂર્વ નિર્ણયો સાથે મહોત્સવ ઐતિહાસિક સ્વરૂપ ધારણ કરવા લાગ્યો.

પૂ. સ્વામીજીનું દરેક કાર્ય એક 'ટ્રેન્ડ' બની જતું. એમનું દરેક કાર્ય 'સ્ટાન્ડર્ડ' બની જતું. એમના પ્રત્યેક કાર્યમાં સાંપ્રદાયિક મૂલ્યો, ભગવાનની નિષ્ઠા અને ઉત્તમ ગુણવત્તા સૌને પ્રભાવિત કરતી. સૂરતના આંગણે થયેલો આ મહોત્સવ પ્રાસાદિક વસ્તુઓના મહિમાની દૃષ્ટિએ સીમાચિહ્ન સમો બની ગયો છે. ત્યાર પહેલા અને ત્યાર પછી ક્યારેય આજ દિવસ સુધી આવો ઉત્સવ પ્રસાદીની વસ્તુને કેન્દ્રમાં રાખીને ઉજવાયો નથી.



‘ગજરાજ પર મહારાજની પાઘ’

उष्णिगुत्सवप्रभापुंजः प्रथितं भुवि सर्वत्र ।
नंदकिशोरदासेन सूर्यपुरे पुरा मुदा ॥

“પુરાણી ! વરતાલથી પાલખી અહિ લાવવાની વ્યવસ્થા કરજો.” “કેમ સ્વામી !” કહીને પુરાણી સ્વામીએ જીજ્ઞાસા પ્રગટ કરી. સેવક પુરાણી સ્વામીની જીજ્ઞાસા સંતોષતાં પૂ. સ્વામીજી બોલ્યા “આપણે હાથી પર સોનાની પાલખીમાં “પાઘ”ની સવારી કાઢવી છે.” સારૂં સ્વામી ! થઈ જશે.”


પુરાણી ભક્તિકિશોરદાસજીએ કાર્યકર્તાઓને દોડતા કર્યા. ગણતરીના દિવસોમાં વરતાલથી પાલખી સુરત લાવવાની વ્યવસ્થા થઈ ગઈ. પૂ. સ્વામીજી અતિશય





પ્રસન્ન થયા. તેમની આંખો સમક્ષ ગજરાજ પર પ્રસાદિની પાઘની અસવારીના દૃશ્યો રમવા લાગ્યા. ઉત્સવની તડામાર તૈયારી ચાલે છે. હજારો સ્વયંસેવકો રાત્રિ-દિવસ એક કરી રહ્યા છે. દિવસે પોતાની નોકરી કરે અને રાત્રે મંદિરમાં સેવા કરવા પહોંચી જાય. પૂ. સ્વામીજીની વાણી પાણી ચડાવે. આ ઉત્સવ આપણો નથી; સાક્ષાત્ શ્રીજી મહારાજનો છે. મંદિરના ઢેબરા-થેપલા ખૂબ જમ્યા છો. આ ઉત્સવ તેનું ઋણ ચૂકવવાનો અવસર બનીને આવ્યો છે. ધામધૂમથી ઉત્સવ થાય. **સર્વત્ર 'સ્વામિનારાયણ'નો જયજયકાર થાય એટલે આપણું કામ સફળ.**

પૂ. સ્વામીજીના વચને ભક્તજનો એ હૃદય રેડીને કાર્ય કર્યું. બધાં જ કાર્યો થયા પણ એક કામ છેલ્લે સુધી ન થયું તે ન જ થયું. સેવક



પુરાણી સ્વામી પણ ચિંતામાં છે. ગુરૂદેવે ખાસ જે કાર્ય માટે આગ્રહભરી ભલામણ કરી છે; તે કાર્યમાં કોઈ જ પ્રગતિ નથી થતી. તેમણે આદેશ કર્યો, 'આકાશ-પાતાળ એક કરો, પણ ગજરાજ શોધી લાવો. આટલા મોટા શેઠિયાઓ છો. આવું મોટુ સુરત જેવું શહેર છે; ને હાથી નથી મળતો તે વાત કેમ ગળે ઉતરે ?'

પુરાણી સ્વામીનું ફરમાન આવ્યું એટલે સૌ પોતપોતાની રીતે ચક્કર ચલાવવા લાગ્યા. ધામધૂમ કરવા માટે ખૂબજ દોડધામ કરી પણ હાથી હાથમાં ન આવ્યો. હાથી હાથમાં ન આવ્યો પણ શોભાયાત્રાનો દિવસ ઘણો નજીક આવી ગયો. પૂ. સ્વામીજી સ્વયં અંબાડી તૈયાર કરાવવા લાગ્યા. આ દૃશ્ય જોઈને પુરાણી સ્વામી મૂંઝાયા. તેમણે ધીરે રહીને ગુરૂદેવ પાસે જઈને કહ્યું, "સ્વામી ! હાથી મળતો નથી, આ અંબાડી ક્યાં પધરાવશું ?"

પૂ. સ્વામીજીએ કહ્યું, "હાથી પર જ અંબાડી શોભે. અને અંબાડીમાં જ શ્રીજી મહારાજની પાદ્ય શોભે. રામચંદ્રજીએ ભરતને પાદુકા આપી તો તેમણે તેને ગાદી પર પધરાવેલી. મહારાજે તો પાદ્ય આપી એટલે મસ્તક આપ્યું કહેવાય. આપણે ક્યાં વારંવાર ઉત્સવ કરીએ છીએ ? બધાને પ્રસાદીની પાદ્યનાં દર્શન હાથી લાવો તો જ થાય, નહિ તો ભીડામાં કંઈ દેખાય નહિ." પૂ. સ્વામીજી બહુ જ ઓછું બોલતા પણ આજ ભાવવશ ધારાપ્રવાહ બોલી રહ્યા છે. પુરાણી સ્વામીએ કહ્યું, "હા, પણ હાથી ન જ મળે તો શું કરીએ ?"

"અને આટલી મહેનત-ખર્ચ કર્યા પછી પણ જો નગરજનોને પાદ્યના દર્શન ન થાય તો આ બધા તાયફાનો ફાયદો શું ?" કહીને પૂ. સ્વામીજીએ સેવક પુરાણી સ્વામીને બોલતા બંધ કરી દીધાં. તેઓ ચૂપચાપ ત્યાંથી બીજા કામે લાગી ગયા. કામે લાગ્યા પણ મન ન લાગ્યું. કાર્યકર્તાઓ ચિંતામાં છે, હવે શું કરવું ? સરકાર સુધી પ્રયત્નો કરવા છતાં પણ હાથી હાથમાં ન આવ્યો તે ન જ આવ્યો.

અને જ્યારે આવ્યો ત્યારે સહુની આંખો બહાર નીકળી ગઈ. સવારીની પૂર્વ સંધ્યાએ સંતો-ભક્તોની ભીડની વચ્ચે ત્રણ-ત્રણ ગજરાજ સાથે અચાનક જ અતીત-સાધુઓ આવી ચડ્યા. પૂ. નંદકિશોર સ્વામીએ સહજ સ્વભાવે તેમનો આદર સત્કાર કર્યો. અને કહ્યું, "એક રાત અહીં રહો અને આવતી કાલે શોભાયાત્રામાં જોડાવ." "જી જી સ્વામીજી ! ભગવાનને હમકો

इसीलीये यहाँ भेजा होगा !'' કહીને તેઓએ તૈયારીની સમ્મતિ દર્શાવી. રૈન બસેરા કરીને સવારે સમગ્ર સુરત શહેરમાં સોના અંબાડીએ શણગારેલા ગજરાજ પર શ્રીજી મહારાજ સ્વયં પાઘ ધારણ કરીને બિરાજતા હોય; એવી અશ્રુતપૂર્વ નગરયાત્રા નીકળી. જ્યારે મોટા ભાગના માણસોએ હેલીકોપ્ટર માત્ર ફોટા અને ટીવીમાં જ જોયેલા; **એ જમાનામાં સમગ્ર નગરયાત્રા પર હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા થઈ.** સુરતની કોઈ એવી ગલી ન રહી જ્યાં આ નગરયાત્રાની ચર્ચા ન થઈ હોય. સર્વત્ર શ્રીહરિનો જયજયકાર થઈ ગયો.

નગરયાત્રાની સમાપ્તિ થઈ. ગજરાજ સાથે આવેલા મહાત્માને ભેટ-પાણી કરવાની ઘડી આવી. ઓફિસમાંથી બે-ત્રણ વાર સેવકો બોલાવવા આવ્યા. પણ કોઈ જ ન આવ્યું. તપાસ કરતા ખબર પડી કે તે તો જતા રહ્યા છે. એક ઉતાવળીયો બોલી ઊઠ્યો, ''અલ્યા ! આ કળિયુગમાં પૈસા લીધા વિના કોઈ જ ન જાય; સામે ચાલીને અહીં આવશે.'' ''તમે તમારૂં કામ કરોને !''

હા, તેમની વાત કદાચ સાચી હશે; પરંતુ આજ દિવસ સુધી કોઈ આ પાઘ ઉત્સવમાં ગજરાજની સવારીની ફી લેવા આવ્યું નથી. ૪૦ જેટલાં વર્ષો વ્યતીત થઈ ગયા છે એ વાતને. ઘણું બધું ભૂલાય ગયું હોવા છતાં આ વાત હજુ ભૂલાતી જ નથી.

બુદ્ધિજગત આ ઘટનાને જે રીતે મૂલવવી ઘટે તે રીતે મૂલવે; તેને આપણા તરફથી સંપૂર્ણ સમ્મતિ છે. પરંતુ ભાવજગત, આ ઘટનાને સાક્ષાત્કારથી પણ ચડિયાતી માને છે. પૂજ્યપાદ્ શ્રી નંદકિશોરદાસજી સ્વામી જેવા સંતની ભક્તિને વશ સ્વયં ભગવાન જ આવી લીલા નહિ કરતા હોયને !

મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશનના પ્રખર નિષ્ણાતો પણ આવા પ્રસંગોએ અવાક્ થઈ જાય છે. કારણ કે, અહીં કોઈ સંચાલન કૌશલ્ય કે પ્રખર પુરુષાર્થની વાર્તા નથી. અહીં તો વાત છે માત્ર ભગવત્સાક્ષાત્કાર પામેલા મહાપુરુષના પ્રભાવની.

ગજરાજ પર મહારાજ પાઘ, સોહે અખંડ અનંત,
નગર યાત્રામાં પરચો પૂર્યો, સ્વામીએ તંતોતંત.



જૂનાગઢ સભામંડપમાં સહયોગ


૨૧મી નવેમ્બર, ૧૯૭૭ના રોજ સત્સંગ સમાજ એક અસહ્ય આઘાતમાં સરી પડ્યો. કથાવાર્તાના ગઢ - જૂનાગઢમાં જ્યાંથી સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ આજ્ઞા-ઉપાસનાના અમૃત વહાવ્યા હતા તે પરમ પ્રાસાદિક હવેલીમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઊઠી. જે સભામંડપ સદૈવ - જીવાત્માઓના કારણ શરીરને બાળતો; તે જ આ સભામંડપ આ જ સ્વયં સળગી ઊઠ્યો છે. આ અતિપવિત્ર અને પ્રાસાદિક હવેલીમાં આગ કોના પાપે લાગી, તે તો આજ દિવસ સુધી આપણે જાણ્યું નથી. પરંતુ, એ હવેલીની આગ ઠરી ગઈ છતાં પણ હજારો સંતો-ભક્તોના હૈયામાં ઉઠેલી અસંતોષની આગ મહિનાઓ સુધી ઠરી ન હતી.

સમગ્ર સત્સંગમાં ઉઠેલી અસંતોષની આગ ઠારવા સંપ્રદાયના વડીલોએ હવેલીના પુનઃ નિર્માણનો સંકલ્પ કર્યો. સંકલ્પ સારો હતો. પણ એ જમાનામાં આર્થિક વ્યવહાર એટલો સારો ન હતો. સારા કામમાં સો વિઘ્ન આવે છે પણ આ વિશાળ મંડપમાં એક જ વિઘ્ન સોની ગરજ સારે એવું આવ્યું. આ વિઘ્ન એટલે બીજું કંઈ નહિ પણ આર્થિક અવરોધ. માણા અને પાણા મળતા હતા પણ નાણાની તંગી વધતી જતી હતી. જ્યારે વધુ પડતી આર્થિક ભીડ આવી ત્યારે એ ગુણાતીત મહાપુરૂષની સ્મૃતિ થઈ આવી, જેમણે આ વિરાટ સભામંડપ બાંધ્યો હતો તે આજે આઝાદી પછી પણ બાંધવો કઠણ પડતો હતો. કેવા હશે એ સંતો-ભક્તોનાં સમર્પણ!

અસ્તુ. સંપ્રદાયના તત્કાલીન વહીવટકર્તાઓ પાસે જ્યારે કોઈ જ ઉપાય ન

રહ્યો ત્યારે સદ્‌ગુરૂરાજ શ્રી બાલમુકુંદદાસ સ્વામીના સેવક અને ભારતવર્ષના મૂર્ધન્ય વિદ્વાન સંત શાસ્ત્રીજી મહારાજશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામી તરફ નજર કરી. સ્વામી સાંપ્રદાયિક વહીવટથી અલિપ્ત રહેતા હતા છતાં આ કાર્ય માટે આર્થિક જવાબદારીમાં સહયોગ આપવા તૈયાર થયા. પૂજ્યશ્રીના પુણ્ય સહયોગથી કાર્યને વેગ મળ્યો પણ કાર્યની પૂર્ણાહુતિ માટે વધુ આર્થિક યોગદાન આપનારા ભક્તોની જરૂર પડી. પૂ. સ્વામીએ સુરત શહેર તરફ દૃષ્ટિ કરી.

જૂનાગઢ મંદિરમાં નિર્માણ થઈ રહેલ વિશાળ સભામંડપના નિર્માણ કાર્ય અર્થે પ.પૂ. શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય સ્વામી સ્વયં સુરત પધાર્યા. સુરત મંદિરમાં ત્યારે પ.પૂ. સદ્. શ્રી નંદકિશોરદાસજી સ્વામી મહંત હતા. તેઓએ સંપ્રદાયમાં પ્રવેશ જૂનાગઢ મંદિરેથી મેળવ્યો છે. આ પ્રાસાદિક સભામંડપમાં બેસીને જ આજ્ઞા-ઉપાસનાના રસાયણો પ્રાપ્ત કર્યા છે. આ સભામંડપના નવનિર્માણમાં સહયોગ આપવો; એ મારી પવિત્ર ફરજ છે. પૂ. સ્વામીજીએ હરિભક્તોને પાણી ચડે એવી વાણી ઉચ્ચારી. જૂનાગઢનો મહિમા કહ્યો. શાસ્ત્રીજી મહારાજે કથાવાર્તાની ઝડી વરસાવી. તેઓ કથા કરીને આસને આવે એટલે ઔદાર્યમૂર્તિ સ્વામીજી તેમને કહે, "આ ભગતને કહેજો, સેવા કરશે, આ સેવા કરશે." એમ કરી કરીને એવી સેવા કરાવી કે, જૂનાગઢના સંતો આજે પણ ભૂલતા નથી. અને હા, આર્થિક સહયોગ આપે અપાવે છતાં કંઈ આશા-અભીપ્સા નહિ. જૂનાગઢનો આજનો સભામંડપ પૂ. સ્વામીના નિઃસ્વાર્થ સમર્પણની ગાથા ગાતો ઊભો છે.



સુરત સત્સંગ સમાજ દ્વારા પૂ. સ્વામીજીનું અપૂર્વ સન્માન

સદ્‌ગુરૂ કોઠારી સ્વામી શ્રી નંદકિશોરદાસજી તથા પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી તથા કોઠારીશ્રી ઝવેર ભગતને અર્પણ

સન્માનપત્ર

સપ્રેમ,

આપણા સુરત શ્રી સ્વામિનારાયણ મંદિરની એક દાયકાની વહીવટી સેવામાંથી નિવૃત્ત થઈ રહ્યા છો. એ પ્રસંગે અમે સુરતના સત્સંગીઓ દુઃખ સાથે ગૌરવની મિશ્ર લાગણી અનુભવીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવા અને સત્સંગનો પ્રચાર, એ આપના જીવનનું ધ્યેય છે. એ દૃષ્ટિએ આપની બદલીને મુલવીએ છીએ ત્યારે અમારું દુઃખ ઓછું થઈ જાય છે. કારણકે ભગવાને આપના માટે જે સત્સંગનું જે મહાન કાર્ય ચિંધ્યું છે તે કાર્યની આપની આ બદલી પછી પણ સતત સેવા થતી રહેવાની છે. એવો અમારો આત્મવિશ્વાસ છે.

આપ જ્યારે આજે હવે નિવૃત્ત થાવ છો ત્યારે છેલ્લા એક દાયકામાં આજે સુરતના સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સમાજને ઉપયોગી એવા સેવા કાર્યોની જે સુવાસ ફેલાવી છે તે યાદ કરતાં અમારા હૃદય મઘમઘી ઊઠે છે.

આજથી ૪૦ વર્ષ પૂર્વે સુરતના મંદિરના મહંત્ સ્વામી શ્રી ભક્તિપ્રિયદાસજીએ જે અજોડ સેવાઓ કરી હતી તેની યાદ સ્વામી શ્રી નંદકિશોરદાસજીએ તાજી કરાવી છે. એટલું જ નહિ એને અનોખી રીતે દીપાવી છે.

મંદિરની નવી ઓફિસ, મંદિરનું મોટું ચોગાન, પૂર્વ તરફની પ્રદક્ષિણાનો વિસ્તાર, રંગરોગાન, વોટરકુલર, રૂસ્તમબાગ (નારાયણબાગ) તથા ઉધના દેવ મંદિરોનો જીર્ણોદ્ધાર, રૂસ્તમબાગના સેનેટોરીયમની રચના અને આ બધા કાર્યોને યશ કલગી અર્પે એવા,

સહજાનંદ સ્વામીએ આજથી દોઢસો વર્ષ પહેલા સુરતમાં અરદેશર કોટવાલને અર્પેલ ઐતિહાસિક પાઘના સાર્ધ શતાબ્દિ મહોત્સવની ઉજવણી અમારા સત્સંગીઓના હૃદયમાં ચિરંજીવી રહેવાની છે.

આપના મંડળના સહાય સદ્‌ગુરૂ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી લક્ષ્મીપ્રસાદદાસજી વગરેએ કથાવાર્તાઓનું દિવ્યામૃત અમને પાયું છે. આ ઉપકારો અમને, આ મંદિર અને આ સત્સંગની સેવા માટે હંમેશા પ્રેરણા આપતા રહેશે અને ચિરસ્મરણીય રહેશે. આપના આ બધા સુકાર્ય અને સેવાઓનું યત્‌કિંચન ઋણ ચૂકવવા અમે આ માન પત્ર આપને અર્પી કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

સંવત-૨૦૩૧
વૈશાખ વદ સાતમ, રવિવાર
તા. ૧-૬-૭૫.

એજ વિનંતી સહ,
લિ. સુરત સ્વામિનારાયણ સત્સંગ સમાજના
પ્રણામ જય શ્રી સ્વામિનારાયણ





આપે બીજને માન અપાર

આપણા સુરતના સત્સંગની મૂરત બદલાઈ ગઈ. સેવા-સ્મરણના પ્રભાવથી વિકાસની ગંગોત્રી પ્રગટ થઈ. મંદિરમાં ઘણા વિકાસના કાર્યો થયા. વિકાસનાં કાર્યો કરતાં પણ વધુ ઉત્તમ કાર્ય સત્સંગીના જીવનમાં સત્સંગ વિકાસનું કાર્ય થયું. સત્સંગ જ જીવનરૂપ માને એવા હજારો હરિભક્તો તૈયાર થયાં. સૌરાષ્ટ્રમાંથી રોજી-રોટી માટે સુરત આવતા હજારો નવલોહિયાઓને મંદિરમાં રોટલો અને ઓટલો આપીને પૂ. સ્વામીજી તેમના આશ્રયદાતા બન્યા. જાતે રસોઈ બનાવીને હરિભક્તોને જમાડ્યા. તેના સુખ-દુઃખમાં સહભાગી થયા. આલોક અને પરલોકમાં હિત થાય એવા જીવન ઘડ્યા.

સ્વજીવનના ઉચ્ચ આદર્શ સાથે નાના નાના હરિભક્તો પ્રત્યેની ઉચ્ચ ભાવનાથી પૂ. સ્વામીજીની ઊંચાઈ પ્રગટ થઈ. હજારો હરિભક્તો તેમના વચને ટુક ટુક થવા તૈયાર થયા. એવા સમયમાં તા. ૧૮-૫-૭૫ના રોજ પૂ. સ્વામીજીની વરતાલથી બદલી થઈ. તેમની વિદાયસભામાં સુરતના સત્સંગના ઈતિહાસમાં અભૂતપૂર્વ દૃશ્યો સર્જાયા. નાના ભક્તો જ નહિ, શહેરના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓ પણ પ્રવચન કરતાં કરતાં રડી પડ્યા. ભક્તોનો આક્રંદ જોઈને પૂ. સ્વામીજીનું હૃદય પણ ભરાય આવ્યું.

પૂ. સ્વામીજીએ નિર્ણય કર્યો. આ ભક્તોને મારામાં જેવો ભાવ છે તેવો જ ભાવ

હવે પછી જે મહંત થાય; તેમાં થઈ જાય તો તેમનો સત્સંગ જળવાય રહે. આ સંકલ્પને સાકાર કરવા તેઓએ ભવ્ય-દિવ્ય સ્વાગત સભાનું આયોજન કર્યું.

સુરતના મહંતપદે શા. સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજી નિમાયેલા. પૂ. સ્વામીજીએ તેમના સ્વાગતની તડામાર તૈયારી શરૂ કરી. એ જમાનામાં ૧૧ ફોર વ્હીલ ગાડી અને ૭૦૦ થી વધુ ભક્તોનો સંઘ લઈને રેલ્વે સ્ટેશન પહોંચ્યા. પ્લેટફોર્મ સ્વામિનારાયણના જયનાદથી ગુંજી ઊઠ્યું. શા. હરિસ્વરૂપ સ્વામીનું મસ્તક વિનયની સાથે સાથે પુષ્પહારના ભારથી સ્વામીજીના ચરણે ઝૂકી ગયું. આટલી વિશાળ સંખ્યામાં ભક્તજનો સ્વાગત માટે સ્ટેશને આવે, તે તેમના જીવનનો કદાચ પ્રથમ પ્રસંગ હશે.

હા, પ્રથમ જ પ્રસંગ હતો. કારણ કે, **આ દુનિયામાં સહુને માન મેળવવું જ ગમે છે. નમે તે સૌને ગમે છે પણ નમવાનું - બીજાને માન-સન્માન આપવાનું તો પૂ. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી જેવા કોઈક જ મહાપુરૂષને ગમે છે.** વિશ્વામિત્ર જેવા મહર્ષિ પણ બ્રહ્મર્ષિપદનું માન મેળવવા કેવી ક્ષુદ્રતા કરી બેસે છે.ટૂંકમાં, માન મેળવવા મરવા-મારવા તૈયાર થનારા ઘણા મળશે પરંતુ બીજાને માન આપનારા પૂ. સ્વામીજી જેવા કોઈક જ વિરલ પુરુષ મળશે.

પૂ. સ્વામીજી દ્વારા થયેલા આ સન્માનના સાક્ષી પૂ. શાસ્ત્રી મહારાજના સેવક શા. શ્રીનિવાસદાસજી સ્વામી આજે પણ અહોભાવથી યાદ કરીને ગદ્‌ગદ્ થઈ જાય છે. અને હા, રેલ્વે સ્ટેશન કરતાં પણ વધુ દિવ્યતા અને ભવ્યતા સાથે મંદિરમાં સ્વાગત સભા કરી.

જેના અંતરમાં ઈર્ષ્યાના પડછાયા પણ ન પડતા હોય. જેને દબાઈ જવાનો ડર ન હોય, બીજાના ઉત્કર્ષને સહન કરવાની ક્ષમતા હોય, સત્તા કે મોટાઈનું ગુમાન ન હોય એવા લોકાતીત મહાપુરૂષ શ્રી નંદકિશોરદાસજી સ્વામી જ આવું ઉદાત્ત કાર્ય કરી શકે. અને જો આપણી નજર તટસ્થ-સ્વસ્થ હોય, ઈર્ષ્યા-અદેખાઈના મોતીયા ન આવ્યા હોય તો પૂ. સ્વામીજીના સેવક ગુરૂવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીમાં પણ આ ગુણ જોવા મળે છે. આવા સંતોને વંદના કરતા સદ્‌ગુરૂશ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

''ભક્તિ વિનય દૃઢ વિચાર, આપે બીજાને માન અપાર ।
અતિ પવિત્ર રહે અહોનિશ, એવા સંતને નામું હું શીષ ॥

પૂર્વજોનો ઉદ્ધાર કર્યો

આપણે ઈચ્છા ન હોવા છતાં પણ જેમના નામ માત્રથી ડરીએ છીએ, તે છે ભૂતપ્રેત. ભૂત-પ્રેત એક એવો શબ્દ છે જેનાથી માણસ યુગોથી ડરતો રહ્યો છે. માનવ જીવન ભૂત-પ્રેતની બિહામણી વાર્તાઓથી પણ ફફડે છે. ભૂત-પ્રેતથી જોડાયેલી વાતોને અંધવિશ્વાસ કહેનારા પણ છે અને ડરે પણ છે. જુદા જુદા ધર્મગ્રંથોમાં પણ જુદા જુદા દૃષ્ટિકોણ સાથે ભૂત-પ્રેતની વાતો વણાયેલી છે. સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણમાં વનવિચરણમાં શ્રીનીલકંઠવર્ણીને જન્માષ્ટમીની રાત્રિએ ભૂત-ભૈરવ મળે છે.

માત્ર ભારત જ નહિ, સમગ્ર માનવ સૃષ્ટિ આ ડરથી થરથરે છે. અમેરિકામાં 'હેલોવીન' પર્વ આ ડરથી બચવા માટે જ ઉજવાય છે. ટૂંકમાં, માનવજીવન ભૂત-પ્રેત-ભૈરવના ભયના ઓછાયા નીચે જ જીવે છે. સારંગપુરમાં શ્રી હનુમાનજી મહારાજનો દરબાર તેની જ સાક્ષી પુરે છે. દાદાના દરબારમાં ભયભીત લોકોની ભીડ વધુ હોય છે. આ આપણી વાસ્તવિકતા છે. છતાં એ વાતને ભૂલવી ન જોઈએ કે, જેમને પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિનો દૃઢ આશ્રય થાય છે. જેમના રોમ રોમમાંથી નિષ્ઠાનો રવ પ્રગટે છે. જેમનું જીવન જ ભગવાનરૂપ બની જાય છે એવા પુરૂષો આ ભયમાંથી સદંતર મુક્ત થાય છે એટલું જ નહિ પણ તેમની દૃષ્ટિ કે સંકલ્પમાત્રથી બીજા મનુષ્યો પણ ભૂત-ભૈરવના ભયથી મુક્ત થાય છે. પણ આવી ઘટનાઓ ભાગ્યે જ બને છે. ભૂતાદિના ભયની વાતો રોજબરોજ બન્યા કરે છે. પરંતુ, આપણે અહીં જે વાત કરવા જઈ રહ્યા છીએ તે કથા તો ભાગ્યે જ સાંભળવા મળે, તેવી અદ્‌ભુત છે.

ગુરૂદેવ પૂજ્યપાદ્‌ શ્રી નંદકિશોરદાસજી સ્વામી વરતાલમાં જ રહેતા છતાં જૂનાગઢ સાથેનો સ્નેહ-સેતુ અકબંધ રહેલો. અને એમાં પણ પોતાના લાડલા સેવક પૂજ્યપાદ્‌

શાસ્ત્રીજી સ્વામી સંત બન્યા. તેમને પણ જૂનાગઢના સંતો સાથે અગાધ આત્મીયતા હતી પરિણામ સ્વરૂપે જૂનાગઢની અવર-જવર વધી.

એકવાર પૂજ્ય સ્વામીજી જૂનાગઢ પધારેલા. શ્રી રાધારમણ દેવનાં દર્શન કરતાં કરતાં એક ચિરપરિચિત ભગત મળી ગયા. તેમણે શાસ્ત્રીજી સ્વામી પાસે હઠ પકડી. અહીં આવ્યા જ છો તો ગુરૂદેવ નંદસ્વામીને લઈને અમારે ગામ પધારો. તમે વરતાલ જઈને એટલા મોટા થઈ ગયા છો કે, કોઈ દિ' કાગળ પણ નથી લખતા. પધરામણી તો કરો જ ક્યાંથી ! વિનંતી કરતાં કરતાં ભગતે સ્નેહવશ વ્યંગ પણ કર્યો. પૂ. શાસ્ત્રીજી સ્વામીની ઉંમર ઘણી નાની પણ સમજણ મોટી. આવા ભક્તોને નારાજ ના કરાય. તેમણે ગુરૂદેવના ચરણોમાં ભક્તોની પ્રાર્થના પહોંચાડી. પૂજ્યપાદ્ નંદસ્વામીજી ઓલિયા પુરૂષ. હસતાં હસતાં કહે, "ભગતને રાજી કરીએ તો ભગવાન રાજી થાય. ભગતને નારાજ કરીએ તો ભગવાન નારાજ થાય. માટે આપણે તો રાજી થાય એવું કરવું."

પૂ. સ્વામીજીની મધઝરતી મીઠી વાણી સાંભળીને ભગત તો પાણી પાણી થઈ ગયા અને આંખમાં પણ પાણી આવી ગયા. પૂ. સ્વામીજીની મહંતાઈની, મોટાઈની વાતો તો ઘણી સાંભળી હતી પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ જે સંતત્વની મોટાઈ છે તેનો આ પ્રથમ જ અનુભવ થયો છે. પણ હૃદય વર્ષોના સહવાસની જેમ તેમના તરફ ખેંચાવા લાગ્યું.

જૂનાગઢથી હરખતા હૈયે ગામ આવ્યા. ને ભક્તોને સમાચાર આપ્યા. સ્વામીજીનું નામ પડતાં દર્શનની હામ લઈને ભગતો ભાગતાં આવ્યા. મારે આંગણે મહારાજ આવ્યા, મારા વહાલા સંતો આવ્યા. અને આટલા બધા ભક્તો આવ્યા. પધરામણી જ સભા બની ગઈ. મહારાજની આરતી-સ્તુતિ કરી. સાકર અને સીંગદાણા ધરાવ્યા. અને બળભરી વાતો

કરવા લાગ્યા. તેઓશ્રીની વાણીના તેજથી ભક્તજનોના હૃદયકમળ ખીલી ઊઠ્યા. સામાન્ય લોકોને સાર્થક શબ્દો શોધીને, વિચારીને બોલવું પડે છે. પરંતુ, મહાપુરૂષો જે બોલે તે સ્વતઃ સાર્થક થઈ જાય છે. વણ વિચારે તેના અંતરના ઊંડાણમાંથી પરાવાણી જેવી ઓજસ્વી ભાષા પ્રગટ થાય છે.

પધરામણીના અંતે સંતો વિદાય લઈ રહ્યા હતા ત્યારે પૂજ્યપાદ્ સ્વામીજીની નજર અચાનક ફળિયામાં રહેલા પાળિયા - ખાંભીઓ પર પડી. શુદ્ધ સહજાનંદી નિષ્ઠાવાન ભગતના ઘરમાં આ ક્યાંથી ? આટલા વિચારની સાથે જ સ્વામીજી પાછા ફર્યા અને તેની સામી દૃષ્ટિ કરીને બોલ્યા, "ભગત ! આ શું છે ?"

"સ્વામીજી ! એ અમારા પૂર્વજો છે. જીદ કરીને ફળિયામાં બેઠા છે. બહેનોને કાયમ લાજ પણ કાઢવી પડે છે. કઠણાઈનો પાર નથી પણ કર્યા વિના છૂટકોય નથી." ભગતની વાણીમાં ઠલવાતી વેદના સાંભળીને કરૂણાવત્સલ સ્વામીજીનું હૈયું વરસી પડ્યું. સ્વામીજી કહે, "ભગત ! આપણે એમનો જ છૂટકો કરી દઈએ એટલે તમારો પણ છૂટકો થઈ જાય." ભગતના મુખ પર આનંદની રેખાઓ ઉપસી આવી. તે બોલી ઉઠ્યા, "સ્વામી ! તો તો અમારી ૭૧ પેઢીનો ઉદ્ધાર અમારી નજર સામે જ થઈ જાય."

સ્વામીજી સભામાં જ્યાં ઠાકોરજી પધરાવ્યા હતાં ત્યાં સુધી પાછા વળ્યા. થાળમાં જે જળ ધરાવ્યું હતું તે લોટો હાથમાં લઈને ફટાફટ પગથિયા ઉતરી ગયા. ફળિયામાં જ્યાં ફણા ખોડેલા હતા ત્યાં નજીક જઈને હાથમાં પ્રસાદીના જળની અંજલિ લઈને આંખ બંધ કરી ઊભા રહ્યા. ઉપસ્થિત ભક્તમેદની એકીટશે આ મહાપુરૂષની છબી સામુ જોઈ રહી.

સ્વામીજીએ આંખો બંધ કરીને પિતૃઓના મુક્તિના દ્વાર ખોલી નાંખ્યા. શ્રીહરિને પ્રાર્થના કરીને અંજલિનું જળ તેમનાં પર છાંટતા છાંટતા સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલ્યા અને કહ્યું, "હવે અહીંથી બદરિકાશ્રમમાં જઈને ભજન-તપ કરો. મહારાજ તમારું સહુનું સારું કરશે." આટલી

વાત કહીને કહે, ''લ્યો ! તમારો છૂટકો થઈ ગયો અને તમારા પિતૃઓનો પણ છૂટકો થઈ ગયો. હવે આ ખોદી નાંખો.'' ભગત ભારે મહિમાવાળા હતા પણ કુટુંબીઓ આડા આવ્યા. ભગતે સ્વામીજી સન્મુખ દૃષ્ટિ કરી. તેમની મૂંઝવણને સમજીને સ્વામીએ સ્વયં તેના હાથમાંથી કોદાળી લઈ લીધી અને ખાંભીઓ ખોદવા માંડી. પછી તો ભગતે કામ હાથમાં લઈ લીધું. જ્યાં સુધી બધી જ ખાંભીઓ ખોદાઈ ગઈ ત્યાં સુધી સ્વામીજી ત્યાં જ રહ્યા. શ્રીહરિના મહિમાની - બળની-સ્વરૂપનિષ્ઠાની વાતો કરતા રહ્યા અને બધા જ ફણાંઓ સાથે લઈને જતા રહ્યા.


કેટલાક કેટલાક ગુણભાવવાળા બબડ્યા પણ ખરા. કોઈને ડર પણ લાગ્યો અને કોઈ છુપાશત્રુઓ ખુશ પણ થયા. હવે ભગતડાનું આવી બન્યું. દાદો છોડશે નહિ - સૌના મનની મનમાં જ રહી ગઈ. સ્વામીજીએ શેત્રુંજીમાં ફણાં પધરાવી દીધા. આ વાતને ઉપ જેટલા વર્ષો થઈ ગયા છે છતાં હજુ સુધી એકવાર પણ કોઈ પણ પિતૃઓ ફરીને ત્યાં - કે તેના કુટુંબ પરિવારમાં ક્યાંય આવ્યા નથી. પિતૃઓ ભગતને હેરાન કરશે, એવી ક્ષુદ્ર ઈચ્છાઓ રાખનારા વાટ જોઈ જોઈને મરી ગયા અને ભગત તો તરી ગયા પણ તેના આંગણે આવેલા સંતને પ્રતાપે પિતૃઓ પણ તરી જ ગયા.

વિજ્ઞાન જગત આવી ઘટનાઓનું રહસ્ય શોધવા મથે છે. મથામણને અંતે ''સિક્સ્થ સેન્સ'' અથવા ''પેરાસાઈકોલોજીકલ પાવર'' કહીને છુટી જાય છે. પરંતુ, આ તો પરબ્રહ્મની અણિશુદ્ધ ઉપાસનાનો પાવર છે. તે વાતને ધર્મ જગતના બધા માણસો પણ નથી સમજી શકતા તો વિજ્ઞાનીઓ કે બુદ્ધિજીવીઓ તો સમજે જ ક્યાંથી ?

ગોખરવાળા ગામના વડીલ ભક્તો આજે પણ આ વાત ભૂલ્યા નથી.

બુધ્ધિશક્તિના છેડા પરની, ઘટના ઘટી ત્યાં એક,
આંગણ પધાર્યા સંતથી, તર્યા પિતૃઓ છેક.

ઘોલેરા ધામમાં
વિકાસની વાંસળીના સૂર રેલાયા



"સ્વામીજી !" અમારી એક અરજી છે, આપ આજ્ઞા આપો તો કહીએ." કહીને વરતાલ બોર્ડના એક સભ્યએ અનુજ્ઞા માંગી. પૂ. સ્વામીજીએ કહ્યું, "સહુની અરજીઓ શ્રી લક્ષ્મીનારાયણદેવ સાંભળે છે, તેમને કહો અને જો મુક્તિની અરજી હોય તો શ્રી હરિકૃષ્ણ મહારાજને કહો." આ સાંભળીને અરજીકર્તા હસી પડ્યા અને કહે, "સ્વામીજી ! એવી વાત નથી. વાત છે ધોલેરા મંદિરની. ધોલેરા મંદિરની સ્થિતિ - પરિસ્થિતિ આપને યાદ કરે છે. નંદ સંતોએ તૈયાર કરેલ બેનમૂન કાષ્ઠ કલાકૃતિ મંડિત હવેલી - સભામંડપ વગેરે સ્થાનો જીર્ણોદ્ધાર ઝંખે છે. અમારા બોર્ડની ઝંખના પણ આ કાર્ય કરવાની છે પરંતુ કરે કોણ ?"

"સ્વામીજી ! આપ અનુમતિ આપો તો તમને ધોલેરાના મહંત બનાવવા છે." "જુઓ ભાઈ ! સેવા કરવી; એ તો અમારો ધર્મ છે. મેં ચાણોદ-પીજ-ડભાણ-સુરત-મુંબઈ વગેરે મંદિરોમાં સેવા કરી છે. હરિભક્તોના સાથ સહકારથી જીર્ણોદ્ધાર અને બાંધકામના પણ ઘણા કાર્યો કર્યા છે. હવે મારે શ્રી હરિકૃષ્ણ મહારાજની નિશ્રામાં રહેવું છે. તમારી ઈચ્છા હોય તો અમારા પુરાણી શ્રી ભક્તિકિશોરદાસજીને પૂછી લ્યો."

"સ્વામીજી ! આપના સેવક છે. આપની આજ્ઞાથી તેઓ જ સેવા કાર્યો કરે છે - કરશે. આપ અનુમતિ આપો. આજ આપ ધોલેરાધામની સેવા સ્વીકારો તો અમને અતિ આનંદ થશે." ભક્તની ભાવનાથી સ્વામીજીએ અરજી સ્વીકારી તો નહિ પણ, ના પણ ના કહી. "હું અમારા પુરાણી સાથે વાત કરીને કહીશ.' આ સાંભળીને આનંદ થયો. પૂ. સ્વામીજીએ સેવક પુરાણી ભક્તિકિશોરદાસજીને કહ્યું, "ધોલેરાની આવી સ્થિતિ છે. બોર્ડનો આગ્રહ છે; આપણે ત્યાં જઈએ, કામકાજ કરવાની તૈયારી છે ?" ગુરૂદેવના આ પ્રશ્નનો જવાબ વાળતા સેવક પુરાણી સ્વામીએ કહ્યું, "જો આપ મહંત બનો, તો જે કહો તે સેવા કરીશ." પૂ. સ્વામીજીએ વિચાર્યું. શ્રીજીમહારાજે બંધાવેલું મંદિર છે. જીર્ણોદ્ધારની જરૂર છે. શ્રીજીમહારાજને આપણી પાસે એ કાર્ય કરાવવું હશે; એટલે જ આ આમંત્રણ આવ્યું હશે.

આમ, મનોમન વિચાર કરીને પૂજ્યશ્રીએ કહ્યું, "તો આપણે ધોલેરા જઈશું." વહીવટકર્તાઓને આ સમાચાર આપ્યા એટલે ગોળનું ગાડુ આવ્યું હોય એટલો આનંદ થયો. વિ.સં. ૨૦૩૨, જેઠ સુદ-૧૫, તા. ૧૨-૬-૭૬ના રોજ સર્વાનુમતિ ઠરાવ થયો. પૂજ્યપાદ્ સ્વામીજી ધોલેરા મંદિરના મહંત થયા.









નંદબાબા ધોલેરાના મહંત થયા છે એ સાંભળીને પૂ. કાનજી ભગત અતિશય પ્રસન્ન થયા. તેમના મનમાં પ્રાસાદિક ભૂમિનો અદ્‌ભુત મહિમા છે. ધોલેરાના જીર્ણોદ્ધાર માટે તેમના હૃદયમાં પણ ઘણા સમયથી વિચારો રમતા હતા. તેઓશ્રી હાર લઈને પૂ. સ્વામીજી પાસે પહોંચ્યા. હાર પહેરાવી વંદન કરીને કહ્યું , "સ્વામીજી ! ધોલેરા પધારો ત્યારે મારી સેવા સ્વીકારો." આ સાંભળીને બન્ને મહાપુરૂષો હસી પડ્યા અને અંતે ગાડી લઈને ભગતજી સ્વામીજીને ધોલેરા મૂકવા ગયા. પૂ. ભગતજી સ્વયં આજે આ પ્રસંગ યાદ કરીને જુના સંસ્મરણો વાગોળવા લાગે છે; સદ્‌ગુરૂ સ્મૃતિ મહોત્સવનું આમંત્રણ આપવા ગયા ત્યારે અમને તેનો અનુભવ થયો છે.

પૂ. સ્વામીજી ધોલેરા પધાર્યા. પૂ. કાનજી ભગત અને સેવક પુરાણી સ્વામી સાથે શ્રીમદનમોહનજી મહારાજના દર્શન કર્યા. હવેલી - સભામંડપ વગેરે પ્રાસાદિક ભવનોમાં દર્શન કર્યા અને મનોમન જીર્ણોદ્ધાર કાર્યનો ચિત્રો તૈયાર કરવા લાગ્યા. ગુરૂદેવના સંકલ્પોને મૂર્તિમંત કરવા પુરાણી સ્વામી વગેરે સેવકો કટિબદ્ધ થયા. પુરાણી સ્વામીએ ગુરૂદેવના સંકલ્પાનુસાર પ્રાસાદિક સ્થાનોના જીર્ણોદ્ધાર સાથે ઓફિસ કાર્યની જવાબદારી સંભાળી. ભજનાનંદી સંત શા. નારાયણસ્વરૂપદાસજી સ્વામી - દાદા સ્વામી જેવા સંતે પણ ભાવથી સેવા કાર્ય ઉપાડી લીધું. ખેતીવાડીનું કાર્ય પૂ. મુગટસ્વામીએ સંભાળ્યું. પૂ. સ્વામીજીને મહંતપદ મળે એટલે તેઓ સદૈવ પ્રસન્ન થતા. કારણ કે પૂ. સ્વામીજીના અભિન્ન અંગ સ્વરૂપે સાથે રહીને સેવા કરવાનું તેમને લગભગ વ્યસન જ પડી ગયું હતું. હા, સેવા કરવાની ટેવ જરૂર પડી ગયેલી પણ ધોલેરાની

સેવા ખરેખર કસોટી સમાન હતી. સાધન-સુવિધાના અભાવમાં પણ સેવામાં કસર ન રહે, તે ઘણું અઘરું કાર્ય હતું છતાં સહુ રાત્રિ-દિવસ એક કરીને સેવામાં લાગ્યા. સહુ સહુની સેવામાં લાગ્યા એટલે સુરતથી પાર્ષદ થયેલા નાના સેવક વિનુભગતને ગુરૂદેવની સેવાનો લાભ મળવા લાગ્યો.

એક દિવસ પૂ. સ્વામીજીએ સાદ કર્યો, "પુરાણી! એ પુરાણી!" આવ્યો ગુરૂજી કહેતા પૂ. પુરાણી સ્વામી હાજર થયા. પૂ. સ્વામીએ કહ્યું, "જુઓ, આ જેઠ મહિનો પૂર્ણ થવા આવ્યો છે. વરસાદ શરૂ થાય તે પહેલા સંપૂર્ણ ચોમાસુ કામ ચાલે એવી ગોઠવણ કરી લેજો. લાકડા વગેરે સામાન ભેળો કરી લેજો. કારણકે, આપણે અહીં ઝાઝું રહેવું નથી અને કામ અધૂરું મૂકવું નથી.

પૂ. પુરાણી સ્વામી ગીતા-ભાગવત-સત્સંગિજીવનના પ્રત્યેક શ્લોકના અર્થ સાથે કથા કરતા; એવા સક્ષમ વક્તા હતા છતાં ગુરૂ આજ્ઞાથી વ્યવહાર કરતા. ગુરૂદેવના આશીર્વાદથી શાસ્ત્રોની જેમ વહીવટમાં પણ તેમની પક્કડ સારી હતી. તેમણે એવી વ્યવસ્થા કરી કે, જાણે સ્વપ્ન ચાલતું હોય એટલે ઝડપથી મંદિરના જીર્ણોદ્ધારના કાર્યો થવા લાગ્યા. સવાર-સાંજ પૂજ્યપાદ્ સ્વામીજી સ્વયં નિરીક્ષણ કરવા પધારતા. પૂ. પુરાણી સ્વામીતો રાત્રિ-દિવસ એક કરીને સતત સખત મહેનત કરવા લાગ્યા. દિવસે કામ કરનારા માણસો સાંજે છૂટી જાય અને રાત્રે કામ કરનારા માણસો કામે લાગે પણ પુરાણી સ્વામીની દેખરેખ સતત એક સરખી રહે. સાથે ઓફિસ કાર્ય પણ ખરૂં જ.



સભામંડપનું કાર્ય પૂર્ણ થયું. આચાર્ય મહારાજના મેડાનું કાર્ય પૂર્ણ થયું. આવતા-જતા યાત્રાળુઓના દીલ ઠરવા લાગ્યા. ગઢડા-સારંગપુર જતા યાત્રાળુઓની ધોલેરામાં અવર-જવર વધવા લાગી. અત્ર-તત્ર સર્વત્ર ધોલેરાધામના વિકાસના વખાણ થવા લાગ્યા.

આમ પૂર ઝડપે કાર્ય ચલાવતા ખૂબ જ ટૂંકા સમયમાં ધોલેરા ધામમાં વિકાસની વાંસળી ગૂંજવા લાગી. **સભામંડપનું કાર્ય પૂર્ણ થયું. આચાર્ય મહારાજના મેડાનું કાર્ય પૂર્ણ થયું. આવતા-જતા યાત્રાળુઓના દીલ ઠરવા લાગ્યા. ગઢડા-સારંગપુર જતા યાત્રાળુઓની ધોલેરામાં અવર-જવર વધવા લાગી. અત્ર-તત્ર સર્વત્ર ધોલેરાધામના વિકાસના વખાણ થવા લાગ્યા.** પૂ. સ્વામીજીએ સેવક પુરાણી સ્વામીને બોલાવીને કહ્યું. ''કામ ધીમું ન પડી જાય, તેનું ધ્યાન રાખજો અને ઉતાવળમાં બગાડતા પણ નહિ.'' ''સ્વામી ! આપની અનુકંપાથી બધું જ યથાવત્ ચાલશે તો એકાદ મહિનામાં હવેલી જીર્ણોદ્ધારનું કાર્ય પણ પૂર્ણ થઈ જશે.'' ''સરસ...સરસ'' કહીને સ્વામીજી ઉતારે ગયા. ચરણ ચંપી કરી રહેલા સેવક પાર્ષદ વિનુ ભગત સાથે ગોઠડી કરી. ત્યાગી જીવનને લગતા થોડા પ્રશ્નો પૂછ્યા અને તેના ઉત્તરના આધારે વિનુ ભગતને દીક્ષા આપવાનો નિર્ણય કર્યો.

ચૈત્રી સમૈયામાં સહુ વરતાલ આવ્યા. વિ.સં. ૨૦૩૨ ચૈત્ર સુદ-૧૧ એકાદશીએ પાર્ષદ વિનુભગતને દીક્ષા આપી. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે ગુરૂ મંત્ર આપ્યો. પૂ. સ્વામીજીએ ભગવા વસ્ત્ર સાથે ''ઘનશ્યામપ્રકાશદાસ'' નામ આપ્યું. લાડલા સેવકને પૂ. સ્વામીજીએ સાથે જઈને વરતાલ ડેરામાં દર્શન કરાવ્યા. વરતાલ વિહારીની સમક્ષ એક-બે નિયમો આપ્યા. અક્ષરભુવન હરિમંડપમાંથી નંદ સંતોના આસને જતા રસ્તામાં ઓફિસમાં ઊભા ઊભા કંઈક વાત કરી આવ્યા. નંદ સંતોના આસને દર્શન કરીને આવતા હતા ત્યાં કોઈએ કહ્યું - ''નંદબાબા'' સભામાં પધારો. પૂ. સ્વામીજીએ કહ્યું, ''સાંજની સભામાં આવશું અને આ પ્રવચન કરશે.''



ઉતારે જતા જતા સેવકે કહ્યું, ''તમે પ્રવચન આપો છો પણ મને પ્રવચન ક્યાં આવડે છે ?'' ''અરે ! આ વરતાલ વિહારી

શ્રી હરિકૃષ્ણ મહારાજ સર્વોપરી છે, સર્વ અવતારના અવતારી છે. આત્યંતિક કલ્યાણના દાતા છે. એટલું ના આવડે ?'' ''આવડે ને ગુરૂદેવ !'' કહેતા સેવકે ઉત્તર વાળ્યો. તે સાંભળીને પૂજ્ય સ્વામી કહે - એ જ પ્રવચન કહેવાય.'' વાત વાતમાં શિક્ષા પ્રદાન કરતા ગુરૂદેવની આજ્ઞાનુસાર નાના સાધુ શ્રીઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી પ્રથમવાર વરતાલ સભામંડપમાં આવ્યા. દીક્ષા બાદ તેમની આ પ્રથમ સભા હતી. પ્રથમ સભામાં પ્રથમ પ્રવચન કર્યુ ત્યારે તાળીઓનો નાદ થયો. નંદબાબાનો સાધુ જબરો છે. એમ વાતો કરવા લાગ્યા. દેવ દર્શન કરીને ઓફિસે પધારેલા અનાદિ મુક્તરાજ નારાયણ મામાને લઈને કો. રામસંગ ભગત પણ સભામંડપમાં આવ્યા. મામાના હાથમાં મોટો ગુલાબનો હાર આપ્યો. મામાએ નવા સંતના કંઠમાં હાર પહેરાવીને પૂ. નંદસ્વામીની સામું જોઈને કહ્યું. ''આ તો બહુ મોટા સાધુ થશે.'' એમ કહીને સહજ સ્વભાવે મંદ મંદ હસ્યા.

આ વાત નવા સ્વામીએ પોતાના ગુરૂદેવ શ્રીનંદકિશોરદાસજી સ્વામીને કહી. મોટા મોટાની રીતને જાણતા હોય. તેમના અંતરમાં ટાઢું થયું. તેઓશ્રીએ સાધુ જીવનમાં ભગવત્પ્રાપ્તિમાં મોટા પુરૂષોના મહિમાની થોડી વાતો કરીને દીક્ષા દિનને ચિરસ્મરણીય બનાવી દીધો.

બીજા દિવસે સવારે સમંડળ ધોલેરા પધાર્યા. દેવ દર્શન કરીને પારણા કરવા બેઠા. એકાદશીના પારણા કરીને ઉભા થતાં થતાં બોલ્યા, ''પુરાણી ! તમે અહીં રહો. હું આ સાધુ સાથે વરતાલ જાવ છું; અહીંનું કામ પૂર્ણ થયું છે, હવે આપણે વરતાલ જ રહીશું. તમે ચાર્જ સોંપીને આવજો.'' આટલું કહીને પૂજ્યશ્રી પુનઃ વરતાલ પધાર્યા અને સં. ૨૦૩૩ - ચૈત્ર સુદી-૧૪, તા. ૩-૪-૧૯૭૭ના રોજ ઠરાવ નં. ૮ થી ધોલેરાની સેવામાંથી નિવૃત્ત થયા.





ચારધામની યાત્રાએ પૂ. સ્વામીશ્રી

"આજ આપણે ધોલેરામાં જે કાર્ય માટે આવ્યા હતા તે કાર્ય પૂર્ણ થયું છે. જીર્ણોદ્ધારની સતત દેખરેખ રાખતાં રાખતાં તમારી તબિયત પણ નાદુરસ્ત રહે છે; હવે આપણે વરતાલ રહીશું. હું આ નાના સાધુ ઘનશ્યામપ્રકાશને લઈને વરતાલ જાવ છું; તમે ચાર્જ સોંપીને આવજો" આટલું સેવક પુરાણીશ્રી ભક્તિકિશોરદાસજી સ્વામીને કહીને પૂ. સ્વામીજી તા. ૨૮-૨-૧૯૭૭ના રોજ વરતાલ પધાર્યા. આ દિવસો ચૈત્રી સમૈયાના હતા. આ સમૈયામાં દેશ-દેશાંતરના ભક્તજનોની ભીડ હોય પણ નંદબાબાના દરબારમાં કંઈક અલૌકિક વાતાવરણ હોય.

પૂજ્યશ્રીના આસને મોટા મોટા માંધાતાઓ મહિમાથી મસ્તક ઝુકાવવા આવતા હોય; એમાં પણ સુરતના ભક્તો વિશેષ હોય. સુરતના અગ્રણી શ્રેષ્ઠી અને પૂજ્ય સ્વામીજીના કૃપાપાત્ર ભક્તરાજ શ્રી શાંતિલાલભાઈ રાણા આવ્યા. સદ્‌ગુરુના ચરણોમાં મસ્તક મેલીને મનની વાત કરી. "સ્વામી ! રાજી થઈને રજા આપો તો એક વાત કરું." "એક નહિ બે કહોને ભાઈ !" કહીને પૂ. સ્વામીજી હસી રહ્યા છે ત્યાં જ શાંતિલાલભાઈએ શાંતિથી વાત શરૂ કરી. "સ્વામીજી ! આપે આ સત્સંગની ખૂબ સેવા કરી છે. તેથી મારે આપની એક સેવા કરવી છે." અરે ભાઈ ! અમારે ક્યાં કંઈ સેવાની જરૂર છે. શ્રીજી




મહારાજની દયાથી સર્વ રીતે અનુકૂળતા છે.''

સ્વામીજી ! સાંભળો તો ખરા. મારે તમને ચારધામની યાત્રા કરાવવી છે. છપૈયા-વૃંદાવન-મથુરાની યાત્રા કરાવવી છે. એ જમાનામાં આ યાત્રા જીવનમાં એકાદવાર ભાગ્યશાળીઓ જ કરી શકતા. એટલે રાણાએ કહ્યું, ''સ્વામીજી ! અમારા ભાગ્યમાં તો આજકાલ એ યાત્રાના એંધાણ દેખાતા નથી. પણ આપ જો યાત્રાએ પધારો અને મને એ સેવાનો લાભ આપો. અમારે પણ યાત્રા થઈ જાય અને એમાં મને હું યાત્રા કરું તેથી પણ વધુ આનંદ થશે.'' પૂ. સ્વામીજીએ ભક્તની ભાવનાનો સ્વીકાર કરતી સૂચક દૃષ્ટિ સેવક નાના સાધુ પર કરી. નવા નવા સાધુ થયેલા પૂ. શાસ્ત્રીજી સ્વામીએ ગુરૂદેવની મરજી જાણીને કહ્યું, ''ગુરૂજી ! આપની મરજી હોય તો ભગતની અરજી સ્વીકારી લો.''

પૂ. સ્વામીજીએ યાત્રાની અરજી સ્વીકારી. રાણા રાજી રાજી થઈ ગયા. તડામાર તૈયારી કરીને ચારધામ યાત્રાએ પધાર્યા.


યાત્રાનો પ્રથમ મુકામ શામળાજીમાં થયો. પૂજ્યશ્રી નંદકિશોરદાસજી સ્વામીએ સેવકનું કાંડુ પકડીને કહ્યું, ''આપણે જે શામળાજીના દર્શને જઈ રહ્યા છીએ તે શામળાજી ભગવાન સ્વયં યોગીરાજ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે રમવા જતાં. શ્રીજી મહારાજનો મહિમા અપરંપાર છે એટલું નહિ તેમના અનાદિ મુક્તોનો મહિમા પણ અગાધ છે.'' અનંત જન્મોની સાધનાથી



જે વાત ન સમજાય તે વાત સદ્‌ગુરુએ સેવકને યાત્રાના માધ્યમે સમજાવી. આ યાત્રા હતી કે જીવનયાત્રાની માર્ગદર્શિકા; એ તો યાત્રાળુઓ જ જાણતા હતા. જેમના પગલે તીર્થ સર્જાય એવા મહાપુરૂષોની તીર્થયાત્રામાં ઘણા રહસ્યો હોય છે, જે સમજવાની શક્તિ કે ભક્તિભરી દૃષ્ટિ બધા પાસે નથી હોતી. અસ્તુ.

જ્યારે પુષ્કર પહોંચ્યા ત્યારે બ્રહ્માજીની કથા કહીને સત્ય અને ચારિત્ર્યનો મહિમા સમજાવ્યો. જગત્સૃષ્ટા બ્રહ્મા પણ જો ખોટું કરે તો તેને તેનું ફળ ભોગવવું પડે છે. આપણે મહારાજની આજ્ઞા પાળીએ એટલે દુઃખમાત્ર જાય અને સુખમાત્ર મળે. આમ જ્ઞાનગંગા વહાવતા વહાવતા પૂ. સ્વામીજી હરિદ્વાર પધાર્યા. રમ્યઘોષા ગંગામાં સ્નાન કર્યું. ઋષિકેશ પધાર્યા. હિમાલયની આ પ્રથમ યાત્રાએ સત્સંગિજીવનની કથાની સ્મૃતિ કરાવી દીધી. અહીંથી પૂ. નંદસ્વામીજી - પૂ. ભક્તિ સ્વામી (નારગોલવાળા) પૂ. શાસ્ત્રીજી સ્વામી વગેરે એ પોતાનું વાહન છોડીને ચારધામની વાટ લીધી. નવ-નવ દિવસ હિમાલયની દિવ્ય ભૂમિમાં વિચર્યા. યમુનોત્રી-ગંગોત્રી-કેદારનાથ અને બદરિનાથનાં દર્શન કર્યા. આ યાત્રાના સંસ્મરણો જ એક નાનકડી પુસ્તિકાની જગ્યા રોકે; એટલા છે અને એવા રોચક પણ છે. છતાં આપણે સ્થળ સંકોચના કારણે એમાં ઊંડા નહિ જઈએ.

આ યાત્રામાં એક અદ્‌ભુત પ્રસંગ બન્યો. છપૈયા પહોંચ્યા. છપૈયામાં ગૌઘાટ પહોંચ્યા. ગૌઘાટ પર જ્યાં બાળ ઘનશ્યામ ગાયો ચરાવતા ત્યાં



પહોંચ્યા. બહુધા તીર્થોમાં તેનો મહિમા સમજાવતા પૂ. સ્વામીજી અહીં મૌન હતા. જેવા ગૌઘાટ પહોંચ્યા એટલે દંડવત્ કરવા લાગ્યા. પ્રેમચંદભાઈ રાણાનો પુત્ર નાનો ઘનશ્યામ જોઈ રહ્યો. અહીં કોઈ મંદિર નથી, ડેરી પણ નથી અને આ સ્વામીજી દંડવત્ કોને કરે છે ! તે બાળસહજ કુતૂહલતાથી જોઈ જ રહ્યો. ક્ષણવારમાં તેની આંખો ચાર થઈ ગઈ. પૂજ્યશ્રી નંદકિશોરદાસજી સ્વામી દંડવત્ કરતાં કરતાં એ ઉબડ-ખાબડ ભૂમિમાં આળોટવા લાગ્યા. ઘનશ્યામે પૂછ્યું, "સ્વામીજી ! શું કરો છો ? અરે દીકરા - ભૂમિમાં આપણા ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ આમ જ આળોટતા હતા. આ ભૂમિનાં દર્શન કરવા કરતાં પણ વધુ આનંદ આ પ્રસાદિની ધૂળમાં આળોટવાનો આવશે. અનુભવ કરી લે. બધુ જ મળશે પણ આ ભૂમિ વારે વારે નહિ મળે."


આ પ્રસંગના સાક્ષી ગુરૂવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી ઘણી વાર આ અલૌકિક પ્રસંગને યાદ કરીને કહે છે કે, "હું જ્યારે જ્યારે વાંચું અથવા સાંભળું કે, મહાપુરુષો જીભથી જ નહિ, જીવનથી પણ ઉપદેશ આપે છે, ત્યારે ત્યારે મારી નજર સમક્ષ ગૌઘાટનો આ પ્રસંગ ખડો થઈ જાય છે. આ યાત્રાની સ્મૃતિ ગાથામાં આ પ્રસંગ મને સૌથી વધુ હૃદયમાં સ્પર્શી ગયો છે. હું હજી નવો નવો સાધુ થયેલો અને પૂ. ગુરૂદેવ સાથે ચારધામ છપૈયા-અયોધ્યા-કાશી-મથુરા-વૃંદાવનની યાત્રાએ ગયેલો. આ યાત્રા મારી જીવનયાત્રાની ચિરંતન સ્મૃતિ છે."



સમસ્યાથી સમાધાન સુધી

આ સંસાર સ્વયં એક સમસ્યા છે. World is puzzle itself. સમસ્યાનો સામનો કરવાનું કોઈને પસંદ નથી પડતું છતાં સર્વની સામે સમસ્યા આવે જ છે. દશરથની સામે સમસ્યા આવે છે. દેવકી-વસુદેવની સામે આવે છે. ધર્મ-ભક્તિની સામે આવે છે એટલું જ નહિ સ્વયં ભગવાન આ પૃથ્વી પર પધારે છે ત્યારે તેમની સન્મુખ જવાની હિંમત પણ આ સમસ્યામાં છે. આપણા જેવા સામાન્ય માનવીઓ તો પલપલ હરપલ નાની-મોટી, સાચી-ખોટી, સારી-નરસી સમસ્યાનો ભોગ બનતા હોય છે. જેના જીવનમાં કોઈ જ સમસ્યા ન આવી હોય તેવો માનવ મળવો મુશ્કેલ જ નહિ અસંભવ છે.

હા, આ વાત તો જન સામાન્ય માન્ય સત્ય તથ્ય છે છતાં આપણી આસપાસ કોઈવાર માનવીય ક્ષમતાના સીમાડાને ઉલ્લંઘીને સમસ્યાના શિર પર પગ મૂકનારા અલૌકિક પુરુષો પણ હોય છે. આપ સહુને આશ્ચર્ય થશે પરંતુ આ વાત સત્ય છે. જે પુરુષ, પુરુષોત્તમનારાયણને સાથે રાખે છે; સમસ્યા હંમેશા તેનાથી દૂર જ રહે છે. આપણે જેટલા પ્રયત્નો સમસ્યા દૂર કરવા માટે કરીએ છીએ એટલા જ પ્રયત્નો ભગવાન શ્રીહરિની મૂર્તિ ધારવાના કરીએ; તો સમસ્યા આપણી પાસે તો ન જ આવે; પણ આપણે



જ્યાં જઈએ ત્યાંથી પણ સમસ્યા જતી રહે. આ વાતને સમજવા વરતાલના બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુશ્રી નંદકિશોરદાસજી સ્વામીનું નામ કોઈની પાસે લેજો. તુરંત પ્રતિભાવ મળશે, તેઓ તો ઓલિયા પુરુષ હતા. તેમના હાથમાં તો યશરેખા હતી. જ્યાં, જ્યારે, જે કામ હાથમાં લે તે પૂર્ણ જ થાય. હા, એ વાત સત્ય છે પણ તેની પાછળનું મૂળ કારણ જશરેખા નહિ જગદીશ્વર સાથેનો અતૂટ સંબંધ છે.

અને હા, ભગવાન એવા દયાળુ છે કે, પોતાના ભક્તની સામે આવતી સમસ્યાને પોતાના માથે લઈ લે છે પરંતુ ભક્તને ભય આવવા દેતાં નથી. જ્યાં સુધી આપણે શ્રીહરિનો અખંડ સંબંધ ન કેળવીએ ત્યાં સુધી આ વાત ગળે ન ઉતરે પણ આસ્થાવાળા મુમુક્ષુઓને પ્રેરણા અને ઉર્જા પ્રાપ્ત થાય; એટલા માટે એક પ્રસંગ જોઈએ.

મુંબઈમાં ભૂલેશ્વરમાં આપણું મંદિર છે. ભારતની આર્થિક રાજધાનીમાં સંપ્રદાયની કીર્તિધજા ફરકતી જોઈને સત્સંગીઓ ગર્વથી માથું ઊંચું રાખીને ચાલતા. દેવ-મંદિર પ્રત્યે મમત્વના કારણે મંદિરના વિકાસમાં શેઠિયાઓને પેઢીના વિકાસ કરતા પણ વધુ આનંદ આવતો. મીઠાઈવાળા શેઠ, બાખડા, વડોદરિયા, કલાનિકેતન - હિરાભાઈ; આ બધાના અંતરમાં આનંદનો ચંદ્રમા સદૈવ ખીલેલો રહેતો પરંતુ ચંદ્ર જ્યારે પૂર્ણકલાએ ખીલી ઉઠે છે ત્યારે ક્યારેક તેને રાહુ રૂપી સમસ્યાનો સામનો

કરવાનો અવસર આવે છે.

ભૂલેશ્વરને ભૂલી જજો. ભૂલે પણ ભૂલેશ્વરનું નામ ન લેતા. વરતાલથી તાર આવ્યો પણ તાલ જામ્યો નહિ. હરિભક્તોના પ્રશ્નોના ઉત્તર વહીવટકર્તાઓ પાસે ન હતા. કળ-બળથી કામ લેવાના પ્રયત્નો પણ આસ્થા પર થયેલા આઘાતને રૂઝવી ન શક્યા. દિવસે દિવસે વાત ફેલાતી ગઈ. સત્સંગના ચંદ્રને સમસ્યાનું ગ્રહણ આવ્યું. કાયદાનું શસ્ત્ર ઉગામતા પહેલાં વિચાર કરજો. સો વાર વિચારજો અને હા, ધર્મને આગળ કરીને ઈમોશનલ બ્લેક મેઈલીંગ પણ ના કરશો અને કરશો તો ફાવશો નહિ. ધર્મના સ્થાનમાં ધતીંગ થાય તે ભૂલેશ્વરમાં ભૂલથી પણ નહિ ચાલે. ભૂલેશ્વર મંદિરમાં કંઈક ભૂલ થઈ ગયેલી કે, ભક્ત સમાજ તેને ભૂલવા તૈયાર ન હતો. લોક જુવાળ સંઘર્ષના રસ્તે જઈ રહ્યો હતો. ચતુર અને ધીર પુરુષોએ લોક જુવાળને લગામ લગાવવા વરતાલ વાત પહોંચાડી. વરતાલથી તાર આવ્યો પણ કંઈ તાલમેલ બેઠો નહિ. આક્રમક બનેલા ભક્તો બેઠક કરવા પણ તૈયાર ન થયા. અને જે વાત કરવા જાય તેની સામે પ્રશ્નોની ઝડી વરસાવે. એ પ્રશ્નો પણ એવા હતા કે, જેમ ઊંડા ઉતરીએ તેમ વધુ ગૂંચવાઈ જઈએ. કેટલાક બુદ્ધિજીવી સક્ષમ વ્યક્તિઓએ સમસ્યાને પકડી પાડવા હરણફાળ ભરી પણ નટખટ સમસ્યા ઝાંઝવાના જળની જેમ પકડાણી જ નહિ. અંતે અગ્રણી સત્સંગીઓએ વરતાલ વાત કરી. કોઈ એવા સાધુને અહીં મૂકો. જે આ સમસ્યાનો કંટ્રોલ કરી શકે. ભલભલા ટ્રબલ શૂટરોના હાથ જ્યાં હેઠા પડ્યા હોય ત્યાં...? ત્યાં કોને મૂકવા ? બે-ચાર નામ નજર સમક્ષ આવ્યા. પરંતુ તેઓએ કહ્યું કે, ''અમે ભૂલેશ્વર જવાની ભૂલ નહિ કરીએ. સળગતું કોકડુ અમને ના પધરાવો'' કહીને સહુએ હાથ ઊંચા કરી દીધા.

આ સમસ્યાનું સમાધાન શોધતાં શોધતાં ટ્રસ્ટી બોર્ડની નજર પૂજ્ય કોઠારી સ્વામીશ્રી નંદકિશોરદાસજી સ્વામી પર પડી. પૂજ્ય સ્વામીજી ચુસ્ત આચાર્યપક્ષના હતા છતાં જ્યારે કોઈ જ ઉપાય જ ન રહ્યો ત્યારે બોર્ડે પૂ. સ્વામીજીને મુંબઈ મૂકવાનો નિર્ણય લીધો. સ્વામીજીના નામનો પ્રસ્તાવ અગ્રણી ભક્તોએ સહર્ષ સ્વીકારી લીધો; પણ ઘણા આક્રમક સ્વભાવના સત્સંગીઓ કંઈ સાંભળવા - માનવા તૈયાર જ ન હતા. જે આવે તેને જોઈ લઈશુંના નારાઓ લગાવતા રહ્યા. એવામાં વરતાલથી મોરછાપ સાથે પૂજ્યપાદ્ સ્વામીજી મુંબઈ પધાર્યા. ધીર ગંભીર સ્વભાવ, સહજ સ્મિત વેરતો

ચહેરો, હેતાળ અને રસાળ વાણી; જે જે તેઓની સન્મુખ આવે તે પાણી-પાણી થઈ જાય. આક્રોશની આગ પર આત્મીયતાના અમી વરસે. સત્સંગમાં શાંતિની લહેર ફરી વળી. મંદિરના રોજિંદા કામકાજની જવાબદારી પુરાણી શ્રી ભક્તિકિશોરદાસજી સ્વામીએ સંભાળી લીધી. વહીવટી સૂઝબૂઝમાં વયોવૃદ્ધ અને અનુભવી પૂ. શા. નારાયણસ્વરૂપદાસજી સ્વામી - પૂ. શ્રી વૈકુંઠસ્વામી વગેરેની કોઠાસૂઝ કામ લાગી. પૂજ્ય લક્ષ્મીપ્રસાદસ્વામીને પણ કેમ ભૂલી શકાય ? આ સહુ સંતો સ્વામીજીના હાથપગ બની જતા.

પૂ. સ્વામીજી મહંત થઈને આવેલા પણ સેવક થઈને રહેતા. હરિભગત આવે એટલે નાસ્તા-પાણી સ્વયં કરાવે. વહેલા-મોડા આવે તો સ્વયં રસોઈ કરીને જમાડે. ઉતારા કરાવે અને છેલ્લે સત્સંગની થોડી વાતો પણ કરે. આટઆટલું કરવા છતાં કોઈ કંઈ બોલી જાય તો તેની કોઈ ચિંતા પણ નહિ. હસીને ફરી સેવા-સ્મરણમાં લાગી જાય. લોકો જાણે કે, આ મહંત સંત આપણી સેવા કરે છે પણ મહંત જાણતા કે; આ મારા ઈષ્ટદેવના આશ્રિતો છે. રાત્રિ-દિવસ તેનું નામ જપે છે; મારા ધણીના લાડલા ભક્તોની સેવા મારા ભાગ્યમાં ક્યાંથી ? આવી ઉચ્ચતમ ભાવનાથી સેવકો-ભક્તો ના પાડે છતાં સ્વામીજી સેવા કરે. સહુના અંતરમાં રહેલા અંતર્યામી પરમાત્માએ પ્રેરણા કરી. ''આ મારા પ્રિય સંત છે, એમની આજ્ઞામાં રહીને સત્સંગ કરો, મંદિરનો વિકાસ કરો.'' અંતર્યામીની પ્રેરણાથી સહુને આ સંત પુરુષના વચનમાં વિશ્વાસ આવ્યો. ખૂબ અલ્પ સમયમાં વિવાદ-વિખવાદના વાદળો વિખાય ગયા અને સત્સંગનો ચંદ્ર પુનઃ ષોડશકલાએ ખીલી ઉઠ્યો. આમ, એક સહજાનંદનિષ્ઠ સંતપુરુષના પગલાથી સમસ્યાનું સમાધાન થયું છે. તે સત્ય હકીકત છે. જો આપણે સમસ્યાઓથી ઘેરાયેલા હોઈએ તો ભગવાનને રાખતા શીખીએ તો સમસ્યાને દૂર કરવાની સમસ્યા હલ થઈ જશે.

અજાતશત્રુ સ્થિતપ્રજ્ઞ સૌમ્ય
ઝંખી રહ્યા બ્રહ્મચર્યે જ બ્રહ્મ,
નિષ્કામ ચર્યા નીરખી તમારી
પ્રત્યક્ષ ગીતા જીવતી નિહાળી.

— ઉમાશંકર



જીવન પરિવર્તન

संत एव हि जीवानां सद्य संसृति मोचकाः ।
क्षुद्रोऽपि स्वामिनः संगत् सद्यः साधुरिवाभवत् ॥

આપણે જે મહામુક્તના જીવન પ્રસંગો માણી રહ્યા છીએ તેઓ જીભથી નહિ જીવનથી વાતો કરતા. હોઠથી નહિ હૈયાથી બોલતા. તેઓ બોલતા તેના કરતાં વધુ તેમનું વર્તન બોલતું. પૂજ્યશ્રી જીવાત્માઓના શ્રેય અર્થે વાણીનો ઉપયોગ બહુ ન કરતા. એમની જીહ્વા સદૈવ "સ્વામિનારાયણ" મંત્ર રટણમાં મગ્ન રહેતી. છતાં જીવાત્મા પર દયા કરીને ક્રિયાત્મક રીતે હિતશિક્ષા દીક્ષા આપતા પણ ખરા. અહીં એક પ્રસંગ માણીએ. જેનાથી તેમની ઉપદેશ પદ્ધતિ - સાધુતાની શક્તિ અને ભગવદ્‌ભક્તિનો પ્રભાવ નજર સમક્ષ ઉપસી આવશે.

પૂ. સ્વામીજી મુંબઈ - શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂલેશ્વરના મહંત થયા. તેમના આગમનથી સમસ્યાનું સમાધાન મળ્યું તેથી ભક્ત સમાજમાં પરસ્પર આત્મીયભાવોનો સુદૃઢ સેતુ રચાયો. પરંતુ એક બીજી સમસ્યા ઊભી થઈ.

પૂ. સ્વામીજી જેવા પરમ ભાગવત પુરુષના પગલાથી સમસ્યા ઊભી થાય; એ વાત કોઈના માન્યામાં ન આવે એવી હોવા છતાં પણ સત્ય છે. સમસ્યાનું સ્વરૂપ જાણશો તો તમારા મનમાં પણ હા પડી જશે; કે આ સમસ્યા સ્વામીજીના કારણે જ ઊભી થયેલી.

પૂ. સ્વામીજી ત્યાગી - વિતરાગી હોવા છતાં અનુરાગી પણ હતા. દેવમંદિરની સ્થાવર-જંગમ મિલકત કે નાની મોટી કોઈ વસ્તુનો બગાડ તેમની ઉપસ્થિતિમાં થાય જ નહિ. કામ વિના બાથરૂમમાં ઝીરોનો બલ્બ પણ ચાલુ રાખી ન શકાય. રૂમમાંથી બહાર જતી વખતે પંખો-લાઈટ ચાલુ ના જ રાખવા; તેવો ચુસ્ત આગ્રહ અને છતાં કોઈ જો ચાલુ રાખે તો બિલકુલ ક્રોધ કર્યા વિના સ્વયં સ્વહસ્તે બંધ કરી દેવાનો સ્વભાવ. આ સ્વભાવના પ્રભાવથી તેમના મંડળમાં દેવદ્રવ્ય - મિલકતની માવજતના સદ્‌ગુણો ઉતરેલા.

ભૂલેશ્વર મંદિરની ઘણી મિલકત ભાડે આપેલી. ભાડુઆતોએ ભેળાં મળીને એક સંગઠન ગઠન કરી લીધેલું. તેથી વાત-વાતમાં વહીવટ કર્તાઓને દબાવીને ધાર્યું કરાવી લેતા. છેલ્લા ત્રણ-ચાર મહિનાથી કોઈનું કામ જ નથી થયું. એ વાત સંગઠનના સરદાર પાસે ગઈ. સરદારે પોતાની તાકાતની અસરદાર રજુઆત કરવાનો આદેશ આપ્યો. સૌ મળીને સ્વામીજી પાસે આવ્યા. સ્વહિતની વાત કરીને પછી સંગઠનના નેતાની શક્તિના વખાણ કર્યા. પૂ. સ્વામીજી હસીને કહે. તમારા નેતાની જવાબદારી તમારૂ હિત કરવાની છે તેનાથી વધુ મારી જવાબદારી મંદિરનું હિત કરવાની છે. માટે મંદિરને ઘસારો આવે તેવી કોઈ વાત લઈને મારી પાસે આવવું જ નહિ.

પૂ. સ્વામીજીના આ શબ્દોએ બીજી સમસ્યાના બીજને પાણી પાયું. ભલભલાને પાયધુનીનું ખારું પાણી ચખાડી દે તેવા આ સંગઠનના સરદારનો અહં છંછેડાયો. ભાડુઆતના પ્રશ્નો રહ્યા બાજુ પર અને વાત અંગત વટ પર ચડી ગઈ. તેણે નવા નવા મહંતને સમજાવવા અગ્રણી ભક્તોને ઘણો આગ્રહ કર્યો. ભક્તોએ સમાધાનની ફોરમ્યૂલા ઘડીને સ્વામીજીને આપી પણ જો માને તો તે નંદસ્વામી ન હોય. ''હું ક્યાં અહીં રહેવા આવ્યો છું, ભગવાનની ઈચ્છા હશે ત્યાં સુધી રહીશ, પછી વરતાલ જતો રહીશ પણ મારા હાથે દેવને ઘસારો તો નહિ જ આવવા દઉ.'' હરિભક્તો પૂ. સ્વામીજીની આ અડગ દૃઢતાથી મૂંઝાયા. કોઈએ કહ્યું. આ શહેર છે. અહીં લેટ ગો કરવું પડે. લીબરલ થવું પડે. મારા ગુરુ ૧૦-

નિર્ભય બ્રહ્મવિત પુનિત, ક્ષમાવાન ને સરલ ચિત્ત ।
સમર્થ સત્યવાદી સરેશ, એવા સંતને નામું હું શીશ ॥

(ભ.ચિ. ૨/૧૨)



૧૦ વર્ષ સુરત શહેરમાં મહંતપદે રહ્યા છે; એટલે એ વાત રહેવા દો કહીને પૂજ્ય પુરાણી ભક્તિકિશોરદાસજીએ તેમને વચ્ચે જ ટોકીને બોલતા બંધ કર્યા.

બટક બોલા ભગતની કમાન છટકી. તે ઊભા થતાં થતાં કહે, તો પછી તમે જ આ ઝઘડો ઉકેલી નાંખજો. એક વાત કાબુમાં લીધી એટલે તમને મદ ચડી ગયો છે પણ તે તો અમે ભગતડા હતા એટલે માની ગયા. આ તો કંઈ ભગત નથી. બધાનો બાપ થાય એવો છે, કહેતા કહેતા જતાં રહ્યા.

સભા શૂન્ય થઈ ગઈ છતાં સ્વામી પોતાની વાત પર અડગ રહ્યા. ''ભગવાનની ઈચ્છા હશે તે થશે'' એમ કહેતા - બોલતા સહુ છૂટા પડ્યા. સંગઠનના સરદાર આગળ હાથ ઊંચા કરી દીધા. ''तूम जानो और स्वामीजी जाने'' કહી દીધું. ''अब तूम लोग बीचमें मत आना'' કહેતા કહેતા તે તેની બેઠક પરથી ઊભો થઈ ગયો. અને મંદિરની મુખ્ય ઓફિસમાં પહોંચી ગયો. કસાઈવાડે ગયો હોય તેવી વાણી અને ખાટકી જેવો ક્રૂર. અપશબ્દોનો વરસાદ

વરસાવતો સૌમ્યમૂર્તિ પૂ. સ્વામીજી પાસે પહોંચ્યો. ઈન્સાફની વાતો કરવા લાગ્યો. ''मंदिर की रोटी से पेट नही भरता क्या ? क्युं हमारे काम में टांग अडाता है। टांगे तोड दूँगा।...આગળ જે બોલ્યો તે તો લખી ન શકાય એટલું અભદ્ર બોલ્યો. ઉપસ્થિત સહુનું લોહી ઉકળી ગયું પણ તેની દાદાગીરી સામે સહુ લાચાર હતા. આ ભાડુઆતનો સરદાર ભાંડતો રહ્યો અને સત્સંગના શિરતાજ પૂ. સ્વામીજી જાણે કોઈ સ્તુતિ કરતું હોય તેમ હસતાં હસતાં સાંભળતા રહ્યા. ૧૫-૨૦ મિનિટ પછી જ્યારે તેણે શ્વાસ લીધો ત્યારે પૂ. સ્વામીજી માત્ર એટલું જ બોલ્યા - કે, ''પે'લા ચા પાણી કરો પછી જે બોલવું હોય તે બોલજો.''

ક્ષણવાર તેને આ શબ્દો સ્વપ્ન સમાન લાગ્યા. તેને તમ્મર ચડી ગઈ. ''स्वामीजी मैंने इतनी गाली गलोच की, और आप मुझे चाय-पानी की बात करते है'' જ્યાંથી આગ વરસતી હતી ત્યાંથી જ પશ્ચાત્તાપનું ઝરણું ફૂટ્યું. જે મારવા સુધીની તૈયારી કરીને આવ્યો હતો તે મરવા સુધી તૈયાર થઈ ગયો. પગમાં પડી ગયો અને ક્ષમા માંગી. તેની સાથે આવેલા ચમચાઓ દંગ થઈ ગયા. તેને પૂ. સ્વામીજીએ સ્વયં ચા-નાસ્તો કરાવ્યો. એટલું જ નહિ પણ તેની સાથે સુખદ સમાધાન કરીને કંઠી પહેરાવી.


વાયુવેગે આ વાત સર્વત્ર ફેલાઈ ગઈ. જ્યાં સુધી તેની હાક વાગતી હતી ત્યાં સુધી સર્વત્ર નંદસ્વામીની જય જય થવા લાગી. હરિભક્તોએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તેમના મસ્તક ભાવથી સ્વામીજીના ચરણે ઝૂકી ગયા'' આ સાધુ ગજબની જશરેખા લઈને આવ્યા છે, નહિતર આમ કાંઈ થાય નહિ. સહુ સહુની ક્ષમતા પ્રમાણે બોલતાં રહ્યા. વિચારતા રહ્યા પણ આ સઘળો પ્રતાપ ભગવાન શ્રી સ્વામિનારાયણની આપેલી સાધુતાનો હતો. સાધુતાની આવી પ્રચંડ શક્તિ મુંબઈના ભક્તોએ જીવનમાં પ્રથમવાર જ માણી હશે ને ! આ પ્રસંગ વાંચતા

નિર્ભય બ્રહ્મવિત પુનિત, ક્ષમાવાન ને સરલ ચિત્ત।
સમર્થ સત્યવાદી સરેશ, એવા સંતને નામું હું શીશ॥ (ભ.ચિ. ૨/૧૨)

પંક્તિ નજરે તરે છે.

संसारे वन अंधारे, भूल्याना भोमिया बनी,
प्रकाशे तेज अंबारे, बतावो प्रेम वाटडी. - ઉમાશંકર

અહિંસા પરમો ધર્મઃ



ક્ષમાનિધિ પૂ. સ્વામીજી

અચાનક ચાવીનો ઝૂડો ખોળામાં પડ્યો; એટલે પૂજ્ય સ્વામીજી ચમક્યા. સામું જોઈને કંઈક કહે ત્યાં તો પૂજારીએ ધારાપ્રવાહ ફરિયાદની યાદી સંભળાવવાનું શરૂ કર્યું. સંગ્રામમાં શોભે એવી કાયા, કલહમાં જોઈએ એવી ધારદાર વાણી. ''ઓફિસમાં બેસીને વહીવટ ઠોકે છે; મારી જીભના કૂચા થઈ ગયા, તોય કોઈ સાંભળતું નથી. કાલથી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા કરી લેજે, શું?''

સુરત મંદિરના મહંત પૂ. સ્વામીજીને તેમના જ એક ગુરૂભાઈએ લખી ના શકાય એવી કડક ભાષામાં ઉપરોક્ત વાત કહી દીધી. સ્વામીજી તો શાંતિનો અગાધ ઝરો. પુજારીનો પ્રચંડ રોષ પણ ઠરીને શાંત થઈ જાય. હા, એ વાત તો સ્વયં પુજારીજી પણ જાણતા જ હતા એટલે જ તુરંત ત્યાંથી નીકળી ગયા. હૃદયમાં રહેલો રોષ ઉલેચીને પણ તેમના અંતરની આગ ઠરી નહિ.

ભગવી કંથાને સ્વયં ગૌરવ લેવાનું મન થાય એવું ક્ષમામય પૂ. સ્વામીજીનું જીવન. સ્વામીજીએ ચાવીનો ઝૂડો હાથમાં લઈને કહ્યું, ''આ તો સેવાનો ઝૂમખો છે. કાલથી આપણે સેવા કરીશું.'' ''અરે ! સ્વામીજી ! એમને કહેવું પડશે. અહીં રહેવું હોય તો આટલી સેવા તો કરવી જ પડશે.''

''કોઈની ઈચ્છા ન હોય અને આપણે દબાવીને સેવા કરાવીએ તો તેનો આત્મા દુભાય અને કોઈને દુભવવા એ પણ એક હિંસા જ છે. મહારાજે આપણને કોઈને પણ દુઃખવવાની ના પાડી છે. આ તો મહારાજના પૂજારી છે; તેનું હૃદય દુભાય એવું આપણાથી કેમ થાય?''

''અરે ! સ્વામી પણ એ તમને કેવું કહી ગયા !'' ''હા...હા... એ તો મેં પણ સાંભળ્યું

જ છે પરંતુ તેણે આજ સુધી કેટલી સેવા કરી છે ? મહારાજને કેવા લાડ લડાવ્યા છે ? આપણે એ કેવી રીતે ભૂલી શકીએ ?''

''પણ સ્વામી ? હવે તેમને ફરીને સેવા કરવા માટે હાથ ના જોડતા, હું બીજા સાધુને તૈયાર કરી લઈશ'' નિજગુરુ પ્રત્યે લાગણી વ્યક્ત કરતા પુરાણીશ્રી ભક્તિકિશોરદાસજીએ કહ્યું.

પોતાના ગુરુનું અપમાન થાય તે કોઈ શિષ્યને ન ગમે પરંતુ પૂ. સ્વામીજીની આગળ વધુ બોલવાની કોઈની હિંમત જ ન ચાલે અને જો હિંમત કરીને કોઈ બોલે તો તેની કોઈ જ અસર ન થાય. વયોવૃદ્ધ પાર્ષદ કો. ઝવેર ભગતને આવી કોઈ વાત જાણવા મળે તો પૂ. સ્વામીજીને બોલાવીને ખખડાવે. ''વહીવટ વહીવટની રીતે થાય. ત્યાં તકિયે બેઠાં બેઠાં હસ્યા ના કરાય.'' છતાં પૂ. સ્વામીજીને કોઈ જ અસર ના થાય. અપમાન-નિંદા કરનાર પર કોઈ જ કડક પગલા ન ભરે. એટલે ભગતજી બરાબર ગુસ્સે ભરાય. વાસણો પછાડે. મારી ઉંમર થઈ એટલે - કોઈ સાંભળતા નથી કહીને લાકડી પછાડે.

હા... ભગતજી ! હવે ઉંમર થઈ ગઈ. ભજન કરો. કહીને પૂ. સ્વામીજી હસી પડે. પણ ક્યારેય કોઈની ઉશ્કેરણીથી પણ તેમને ક્રોધ ન જ ચડે.

પૂજારી પ્રચંડ રોષનો ધોકો પછાડીને આસને જતા રહ્યા પણ અંતરમાં શાંતિ ન થઈ. એમાં વળી કોઈએ કહ્યું. સ્વામી કહે છે કે, ''પરાણે કરાવીએ તો દિલ દુભાય. દિલ દુભાય તે હિંસા કહેવાય. એવું આપણાથી ના કરાય.'' આ શબ્દોથી તેમના અંતરની ક્રોધાગ્નિ ઠરીને ઠામ થઈ ગઈ એટલું જ નહિ, પણ તેમના અંતરમાં પસ્તાવાનું ઝરણું ફૂટ્યું. મેં આવા મોટા સાધુને અકારણ ન કહેવાનું કહ્યું છતાં તેઓ કેવો ભાવ રાખે છે ? જ્યાં ગુનાથી છૂટાય એવી જગ્યાએ ગુનો થઈ ગયો.

હે ઘનશ્યામ મહારાજ ! મેં જો ખરેખર સાચા ભાવથી તમારી સેવા કરી હોય તો મને ફરીને પૂ. ક્ષમામૂર્તિ સ્વામીનો રાજીપો મળે, એવી દયા કરજો. એમ મનોમન પ્રાર્થના કરતા કરતા પૂજ્ય સ્વામીજી સુવાની તૈયારી કરતા હતા ત્યાં પહોંચ્યા. પગે લાગ્યા ને માફી માંગવા લાગ્યા. ત્યારે પૂ. સ્વામીજી કહે - ''શબ્દ તો આકાશનો ભાગ છે; તેમાં આમ દુઃખી ના થવાય. તમ જેવા સાધુ દુઃખી થાય તો મને પણ દુઃખ થાય. શું મને દુઃખી કરશો ?''

અંતર નીચોવાય જાય એવો પ્રશ્ન પુછીને પૂ. સ્વામીજી મૌન રહ્યા. પૂજારી પૂજા કરતા જ રહ્યા. આ વાતને આજ વરસો જતા રહ્યા છે છતાં આવી અદ્‌ભુત ક્ષમાના દર્શન નથી થયા.

અને હા, સહજ સ્વાભાવિકપણે સ્વામીજીના મુખકમળમાંથી અહિંસાધર્મનું માર્મિક માર્ગદર્શન સરી પડ્યું છે. દુનિયાના ગ્રંથોમાં શોધવું કઠણ પડે એમ છે. શું ખરેખર ક્ષમાનિધિ મહાત્માઓ આટલા ઉદાર બની શકતા હશે ? જો આ પ્રશ્નનો ઉત્તર 'હા' હોય તો એક વાત દૃઢતા સાથે હૃદયસ્થ કરી લેવી જોઈએ કે, તેમનાં આત્મામાં પરમાત્માનો સદૈવ નિવાસ છે. તેમના રોમ રોમમાં રાજાધિરાજ રમે છે. આંખમાં જોનારા અવિનાશી છે. પગમાં ચાલનારા પ્રભુજી છે. એક ભગવાન જ આવી ક્ષમા કરી શકે છે અને બીજા ભગવાનને ધારી રહેલા મહાપુરુષો; ત્રીજું કોઈ જ નહિ. બાકી તો પ્રવચનો કરી શકે, બહુ કરે તો ક્ષમા વિષે લખાણ કરી શકે, પણ તેનાથી શું ? પૂ. સ્વામીજી જેવી સ્થિતિ મળે ખરી ?



આ ઘનશ્યામને પંડિત કરવો છે.

આપણા સંપ્રદાયમાં પ્રસ્થાનત્રયી પર ભાષ્ય રચયિતા દિગ્ગજ પંડિતો થયા છે. વડોદરામાં શાસ્ત્રાર્થ જીતીને ''શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્''નો નાદ કરાવનાર બ્રહ્મસૂત્ર ભાષ્યકર્તા મહામુનિરાજ શ્રી મુક્તાનંદ સ્વામી. ઉપનિષદ્ અને ગીતાભાષ્યના રચયિતા યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી. અભિનવ વ્યાસની પદવી શોભાવે તેવા વિચક્ષણ વિદ્વાન શ્રી નિત્યાનંદસ્વામી, આર્ષદૃષ્ટા શતાનંદ સ્વામી, આ પરમહંસોની ભક્તિમયી બૌદ્ધિક પ્રતિભાથી સંપ્રદાય લોકમાનસના તમસપટલને ભેદવામાં સફળ થયો છે અને મારી તો પરંપરા જ મુક્તમુનિ - આધારાનંદ મુનિની છે. આ પુરાણી ઓફિસના સેવાકાર્યમાં તૈયાર થઈ ગયા છે. હવે, એકાદ સાધુને શાસ્ત્ર પારંગત કરવો છે.

પ.પૂ. સદ્‌ગુરુશ્રી નંદકિશોરદાસજી સ્વામીના હૃદયમાં આ વિચાર રમતો. હતો. પોતે વ્યાવહારિક ક્ષેત્રમાં સેવાકાર્ય કરવા છતાં સાંપ્રદાયિક જ્ઞાનપરંપરાના જતન



માટે જાગૃત હતા. સત્સંગના વિકાસ માટે વિદ્વત્તા જરૂરી છે. પરંતુ, ભક્તિ વિનાની વિદ્વત્તા વિકાસ નહિ, રકાસ નોતરે છે. સર્વત્ર સહજાનંદી પ્રકાશ પાથરે એવા વિદ્વાન જ સંપ્રદાયની શોભા વધારી શકે છે; માટે એવા સાધુ તૈયાર કરવા. પૂ. સ્વામીજી, હૃદયમાં રહેલા વિચારબીજને અંકુરિત-પલ્લવિત-પુષ્પિત કરવા માટે યોગ્ય ભૂમિકાની રાહ જોઈ રહ્યા છે એ જ અરસામાં ગુરુદેવ શાસ્ત્રીજી સ્વામી બાળવયે તેમના શરણે આવ્યા.

પૂ. સ્વામીજીએ પોથીઓના પાના વાંચ્યા ન હતા. પરંતુ, શ્રીહરિ કૃપાથી આપણા અંતર વાંચી જાણતા. બાળકના અંતરમાં રહેલા ભક્તિના સુષુપ્ત સંસ્કારો જોઈને સાધુ થવા માટે 'શ્રી ઘનશ્યામ મહારાજ'ની રજા લાવવાનું કહ્યું. આ બાળક બાળહઠ કરીને શ્રીહરિ પાસે રજા લઈ આવ્યો ત્યારથી જ પૂ. સ્વામીજીના હૃદયમાં વસી ગયેલો. ત્યારે જ દૃઢાવ કરેલો કે, આ ભૂમિ સારી છે, અહીં સાધુતા સહિત વિદ્વત્તાનું બીજ અંકુરિત થશે.

હા, ભૂમિ સારી હોય તોપણ જેટલું ખેડાણ થાય, ખાતર પાણી થાય એટલો પાક સારો આવે. પૂ. સ્વામીજીએ પોતાની આગવી શૈલીથી ખેડાણ શરૂ કર્યું. ઉપવાસ કરતા કર્યા. સાજલી ઉપર સુવારીને એક જ પથારીએ સૂતા કર્યા. અનાજની કોઠીમાં પુરીને

ગર્ભવાસના દુઃખનું જ્ઞાન આપ્યું. આવી યાદી ઘણી લાંબી થઈ જાય. જો પૂ. સ્વામીજીની સંત જીવન ઘડતરની અલગ પુસ્તક તૈયાર કરવી હોય તોપણ થઈ જાય. પરંતુ, ટૂંકમાં સમજીએ કે, પૂ. સ્વામીજીએ પ્રાથમિક આધ્યાત્મિક કેળવણી આપીને પછી કહ્યું, આપણે તો ભણવાનું છે.

જેને ગુરુ આજ્ઞાથી વધુ કંઈ જ મહત્ત્વનું ન હોય તે આવા સમયે કેવી રીતે વચનને પાછું ઠેલે. તેમણે ભણવાની તૈયારી બતાવી. પ્રારંભિક અભ્યાસ વડોદરા પૂ. શ્રી વિષ્ણુસ્વામી સાથે રહીને કર્યો. ત્યારબાદ કાશી જવાનો પ્રસંગ આવ્યો. પૂ. સ્વામીજી સ્વયં એક મહિના સુધી સાથે રહ્યા અને કાશીમાં ભણતર માટેની વ્યવસ્થા કરી. 'મારે ઘનશ્યામને પંડિત બનાવવો છે.' ગુરૂદેવના મુખમાંથી નીકળેલા આ શબ્દોને સાર્થક કરવાની જવાબદારી મારા પર છે; એમ માનીને અભ્યાસમાં મન સ્થિર કર્યું.

હા, સાચુ જ્ઞાન પોથીમાંથી નથી મળતું; એટલે જ "પોથી પઢકર જગ મૂવા, પંડિત ભયા નહિ કોય" કહેવાયું છે. વૈદિક સિદ્ધાંતાનુસાર "गुरुशुश्रुषया ज्ञानम्" ગુરૂદેવની સેવા-શુશ્રુષાથી જ પ્રાપ્ત થાય છે. "गुरु कृपा हि केवलं शिष्यस्य परं मंगलम्"

ગુરુકૃપાથી શિષ્યનું મંગલ થાય છે. આ બધી શાસ્ત્રીય વાતો હજુ જેની નજરે નથી ચડી એવા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ગુરુ વચને વિદ્યાભ્યાસમાં લાગી ગયા. જેમ જેમ અભ્યાસ કરતા ગયા તેમ તેમ ગુરુદેવ પૂ. શ્રી નંદકિશોરદાસજી સ્વામીનું હૃદય તેમનાં પર વરસતું ગયું. ભગવાન શ્રીહરિની મૂર્તિનો સંબંધ ધરાવતા મુક્ત પુરુષોના સંકલ્પમાં કેટલી તાકાત હોય છે તે આપણા જેવા સામાન્ય બુદ્ધિવાળા શું સમજી શકે ?

મુંબઈમાં એક-બે પ્રસંગ એવા બન્યા કે, બધા જ અવાક્ થઈ ગયા. પૂ. સ્વામીજીના વચને કાશી ભણતા શાસ્ત્રીજી સ્વામી વેકેશનમાં મુંબઈ આવેલા. આ સમયે પરમ સ્નેહી હીરાકાકાએ હઠ પકડી. શાસ્ત્રી કાશી ભણીને આવ્યા છે. મારે તેમની પાસે જ કથા કરાવવી છે. પૂ. શાસ્ત્રીજી સ્વામીની ઉંમર ઘણી નાની. હજુ અભ્યાસ પણ ચાલુ જ હતો છતાં કાશીથી આવ્યા એટલે શાસ્ત્રી થઈ ગયા, એમ માનીને હિરાકાકા હઠે ચડ્યા.

હિરાકાકાની હઠ પૂ. શાસ્ત્રીજી સ્વામીની ચિંતાનો ગાળિયો બની ગઈ. સદાય ખીલેલ ફૂલની જેમ પ્રસન્ન રહેતા સેવકને ચિંતિત જોઈને ગુરુદેવે પૂછ્યું, - "બેટા ઘનશ્યામ ! કેમ મૂંઝાઈ ગયો છે ? કાશી યાદ આવે છે ? ગુરુદેવના આ પ્રેમવ્યંજના ભર્યા પ્રશ્નથી મૂંઝવણ વધી ગઈ. કંઈ પણ બોલ્યા નહિ ને મંદિરમાં દેવ સમક્ષ જઈને રડવા લાગ્યા.

કોઈ દર્શનાર્થીએ જઈને પૂ. સ્વામીજીને કહ્યું, "નાના સાધુ રડે છે." સેવક મોકલીને સેવકને બોલાવીને પૂછ્યું, "કેમ રડે છે ?" "હિરાકાકા મારી પાસે પારાયણ

કરાવવાનું કહે છે.'' ગદ્‌ગદ્ કંઠે તૂટતા સ્વરે શાસ્ત્રીજી સ્વામીએ જવાબ આપ્યો. એ જવાબ સાંભળીને નંદકિશોરદાસજી સ્વામી આનંદમાં આવી ગયા અને બોલ્યા. ''એ તો આનંદની વાત છે; રડવાની નહિ.''


''અરે ગુરૂજી ! હું હજુ ક્યાં કંઈ ભણ્યો છું ?''

''અરે મસાલા ! તને ખબર નથી ? તું શું શું ભણ્યો છે. કથા તો તારે જ કરવાની છે.'' પૂજ્ય સ્વામીએ ઘણી ઘણી વાતો કરી પણ... અંતે ગુરુદેવ પૂ. સ્વામીજીની નાભિમાંથી પરાવાણી જેવો પવિત્ર નાદ ઉઠ્યો, ''મૂંઝાઈ શું જવાનું ? હું વ્યાસપીઠ પર તારી સાથે બેસીશ. તું કથા કરજે...છે વિશ્વાસ ? તો થઈ જા તૈયાર.'' ગુરુદેવે આજ મારા પર કૃપાકળશ ઢોળ્યો છે એમ જાણીને પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી કથા કરવા તૈયાર થઈ ગયા. અને કથા પણ એવી અદ્‌ભુત થઈ, કે મોટા મોટા બહુશ્રુત શ્રોતાઓ પણ સ્તબ્ધ થઈ ગયા. સભાખંડમાંથી નિજમંદિરમાં - ભોજનાલયમાં - ઉતારામાં - જ્યાં બે-ચાર ભક્તો ભેળા મળે ત્યાં માત્ર આ અદ્‌ભુત કથાની જ વાહ વાહ થતી હોય.

શાસ્ત્રોના અર્કસ્વરૂપ વાતો વણવિચારે તેમના હૃદયમાંથી નીકળવા લાગી. એમની કથા-પ્રવચનની છટાથી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ પણ અતિશય પ્રસન્ન રહેતા. તેઓશ્રી જ્યારે પ્રથમવાર વિદેશ પ્રવાસે જઈ રહ્યા હતા ત્યારે મુંબઈ સમાચાર આવ્યા. અમારે તમારા શાસ્ત્રીને વિદેશયાત્રાએ સાથે લઈ જવા છે, પૂ. સ્વામીજીએ કહ્યું, ''મારો સાધુ તો નાનો છે ને વળી ભણે છે.'' પૂ. મહારાજશ્રી કહે - ''અરે ! એ તો શાસ્ત્રી થઈ ગયો છે. અમે સ્વયં એમને શાસ્ત્રીની પદવી આપીએ છીએ. બસ !'' પૂજ્ય મહારાજશ્રીની લાગણીભરી માંગણીને ટાળી ના શક્યા અને પૂજ્ય શાસ્ત્રીજી સ્વામી સંપ્રદાયમાં સૌથી નાની ઉંમરે વિદેશયાત્રાએ ગયા. ત્યાં પણ હરિભક્તો એટલા જ રાજી થયા.

સેવકની કથા સાંભળીને સ્વામીજી અતિ રાજી થતા. એક જમાનામાં પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી ગુરુભક્ત કહેવાતા. તેઓ પૂજ્ય સ્વામીજીની મમતાનું સન્માન કરતા એટલું જ શિક્ષાનું પણ કરતા. પરિણામે ગુરુની રોજની રોકટોકમાં ખટપટ ના દેખાણી. રકઝક ના થઈ, ચકમક ના ઝરી. અને જેમ જીભ વળે તેમ જીવન વાળતા ગયા. કથાવાર્તા કરતા ગયા અને જોતજોતામાં વરતાલ દેશના વિદ્વાન્ વક્તા અને વર્તનશીલ સંત તરીકે ઉભરી આવ્યા.

પૂ. શાસ્ત્રીજી સ્વામીની ઉંમર નાની હતી છતાં ટેક મોટી હતી. સત્સંગ સમાજમાં અત્ર-તત્ર સર્વત્ર મળતા માન-સન્માનને તેઓશ્રી ગુરુદેવના રાજીપાનું જ ફળ માનતા. આજે દેશ-વિદેશમાં કથાવાર્તાની ઝડી વરસાવે છે છતાં ગુરુદેવ પ્રત્યે તેમની આસ્થાને ઊંણી આંચ નથી આવી. આજ સ્વયં શ્રી નંદકિશોરદાસજી સ્વામી પણ પ્રસન્ન થતા હશે કે, મારો ઘનશ્યામ સત્સંગની સેવા કરી રહ્યો છે.



તપ વહાલુ છે વાલમને

तपसा ब्रह्मवर्चसा चीयते सर्वसद्गुणाः ।
तपःप्रियोऽस्ति नः नाथः
तपं कुरु यतात्मवान् ॥

આપણા પૂજ્ય નંદકિશોર સ્વામી સંત જીવનનું કેવું અદ્‌ભુત ઘડતર કરે છે એ સમજવા માટે ગુરુદેવ પૂજ્યપાદ્‌ શાસ્ત્રીજી સ્વામીના જીવનના આપણે સહુ સાક્ષી છીએ પરંતુ તેમના ચારિત્ર્ય ઘડતરના પ્રસંગો ખૂબ જ રોચક છે. જીવન ઘડતર માટે પ્રેરક છે. તેથી થોડા પ્રસંગો જોઈએ.

❊❊❊❊

અત્યાર સુધી જે, મંદિરોના વિકાસમાં - સત્સંગના વિકાસમાં ધ્યાન આપતા હતા તેવા પૂજ્ય સ્વામીજી હવે હાથમાં આવેલા રતનના ઘડતરમાં ધ્યાન આપવા લાગ્યા. પૂ. સ્વામીજી પાસે હું આવ્યો ત્યારે મારી ઉંમર નાની હતી. બાલ્યાવસ્થામાં રમવા-જમવા પર વિશેષ રૂચિ હોય, તે સાહજિક પ્રવૃત્તિ છે.

પૂ. સ્વામીજી મને પ્રેમથી "ઘનશ્યામ" - "મસાલા"

નામથી બોલાવતા. દશમીના દિવસે સાંજે સ્વામીજી કહે - બેટા ઘનશ્યામ ! બરાબર ઠાકોરજી જમાડજે. આવતી કાલે એકાદશી છે. કાલે ઉપવાસ કરવાનો છે.

દશમીના દિવસે વધુ જમાડે. એકાદશીના દિવસે પ્રેમ અને હુંફ આપે. બપોર સુધીમાં હું ઢીલો પડી જાવ તો કહે, અત્યારે દેવ પોઢ્યા છે. ઉત્થાપન પછી ફરાળ કરાવીશ. ઉત્થાપનના દર્શન થાય એટલે કહે - સંધ્યા આરતી સુધી ખેંચી નાંખ તો ઉપવાસનું પૂર્ણ ફળ મળે. એમ સાંજ પડી જાય એટલે કહે હવે સૂઈ જા. જાગીશ એટલે પારણા કરાવી દઈશ.

પૂ. સ્વામીજી મને સૂવરાવે અને પોતે જાગે. ખીચડી બનાવે અને ૧૨ વાગ્યે મને જગાડે. સ્નાન-પૂજા કરાવીને પારણા કરાવે. આમ ચાર-છ એકાદશી કરાવી. પછી કહે, રાત્રે જમીએ તે સારૂં ન કહેવાય. પારણા સવારે જ કરાય. એમ કહીને આખો ઉપવાસ કરતો કર્યો. પ્રેમ આપે, હુંફ આપે અને ઉપવાસના અંતે એવો રાજીપો વ્યક્ત કરે કે સહજભાવે ઉપવાસ કરવાનું મન થાય.

આમ પૂ. સ્વામીજીએ જે તપનું અંગ ઘડી આપ્યું છે તે આજે પણ પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીના જીવનમાં દેખાય છે. સતત અને સખત વિચરણની વચ્ચે વરસ-વરસના ધારણાં પારણાં કરે છે; તેની પાછળ પૂજ્ય સ્વામીજીનું ઘડતર રહેલું છે.


ક્યારેક કેવળ દૂધ આપીને પયોવ્રત કરાવે. ક્યારેક ફળકૃચ્છ્ર કરાવે. ક્યારેક એકલાં કેળાં ખવરાવે. ક્યારેક એક જ અન્ન આપે. એમ તપના વિવિધ પાસાથી ઘાટ ઘડે. અને તપ કરતાં કરતાં ક્યાંય તપસ્વીપણાનું અહં ન આવી જાય. એટલે વ્રત-સમાપ્તિમાં બે-ચાર દિવસ બાકી હોય ત્યાં કોઈ નિમિત્ત ઊભું કરીને વ્રત તોડાવી નાંખે.

અરે ! હા, વ્રત નહિ પણ વ્રતાનુષ્ઠાનથી ઊભી થતી અહંની સંભાવનાને પણ તોડી નાખે. ઘડતરની આ સૌથી મોટી વિશેષતા નહિ તો બીજુ શું કહેવાય?

ઘડવૈયાએ ઘાટ ઘડ્યો, કર્યો વ્રતનો ભંગ,
અહંભાવ લોપાવી પળમાં, દીધી તપશુદ્ધિ એ અરંગ.

મૂર્તિ સિદ્ધ કરાવી





चिन्तामणिरिव ध्यातुः सर्वसंकल्प पूर्तिका ।
मूर्तिर्भगवतो प्रोक्ता हृदि ध्येया सदा मुदा ॥

કુળ કીર્તિ રૂડા ગુણ રૂપ,
હોય ઐશ્વર્ય કરીને અનુપ।
સર્વે ગુણ તો શોભે છે ત્યારે,
કૃષ્ણ ભક્તિ કરે જન જ્યારે॥

આપણા સત્સંગમાં સદ્‌ગુણો પ્રત્યે સન્માનની દૃષ્ટિ જરૂર છે પરંતુ સદ્‌ગુણ જ સર્વસ્વ નથી. જ્ઞાન-વૈરાગ્યાદિકમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નહિ. આપણા પૂ. શ્રી નંદકિશોરદાસજીસ્વામી જેવા મહાપુરુષો જ્યારે સંતત્વનું ઘડતર કરતા હોય ત્યારે આ વાતને કેવી રીતે ભૂલી શકે. વચનામૃતના પાઠ કરાવે. જનમંગલના અનુષ્ઠાન કરાવે; અને ભક્તિની શક્તિની પ્રશસ્તિ કરે. જ્ઞાન-વૈરાગ્યને ગૌણ કર્યા વિના ભક્તિના પોષણની કળા; તેમની સૌથી નોખી અનોખી વિશેષતા હતી. એ જાણીએ પૂ. શાસ્ત્રીજી સ્વામીના જ શબ્દોમાં.



ઘ...ન..શ્યા...મ...! અહીંયા આવ. લે આ મહારાજની મૂર્તિ - મૂર્તિ લઈને આ રૂમમાં બેસી જા. મૂર્તિની સામે જોયા કર. સ્વામી ! ક્યાં સુધી ? શણગારથી સંધ્યા આરતી સુધી.


સાંજ સુધી રૂમ બહારથી બંધ કરીને સેવકને મૂર્તિ લઈને બેસારી દે. કલાક - બે કલાકે બારીમાંથી નજર કરતા રહે. "ઊંઘી ના જતો હો" ના હાકલા પડકારા કરતા રહે. સવારથી સાંજ સુધી મૂર્તિ સામે જોઈ રહેવામાં ઊંઘ ન આવે તો જ આશ્ચર્ય. સાંજે રૂમ ખોલીને પૂછે. ઘનશ્યામ ! ઊંઘ આવી હતી ! હા, સ્વામી ! જોલા આવતા હતા. ઓહ... જોલા આવે એટલે ઊભા થઈ જવાનું; એ કહેવાનું તો હું ભૂલી જ ગયો. કાલે આ વાત તું જ યાદ રાખજે. એક કુમળી વયના સંતના જીવનમાં મૂર્તિ ધારવાના સંસ્કાર રેડવાની આ કેવી દિવ્ય રીતિ !

થોડા દિવસ મૂર્તિ લઈને બેસવાનો અભ્યાસ કરાવ્યો. પછી સાંજે સાંજે જ્યારે હું રૂમની બહાર આવું ત્યારે ઘ...ન...શ્યા...મ... મૂર્તિ લઈને અહીં આવ. આ ટહૂકો કરીને બોલાવે. મૂર્તિ હાથમાં લઈને કાનના કુંડળમાં કેટલા મોતી છે ? ઝાંઝરમાં કેટલી ઘુઘરી છે. હારમાં કેટલા પુષ્પ છે ? આવા સૂક્ષ્મ પ્રશ્નો કરે. મારૂ બાળમાનસ અકળાય જાય તો પ્રેમ ને હૂંફ આપે. માથે હાથ ફેરવે. અને કહે હવે તો તું તૈયાર થઈ ગયો. થોડું જ બાકી છે. આટલું શીખી જાય એટલે તારા જેવો કોઈ ના થઈ શકે. આમ બળની વાત કરે અને મહારાજની મૂર્તિના ધ્યાનનો પ્રેક્ટીકલ અભ્યાસ કરાવે.

શાસ્ત્રમાં અનંત પ્રકારના ધ્યાન કહ્યા છે. મૂર્તિ સિદ્ધ કરવાના ઉપાયો પણ ઘણા કહ્યા છે. ખરેખર આવો કોઈ ઉપાય સાંભળ્યો છે ખરો ?

અસ્તુ, અંતે એક દિવસ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ આપીને કહ્યું. આ મૂર્તિને સતારીથી શણગારી લાવ. મેં જે રીતે મૂર્તિનો અભ્યાસ કર્યો હતો તે જ રીતે નાની નાની અનેક કલરની સતારીઓ દ્વારા મૂર્તિ તૈયાર કરી. જ્યાં જે કલરના શણગાર - દાગીના હતા ત્યાં તેવી જ સતારીઓ લગાવી. મનમોહક મૂર્તિ તૈયાર કરીને પૂજ્યશ્રીને અર્પણ કરી. ધ્યાન મૂર્તિમાં રાખીને થોડી વાર સેવક પર અપલક નયને એવી કૃપા વરસાવી કે ત્યારથી આજ દિવસ સુધી ક્યારેય મને ધ્યાનમાં વિક્ષેપ નથી આવતો. વિરોધ-વિક્ષેપના વંટોળીયાની વચ્ચે પણ સતત સ્મરણની રેખા જોડાયેલી રહે છે. આજે તો પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી વરતાલદેશના વરિષ્ઠ મંડળધારી સંત છે. શ્રેષ્ઠ કથાકાર છે. સંસ્થાઓના સંસ્થાપક છે. વ્યવહાર અને અધ્યાત્મ; બન્ને દૃષ્ટિએ મોટા છે છતાં તેમના અંતરનો એકજ નાદ છે. "મારામાં જે કંઈ છે તે માત્ર અને માત્ર મારા ગુરૂદેવની કૃપાનું ફળ છે."

એ સ્મરણના પ્રતાપે પ્રભાવે આજે હજારો હરિભક્તોને ભજન કરાવે છે. ૫૦ જેટલા નવયુવાન સંતોને ભજન ભક્તિનું બળ પૂરુ પાડે છે. માન-અપમાનમાં સ્થિર રહે છે. જ્ઞાન-ધ્યાનમાં ડોલે છે. શું આવા સંતજીવનનું ઘડતર કોઈ સામાન્ય વાત છે ?



વજથી કઠોર અને પુષ્પથી પણ કોમળ



સંતજીવનના ઘડવૈયા અનુભવી સંતો કહે છે કે એક હજાર હરિભક્તોનું ઘડતર કરવું અને એક સંતનું જીવન ઘડવું; સમાન પુરૂષાર્થ માંગે છે. સદ્‌ગુરુ મુમુક્ષુની અનુશાસન દ્વારા આકરી પરીક્ષાઓ જ કર્યા કરે છે તો મુમુક્ષુ અંદરથી નાસીપાસ થઈ જાય છે અને જો લાડકોડ કર્યા કરે તો સાધુતાની ક્ષતિ રહી જાય છે. સંત જીવનનું ઘડતર ધોબીની જેમ ધોકો લઈને નથી કરી શકાતું. કુંભાર જેમ ઘડો ઘડે ત્યારે એક હાથે ટપલાં મારે અને અંદરથી એક હાથે ટેકો રાખે, ત્યારે જ ઘડો તૈયાર થાય છે એમ મમતાભર્યુ અનુશાસન સંત જીવનને ઘડે છે. મહાપુરુષો ક્યારેક રૂક્ષ હૃદયના દેખાય છે. કડક સજા કરે છે તો ક્યારેક મૃદુ હૃદયના દેખાય છે. દયા કરે છે. ગુન્હા માફ કરે છે; ત્યારે મુમુક્ષુનું હૃદય સાફ થાય છે. અને હા, સાહિત્યકારો એટલે જ


वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि,

लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हसि ॥

મહાપુરુષોને નાળિયેર જેવા કહે છે. ઉપરથી રૂક્ષ-અંદરથી કઠણ અને વધુ ઊંડા ઉતરો તો મૃદુ-કોમળ-પાણી જેવા કહે છે. પણ બધાને વાત સમજાતી નથી. આવો આપણે અહીં સ્વામિનારાયણીય સંતોની ઘડતરની પ્રાસાદિક પરંપરાની ઝાંખી કરીએ. પૂજ્ય સ્વામીજી અને શાસ્ત્રીજી સ્વામીના જીવન પ્રસંગોના માધ્યમથી.

❀ ❀ ❀

પ.પૂ. સદ્‌ગુરુશ્રી નંદકિશોરદાસજી સ્વામી માયાળુ હૃદયના સંત. તેમના જીવમાં મહારાજની મૂર્તિ વિના કોઈ જ માયા નહિ છતાં જે જે તેમને મળે તેમને માયાની છાયા દેખાય. કારણ કે, મીઠી વાણીએ બોલાવે, જાતે પીરસીને જમાડે.



દૂર જતા હોય તો નાસ્તો બાંધી આપે. બાળકોને લાડુડી આપે. આ બધી ક્રિયાઓમાં દેહદર્શીને માયાની છાયા દેખાય, પણ સ્વામીજી તો બીજાના હૃદયની માયાના પણ છેદ ઉડાડી નાંખે એવા મહાપુરુષ. મમતા આપીને હેત કરે-કરાવે ને પછી સત્સંગના સંસ્કાર રેડે.

પૂજ્યપાદ્ ગુરુજી હજુ ઘણીવાર એ પ્રસંગો યાદ કરે છે. નાનપણમાં સ્વામીજીના હાથની લાડુડી ખૂબ જમતા. બાળ સ્વભાવે સહજ હેત થાય. એ જ હેત તેમની સેવામાં - સાધુમાં ખેંચી લાવ્યું અને જીવનની છેલ્લી ઘડી સુધી એ જ હેત મળતું રહ્યું. હું નાનો હતો વડોદરા ભણવા મૂક્યો. મને તળેલી-તીખી ચણાની દાળ બહુ ભાવતી. તેથી ગુરુજી નિયમિત દાળના ડબ્બા મોકલતા. અડદિયાંના અડધિયાં મોકલતા. હું રોજ તેમની સ્મૃતિ-પ્રસાદી જમતો. ગુરુજી આજાનબાહુ હતા. મોટા હાથવાળા - એક જ વાર પીરસે ત્યાં ભાણુ ભરી દેતા. ખૂબ પીરસતા. ને ખૂબ જમાડતા. અને માઘ માસ - ચાતુર્માસમાં જપ-તપના કાગળ પણ લખતા. આ શબ્દોમાં સ્વામીજીની મમતા - કોમળતા નીતરે છે.

હવે તેમની કઠોરતા જોઈએ, પૂજ્ય ગુરુજીના જ શબ્દોમાં. હું નાનો હતો ત્યારથી નીચે જ સૂતો. અને સૂતા સૂતા ફરતો બહુ જો પલંગ પર સુવ તો ચોક્કસ રાત્રે નીચે પડું. એટલે નીચે જ સૂતો. સાધુ થયા પછી તો નીચે જ સૂવાનું હોય. ગુરુજીની સાથે જ સૂતો. રાત્રે તે ઘણી વાર જાગી જાય. પથારી એક બાજુ હોય અને હું એક બાજુ સૂતો હોવ. ઘણા પ્રયત્નો કર્યા પણ ઊંઘમાં કંઈ જ ખબર ન રહે. પછી એક દિવસ ગુરુજીએ મને બોલાવીને કહ્યું - ઘનશ્યામ! આજે તારે આ છાજલી પર સૂઈ જવાનું છે. હવે જો પડખુ પણ ફરું તો નીચે પડું. પણ ગુરુજીની



આજ્ઞાથી બંદા છાજલી પર સૂઈ ગયા. હું સૂતો ને ગુરુજી જાગ્યા. આ મસાલો પડે નહિ તો સારું. પણ ત્યારનો દિવસ અને આજની ઘડી. એક પથારીએ - એક જ ઊંઘે સવાર થઈ જાય છે. એ માત્ર એમની કૃપા, નહિ તો બીજું શું કહેવાય ?


❀ ❀ ❀

એક દિવસ મેં કોઈ પ્રશ્ન પૂછ્યો હશે. તે તેમણે મનમાં રાખેલું. એકવાર અનાજ ભરવાના કોઠલા ખાલી કરીને-ધોઈને બહાર તાપમાં સૂકવવા મૂકેલા. હું બાજુમાંથી નીકળ્યો એટલે મને કહે, ઘનશ્યામ ! આ કોઠારમાં કૂદી જા, હું કૂદ્યો. એટલે, તેમણે ઉપરથી બંધ કરી દીધું. અને ઓફિસમાંથી તાળુ મંગાવીને મારી દીધું. અને કેડે ચાવી મૂકીને ચાલતા થઈ ગયા. હું અંદર બઘડાટી બોલાવું. બુમો પાડું પણ ના ખોલ્યું તે ના જ ખોલ્યું. હું જ્યારે થાકીને લોથપોથ થઈ ગયો. ચૂપ થઈ ગયો. ત્યારે આવ્યા ને દરવાજો ખોલીને માત્ર એટલું જ બોલ્યા કે, અહીં હવા મળતી હતી છતા આટલું દુઃખ થાય છે તો માતાના ગર્ભમાં શું થતું હશે ? એ યાદ રાખવું. તો કોઈ દિવસ લક્ષ્ય ભૂલાય નહિ.'' આ પ્રસંગ સુરતનો છે.

આ વાત મને ક્યારેય ભૂલાતી નથી. જો ગુરુજીએ મને શબ્દોથી સમજાવ્યું હોત તો કદાચ હું ભૂલી જાત. પણ આ રીત જ ન્યારી છે. અવિસ્મરણીય છે.

કંઈ ક્રિયાઓની કેટલી ગંભીર-અસર ઉભી થશે. એના અંદાજ સાથે જીવન ઘડતરની આ પ્રક્રિયા આપણા માનસમાં માન્ય થાય કે ન થાય. તેનાથી કોઈ જ ફરક પડતો નથી પરંતુ તે પ્રક્રિયા દ્વારા પૂ. સ્વામીએ ગુરૂજી જેવા સંતનું સંતત્વ ઘડ્યું છે, જે આપણે નજરે નિહાળી રહ્યા છે.

હું કથા કરું છું અને મહારાજ સાંભળે છે



પૂ. સ્વામીજીના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવા કોઈ એક વ્યક્તિ સમર્થ નથી. પૂ. સ્વામીજીને કોઈ સરળતાની મૂર્તિ કહેતા, કોઈ કુશળ વહિવટકર્તા કહેતા, કોઈ સેવામૂર્તિ કહેતા અને કોઈ દયાની મૂર્તિ પણ કહેતા. દરેકના કથન સાચા છે છતાં બીજાના કથન અયોગ્ય નથી કારણ કે, સ્વજીવનની અનુભૂતિના આધારે સહુ કોઈ પૂ. સ્વામીજી પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં. દરેકના કથનની સાર્થકતાના પુરાવારૂપ પ્રસંગો પણ છે. પણ અહિ આપણે તેની ચર્ચા નથી કરતા. અહિ તો આપણે તેમણે જે સંતોનું ઘડતર કર્યુ છે તેની વાત કરી રહ્યા છીએ. આવો આપણે અહીં આદર્શ કથાકાર સંતના ઘડતરની મીઠી વાતો માણીએ.

એક દિવસ પૂજ્ય સ્વામીજીએ નાના સાધુને સાદ કર્યો, "ઘનશ્યામ !" નાના સાધુ દોડતા આવ્યા. પગે લાગ્યા અને સ્નેહભરી દૃષ્ટિએ પૂ. સ્વામીજીની સામુ જોઈને બેઠા. ક્ષણવાર સ્વામીજી અને સેવક; બન્ને મૌન રહ્યા. પૂ. સ્વામીજીએ મધઝરતાં વેણે કહ્યું, "ઘનશ્યામ ! તું કથા તો સરસ કરે છે પણ..."

"પણ શું સ્વામીજી ? આપ સ્પષ્ટ કરો."

પૂ. સ્વામીજી કહે, "જો બેટા, વ્યાસપીઠ સંસારની સૌથી શ્રેષ્ઠ પીઠ છે. તેનાં પર બેસીને ભગવાનની કથા કરવી તે જીવનનું સૌભાગ્ય કહેવાય પણ..."

"પણ શું સ્વામીજી ! આપ નિઃસંકોચ કહો."

"હા...હા, બેટા હું સંકોચ નથી કરતો પણ મારી વાત પૂરી સાંભળ તો ખરો !"

જે વ્યાસપીઠ પર બેસીને ભગવાનની કથા કરે છે તેમાં જો ભગવાનની સ્મૃતિએ સહિત કથા કરે તો તે "વક્તા" કહેવાય અને ભગવાનને ભૂલીને કથા કરે તો તે "બક્તા" કહેવાય. ભગવાનની મૂર્તિની સ્મૃતિ વિના તો કથા પણ ભક્તિ ન કહેવાય. કીર્તન ગાઈએ તે પણ ભક્તિ ન કહેવાય. (ગ.પ્ર. ૨૨) માટે ભગવાનને સંભારીને જ કથા કરવી.

આ કથાકાર ભગવાનને સંભારીને કથા કરે છે, તે કેમ ખબર પડે ? પૂ. સ્વામીજીની વાત સાંભળીને સેવકે પ્રશ્ન કર્યો. એટલે પૂ. સ્વામીજી કહે, "જો બેટા, ભગવાનની સ્મૃતિનો અલૌકિક પ્રતાપ છે. શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ અચરજકારી છે. તેની સ્મૃતિ રાખીને જે કથા કરે તેની નેત્રવૃત્તિ સૌમ્ય હોય, મુખ પર મંદ સ્મિત હોય, કથા સાથે તાદાત્મ્ય હોય. હાસ્ય-કરૂણાદિ ભાવોમાં વક્તા સ્વયં ભગવાન સાથે તન્મય થઈ જાય."

"અને હા, આપણે કથા કરવા બેસીએ એટલે સત્સંગ સમાજ - સભા

આપણને ખૂબ જ આદરણીય માનતી હોય. માટે આપણી નેત્રવૃત્તિ, હાથના લટકા - ભાષા વગેરે એવા હોવા જોઈએ કે, તેનાથી સભાજનોની ભાવના વધે પણ ઘટે નહિ.''

હા, સ્વામીજી ! બધી વાત બરાબર છે પરંતુ મારે શું કરવાનું છે !'' તે કહોને ! સેવકે સવિનય માંગણી કરી એટલે પૂજ્યશ્રીએ કહ્યું, ''જો બેટા, તારે કાલથી ઉપર મોટા ઉતારામાં જવાનું. ત્યાં મોટા કાચની સામે બેસવાનું અને પછી કથા કરવાની. કથા કરતાં કરતાં તારા હાથના - નેત્રના હાવભાવ જોતા જવાનું. એમ કરીશ એટલે તને ખબર પડશે કે હું આમ શા માટે કહું છું.''

સેવક આચાર્ય મહારાજના ઉતારાના મોટા રૂમમાં ગયા. મોટા કાચ આગળ બેઠા. થોડીવાર કથા કરી. કંટાળીને બહાર આવ્યા. સેવક બહાર આવ્યા એટલે પૂજ્ય સ્વામીજીએ કહ્યું, ''બેટા; કેમ જલદી બહાર આવતો રહ્યો ? કથા તો ત્રણ કલાકની હોય છે.'' સેવક કહે, ''સ્વામી ! એકલા એકલા કથા કરવાનો કંટાળો આવે છે.''

આ સાંભળીને સ્વામીએ મર્મભર્યુ હાસ્ય કર્યુ અને કહ્યું, કથા કરવામાં કંટાળો આવ્યો તેનો અર્થ એ થયો કે, તું ભગવાનને ભૂલીને કથા કરે છે. જો ભગવાનને ધારીને કથા કરતો હોત, તો કંટાળો કેમ આવે ?'' પૂ. સ્વામીજીના આ પ્રશ્નમાં સમગ્ર પ્રસંગનું રહસ્ય છૂપાયેલું છે. આ પ્રશ્ન સાંભળીને સેવક અવાક્ બની ગયા. પાછા રૂમમાં ગયા. અને મહારાજની મૂર્તિ સંભારીને કથા કરવાનો અભ્યાસ કરવા લાગ્યા.

સેવકને ત્રણ-ત્રણ કલાક કાચ સામે બેસીને કથા કરતા જોઈને પૂ. સ્વામીજીનું હૃદય કમળ ખીલી ઉઠ્યું. રાજીપાની સોડમ ફેલાણી. સ્વયં સ્વામીજી ઉપર મોટા ઉતારે ગયા. કથામાં તલ્લીન સેવકના મસ્તકે બન્ને હાથ મૂક્યા અને



કહ્યું, બસ, આમ 'હું કથા કરૂ છું અને મહારાજ સાંભળે છે' એમ જ કથા કરવી. કોણ શું કહે છે. તે તરફ ધ્યાન આપવું જ નહિ. અને છેલ્લે છેલ્લે કથાનો મૂળમંત્ર કહું છું, સાંભળ, હું બ્રહ્મ છું. મહારાજનો દાસ છું. મહારાજના ગુણગાન કરૂં છું અને મુક્તો સહિત મહારાજ સાંભળે છે; એમ ધારીશ તો કોઈ કસર નહિ રહે.'' આશીર્વાદની અમીધારા વહી. આમ, પૂ. સ્વામીજી ખૂબજ કુનેહથી શાસ્ત્રમાત્રના સારરૂપ ઉપદેશ આપતા, મુમુક્ષુઓનું ઘડતર કરતા, તેમની ઘડતર પદ્ધતિમાં માતૃત્વ-કરૂણા છલકતી, કડક શિસ્ત કે કઠોર ઉપદેશક ભાવ નહિ.

આ પૂ. સ્વામીજી એટલે આપણા દાદાગુરૂ પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કો. શ્રીનંદકિશોરદાસજી સ્વામી અને સેવક એટલે આપણા ગુરુજી પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી.

પૂ. સ્વામીજીએ કથાવાર્તા કરનાર સંતનું આવું ઘડતર કર્યું છે તેના ફળ સ્વરૂપે ''થર્ડ ડીગ્રી બર્ન'' ગંભીર રીતે દાઝી જવા છતાં અમદાવાદ ડીવાઈન મિશનના રજત જયંતિ પર્વે વ્યાસપીઠ પર કથા કરતા પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી જેવા સંતના દર્શન થાય છે. કથા સમાપ્તિ પછી જ્યારે ડૉક્ટર પાસે ગયા ત્યારે તે પણ અચંબામાં પડી ગયા. આટલું દાઝેલ શાંતિથી બેસી પણ ન શકે ને તમે કથા કેવી રીતે કરી ?

હા, આ પ્રશ્ન સહજ છે, પણ તેનો યથાર્થ ઉત્તર પૂજ્ય શ્રીનંદકિશોરદાસજી સ્વામીના સંતજીવનના ઘડતરથી કરી; આટલો જ હોય શકે. અને આ ઉત્તરની યથાર્થતા સમજવા માટે તો બ્રહ્મરૂપ થવું પડે. સ્થિતિને પામ્યા વિના સ્થિતિવાળાની વાતોનો વિશ્વાસ ન આવે. ધન્ય છે ! પ.પૂ. સ્વામીજીના સંતઘડતરને.



પૂ. સ્વામીશ્રી જેવા સત્પુરૂષો ક્યારેય કોઈને શાપ નથી આપતા પણ તેમના અંતરની વેદના પરમાત્મા સહન નથી કરતા. વ્યથિત અંતરમાંથી જે વાચા ફૂટે છે તે પરમાત્મા સત્ય કરે છે માટે મુમુક્ષુએ ક્યારેય નિજ અંતરમાં કલા-ચેષ્ટા કે આવડતના અહંના જોરે મોટા પુરૂષને ગૌણ કે નિર્બળ સમજવાની ભૂલ ન કરવી જોઈએ.

એ હેડકી ફાટવાની થઈ છે...

પૂ. સ્વામીજીનો સ્વભાવ અતિશય મૃદુ. મૃદુ સ્વભાવની સાથે સાથે નાનામાં નાના સાધુ-સત્સંગીનો મહિમા. સમતા-મમતા-મૃદુતા જેવા ગુણોની માળા સદૈવ તેમના કંઠમાં શોભતી. પૂજ્યશ્રી મૃદુ સ્વભાવના હતા છતાં સત્સંગની નીતિ-રીતિ માટે સદૈવ જાગૃત રહેતા. નાનામાં નાની ક્ષતિ પણ તેમની નજરથી ભાગ્યે જ છુપી રહેતી પરંતુ તેઓની એક રીતિ એવી હતી કે, એક-બે અને ત્રણવાર રોકે-ટોકે, પછી નહિ. ઊંઘતાને જ જગાડવાનો હોય... જાગતાને નહિ.

પૂ. સ્વામીજીના આ સ્વભાવને બધા જ યથાર્થ જાણતા હોય, એમ માની લેવાની કંઈ જરૂર નથી. પણ જે સત્પુરૂષની સાથે રહેતા હોઈએ તેમને સમજવામાં ભૂલ થાય, તો કેવું ભયંકર પરિણામ આવે છે તે સમજવામાં ઉપકારક એક પ્રસંગ જોઈએ.

પૂ. સ્વામીજી ઈ.સ. ૧૯૭૪-૭૫ માં મુંબઈ મંદિરના મહંતપદે હતા. મહંતપદ પૂ. સ્વામીજીના નામે જ હતું પણ તમામ સેવાકાર્ય સેવક પુરાણી ભક્તિકિશોરદાસજી સ્વામી સંભાળતા. મુંબઈ સત્સંગના પુણ્ય ફળ્યાં કે, તેમને પૂ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી જેવા મહાપુરૂષ મળ્યા. તેમની ઉપસ્થિતિ માત્રથી શાંતિની ભાગીરથી ગંગા વહેવા લાગી. ભક્તોની અશાંતિ ઉલેચીને અંતર સ્વચ્છ નિર્મળ કર્યા. કલ્યાણના ચેતન બોલ બોલનાર આ મહાપુરૂષનું દર્શન-વંદન-હાસ્ય - ભૂલેશ્વરના ભક્તોનાં અંતરમાં આનંદની ઝડી વરસાવતું. એમની આંખોમાં પ્રેમનો પ્રકાશ ઉછળતો. સત્યનું તેજ વિસ્ફુરિત થતું. અંતરમાંથી તપવારિના ફૂવારા ઉડતા. સર્વત્ર અહો...આનંદમ્...મંગલમ્ થઈ રહ્યું હતું.

હા, સત્યમ્-શિવમ્-સુંદરમ્ની અનુભૂતિ થઈ રહી હતી. રોજ રોજ રસોઈઓ આવવા લાગી. શ્રીમંત શેઠિયાઓ મોંઘી મોંઘી રસોઈઓ આપતા. બહુધા મેસુબની રસોઈ હોય. ભગત આવીને પૂ. સ્વામીજીને કહે, "સ્વામી ! મારે મહારાજ અને સંતોને મેસુબ જમાડવો છે." સ્વામીજી તેમની સ્થિતિ અને ભાવના; બન્ને જોઈને એક જ જવાબ આપે, "સારું, મહારાજ તમારો

સંકલ્પ પૂરો કરશે, જાવ. ભંડારીને કહેજો.'' ભંડારી મૈસુબના તાજ વગરના બેતાજ બાદશાહ. એમની તોલે કોઈ જ ન આવે. અને જે આવે તે તેમની પાસેથી કંઈક શીખીને જાય.

થાળ બનાવવાની આવડત સારી હતી પણ આ આવડતને અહંની આભડછેટ લાગેલી. ખરેખર જોઈએ તો તેની અહંવૃત્તિ કરતા પણ ભયંકરવૃત્તિ બીજી હતી. પૂ. સ્વામીજી તેમના સદ્‌ગુણની કદર કરતા. તેના અહં સામું જોતા નહિ, તેથી સ્વામીજીને ગરજુ સમજવા લાગ્યા. આ ભયંકર ભૂલ થઈ ગઈ. સેવા-સાધના ઓછી થાય તો ચાલે પણ સદ્‌ગુરૂમાં સદ્‌ભાવ ઘટે, તે તો ક્યારેય ન જ ચાલે.

ભંડારીની ભૂલ ભંડારીને જ ભરખી ગઈ. કોઈ ભગત ભાવથી થાળ લખાવવા આવે તો ભંડારી અગડમ્ બગડમ્ જવાબ આપવા લાગ્યા. કોઈ પૂ. સ્વામીજીનું નામ આપે તો કહે, જા. તેની પાસે બનાવરાવી લે. આ વાત પુરાણી ભક્તિકિશોરદાસજીને ખબર પડી. તેને ખીજ ચડી. તેમણે અસલ કાનમી ભાષામાં ખબર લઈ નાંખી, પણ તેને કંઈ અસર ન થઈ. અંતરના નિબીડ તમમાં વાણીના તેજનો દીવો ના પ્રગટ્યો. ભંડારીની અવળાયને વધુ વળ ચડ્યા. કાથીની ચીંધરી જેવો સ્વભાવ હશે, બળી જાય પણ વળ ના મૂકે. ભડભડતી આગ જેવી વાણીના અંગારા ભક્તોના ભાવહૃદયને દજાડવા લાગ્યા. વાત આવી ઓફિસમાં. પૂ. સ્વામીજીને આ સાંભળીને ભીષણ વેદના થઈ.


પૂજ્યશ્રીએ સંદેશો મોકલ્યો, ''સેવા થાય તો કરવી, પણ કુસેવા તો ન જ કરવી.''પરંતુ પથ્થર પર પાણી રેડવાથી કોઈ જ ફેર ના પડ્યો. મને મારી રીતે રહેવા દ્યો. મારે કોઈની સલાહની જરૂર નથી. અને જો એટલો બધો મહિમા ફાટી જતો હોય તો, અહીં સેવા કરવા આવી જાવ.'' આવી કઠોર વેધક વાણી બોલ્યા., ભંડારીને મન પૂ. સ્વામીજી એક અસમર્થ સંત હતા. હું રાત દિ રસોડું ચલાવું છું એટલે સ્વામીજીની વાહ વાહ થાય છે. એમ મનમાં સ્વામીજી પ્રત્યે ઉપકાર ભાવ થઈ ગયેલો. ક્યાં જનમના અકર્મ આડા આવ્યા તે તો ખબર નથી પણ પછી દિવસે દિવસે પડતી શરૂ થઈ. અભાવ-

અવગુણનો હડકવા લાગ્યો. જે તેની પાસે બેસે તેની સામે ઝેર ઓકે. આ વાત પૂજ્ય સ્વામીજીના લાડલા સેવક પૂજ્ય ઘનશ્યામપ્રકાશદાસજીને સાંભળવામાં આવી પણ તેમની ઉંમર બાળક જેટલી. જે સ્વામીજીનું ન સાંભળે તે બીજા કોનું સાંભળે ! તેમનાથી આ સહન ન થયું પણ ઉંમર નાની હતી એટલે શું કરી શકે ? છતાં તેઓએ અસહ્ય વેદના પૂ. સ્વામીજી આગળ રડતા સ્વરે ઠાલવી.

પૂ. સ્વામીજીના મુખમાંથી શબ્દો સરી પડ્યાઃ 'બેટા ઘનશ્યામ ! તું જરાય ચિંતા ન કર, હવે એ દેડકી ફાટવાની થઈ છે.' અને ભંડારીના હૃદયમાં સંસારની આગ ભભકવા લાગી. ભંડારી પ્રતિદિન ૧૦૦ માળા કર્યા પછી જ સુતા. નિયમિત પાંચ માનસીપૂજા પણ કરતાં, એટલું જ નહિ રોજ મહારાજને ૧૦૦ દંડવત્ કરીને ગદ્‌ગદ્ કંઠે કીર્તન ગાતા, છતાં ત્યાગી જીવનની કોઈ જ સાધના એ આગને ઠારી ન શકી. ગણતરીના દિવસોમાં તેણે ત્યાગી જીવનનો ત્યાગ કર્યો.

એક મહાપુરૂષને સમજવામાં થાપ ખાધી તો જીવનની ગતિ જ બદલાઈ ગઈ. **પૂ. સ્વામીજી જેવા સત્પુરૂષો ક્યારેય કોઈને શાપ નથી આપતા પણ તેમના અંતરની વેદના પરમાત્મા સહન નથી કરતા. વ્યથિત અંતરમાંથી જે વાચા ફૂટે છે તે પરમાત્મા સત્ય કરે છે માટે મુમુક્ષુએ ક્યારેય નિજ અંતરમાં કલા-વૈદુષ્ય કે આવડતના અહંના જોરે મોટા પુરૂષને ગૌણ કે નિર્બળ સમજવાની ભૂલ ન કરવી જોઈએ.**

ભંડારીની એટલી જ ભૂલ હતી કે, તે પૂ. સ્વામીજીને અસહાય માનતા. જો હું નહિ કરૂં તો કોઈ નહિ કરી શકે. સ્વામીને મારી જરૂર છે, મારે સ્વામીની નહિ. એટલે જ સ્વામી મને કંઈ કહેતા નથી. પોતાના હૃદયમાં આ પાપરૂપ વિચારને અહં-આવડતનું પયપાન કરાવીને મોટો કર્યો અને અંતે એ જ વિચાર એને ડંખી ગયો. માટે મુમુક્ષુએ પૂ. સ્વામીજી જેવા મહાપુરૂષો પાસે ગરજુ થવું, ગરજ કરાવવી નહિ.



શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી

વિક્રમ સંવત્ ૨૦૩૭માં સમગ્ર સત્સંગ ઉત્સવીયા વાતાવરણથી ઝૂમી ઉઠ્યો છે. અત્ર-તત્ર-સર્વત્ર એક જ વાત સંભળાય છે. આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી જન્મ જયંતિ આવી...આવી. ગામડા ગામના હરિભક્તોથી લઈને વરતાલ જેવા સંપ્રદાયના નાભિકેન્દ્રોમાં આ ઉત્સવના આગમનના પડઘમ વાગી રહ્યા છે. સૌ સૌની શક્તિ પ્રમાણે તડામાર તૈયારી સાતે દ્વિશતાબ્દી જન્મ જયંતિના વધામણા કરવા આતુર હતા, તેવા સમયે મુંબઈ મંદિરના મહંત પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ શ્રી નંદકિશોરદાસજી સ્વામીની નાભિમાંથી નાદ પ્રસર્યો. સર્વોપરી ઈષ્ટદેવની દ્વિશતાબ્દી જન્મજયંતિ; સર્વોપરી રીતે ઉજવવી છે. જીવનમાં દરેકને આવો સુવર્ણ અવસર નથી મળતો. અરે જેને મળે છે તે માણી પણ નથી શકતા પણ આપણે સર્વોપરી મહોત્સવ કરીએ, તો સમગ્ર મુંબઈમાં ઈષ્ટદેવનો જય જયકાર થઈ જાય.

બ્રહ્મનિષ્ઠ મહાપુરૂષોના સંકલ્પો તો સ્વયં ભગવાન જ પૂર્ણ કરતા હોય છે પરંતુ તેમાં નિમિત્ત બનવાનું સૌભાગ્ય ભાગ્યશાળીઓને જ છે. બૃહદ્ મુંબઈ મહાનગરમાં વસતા ભક્તજનો પણ એવા સૌભાગ્યશાળી હતા. તેથી જ તેમને પૂજ્યપાદ્ સ્વામીજી જેવા પુણ્યશ્લોક પુરૂષનો સંકલ્પપૂર્તિમાં સહભાગી થવાની



જન્મ જયંતિ મહોત્સવ - મુંબઈ

તક મળી. 'સર્વોપરી ઈષ્ટદેવનો દ્વિશતાબ્દી જન્મજયંતિ મહોત્સવ સર્વોપરી રીતે કરવો છે' પૂજ્યશ્રીના આ સંકલ્પને સર્વોપરી સહકાર મળ્યો. સત્સંગના નામચીન ઉદારદીલ શ્રેષ્ઠીઓએ સેવાની સુવર્ણ તક ઝડપવા પડાપડી કરી. વિનોદભાઈ એમ. શર્મા, મોહનલાલ એસ. મીઠાઈવાળા પરિવાર, જયંતિલાલ વી. પારેખ, કલાનિકેતન પરિવાર, બાબુભાઈ ટી. વડોદરીયા પરિવાર, ધીરજલાલ એમ. ગાંધી, ગાંધી સન્સ પરિવાર, જીવણલાલ બાખડા પરિવાર, ચંપકલાલ ગોસળીયા પરિવાર, ઘનશ્યામભાઈ ચોક્સી વગેરે ભક્તો પૂજ્યપાદ્ સ્વામીજીના હાથપગ બનીને દોડવા લાગ્યા. તન-મન-ધન સંતના વચને સત્સંગ માટે કૂરબાન કરવાની તંદુરસ્ત હરિફાઈ જેવું વાતાવરણ સર્જાયું.

પૂ. સ્વામીજીએ આદેશ આપ્યો. કોર્પોરેશનમાંથી આપણા મંદિરના રસ્તાનું નામ "સહજાનંદી માર્ગ" કરાવી લાવો. કાર્યકર્તાઓની ટીમ દોડવા લાગી. દોડી દોડીને થાકી જવાય છતાં જ્યાં કામ ન થાય; ત્યાં પ્રચંડ પૂરની ઝડપે કામો થવા લાગ્યા. ભક્તજનોને ઘણીવાર મનમાં એમ થાય કે, આપણે કામ કરવા-કરાવવા આવીએ ત્યારે પગરખા ઘસાય જાય છે. "આપણા કામ આટલા ઝડપથી થઈ જતા હોય તો કેવું સારું" એમ મનમાં ગલગલીયા કરતાં કરતાં

આગળ કામે લાગી જાય છે.

પૂ. સ્વામીજીએ આદેશ કર્યો. આપણે જ્યાં આખું મુંબઈ આવે છે ત્યાં પારાયણ કરવું છે. કોઈ કંઈ સમજી ના શક્યા. એકબીજાની સામું જોવા લાગ્યા ત્યારે ધીરે રહીને પૂજ્યશ્રીએ કહ્યું, આપણે સમુદ્ર કિનારે - ચોપાટી પર મહામહોત્સવ કરવો છે. સમુદ્ર કિનારો પવિત્ર કહેવાય અને વળી જે જે જીવ ફરવા આવતા હોય, તેને પણ લાભ મળે. પ્રસાદ જમશે. અરે ! સભાના દર્શન કરશે. તેનું પણ ભગવાન સારું કરશે. માટે આપણે સમુદ્ર કિનારે "શ્રી સ્વામિનારાયણ-નગર" ઊભું કરો.

ભગવાનના નામે સમુદ્ર પર પથ્થરનો પુલ બંધાય ગયો હતો તો ઈષ્ટદેવના દ્વિશતાબ્દી જન્મ જયંતિ અવસરે સમુદ્ર કિનારે નગર કેમ ઊભું ન થાય ? આવા અદમ્ય ઉત્સાહ સાથે કાર્યકર્તાઓ કામે લાગ્યા. કામ કરવાનું નક્કી હતું પણ **श्रेयांसि बहूविघ्नानि**" સારા કામમાં સો વિઘ્ન આવે. એન.જી.ઓ. સંગઠનોએ સંગઠિત થઈને વિરોધ કર્યો. પરંતુ તેમનું સંગઠન પત્તાના મહેલની જેમ તૂટી પડ્યું. પૂ. સ્વામીજીની માત્ર ઉપસ્થિત થઈ ત્યાં સ્થિતિ-પરિસ્થિતિ એ કરવટ લઈ લીધી. જે વિરોધ કરતાં હતાં તેમણે જ હાથ જોડ્યા; અને કહ્યું, 'અમારે લાયક કામકાજ કહેજો.'

કેવું જબરૂં આશ્ચર્ય ! કેવું જબરૂ પ્રભાવક વ્યક્તિત્વ ! વિરોધીઓ પણ ઉત્સવની સેવામાં દોડતા થઈ ગયા. ગીતાજીમાં પોતાના પ્યારા ભક્ત માટે, "**यस्मान्नोद्विजते लोका लोकान्नोद्विजते च यः**" કહેવાયું છે. તે અહિં સંપૂર્ણ ચરિતાર્થ થાય છે. યોગસૂત્રમાં સિદ્ધયોગીનો સ્થિતિ માટે **तत्संन्निधौ वैरत्यागः**" સૂત્ર છે. એ દૃષ્ટિએ પૂજ્યશ્રી યોગસિદ્ધ મહાપુરૂષ છે, એમ આ પ્રસંગ પરથી કહી શકાય; અસ્તુ વાત કરીએ દ્વિશતાબ્દી જન્મ જયંતિ મહોત્સવની.

વિ.સં. ૨૦૩૭ મહા સુદી તૃતીયા તા. ૭-૨-૧૯૮૧ના રોજ ભુલેશ્વર મંદિરથી લઈને ચોપાટી સુધીના મુંબઈ મહાનગરના રાજમાર્ગો ભગવાન શ્રી સ્વામિનારાયણના જયનાદથી ગૂંજી ઉઠ્યા. મુંબઈ સત્સંગના ઈતિહાસમાં અભૂતપૂર્વ પોથીયાત્રા નીકળી. સાગર કિનારે માનવ મહેરામણ ઉમટી પડ્યો. શ્રદ્ધા સાગર હિલોળે ચડ્યો. સંપ્રદાયના દિગ્ગજ વક્તા પ.પૂ. પ્રાતઃ સ્મરણીય સંતવર્યશ્રી જગતપ્રકાશદાસજી સ્વામીએ વ્યાસપીઠ પરથી કથા ગંગા વહાવી. શ્રોતાઓ કથામૃત સાથે સંપ્રદાયના મૂર્ધન્ય સંત પુરૂષોના આશીર્વાદથી કૃતકૃત્ય થયા. મુંબઈ મહાનગરના પ્રેસ મીડિયાએ આ મહોત્સવની ઐતિહાસિક

ઉત્સવના રૂપમાં નોંધ લીધી.

આ મહામહોત્સવમાં વૃત્તાલય પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ સ્વયં પણ પધાર્યા. તેમની ઉપસ્થિતિથી પૂર્ણિમાના ચંદ્રને જોઈને સાગર હિલોળે ચડે, તેમ આચાર્ય મહારાજશ્રીના દર્શન ભક્તોના હૃદયમાં આનંદનું ઘોડાપુર આવ્યું. પ.પૂ. મહારાજશ્રીએ આવા વિરાટ મહોત્સવના સંકલ્પકર્તા એવં આયોજક પૂ. શ્રી નંદબાબા અને મુંબઈના ભક્તોના બે મોઢે વખાણ કર્યા. અને યજમાનોને આશિષ આપ્યા. એ અંતે સંહિતાપાઠના વક્તા એવં પૂ. સ્વામીજીના સેવક નવયુવાન વિદ્વાન્ સંત શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજીને "સદ્‌ગુરૂ" પદ આપીને આશીર્વાદની અમીવૃષ્ટિ કરી ત્યારે સમગ્ર સભામંડપ જયનાદથી ગૂંજી ઉઠ્યો.

અરે ! હા, આ મહામહોત્સવ વરતાલ દેશનો વિરાટ મહોત્સવ બની રહ્યો. આ મહોત્સવમાં જ મંદિરે આવતા માર્ગનું ત્રીજા ભોયવાડાનું "સહજાનંદ માર્ગ" નામકરણ થયું. આ મહોત્સવના સંભારણા શતાબ્દીઓ સુધી ગવાતા રહેશે. મુંબઈ સત્સંગની તવારીખ જોતાં ખ્યાલ આવે છે કે, આવો મહામહોત્સવ હજુ સુધીના ઈતિહાસમાં નથી થયો.

કાંતિલાલ એન. સરવૈયા, હિરાભાઈ આર. પટેલ, રમણીકલાલ એમ. દોશી, ગોરધનભાઈ આર. પટેલ, બાબુભાઈ કે. ખોપાળાવાળા, વસંતભાઈ એમ. મુખી, ત્રિભોવનદાસ કે. ઝવેરી, ભક્તિભાઈ એન. પટેલ જેવા ભક્તોની સેવાની નોંધ ના લઈએ તો નગુણા કહેવાઈએ. આવા ભક્તોએ જ પૂ. સ્વામીના સંકલ્પને મૂર્તિમંત કરવામાં નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. પૂ. સ્વામીજીના સેવક પુરાણી સ્વામીએ તો સેવાનું શિખર ચડાવી દીધું. આટલા વિરાટ મહોત્સવના મંચ પર જવાની ખેવના રાખ્યા વિના માત્ર અને માત્ર ગુરૂદેવ પૂ. સ્વામીજીના કાર્યને દીપાવવા વહીવટી સેવાઓ કરી છે. તેમની સાથે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તથા શ્વેતવૈકુંઠદાસજી તથા પાર્ષદ બળદેવ ભગત વગેરે કથાવાર્તા અને સેવા દ્વારા સત્સંગીઓની પ્રસન્નતા મેળવી.

બૃહદ્ મુંબઈ સત્સંગ સમાજે પોતાની પ્રસન્નતાનો કળશ આ મહામહોત્સવના કર્ણધાર પ.પૂ. સ્વામીજી પર ઢોળ્યો અને એક અવિસ્મરણીય સન્માન પત્ર અર્પણ કર્યું.

ભાવિએ મીટ માંડીને જોઈ'તી તમ વાટડી,
આજે એને મુખે કેવી રેખા આનંદની ઢળી ?

।। સન્માનપત્રમ્ ।।

શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી જન્મ જયંતિ મહોત્સવ

શ્રી ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞ પ્રસંગે

સન્માનપત્ર

સત્સંગિનો વયં સર્વે મોહમય્યાદિવાસિનઃ ।
ભક્ત્યા પ્રીત્યાતિહર્ષેણ પ્રણિપાતપુરઃ સરમ્ ।।
નંદકિશોરદાસાનાં સદગુરૂણાં મહાત્મનામ્ ।
ઇદં સન્માનકં પત્રં યચ્છામઃ પાણિપદ્મયોઃ ।।

સવિનય,

આપશ્રીની મુંબઈ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંવત્ ૨૦૩૬ વૈશાખ વદ-૬ ને મંગળવાર તારીખ ૬-૫-૮૦ ના રોજ કોઠારી તરીકેની નિમણૂંક થઈ ત્યારથી આ મંદિરની ઉત્તરોત્તર પ્રગતિ થતી જોઈને અત્રેના સમગ્ર સત્સંગ સમાજના હૃદય પુલકિત થઈ ગયાં છે.

આપશ્રીનું મંડળ કોઠારીપદે હોઈ અથવા ગામડે ફરવા માટે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં આપણા મંડળના સ.ગુ. પુરાણી સ્વામીશ્રી ભક્તિકિશોરદાસજી તથા કોઠારી શ્રી ઝવેરભગત તથા શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી તથા પુજારી સ્વામીશ્રી નરનારાયણદાસજી વિગેરેએ કથાવાર્તા પારાયણો ઉત્સવો તેમજ હરિભક્તોને જમાડવા ઉતારા પાણીની વ્યવસ્થાથી અનેક હરિભક્તોને રાજી કરી મન આકર્ષ્યા છે.

આપશ્રીનું મંડળ આ પહેલાં પણ પીજ, ડભાણ, ચાણોદ, સુરત તેમજ ધોલેરા વિગેરે મંદિરોના કોઠારી પદે રહ્યા હતા ત્યારે પણ સત્સંગ વૃદ્ધિ માટે અનેક પારાયણો તેમજ સુરત જેવા શહેરમાં પાઘઉત્સવ, જીર્ણોદ્ધારની સેવા, મંદિરનું રંગકામ વિગેરેથી સત્સંગ સમુદાયને રાજી કર્યો હતો.

આપશ્રી એજ પ્રમાણે ટૂંક સમયમાં મુંબઈ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સમાજને ઉપયોગી એવા સેવા કાર્યોની જે સુવાસ ફેલાવી છે. તેમજ ભાગવત્ પારાયણ પ્રસંગે અત્રેના સત્સંગીઓને સાચું માર્ગદર્શન

આપી ભુલેશ્વરમાં આવેલા મંદિરના માર્ગને ત્રીજો ભોયવાડા નામ તરીકે જાણીતો હતો. તેનું નામ બદલી શ્રી સહજાનંદ માર્ગ નામ નગરપાલિકામાં જાહેર કરાવ્યું તેને યાદ કરતાં અમારા હૃદય હર્ષથી નાચી ઉઠે છે. અને આ પ્રસંગ પણ જીવનમાં કદાપિ ભુલાય તેમ નથી.

આપના મંડળના સહાયક સ.ગુ. શાસ્ત્રી શ્રી નારાયણસ્વરૂપદાસજી તથા ગઢપુરના સ.ગુ. સ્વામીશ્રીની શ્વેતવૈકુંઠદાસજી વિગેરેએ કથામૃતનું પાન કરાવ્યું છે તેમજ અમારી સાથે એકમેક થઈ અમો સર્વેને જે સાથ સહકાર આપ્યો છે. અપાવ્યો છે. આ ઉપકારો અમને આ મંદિર અને સત્સંગની સેવા માટે હંમેશા પ્રેરણાદાયી અને ચિરસ્મરણીય રહેશે.

આપશ્રીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૦૦ (બસોમી) જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે મુંબઈના સમગ્ર સત્સંગ સમાજના હૃદયમાં ઘણાં જ ટાઈમથી એક અભિલાષા હતી કે આવી સુપ્રસિદ્ધ મુંબઈ નગરીમાં સુંદર પારાયણ થાય તો શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રી ગોલોકવિહારી મહારાજ, અતિપ્રસન્ન થાય તેમજ સત્સંગની વૃદ્ધિ થાય એ સત્સંગીઓની મનઃકામનાને આપશ્રીનું મંડળ આવ્યા પછી આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત્ નવાહ્ન પારાયણનું આયોજન કરી ભાગવત્ નિષ્ણાત સંત શિરોમણી પરમ પૂજ્ય સ.ગુ. પુરાણી સ્વામી શ્રી જગતપ્રકાશદાસજીને વક્તા તરીકે આમંત્રણ આપી જે મુંબઈ શહેરની ધર્મપ્રેમી જનતાને કથામૃતનું પાન કરાવી શ્રી સ્વામિનારાયણ ભગવાનના નિશ્ચયની દૃઢતા કરાવી છે. એથી અમો બધાં ધન્ય ભાગ્યશાળી થયા છીએ.

આપના આ બધાં સુકાર્યો અને સેવાઓનું યત્કિંચિત ઋણ ચુકવવા શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ તેમજ શ્રીમદ્ ભાગવત્ નવાહ્ન પારાયણ પ્રસંગે આ સન્માનપત્ર આપને અર્પી અમો સર્વે કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

સંવત્ ૨૦૩૭ મહા સુદ ૧૨ — લી. અમો

તા. ૧૫-૨-૮૧. — મુંબઈ સમગ્ર સત્સંગ સમાજના ઘણા જ

સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ

વાંચશોજી.



પૂનમનું નિયમ

આ જેટ સ્પીડના જમાનામાં, આજની વાત આવતીકાલે ભૂલાઈ જાય છે અને એ ભૂલાયેલી વાતને યાદ કરવાની તસ્દી સુધા નથી લેવાતી. માત-પિતાની પુણ્યતિથિએ ન્યુઝપેપરમાં જાહેરાત આપનારાની સંખ્યા પણ ઓછી થતી જાય છે. આવા આ યુગમાં ભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીહરિની સેવામાં પધાર્યા; તે વાતને ૩૦-૩૦ વર્ષ પૂર્ણ થયા હોવા છતાં પણ સંતો-ભક્તોના હૈયામાંથી જેમની કરૂણા-ઉદારતા-સાધુતા ભૂલાતી નથી; જેમનું નામ પડતા જ અહોભાવના શબ્દો સરી પડે છે; એ ઉત્તમશ્લોક મહાપુરૂષ એ જ આપણા ગુરૂદેવ શ્રીનંદકિશોરદાસજી સ્વામી.

પૂજ્યશ્રીનું નામ પડતાં જ કોઈના મુખમાંથી અહોભાવના શબ્દો સરી પડે છે. કોઈની રોમાવલી ખડી થઈ જાય છે. કોઈ અતીતની સ્મૃતિમાં ઓળઘોળ થઈ જાય છે તો કોઈની આંખોમાં આંસુડા ભરાઈ આવે છે. હા, પૂજ્યશ્રી એવા જ મહાપુરુષ હતા. કોઈના હૃદયને તેમની ઉદારતા સ્પર્શી ગઈ છે. કોઈના હૃદયને તેમની વ્યાવહારિક કુનેહ સ્પર્શી ગઈ છે. કોઈના હૃદયને તેમની સરળતા-નિખાલસતા સ્પર્શી ગઈ છે. અને કોઈ ઉત્તમ મુમુક્ષુને તેમની શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યેની અડગ નિષ્ઠા સ્પર્શી ગઈ છે. આજ એમની સ્મૃતિ માટે દરેક પાસે અલગ અલગ કારણો હશે, પરંતુ સર્વમાન્ય કારણ હોય તો તે છે તેમની સાધુતા અને ભક્તિમય જીવન.

એક મુમુક્ષુના હૈયામાં તેમની સંગીતની કેટલી ઊંડી છાપ પડે છે તે આ પ્રસંગ પરથી સમજી શકાશે.

પૂજ્ય સ્વામીશ્રી મુંબઈના મહંતપદે આવ્યા, એ સમયે ત્યાંનો સત્સંગ સમાજ આંતર કલહથી ઘેરાયેલો હતો. દરેક મંદિરનું હિત ઈચ્છતા હતા, છતાં કોઈ-કોઈનું સાંભળવા તૈયાર ન હતા. દેવ હિતથી શરૂ થયેલી વાત અંગત અહંનો પ્રશ્ન બની ગયેલી. એકબીજાને નીચા દેખાડવાની વૃત્તિને નૈતિકતાનું રૂપાળુ નામ આપીને પોષતા હતા.

અ ।

આંતરિક કલહથી ઉદ્વિગ્ન અગ્રણી ભક્તોની વિનંતીથી જ પૂ. સ્વામીજી મુંબઈ-ભૂલેશ્વર મંદિરના મહંત બનેલા. મધ ઝરતી મીઠી વાણી અને કરૂણા ઝરતા નેણ; કોઈ પોતાનો નહિ અને કોઈ પારકો નહિ. કોઈ શ્રીમંત નહિ ને કોઈ ગરીબ નહિ. સહુની સાથે આત્મીયતાનો સેતુ નિર્માણ કર્યો. દેવ-મંદિર હિતની વાત કરનારા બન્ને પક્ષના ભક્તોના અહંને છંછેડ્યા વિના પ્રેમથી વશ કરી લીધા. બન્નેને બોલાવે, ધ્યાનથી વાત સાંભળે અને કહે, "અરે ! આ વાત તો થવી જ જોઈએ; આ વાત પણ થવી જ જોઈએ. પણ જો આ રીતે કરીએ તો મંદિર-સત્સંગને વધુ ફાયદો થશે; બરોબરને ?" બન્નેના મુખે જ હા પડાવે. બન્ને પાસે જ કાર્ય કરાવે. જોતજોતામાં તો સત્સંગ એકરસ થઈ ગયો.

છોટુભાઈ શેઠ - મીઠાઈવાળા, બાબુભાઈ વડોદરિયા, જીવણભાઈ બાખડા વગેરે પ્રબુદ્ધ ભક્તોનાં હૃદયમાં આ કાર્યની ઊંડી છાપ પડી. પૂ. સ્વામીજી સાથે તેમની બેઠક-ઉઠક વધી ગઈ. સ્વામી સહજભાવે શ્રીહરિકૃષ્ણ મહારાજના મહિમાની, વરતાલની દિવ્યતાની વાતો કરે. વાતો કરતાં પણ વધુ કામ કરે અને કામ કરતા પણ વધુ ભજન કરે. સ્વયં ઠાકોરજીની સેવા કરે, એટલું જ નહિ હરિભક્તોની પણ સેવા કરે. વાણી અને વર્તનની એકતા છતાં અહંશૂન્યતા. આ જો ભગવાન સાથે સંબંધ ન હોય તો શક્ય જ ન બને. આવા વિચારથી વડોદરિયા પરિવારને આત્મીયતા દૃઢ થઈ. પૂજ્ય સ્વામીજીએ એ પરિવારને વરતાલ પૂનમ ભરવાનું નિયમ આપ્યું. પરિવારમાંથી એક વ્યક્તિ નિયમિત પૂનમ ભરવા લાગ્યા. સમયની સાથે સમજણ પણ દૃઢ થતી ગઈ. વરતાલ સાથે ઘર જેવો સંબંધ થઈ ગયો.

એકવાર પૂનમના આગલા દિવસે દમણ બ્રીજ તૂટી ગયો. ટ્રેનો બંધ થઈ ગઈ. પૂનમિયા ભક્તોને વરતાલ જવાનું અસંભવ થઈ ગયું. એ સમયે શેઠના ચિ. મુકેશભાઈ પ્લેનની ટિકિટ લઈને વરતાલ પૂનમના દર્શને આવ્યા અને સાંજે પાછા અમદાવાદથી પ્લેનમાં મુંબઈ ગયા. એક નિયમ સાચવવા માટે આજથી ૩૦-૪૦ વર્ષ પહેલા આવો ખર્ચ કરવાની હિંમત સંત સમાગમના ફળરૂપે મળેલી.

અરે ! હા, આજે તો એ પરિવાર અમદાવાદમાં રહે છે. છતાં હજુ તેમનું પૂનમનું નિયમ અકબંધ છે. એક પરિવારમાં વરતાલ પ્રત્યેની આવી ઊંડી આસ્થા દૃઢ કરાવવાનું શ્રેય પૂ. સ્વામીના નામે જાય છે. આવા અનેક પરિવારોને પૂજ્યશ્રીએ પૂનમ ભરતા કર્યા છે. અત્યારે તેમના પરિવારોના વડીલોની ગેરહાજરીમાં દ્વિતીય પેઢી પણ એ નિયમોને વળગી રહી છે. પેઢી દર પેઢી નિયમ પળતા રહે, એ સંતનું વ્યક્તિત્વ કેવું પ્રભાવી હશે ? આ પ્રશ્નનો જવાબ આપણને એમની દિવ્યતાને સમજવામાં મદદરૂપ થશે.



સ્વામી ! આ ચાખડી આપી દ્યો...

पादुका देहि मे स्वामिन्, सेवकोऽस्मि कृपां कुरु।
तत्सेवाश्रेयसाधिका मह्यं मुक्तिप्रदायिका ॥

આપણી મુક્તાનંદી સંત પરંપરા છે. પરંપરાથી આ મંડળમાં પ્રસાદીની વસ્તુઓ બહુ જ. ગૃહસ્થો જેમ ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ માટે તલસતા હોય છે તેમ ત્યાગીઓ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ માટે તલસતા હોય છે. શ્રીજી મહારાજના સંબંધને પામેલ પદાર્થ પ્રાપ્તિની તમન્નાને આપણે ભક્તિભાવ કહી શકીએ. હા, ભક્તિભાવ જ કહેવો જોઈએ.

પૂ. સ્વામીજી પાસે પરંપરાથી પ્રાપ્ત થયેલી અનેક પ્રાસાદિક વસ્તુઓ હતી. દરેક વસ્તુ પ્રત્યે તેમના અંતરમાં પૂર્ણ ભક્તિભાવ હતો. શ્રીજીના સંબંધમાં આવેલ પદાર્થનો ઊંડાણ ભર્યો તેમના જેવો મહિમા ગુરૂદેવ પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીમાં પણ જોવા મળે છે. મહિમા ઘણી જગ્યાએ જોવા મળશે પરંતુ મહિમાની સાથે સાથે જે ઉદારતા પૂ. સ્વામીજીમાં જોવા મળે છે તે ભાગ્યે જ જોવા મળે.

પૂ. સ્વામીજી પાસે એક દિવ્ય ચાખડી હતી. આ ચાખડી શ્રી લક્ષ્મીનારાયણ દેવના પ્રથમ પૂજારી શ્રી નારાયણાનંદ બ્રહ્મચારીમહારાજની પરંપરાના બ્રહ્મચારીજીએ પૂજ્યશ્રીને પ્રેમથી આપેલી. એ ચાખડી પર શ્રીજી મહારાજના

ચરણારવિંદની છબી અંકિત થયેલી હતી. તેના દર્શન કરતાં જ ષોડશ ચિહ્ન સમેત અરૂણ કમળસમ જુગલચરણની છબી નજર સમક્ષ તરવા લાગતી. પૂ. સ્વામીજી આ ચાખડી પૂજા કરતાં.

જેમ પ્રત્યક્ષ શ્રીહરિ બિરાજતા હોય તેમ જ ભાવથી પૂજા કરતા એમ કહેવું તેના કરતા તેમની પૂજામાં શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પધારતા; એમ કહેવું વધુ ઉચિત ગણાશે. હા, એમની પૂજામાં કંઈક દિવ્યાનુભૂતિની ઝાંખી જણાતી એટલે જ સંતો-ભક્તો પૂજામાં દર્શન કરવા જતા. પૂ. સ્વામીજીની ખડેપગે સેવા કરનાર સેવક ગુરુદેવ પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીજી ઘણીવાર સેવાના સંસ્મરણો વાગોળે છે.


હું વહેલો ઊઠી જાવ, સ્નાન-પૂજાપાઠ કરીને ગુરુજીની પૂજા સામગ્રી તૈયાર કરૂં. મહારાજ માટે તુલસી-પુષ્પ લઈ આવું. બધી જ સામગ્રી તૈયાર કરીને અભિષેક અને પૂજાના દર્શન કરવા બેસું. ગુરુજી ઠાકોરજીની સેવા કરતાં હોય ત્યારે મને માનસીપૂજા કરતાં પણ વધુ આનંદ આવતો.

એક દિવસ સવારે હું તેમની પૂજાના દિવ્ય દર્શન કરી રહ્યો હતો. ઘણા ભક્તો દર્શન કરવા આવતા જતા હતા. તેવામાં એક ગુરુજીના કૃપાપાત્ર સેવક આવ્યા. ભાવથી દર્શન-વંદન કર્યા. તેઓ જ્યારે આવ્યા ત્યારે ગુરુજી ચાખડીનું પૂજન કરી રહ્યા હતા. આ દૃશ્ય જોઈને એ ભગતના મુખમાંથી શબ્દો સરી પડ્યા. ''સ્વામી ! આ ચાખડી મને આપી દ્યો. આપને ને શ્રીજી મહારાજને ક્યાં છેટું છે? આપ તો અખંડ મહારાજની સાથે છો. મારા જેવાને આ ચાખડી ભગવત્પ્રાપ્તિમાં સહાય કરશે.'' સુરતના ભક્તરાજ શાંતિલાલ રાણાએ અરજી કરી.

હું તો આશ્ચર્યમાં ડૂબી ગયો. ગુરુજી પૂજામાં મૌન રાખતા. એક પણ અક્ષર બોલ્યા વિના બન્ને 'ચાખડી' હાથમાં લઈને આંખે અડાડી અને એ ભગતને આપી દીધી. એની આંખમાં પણ હર્ષના અશ્રુ આવી ગયેલા. એ દૃશ્ય મને હજુ યથાતથા દેખાય છે. ગુરુજી એટલા ભાવથી પૂજન કરતા કે, જીવ જાય તોપણ ચાખડી કોઈને ન આપે, એમ લાગતું. પણ એકદમ સરળતાથી ચાખડી આપી દીધી. એક મહારાજને ધરાવેલો હાર હોય, તેની પાંખડી ખરી પડે, તોપણ તે વીણવા લાગે; એવા મહિમાવાન મહાપુરુષ અણમોલ ચાખડીઓ હસતાં હસતાં એક હરિભગતને આપી દે છે ત્યારે ભાગવતજીમાં લખેલા ઔદાર્ય આદિ ગુણો જ મૂર્તિમંત થયા હોય એવું લાગે છે.

ત્રણ પાંદડાનો વડ વટવૃક્ષ બન્યો





આપણા વરતાલ ધામની સ્થિતિ અને પરિસ્થિતિ વરસો પહેલા સૌથી નોખી-અનોખી હતી. મંદિર પરિસર સાત્વિક ચર્ચાઓથી ગુંજી ઉઠતું. મતભેદ હતા પણ મનભેદ ન હતા. પરસ્પર ભિન્ન મત

ધરાવતા હોવા છતાં સાથે બેસવાનું સૌજન્ય ભૂલાયું ન હતું. એકાંતમાં પણ એકબીજાની નિંદા ટીકા કરવાનું કુત્સિત કામ ત્યારે નહિવત્ જ થતું. આજ આપને કદાચ આ વાતનો વિશ્વાસ નહિ આવે પરંતુ ત્યારે મુખ્ય ઓફિસમાં પણ ભગવદ્ ચર્ચાઓ થતી. આ વાતની દૃઢતા કરાવતો એક પ્રસંગ છે.


એકવાર વરતાલ મંદિરની ઓફિસમાં શાસ્ત્રચર્ચા જામેલી. જામેલી ચર્ચામાં જે આવે તે ચોંટી જતા. જવું છે, જવું છે કરતાં પણ વાત એવી રસદાર હતી કે, કોઈ ઊભું જ ન થાય. ''काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम्'' સુક્તિ જાણે આ મહાપુરુષો માટે જ લખાણી હોય તેમ મુક્ત મને ચર્ચા કરી રહ્યા છે. ત્યારે એક સંતે ધીરે રહીને વાતને વળાંક આપતા કહ્યું, ''આપણે ગામડે જઈએ છીએ ત્યારે ઘણા ભક્તજનો પૂછે છે કે, આપણા પરમહંસોમાં મૂળ અક્ષર કોણ છે ?'' આ વાતનો તત્કાળ ઉત્તર વાળતા એક સંત બોલ્યા, ''સદ્‌ગુરુરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી જ મૂળ અક્ષર છે.'' તે વાત પૂર્ણ કરે તે પહેલા બીજા બોલ્યા કે, ''આજ તો દુનિયા સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષર માને છે.'' કોઈ કંઈ કહે, તેનાથી કંઈ મૂળ અક્ષર બદલી જશે ! કહીને કોઈએ ધારદાર સવાલ કર્યો.

સંપ્રદાયની નીતિ-રીતિ સહુ જાણતા હતા છતાં જાણે ચોખવટ કરતાં કરતાં વાત વટે ચડી ગઈ હોય; એમ ચર્ચાઓ ચાલતી હતી. એવામાં કોઈ ધર્મકુળ ભક્તનું આગમન થયું. તેણે સહજ સવાલ કર્યો, 'અરે ! આજ ઓફિસમાં ગરમી કેમ વધુ છે ?' તેની જીજ્ઞાસા સંતોષતા સંત કહે, ''ભાઈ, આ તો મૂળ અક્ષરની વાતો ચાલે છે એટલે મૂળ સુધી પહોંચ્યા વિના બંધ નહિ થાય.'' ''પણ વાત શું છે, એ તો કહો !'' કહીને ભગતે ચર્ચામાં ઝંપલાવ્યું. મૂળ અક્ષર કોણ? ગુણાતીતાનંદ સ્વામી કે ગોપાળાનંદ સ્વામી ? આ વિષય પર ખાટી મીઠી ચર્ચા ચાલે છે. થોડું હાસ્ય કરીને ભગતે કહ્યું, ''મને સંતો મંજૂરી આપે તો હું ચર્ચાનો નિર્ણય કરી આપું. આ સાંભળતા જ ઓફિસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. અંતે સહુની સમ્મતિ સાથે તેમણે કહ્યું, ''જુઓ ! આ બન્ને સંતોને મૂળ અક્ષર કહેવા તે વાત વિવાદાસ્પદ છે, પરંતુ પ.પૂ. આચાર્યજી મહારાજે મને કહ્યું હતું કે, મૂળ અક્ષર તો મોટાભાઈ રામપ્રતાપજી મહારાજ હતા.'' આ વાત સાથે ઓફિસમાં સહુ અટ્ટહાસ્ય કરવા લાગ્યા. અને કહ્યું, ''ચાલો...ચાલો આ વાતનો કોઈ અંત નથી.'' એમ કહીને ઉભા થવાની તૈયારી કરતા હતા ત્યાં આજાનબાહુ અને અજાતશત્રુ પૂજ્યપાદ્ કોઠારી સ્વામી શ્રી નંદકિશોરદાસજી સ્વામી પધાર્યા. સહુએ યથોચિત આદર અને આસન આપ્યું. અને કહ્યું, ''સ્વામીજી ! કોઈ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની પરંપરાનું ગૌરવ લે છે. તેમને મૂળ અક્ષર કહે છે. કોઈ સદ્. શ્રી

ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાનું ગૌરવ લે છે. તેમને મૂળ અક્ષર કહે છે. આપ શું કહો છો?'' આ સાંભળીને પૂ. સ્વામીજી કહે, હું મૂળ અક્ષર સહિત સમગ્ર સત્સંગની ''મા'' મુક્તમુનિનું ગૌરવ માનું છું. સ્વામી સમગ્ર સત્સંગની માતા હતા અને શ્રીજી મહારાજના પણ ગુરુ હતા. આમ અસ્ખલિત વાક્પ્રવાહ વહી રહ્યો હતો ત્યાં વચ્ચે જ કોઈએ વ્યંગબાણ છોડ્યું. સ્વામીજીનું હૃદય વીંધાય ગયું. તેમની આંખોમાંથી તત્કાળ આસુંડાં ટપકી પડ્યા. બન્યુ એવું કે, હાસ-પરિહાસમાં વિવેક ભૂલેલાએ એવું કહ્યું, ''મા'' તો ખરી પણ છોકરા તો ના જણ્યા. પરંપરા તો ખાલીખમ છે.'' વાત તેમની ખોટી ન હતી પણ મોટા પુરુષના હૃદયમાં જબ્બર આઘાત આપતી ગઈ. મુક્તાનંદી સંત પરંપરામાં એક જ મંડળ રહ્યું છે, આ વાત સત્ય હોવા છતાં પોતાના સદ્ગુરુ પ્રત્યે કટાક્ષનો ઉપહાસ સ્વામીજી સહન ન કરી શક્યા. તેઓ કંઈ જ ના બોલ્યા પણ તેમની આંખો બધુ જ બોલી ગઈ. ઓફિસમાં સોપો પડી ગયો. કદાચ શિક્ષાપત્રીમાં આવા ગૂઢ હેતુથી જ ''स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित्'' કહ્યું હશે. અસ્તુ.

પૂ. ગુરુદેવના સજળ નેત્રો કહી રહ્યા હતા કે આપણી મુક્તાનંદી પરંપરાને ગૌરવ અપાવે તેવુ સંતમંડળ તૈયાર કરવું, જેથી આમ આપણા ગુરુદેવનું ઘસાતું બોલવાની કોઈ હિંમત જ ના કરી શકે. જાણે સદ્ગુરુના આ ભાવને સમજી ગયા હોય તેમ સેવક શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજીએ કહ્યું: ''ગુરુદેવ ! હું આપણા પાંચ મંડળ કરીશ.'' એમ કહીને ત્યાંથી ઊભા થયા. આજે તો આ વાતને વરસો થઈ ગયા છે પરંતુ સંપ્રદાયમાં પાંચ સાધુનું એક મંડળ ગણાય છે એ માન્યતા પ્રમાણે પાંચ કરતા વધુ મંડળો થઈ ગયા છે. આ સત્ય હકીકત છે. આજ ગુરુવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીની નિશ્રામાં મુક્તાનંદી સંતપરંપરામાં સૌથી મોટું અને વરતાલમાં બીજા નંબરનું મોટું મંડળ છે.

પૂ. સ્વામીજી સદૈવ સેવક રહ્યા છે. તેમણે સભામાં પ્રવચન કર્યુ હોય તેવું ભાગ્યે જ બન્યું હશે. છતાં સમગ્ર સંપ્રદાયમાં આદરણીય બન્યા હોય, તેની પાછળનું ગૂઢ રહસ્ય આવી ગુરુજનો પ્રત્યેની અનોખી આદરભાવના જ રહી છે. જેમને ગુરુજનો પ્રત્યે પૂર્ણ આદર હોય તે જ તન-મન કુરબાન કરી શકે છે અને તે જ પરમની પ્રાપ્તિ સુધી પહોંચી શકે છે. પૂ. સ્વામીજીના હૃદયમાં સદૈવ એક ભાવના રહેતી કે, ''હું તો મુક્તાનંદી છું'', આ ઉજ્જવળ પરંપરાને અનુરૂપ રહેવું, એ મારી આ સત્સંગની પ્રથમ સેવા છે. આ પરંપરાને અનુરૂપ આચાર-વિચારમાં રહીને જેટલી થાય; એટલી સત્સંગની સેવા કરવી; આ સ્વામીજીની દૃઢ માન્યતા હતી. અને હા, એથી પણ રતિવા ચડિયાતી શ્રીહરિકૃષ્ણ મહારાજની નિષ્ઠા હતી તે પ્રસંગ પરથી જણાય છે.



આ ચરણારવિંદ પૂજામાં રાખજે...

एहि गृहाण गुह्यं ते, वच्मि श्रेयस्करं मुदा ।

पादपद्म अति श्रेष्ठः, पूजास्येष्सितदायिका ॥

ભગવાનશ્રી સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં ૪૯ વર્ષ મનુષ્ય સ્વરૂપે પ્રગટ રહ્યા અને શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે આજે પણ વરતાલમાં પ્રગટ બિરાજે છે. પ્રત્યક્ષ દર્શન આપે છે. જ્યાં સ્વયં સર્વાવતારી સદા પ્રગટ હોય તે ધામનો મહિમા શારદા-શેષ પણ કહી ના શકે, આ વરતાલ અદ્‌ભુત તીર્થભૂમિ છે. અહીં રહ્યાનો આધ્યાત્મિક અનુભવ અનોખો હોય છે.

હા, આ ભૂમિમાં દિવ્ય આનંદના સ્રોત રહ્યા છે. એમાં પણ જ્યારે નૂતનવર્ષ જેવો નવલો દિવસ હોય, સમગ્ર આકાશ મંડળમાં તારામંડળ ઝળુંબી રહ્યું હોય. મંદિર પણ રોશનીથી ઝળહળી રહ્યું હોય, કોઈ શ્રદ્ધાળુ પ્રદક્ષિણા કરવા લાગ્યા હોય ત્યાં ચોઘડીયાના પડઘમથી મંદિર પરિસર ગૂંજી ઊઠે. રહ્યા સહ્યા સંતો-પાર્ષદો પણ જાગી જાય. ધીમા સ્વરે નામ કીર્તન-પ્રભાતિયાના સૂર વાતાવરણને પુલકિત કરી રહ્યા હોય.

બ્રાહ્મમુહૂર્તમાં વરતાલધામ દિવ્યાતિદિવ્ય સ્પંદનોથી દર્શનાર્થીઓને

ધન્ય કરી રહ્યું છે. કોઈ જગ્યાએ આરતી થાય છે. કોઈ જગ્યાએ દિવ્યોપચારથી ઠાકોરજીનું પૂજન થાય છે. કોઈ જગ્યાએ અભિવાદન કરતા સંતોને વડીલો આશિષ સાથે અણમૂલી મૂડી આપે છે. વરતાલ સભામંડપની પાછળ પૂ. સ્વામીજીના આસને પણ અક્ષરધામનું મધ્ય હોય તેવી દિવ્યતા પ્રસરી રહી છે. મહામુનિરાજ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની પરંપરાથી આવતા શ્રીહરિકૃષ્ણ મહારાજ (ઠાકોરજી)નું પૂજન થઈ રહ્યું છે. વહેલાં ઉઠીને નાના સેવક ઘનશ્યામ ભગત અને નાના સાધુ શ્રી ઘનશ્યામપ્રકાશદાસ દોડી દોડીને ગુરુદેવની સેવા ભક્તિમાં જરૂરી ઉપચારો અર્પણ કરી રહ્યા છે.

પૂ. સ્વામીજીના આસને દોડી દોડીને સંતો-પાર્ષદો "જય સ્વામિનારાયણ - જય સ્વામિનારાયણ" નાદ ગજાવે છે. પૂ. સ્વામીજી પૂજા પૂર્ણ કરી રહ્યા છે. દંડવત્ વંદન કરીને આપણે પણ સહુ સંતોને વંદન કરવા જોઈએ. આમ મનોમન વિચાર કરીને જ્યાં પૂ. સ્વામીજીને વંદન કરીને ચરણ સ્પર્શ કરવા જાય છે ત્યાં સ્વામીજીએ સેવકનો હાથ પકડ્યો અને કહ્યું, "બેટા ઘનશ્યામ! નવા વર્ષે મારે તને આજે એક ભેટ આપવી છે."

"સ્ત્રી-ધનનો ત્યાગ રાખજે ને લે, આ ચરણારવિંદ પૂજામાં રાખજે, ભગવાન તારી ભેળા રહેશે. આ ચરણારવિંદમાં ઉર્ધ્વરેખાના સ્પષ્ટ દર્શન થાય છે. મને આ ચરણારવિંદ અતિશય ગમે છે. સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ આ ચરણછાપનો અપાર મહિમા ગાયો છે. ચૌદ લોકમાં જોવા ન મળે એવા દિવ્ય સુખો પણ આ જ ચરણારવિંદમાં રહ્યા છે. આ સુખનો સમુદ્ર છે, તારી જેટલી શક્તિ હોય તેટલું સુખ તું આમાંથી લઈ શકે છે, લે લઈ જા, આ ચરણારવિંદ."

આમ, કહીને પૂજ્ય સ્વામીજીએ ચરણારવિંદ પોતાના લાડલા સેવક ઘનશ્યામપ્રકાશદાસજીને આપ્યા. આપતાં આપતાં કહ્યું, "આજ નવું વર્ષ છે, આ મારી નવા વર્ષની તને ભેટ છે."

આજે પણ પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી પૂજામાં આ દિવ્ય ચરણારવિંદની પૂજા કરે છે. આજે એક નહિ પણ અનેક અનુભવો કહે છે કે, આ ચરણારવિંદ સર્વ સુખનું મૂળ છે. પૂ. સ્વામીજીએ આ ભેટ આપી તે ભેટ જ નહિ, પણ અંતરનો રાજીપો હતો.


..મહારાજ સદૈવ
તારી સાથે રહેશે

"ગુરુજી ! આજ મારું અનુષ્ઠાન પૂર્ણ થયું."

મંદ સ્મિત સાથે અજાતશત્રુ સ્વામીજીએ આજાનબાહુ હાથ ઊંચો કર્યો. સેવકના મસ્તકે મૂક્યો અને "બેટા ઘનશ્યામ !" કહીને તેની આંખોમાં આંખની દૃષ્ટિ સ્થિર કરી. ક્ષણવાર મૌન રહીને કહ્યું, "સાધુ ભજન-ભક્તિમાં જેટલો અસંતોષી રહે, તેટલો વધુ સારો થાય. એક અનુષ્ઠાન પૂર્ણ થયું તો બીજું કર." "પણ સ્વામીજી ! આપની આજ્ઞા પ્રમાણે કાર્યક્રમ ગોઠવાઈ ગયો છે." જો ઘનશ્યામ ! મારી આજ્ઞા પ્રમાણે જ કાર્યક્રમ ગોઠવાયો હોય તો મારી આજ્ઞા પ્રમાણે ફેરફાર પણ થઈ શકે ને !"

ગુરૂદેવના વચનો કંઈક અગમના એંધાણ આપી રહ્યા હતા પણ તેની ખબર એક શ્રીજી મહારાજ અને બીજા પૂજ્ય સ્વામીજી આ બે સિવાય કોઈને ન હતી. પૂ. સ્વામીજીના વચને સેવક પૂ.શાસ્ત્રીજી સ્વામી પુનઃ અનુષ્ઠાનના આસને ગયા. ઘીનો દીવો કરીને બેઠા. પાઠ પ્રારંભ કર્યો. આ અનુષ્ઠાનનો આરંભ કરતી વખતે તે વચ્ચે જ કેવી રીતે અટકી પડશે, તેની કોઈને ખબર નથી. લાભપાંચમના પવિત્ર દિવસે ગુરુવચને પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીએ દ્વિતીય જનમંગલ અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો.

કારતક સુદ-૬ના દિવસે પણ પાઠ કર્યા. આ પાઠ કરતા સેવકને જીવનભરનો પાઠ ભણાવેલો છે એમ વિચારીને દૈનિક નિત્ય નિયમમાં સમયપાલનના ચુસ્ત આગ્રહી પૂજ્ય સ્વામીજી સૂવા ન ગયા. વરતાલ-સભામંડપ પાસેના આસને બહાર ઓટલા પર બેઠા.

પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીને નિત્ય ગુરુદેવના ચરણ ચાંપવાનું નિયમ, નિયમ મુજબ તેઓ પહોંચ્યા, પણ ગુરુદેવ રૂમમાં ન હતા. બહાર આવ્યા ત્યાં તો મીઠાશ વેરતા શબ્દો સંભળાયા. "ઘનશ્યામ ! અહીં આવ." નજીક જઈને પગે લાગીને પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી પણ ત્યાં બેસી ગયા. મીઠડી ગોઠડી માંડી. "બેટા, આપણે મુક્તાનંદી છીએ. મુક્તાનંદ સ્વામીજીએ આ સંપ્રદાય માટે જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કાર્યો કર્યા છે. મુકુંદદાસ તરીકે રામાનંદ સ્વામી પાસે સંપ્રદાયમાં પ્રવેશ મેળવનારા પૂ. સ્વામીએ સત્સંગની મા અને શ્રીહરિના ગુરુ તરીકે દેહોત્સર્ગ કર્યો છે. આપણે તેમની બરાબર તો શું થઈએ ! પણ તેની સેવા સમર્પણ વ્યર્થ ન જાય; તેના માટે લોહીનું બુંદ બુંદ વાપરી નાંખવામાં જ આપણી જીત છે. જીવનની સાર્થકતા છે. આપણે કંઈ પેટ ભરવા સાધુ નથી થયા. પેટ તો કાગડા-કૂતરા પણ ભરે છે. ભગવાને આવો યોગ આપ્યો છે તો આજ્ઞા-ઉપાસના દૃઢ કરી લેવા."

"સ્વામી ! આપણી મુક્તાનંદી પરંપરાની સેવામાં શું કરવાનું ?" પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીએ પ્રશ્ન કર્યો, "જો બેટા, સ્ત્રી-ધનનો ત્યાગ રાખવાનો. તને જે શ્રીજી મહારાજના ચરણારવિંદ આપ્યા છે તેની નિત્ય સેવા કરવાની. મારી આ બે વાત માનીશ તો મહારાજ સદૈવ તારી સાથે રહેશે. તારા દ્વારા ઘણી સત્સંગની સેવા કરાવશે."

આમ અહીં "ब्रूयुः स्निग्धस्य शिष्यस्य गुरवो गुह्यमप्युत" શ્લોક ચરિતાર્થ થઈ રહ્યો છે. ત્યાં "ગુરૂ-ચેલો આજે તો ખરેખર જામ્યા છે" આવો અવાજ આવ્યો. પૂ. નંદકિશોર સ્વામીને રાત્રિએ આમ બેઠેલા આજથી પહેલા ક્યારેય જોયેલા નહિ. એટલે આંબા ભગત - પાર્ષદ આશા ભગત જે જે આવ્યા તે કંઈક બોલતા ગયા. પૂ. સ્વામીજી પોતાના સેવક સાથે બેઠા છે તે તો બધાએ જોયું. પણ જીવનભરની શિક્ષા આપી રહ્યા છે, તે તો કોઈને ન દેખાયું.



ભાગવતી તનુ ધારણ કર્યું

પ્રાતઃપૂજાનું પાથરણું સંકેલતા સંકેલતા બૂમ પાડીઃ ઘનશ્યામ... પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી દોડતા આવ્યા. પૂજાપેટી લઈને તેના સ્થાને મૂકી. પૂજાપેટી મૂકી જ રહ્યા હતાં ત્યાં આરતીની ઝાલર ઝણણી ઊઠી. ઉતાવળા પગે આરતીમાં પહોંચ્યા. ગુરુદેવ પૂ. શ્રી નંદસ્વામીજીએ આજ દર્શનનો ક્રમ બદલ્યો. ધર્મ-ભક્તિ વાસુદેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, રણછોડરાય અને રાધાકૃષ્ણ દેવની બાજુમાં બિરાજતા વરતાલ વિહારીની સમક્ષ હાથ જોડીને ઊભા રહ્યા. બ્રહ્મચારીજીએ શ્રીહરિકૃષ્ણ મહારાજના કંઠમાં ધરાવેલી પુષ્પમાળા ગુરુદેવ શ્રી નંદ સ્વામીજીને પહેરાવી. એ પુષ્પમાળાને આંખે અડાડતા અડાડતા દરવાજા પાસે આવ્યા. પુષ્પમાળા ઉતારીને સેવક શાસ્ત્રીજી સ્વામીને આપી અને પોતે પુનઃ દંડવત્ કરવા લાગ્યા. એમની વંદન ભક્તિ હૃદયસ્પર્શી હતી.

સાષ્ટાંગ દંડવત્ કરીને શ્રી હનુમાનજી મહારાજ, શ્રી ગણપતિ દાદાના દર્શને ગયા. ત્યાંથી શ્રી રામપ્રતાપજી મહારાજના બંગલે દર્શને ગયા અને બોલ્યા ''ઘનશ્યામ... આજ તને આખા મંદિરના દર્શન કરાવવા છે.'' ''હા, સ્વામી.'' કરીને આગળ ચાલ્યા. ત્યાં અક્ષરભુવનના પગથિયા આવ્યા. સેવકનો હાથ પકડીને ઉપર ચડ્યા. નેણાં ભરી ભરીને ભાવથી પ્રાસાદિક વસ્તુઓના દર્શન કર્યા. શ્રી ઘનશ્યામ મહારાજ આગળ અપલક નયને થોડીવાર ઊભા રહ્યા અને પછી બીજા માળે ચડ્યા. શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરતા બોલ્યા,

''અક્ષરધામના તખત પર મારા મહારાજ આમ મોજથી બેઠા છે, જો આ મહારાજને છે કંઈ ચિંતા ! અક્ષરધામમાં આવી મોજ છે.'' એમ વાતો કરીને બીજા માળે દર્શન કર્યા. નીચે ઉતરીને પુનઃ હરિમંડપના પગથિયા ચડ્યાં. ભાવથી દર્શન-વંદન કર્યા. ત્યાંથી સભામંડપમાં આવ્યા. પરમહંસોને વંદન કર્યા. બન્ને ગાદીએ પગે લાગ્યા અને ''આજ તો આસને દર્શને જવું છે.'' કહીને ત્યાગી ભંડાર પાસે થઈને યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી મંજુકેશાનંદ સ્વામી,


શ્રી નિત્યાનંદ સ્વામીના આસને દર્શન કર્યા. બુરજ સુધી જઈ આવીને ઉતારે આવ્યા. સાવરણીથી થોડું કચરું ભાળ્યું તે જાતે રૂમમાંથી કચરું કાઢ્યું.

ઉતારે આવીને પૂ. સ્વામીજી પાટ પર બેઠા અને સેવક શાસ્ત્રી સ્વામી ઉપર મેડે અનુષ્ઠાન માટે ગયા. પૂ. સ્વામીજી થોડીવાર બેઠા પણ કોઈ આવ્યું નહિ. પોતે જેની રાહ જોઈ રહ્યા છે તે ન આવ્યા. એટલે ઊભા થયા અને આસને બહાર આવીને બારસાખ પકડીને શિખર સામી દૃષ્ટિ કરીને ઊભા રહ્યા. વૃત્તિરૂપી તાર કર્યો. હું રાહ જોઈ રહ્યો છું. થોડી જ વારમાં વળતો ઉત્તર આવ્યો, એ આવ્યો. પાટ પર જઈને બેઠા. ત્યાં મુંબઈના વયોવૃદ્ધ સોની દામોદરભાઈ વેળાવદરવાળા દર્શન કરવા આવ્યા. તે ચાંદલો કર્યા વિના આવેલા. તે જોઈને પૂ. સ્વામીજી કહે, "અરે ! ચાંદલો કેમ નથી કર્યો, લ્યો હું કરી આપું." એમ કહીને પાટ પરથી ઉભા થઈને સિંહાસનમાં મહારાજ પાસે રાખી મૂકેલ કુંકુમ લેવા ગયા. ચરણારવિંદમાં હાથ લંબાવ્યો તે ભગવાન શ્રીહરિએ પકડી લીધો. એક હાથ છાતીમાં અને બીજો હાથ ચરણારવિંદ પર રહી ગયો. બેબાકળા થઈને હરિભગતે બૂમ પાડી. નાનો પાર્ષદ ઘનશ્યામ દોડીને આવ્યો ને સાધુ દોડી આવ્યા. બાજુમાં પોતાના આસન પર ઢળી પડેલા પૂજ્ય સ્વામીજીને પલંગ પર સુવાર્યા. પૂ. ભક્તિકિશોરદાસજી સ્વામી - ઝવેર ભગત દોડધામ કરવા લાગ્યા. ઉપરથી શાસ્ત્રીને બોલાવો. પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી આવ્યા અને સેવા કરવા લાગ્યા.

હવે ખબર પડી. ગુરુદેવ ગઈ રાત્રિએ કેમ જાગ્યા અને કેમ આખા મંદિરમાં દર્શને ગયા. જોતજોતામાં સમગ્ર સત્સંગ એક અસહ્ય આઘાતમાં સરી પડ્યો અને ગુરુવર્ય પ.પૂ.સદ્.કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી પરમ સ્વતંત્રપણે પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં વરતાલ વિહારીની સેવામાં પહોંચી ગયા. વિક્રમ સંવત્ ૨૦૩૯, કારતક સુદ-૭ના રોજ સવારે ૮-૦૦ કલાકે પૂ. સ્વામીજીએ ભાગવતી તનુ ધારણ કર્યું.

આ સંસાર છોડીને જવું એ કંઈ નવી ઘટના નથી. આજ અહીં એવું કોઈ કુટુંબ નથી જેમાં કોઈ જ મૃત્યુ ન પામ્યું હોય. પરંતુ આટલી સહજતાથી આ લોક છોડીને ગુરુદેવ શ્રી નંદકિશોરદાસજી સ્વામી જેવા મુક્તાત્માઓ ભગવાનની સમીપે સીધાવે છે તેને સંતો "દેહોત્સર્ગ" કહે છે; મૃત્યુ નહિ.

न हि जन्म न हि मृत्यु, न हि संसारवासना ।
देहोत्सर्गस्तु दैवीनां, स्वामिनामिव जायते ॥



અંતિમ સંસ્કાર

જ્યાં સમગ્ર સત્સંગની નજર ઠરતી, જ્યાં ભક્તજનોને નંદપરંપરાની ખુમારી જીવંત દેખાતી, જ્યાં સંતોને સ્વજીવનનો આદર્શ દેખાતો; એવા અજાતશત્રુ પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કોઠારી સ્વામી શ્રી નંદકિશોરદાસજી સ્વામી અચાનક અક્ષરવાસી થયા. પંચભૌતિક શરીરનો ત્યાગ કરીને ભાગવતી શરીર ધારણ કર્યુ. સત્સંગના શિર પરથી સંતત્વનું છત્ર




છીનવાઈ ગયું. વિક્રમ સંવત્ -૨૦૩૯ કારતક સુદ-૭ તા. ૨૩-૧૧-૧૯૮૨ મંગળવારના રોજ સવારે શણગાર આરતીનાં દર્શનમાં જે આનંદ આવ્યો હતો તેનાં કરતા અનંતગણો આઘાત ઉદારતાની મૂર્તિસમા ભજનાનંદી પૂ. સ્વામીજીના સમાચારથી લાગ્યો. સમગ્ર ત્યાગી-ગૃહી સત્સંગ સમાજ હિબકે ચડ્યો. ભગવાન શ્રીહરિની ઈચ્છા આગળ આપણી ઈચ્છા સદૈવ વામણી જ બની રહે છે. એટલે જ સમગ્ર સત્સંગ જેમના સાંનિધ્યની ઈચ્છા રાખતો એવા પવિત્રમૂર્તિ પૂજ્ય સ્વામીજીને શ્રીહરિએ પોતાના સાંનિધ્યમાં બોલાવી લીધા. અચાનક જ બોલાવી લીધા. કોઈને ખબર પણ ન પડવા દીધી.

સૃષ્ટિ નિયંતાની લીલા અકળ છે. શેરડી જેવા મધુર છોડ પર ફળ નથી ઉગતા અને પૂ. સ્વામીજી જેવા ઓજસ્વી પુરૂષોને દીર્ઘાયુષ્ય નથી આપતા. અસ્તુ, ભગવાનની સ્વતંત્રતાને આપણે આપણી ઈચ્છાઓથી બાંધી શકવાના નથી જ. આ બધી જ બૌદ્ધિક ક્ષમતાઓની ઉપરથી વિરહના વારી વહી રહ્યાં છે. સુરત-મુંબઈ સુધી પ્રવાહ પહોંચ્યો છે. એ સમયમાં વાહન વ્યવહારની સાનુકૂળતાઓ ન હોવા છતાં વરતાલ ધામની બજારો સાંકડી પડી. જેને જે રસ્તો મળ્યો ત્યાંથી સહુ વરતાલ ઉમટી પડ્યા.

પૂજ્યપાદ્ સ્વામીજીના પાર્થિવ શરીરની આસપાસ દિવ્યતાના વલયો ફેલાયેલા છે. લૌકિક દૃષ્ટિએ કહીએ તો, સ્વામીજીએ દેહોત્સર્ગ કર્યા પછી પણ તેમની કાયા માખણ જેવી કોમળ દેખાય છે. આ કોમળતા તેમની દિવ્યગતિની સાક્ષી બની રહી છે. અસહ્ય આઘાતમાં સરી પડેલા પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી - પૂજ્ય પુરાણી સ્વામી વગેરે હરિઈચ્છામાં પોતાની ઈચ્છા મેળવવા પ્રયાસ કરતા હતા છતાં તેમના મુખ અને શરીરના હાવભાવમાં દુઃખ સ્પષ્ટ દેખાતું હતું. દુઃખિત હૃદયે વ્યથિત ભાવથી ઔર્ધ્વદૈહિક ક્રિયાઓ કરી.

વરતાલના મૂર્ધન્ય સંતો-પાર્ષદો પણ અહીં અંતિમ દર્શન માટે ઉપસ્થિત રહ્યા. પૂજ્યપાદ્ સ્વામીજીના પાર્થિવ દેહને મંડળના સંતો સહિત સહુએ કાંધ આપી. સ્વામીજીના કૃપાપાત્ર ભક્તજનોએ પણ એ લાભ લીધો. ઉપસ્થિત સંતો-ભક્તો સ્વામિનારાયણ મહામંત્રના નાદથી આ દેહોત્સર્ગ પ્રસંગને દુઃખ મુક્ત કરવા મથી રહ્યા છે. ક્ષણવારમાં ચંદનકાષ્ઠ - તુલસીકાષ્ઠ - શ્રીફળની શય્યા પર સ્વામીજીના પાર્થિવ દેહને પધરાવ્યો. મન માનતું ન હતું છતાં પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામીના હસ્તે અંતિમ સંસ્કાર વિધિ થઈ.



વરતાલમાં અશ્રુતપૂર્વ સ્મૃતિ પારાયણ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તન-મન કુરબાન કરીને સત્સંગના ચરણે જીવન સમર્પિત કરનારા ત્યાગીઓમાં જેઓ સદૈવ પ્રથમ પંક્તિમાં બિરાજતા હતા એવા પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામીના અક્ષરધામ ગમનથી સત્સંગમાં શોકનું સામ્રાજ્ય વ્યાપી ગયું. સત્સંગમાં દરેક દુઃખની દવા ભગવાન શ્રીહરિના દિવ્ય માનુષી લીલા ચરિત્રોને જ માનવામાં આવે છે.

પૂજ્યપાદ્‌ પુરાણી સ્વામી શ્રી ભક્તિકિશોરદાસજી - પૂજ્યપાદ્‌ શાસ્ત્રીજી સ્વામીને સત્સંગના મોભી સંતો-ભક્તોએ ધીરજ આપી. ગુરુદેવની સ્મૃતિ પારાયણ કરવા માટે ગૃહસ્થ ભક્તોએ સદ્‌લક્ષ્મીની સરવાણી વહાવી. ખૂબ જ અલ્પ સમયમાં અશ્રુતપૂર્વ પારાયણની તડામાર તૈયારી શરૂ થઈ. કાર્તિક શુક્લ - પૂર્ણિમાનો સમૈયો પૂજ્યપાદ્‌ સ્વામીજીના સ્મૃતિ મહોત્સવ પ્રસંગે ઉજવાયો.

આ સ્મૃતિ મહોત્સવ સંપ્રદાયમાં એક કરતાં વધુ ક્ષેત્રોએ પ્રથમ કક્ષાનો બની રહ્યો. પૂજ્યપાદ્‌ સ્વામીજી વર્ષો સુધી ધોલેરા-સુરત-મુંબઈ જેવા મંદિરોમાં





મહંતપદે રહેલા. સ્વામીજી જૂનાગઢના મહંત સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોને જીવનમંત્ર બનાવીને જીવ્યા છે. 'જે સેવા કરે તે જ મહંત;' આ તેમનો જીવનમંત્ર રહ્યો. પૂ. સ્વામીજી સુરત સત્સંગના ઈતિહાસમાં પુરાણી શ્રી ભક્તિપ્રિયદાસજી સ્વામી પછી સૌથી વધુ ૧૧ વર્ષ એકધારા સુરત મંદિરમાં મહંતપદે રહ્યા છે. સ્વામીજી પ્રત્યે આત્મીયતાના તાંતણે બંધાયેલા સંપ્રદાયના વરિષ્ઠ સંતોએ તેમની સેવા-સાધુતાને મુક્તકંઠે બિરદાવી.

સ્વામીને અમે જ્યારે જ્યારે ગયા ત્યારે ત્યારે સેવા કરતા જોયા છે. સ્વામીને ગાયોની સેવા કરવામાં ખૂબ આનંદ આવતો; રાત્રે ઊઠીને ગાયોને નીરણ નાંખતા મેં સ્વયં સ્વામીને જોયા છે.

પૂ. સ્વામી જેવા પુરુષ જ મહંત હોવા છતાં પૂજારીની જેમ દેવસેવા કરી શકે. સ્વામી જ્યારે શ્રી ઘનશ્યામ મહારાજની સેવા કરતા હોય ત્યારે કોઈને ખબર ન પડે કે, આ મહંત સ્વામી છે.

પૂ. સ્વામી ઘણીવાર સ્વયં થાળ બનાવતા. ત્યાગી જીવન ભગવાન માટે જ સમર્પિત હોવાથી થાળ કરવામાં મને કંઈ આશ્ચર્ય નથી દેખાતું પણ હરિભક્તો માટે પણ સ્વામી જાતે જ રસોઈ કરવા લાગી જતા; એ એક મહાન આશ્ચર્ય છે. ટાણે-કટાણે કોઈ આવે તો ભંડારી કે રસોયાને જગાડ્યા વિના સ્વયં રસોઈ બનાવતા, એ છબીના દર્શન હવે ક્યારે - ક્યાં થશે ?

પૂ. સ્વામી જેવા ઉદાર સાધુ મેં મારી જીંદગીમાં નથી જોયા. તેમની

આગળ કોઈ દુઃખિયો આવ્યો હોય અને દુઃખિયો જ ગયો હોય તેવું ક્યારેય નથી બન્યું. અન્ન-ધન-વસ્ત્ર-આશરો આપીને સ્વામી સહુના દુઃખ ટાળતા; એ વાતના અમે સુરતના ભક્તો સાક્ષી છીએ.

આજ પૂજ્ય શ્રી નંદસ્વામીજીની સ્મૃતિમાં બન્ને દેશના લગભગ બધા જ સંતો ઉપસ્થિત છે તે તે મારી જીંદગીનો પ્રથમ પ્રસંગ છે. પૂજ્યશ્રી સુરત રહેતા ત્યારે જૂનાગઢ-ગઢપુર-મૂળી-ધોલેરાના સંતો ત્યાં પરંપરાગત રિવાજ મુજબ આવતા. સ્વામીજી હરિભક્તો પાસે આર્થિક સેવા કરાવતા. અરે ! કોઈ સંત ટ્રેનમાં મુંબઈ જતા હોય તો થેપલા બનાવીને સ્ટેશને પહોંચાડતા. શું આવા સંત શોધવા જઈએ તો મળે ?

આમ, સંતો-ભક્તોની જીહ્વા સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કરતા સુકાતી ન હતી. સંપ્રદાયના પ્રકાંડ પ્રવક્તા કથાકાર પ.પૂ. પુરાણી સ્વામીશ્રી જગત્પ્રકાશદાસજી સ્વામી પણ પ્રસંગોપાત્ કથામાં સ્વામીજીના સદ્ગુણોનું ગાન કરતા જતા હતા. વરતાલના સભામંડપમાં ત્યાગી સંતો આટલી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોય તે આધુનિક યુગની પ્રથમ ઘટના છે. મહાપુરુષો ઈતિહાસ લખતા નથી; તેમનું જીવન જ સ્વયં ઈતિહાસ બની જાય છે. એટલું જ નહિ પૂજ્ય સ્વામીજી પ્રત્યે સંતો-ભક્તોની શ્રદ્ધાના કારણે પ્રથમ સ્મૃતિ પારાયણ પણ ઐતિહાસિક ઘટના બની ગઈ.

આ પારાયણની એક ઘટના આજે પણ યાદ આવે છે. આ પારાયણ પ્રસંગે પૂજ્ય સ્વામીજી સાથે આત્મીયભાવે સંકળાયેલા ભક્તોએ ૯-૯ દિવસ સુધી ત્યાગી સમાજને નિત્ય પંચપક્વાન્નની રસોઈ આપેલી. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે કહ્યું, "જો ત્યાગીઓ એક પંક્તિએ સભામંડપમાં જમવા આવે તો, હું નિત્ય પીરસવા આવું. આ તો અમારા નંદબાવાનો ઉત્સવ છે." વરતાલના સભામંડપમાં સંતોની પંક્તિની વાત ત્યાગી સમાજે એક અવાજે સ્વીકારી લીધી. નવ-નવ દિવસ સુધી સ્વયં પ.પૂ. આચાર્ય મહારાજ સ્વયં પકવાન્ન પીરસતા અને સંતોને જમાડતા. જેમના દર્શનમાત્રથી કલ્યાણ થાય એવી સંતપંક્તિ આજે પણ ભૂલી-ભૂલાતી નથી. સ્વામીજીની સ્મૃતિમાં યોજાયેલ આ પારાયણ સ્વયં એક ઈતિહાસ બનીને ઉપસી રહ્યું છે. વરતાલના વયોવૃદ્ધ સંતો પાર્ષદો કહે છે; એવું પારાયણ તો શ્રી નંદસ્વામીજીની સ્મૃતિમાં જ થાય. સ્વામીજી સંત જ એવા હતા. હરિભક્તો એમના વચને સર્વસ્વ અર્પણ કરવા તૈયાર હતા છતાં સ્વામીજી સદૈવ નિષ્પરિગ્રહી રહ્યા છે.

સંતને સાક્ષાત્ ભગવાનનો સંબંધ



સં. ૧૮૫૫ - કાર્તિકી પૂનમે ભગવાનશ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં ભગવાનના નિશ્ચય સંબંધી વાત કરતા કહ્યું છે કે, "તેમ શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિ સંતના લક્ષણ તેને સાંભળીને; એવા લક્ષણ જ્યાં દેખાય, એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય." આ વચનની સાક્ષીએ કહીએ તો પૂ. નંદબાબા ભગવાન શ્રીહરિના સાક્ષાત્ સંબંધને પામેલા મહાપુરુષ હતા. જે ભગવાનના સંબંધને પામે છે તે જડ પણ ચેતન થાય છે. ચૈતન્યશક્તિ સંપન્ન થાય છે. પૂજનીય થઈ જાય છે. આપણે ભગવત્સંબંધને પામેલા વૃક્ષ-વેલી-નદી-તળાવને પણ પવિત્ર માનીએ છીએ.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીહરિ કહે છે કે, **प्रोक्तास्ते निर्गुणाभक्ता, निर्गुणस्य हरेर्यतः** । (શિક્ષા. ૫૯) ભગવાનના સંબંધના પ્રતાપે જ ગોપીઓ નિર્ગુણભાવને પામી. ભાગવતજીતો કહે છે કે, "**जारबुद्ध्यापि संगताः**" વ્યભિચારભાવે ભગવાન સાથે હેત-પ્રીત કરી છતા નિર્ગુણ થઈ છે. આ ગોપીઓનો નહિ, ભગવાનના સંબંધનો મહિમા છે.

જે ભગવાનના સાક્ષાત્ સંબંધને પ્રાપ્ત કરે છે તેનો મહિમા વેદ-પુરાન-કુરાનમાં ગવાયો છે. શાસ્ત્ર-શાસ્ત્રના રચયિતાઓ આ પુરુષોની ગાથાઓ લખીને પોતાની કલમને ધન્ય માને છે એટલું જ નહિ; તે પુરુષોનું નામ માત્ર લેતા આનંદ અનુભવે છે. શ્રીજી મહારાજ સ્વયં વચનામૃતમાં કહે છે કે, "સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે, કાં ભગવાનના સંતના ચરિત્ર છે. (ગ.મ.૨૧) જેમણે શ્રીહરિ લોજપુરમાં નીલકંઠવર્ણીવેશે મહારાજ પધાર્યા ત્યારથી ગઢપુરમાં શ્રીહરિ સ્વધામ સીધાવ્યા ત્યાં સુધી પ્રગટનો સંબંધ માણ્યો છે એવા સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણીમાં ભક્તોના નામ નોંધતા કહે છે. આમ આ સંપૂર્ણ "નંદાખ્યાન" ભગવાનના અલૌકિક પ્રતાપથી સત્સંગ-મુક્તાનંદી સંત પરંપરાને ગૌરવાન્વિત કરતા પૂ. સ્વામીજીની ગાથા છે.

આ ગાથામાં એક અલૌકિક અચરજ સભર ભર્યું છે. જે સંતો-ભક્તો આ ગાથાનું ચિત્ત દઈને વાંચન-શ્રવણ-મનન કરશે; તેના હૃદયમાં સ્વામિનારાયણીય પરમહંસો પ્રત્યે અહોભાવ પ્રગટશે. મહાપુરુષોમાં

અહોભાવ થતાં જીવનમાં અહૈતુકી ભક્તિલતા નવપલ્લવિત થશે. અર્થાત્ નિષ્કામ ભક્તિનો ઉદય થશે.

આ "નંદાખ્યાન" ને પૂર્વગ્રહથી પર થઈને તટસ્થભાવે સેવશે; તેને આ લોક પરલોકના મનોવાંછિત સુખ પ્રાપ્ત થશે. એટલું જ નહિ ચતુર્વિધ પુરુષાર્થની સિદ્ધિ થશે.

આ "નંદાખ્યાન" લેખન પ્રારંભ વરતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં "સંવત્ ૨૦૬૮, અષાઢ સુદ-૯, શ્રીહરિજયંતિ, તા. ૨૮-૬-૨૦૧૨ ને ગુરૂવારના રોજ કરેલ. અને આજ આસો વદ - પ્રતિપદ - તા. ૩૦-૧૦-૨૦૧૨-મંગળવારના રોજ પૂર્ણ થાય છે. આ ગ્રંથનો પ્રારંભ ઈષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજ અને આદિગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામીથી લઈને મારા ગુરૂદેવ પ.પૂ. સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી સુધીના ગુરુજનોની અનુકંપાથી થયો છે. લેખન પણ તેવી જ રીતે થયું છે અને પૂર્ણાહુતિ પણ એ જ રીતે થઈ છે.

"શ્રીહરિકૃષ્ણાર્પણમસ્તુ ॥

अनादिमुक्तभावत्वात् बाल्येऽपि मुक्तलक्षणम् ।
शुकं संवीक्ष्य ग्रामीणः ध्रुवोऽयमिति तर्किताः ॥

લેતા નામ આવે છે આનંદ, જેને સ્વામી મળ્યા સુખકંદ ।
તેના નામ સાંભળે જે જન, થાય કૂળે સહિત પાવના (૧૧૩/૨)

લેતા નામ એ જનનાં, મારે હૈયે હરખ ન માય (૧૧૬/૧૭૬)

એવા જન અનઘનાં, લેતા નામ આવે આનંદ ।
શ્રવણ દઈ જે સાંભળે, તે વામે મહાદુઃખ દ્વન્દ્વ ॥૧૧૯/૪)

ભગવાનના નામના પ્રભાવે દુઃખ જાય, સુખ થાય, પવિત્રતા મળે, ચિંતા ટળે, પાપ બળે એવી વાતો તો આપણે પણ કરીએ સાંભળીએ છીએ પરંતુ અહીં નિષ્કુળાનંદ સ્વામી ભક્તના નામથી "થાય કૂળે સહિત પાવન (૧૧૩/૨) કહે છે. "તે વામે મહાદુઃખ દ્વન્દ્વ" (૧૧૯/૪)નો ઉદ્‌ઘોષ કરે છે. શું આપણે આપણા મનની ગ્રંથીઓ છોડીને આ વાતનો સ્વીકાર કરી શકીશું ખરા!

જો આપણી માન્યતા નંદસંતોની માન્યતા કરતા વધુ મોટી ન હોય. જો ભક્તચિંતામણી આપની મનમાની વાતો કરતા વધુ પ્રમાણિત હોય તો એકવાત નિઃસંદેહ છે કે, આ નંદાખ્યાન ગ.અં.૨૭માં વચનામૃત પ્રમાણે સાક્ષાત્



ભગવાન શ્રીહરિના સંબંધને પામેલા મહાપુરુષની પુણ્યગાથા છે. ૧ થી ૮ પ્રકરણની ગાથાઓ આપણી આધ્યાત્મિકતા સાધનાની કેડી કંડારી આપે, એવી ઉત્તમ છે. ૯ થી ૧૪ પ્રકરણ એક આદર્શ મુમુક્ષુના કર્તવ્ય સાથે ભગવત્મીલનની તરસ જગાડે છે. ૧૫ થી ૧૮ સદ્‌ગુરુની પ્રાપ્તિ પછી મુમુક્ષુ જીવનના કર્તવ્ય તરફ નિર્દેશ કરે છે. ૧૯ થી ૨૧ પ્રકરણો સેવાના ફળરૂપ મોટાના રાજીપાને દર્શાવે છે. ૨૨ થી ૩૯ સુરત રામપુરા મંદિરના વિકાસ સાથે સત્સંગના અલૌકિક પ્રસંગોની બળપ્રદ ગાથાઓ વર્ણવે છે. નિષ્ઠાની વ્યાખ્યા સમજાવે છે. ૪૦માં પ્રભુતાના સંબંધથી પ્રાપ્ત થતી પ્રભુતાના દર્શન થાય છે. ૪૧ પ્રકરણમાં અતિ અલ્પ સમયમાં ધોલેરા મંદિરમાં થયેલા પ્રશંસનીય સેવા કાર્યોની છાયા દેખાય છે. ૪૨ થી ૪૭ મુંબઈ મંદિરમાં થયેલા અશ્રુતપૂર્વ કાર્યોની ગાથા ગાય છે.

પૂજ્ય નંદસ્વામી સુરતનું ઘરેણુ હતા

- પૂ. શા. વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી - કુબેરનગર

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી તથા પવિત્ર આપનું સંતમંડળ પ્રત્યે સુરત કુબેરનગરથી લી. પુરાણી વિષ્ણુપ્રકાશદાસજીના ઘણા ઘણા હેતથી અંતર આશીર્વાદ સાથ જય સ્વામિનારાયણ વાંચશોજી.

ઘનશ્યામ સ્વામી આપના હાથે સંપ્રદાયના અદ્‌ભૂત કાર્યો થઈ રહ્યા છે. ચેરમેનપદ શોભાવી રહ્યા છો. વળી ગુરુઋણથી છુટવા અદ્‌ભૂત દિવ્ય સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવ તેમજ બ્રહ્મસત્રનુ ભવ્ય આયોજન કરી રહ્યા છો. આપને હજારો અભિનંદન ધન્ય છે. આપના સાધુજીવનને અને ધન્ય છે આપના પવિત્ર સંતમંડળને આજે તા. ૨૫-૧૦-૨૦૧૨ના રોજ આપની ગુરુની સ્મૃતિ મહોત્સવની કુમકુમ પત્રિકા મળી વાંચી ખૂબ જ રાજી થયો. જુના દિવસો યાદ આવે. આંખમાં હરખના આંસુ આવી જાય છે. જુના દિવસો યાદ કરૂ તો વર્ષો પહેલા સુરતના મોટા રામપુરા સ્વામિનારાયણ મંદિરમાં સુરતના હજારો હરિભક્તોની મા સમાન વડતાલધામની વિભૂતિ સમાન શાંત અને સહિષ્ણુતાની મૂર્તિસમા મારી સાથે સદાય વ્હાલનો દરિયો વહાવતા રહ્યા હતા એવા પૂજ્ય સ્વામી નંદકિશોરદાસજીના હયાતમાં રાતના બાર વાગ્યાના સુમારે મેં આપનુ કાંડુ પૂજ્ય નંદકિશોરદાસજીના હાથમાં સોંપ્યુ ત્યારે ખુદ નહોતી ખબર કે આપ સંપ્રદાયના આવા મહાન સંત બની આવી સાધુતાને શોભાડી દેશવિદેશમાં હજારો જીવોને ભગવાનના સર્વોપરી નિશ્ચય કરાવી સત્સંગના આવા અદ્‌ભૂત કાર્યો કરી સંપ્રદાયમાં ઘણો જ યશ મેળવી શકશો. પૂજ્ય નંદસ્વામી સુરતનું ઘરેણુ હતા. કેવળ મહંતાઈ ભોગવી નથી પણ કેટલાય દુઃખિયાના જીવનમાં ટેકા રૂપ થયા હતા. મારા જેવા કેટલાયને મંદિરે આવતા કર્યા. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી જેવા પવિત્ર સંતને સુરતમાં રાખી કાયમી સત્સંગનો અખાડો ચાલુ રાખ્યો એ સમયમાં સુરતમાં સત્સંગનો ખૂબ વિકાસ થયો છે. બાળધૂન મંડળને ૫૦ વર્ષ પુરા થયા. મજબૂત છે પણ મુળમા આરંભનું સત્સંગનુ પોષણ નંદ સ્વામીથી થયું છે. એ નંદ સ્વામીને સમાજ આખો યાદ કરે છે. નંદ સ્વામીનો સ્વભાવ એટલો દયાળુ હતો કે સાથે રહેનારા કોઈપણ હોય ને

કાંઈ પણ માગે તુરત આપી દેતા.અમે નાના હતા ત્યારે નંદસ્વામીએ શાસ્ત્રીજીને મારી સાથે વડોદરા ભણવા મોકલ્યા. અમે બન્ને સાથે રહ્યા. જેમ કૃષ્ણને સુદામા સાથે રહ્યા તેમજ અમે સાથે રહ્યા. એ બાળપણ યાદ આવે ને હૈયુ ભરાય. રવિન્દ્રનાથ ટાગોરે ભગવાન પાસે માગ્યું છે. જન્મોજનમ બાળપણ આપજે. અમારે યુવાની જોઈતી નથી. અમે ગોપાળાનંદ સ્વામીની પવિત્ર ભૂમિમાં ભણ્યા. અમારી માથે નંદસ્વામી અને અથાણાવાળા સ્વામી જેવા પવિત્ર સંતનું છત્ર હતું. અમે બહુ ભાગ્યશાળી. ઘનશ્યામસ્વામીના ગુરૂ નંદસ્વામી ધામમાં ગયા. મને ખબર પડી તુરત હુ ત્યાં ગયો ને ઘનશ્યામ સ્વામી દોડી મને બાથ ભરી એવુ રડતા હતાં. મારાથી જોવાતુ નહોતુ. હું શાંત કરૂ પણ કાંઈ અસર ન થઈ. ગુરૂ જેવુ આ જગતમાં બીજુ કોઈ નહિ પણ મારા ગુરૂ અથાણાવાળા સ્વામી ધામમાં ગયા ત્યારે મારૂ શું થયું. શું કહું પણ એ વખતે મને ઘનશ્યામ સ્વામી બહુ જ યાદ આવતા હતા. આજે અમારા બન્નેના ગુરુ ધામમાં ગયા. આ જગતમા અમારૂ કોઈ જ નથી એવુ સતત લાગ્યા કરે છે. ગુરૂની ઉપમા અપાય એવુ જગતમાં કાંઈ જ નથી. મને ગુરૂ યાદ આવે ત્યારે ખૂબ રડી જવાય છે. અમે બન્ને વડોદરા ભણતા ત્યારે અમારા બન્નેના ગુરુ અમારું કેવું ધ્યાન રાખતા એ યાદ આવે ને આંસુ આવી જાય. વ્હાલા નાના નાના સંતોને ભલામણ જેને ગુરુ મળ્યા હોય એમણે એમણે ગુરુના અંતરના આશીર્વાદ લેજો. બધુ બીજી વાર મળશે પણ ગુરુ ફરીવાર આ જન્મે નહિ મળે. આ જગતમા સૌથી અધિક ગુરૂ છે એ જ ભગવાનનો નિશ્ચય કરાવશે. ગુરુના ઋણથી ક્યારેય છુટાતુ નથી જ. મે મારા ગુરુ અથાણાવાળા સ્વામીનો સ્મૃતિ મહોત્સવ વડતાલમાં ધામધૂમથી ઉજવ્યો અને મારી જુગલ જોડી ઘનશ્યામ સ્વામીએ આ વરસે જે ભવ્યાતિભવ્ય ગુરુનો સ્મૃતિ મહોત્સવ ઉજવી રહ્યા છે. ધન્ય ધન્ય હો ઘનશ્યામ સ્વામીને ભગવાન ખૂબ શક્તિ આપે એજ. વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ, પ્રગટ શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રી ચરણોમાં શુભ પ્રાર્થના.

આપના પવિત્ર સંતમંડળને મારા અતિભાવથી આશીર્વાદ સાથ જય સ્વામિનારાયણ વાંચશોજી.

લી. પુરાણી વિષ્ણુપ્રકાશદાસજીના સપ્રેમ જય સ્વામિનારાયણ.

સર્વે સંતો હરિભક્તોનો ખૂબ જ આદરભાવ કરતા.

- પ.પૂ.સ.ગુ. શા. શ્રીનિવાસદાસજી (રામપુરા મંદિર-સુરત)

પ.પૂ. સ.ગુ. શા. ઘનશ્યામપ્રકાશદાસજી તથા સર્વે સંત મંડળને સુરતથી લી. સ.ગુ. શા. શ્રીનિવાસદાસજીના જય સ્વામિનારાયણ.

જય શ્રી સ્વામિનારાયણ સાથે લખવાનું કે આપશ્રી ગુરુવંદના મહોત્સવ કરવાના છો. તે તો ખૂબ જ ઈચ્છનીય છે. અમોને સ.ગુ. નંદકિશોરદાસજી સ્વામીના મુંબઈ શતવાર્ષિક પાટોત્સવમાં પ્રથમ દર્શન થયેલાં. ત્યારે તેમના સ્વભાવનો અનુભવ થયેલો. તેઓ ખૂબ જ નિર્માની સ્વભાવના હતા. સર્વે સંતો હરિભક્તોનો ખૂબ જ આદરભાવ કરતા. પોતે જ સંતોને અને હરિભક્તોને પ્રેમથી જમાડતા. બીજું કે અમારા મંડળને જ્યારે સુરતની મહંતાઈ મળી ત્યારે અમારા ગુરૂ શા. હરિસ્વરૂપદાસજી મહંત બન્યા. તે વખતે સાલ ૧૯૭૫ ની હતી અને અમારે સુરત આવવાનું થયું ત્યારે પૂ. નંદકિશોર સ્વામીજીએ ૧૦ થી ૧૧ ગાડી લઈ સ્ટેશને ૫૦૦ થી ૭૦૦ હરિભક્તોને લઈને સ્ટેશન ઉપર અમારા ગુરુ અને અમારું ખૂબ જ ભાવથી હારતોરાથી સ્વાગત કરેલું. આવું સ્વાગત તો કોઈ ન કરી શકે તેવું સ્વાગત તેમણે કરેલું. ત્યાર પછી મંદિરમાં પણ તેવું જ સ્વાગત કરેલું. આવી રીતનો તેમના સ્વભાવની અંદર આવો નિર્દોષ ભાવ, સમદૃષ્ટિવાળો સ્વભાવ હતો. ત્યારે અમે દસ દિવસ સુધી ભેગા રહેલા. તોપણ જરાપણ જુદાપણું નહોતું લાગતું અને જ્યારે જ્યારે તેમનો વિદાય સમારંભ યોજાતો ત્યારે ગોપાળાનંદ ભુવન છે ત્યાં મોટા સભામંડપની અંદર ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા અને બહેનો પણ હાજર રહ્યા હતાં ત્યારે દરેક હરિભક્તો પ્રવચનમાં સ્વામીજીના ખૂબ જ વખાણ કરતા લાગણી વશ થઈ રડી પડતા, બોલી પણ નહતું શકાતું એવો બધા હરિભક્તોને સ્વામી પ્રત્યે પ્રેમ હતો ને જ્યારે સ્વામીએ વિદાય લીધી ત્યારે બધા જ હરિભક્તો ને બહેનો તેમના આંખની અંદર અશ્રુધારા વહેતી હતી.

સ.ગુ નંદકિશોર સ્વામીજીનો સુરત મંદિરના વિકાસમાં તથા હરિભક્તો રૂપી બગીચાની રાખરખાવટમાં ખૂબ જ મહત્વનો ફાળો હતો.

સ્વામીજીનો સ્વભાવ ખૂબ જ દયાળુ હતો તેઓની પાસે જે કોઈ હરિભક્તો આવે તેમને સ્વામીજી દેવોનો મહિમા સમજાવે અને મંદિરે રોજ આવવાનો નિયમ આપે અને ભગવાન હરિભક્તોને સુખી કરતા. એટલે હરિભક્તોને સ્વામી પ્રત્યે પ્રેમ અને લાગણી ખૂબ રહેતી. અને ઝવેર ભગત નાના નાના સત્સંગીના બાળકોને મગસ લાડુ આપે અને રોજ મંદિર આવવાનું કહે તેથી બાળકો રોજ મંદિર આવતા તે જ પ્રમાણે સ.ગુ. શા. નારાયણસ્વરૂપદાસજી તે પણ હરિભક્તોને અને હરિભક્તોના બાળકોને ખૂબ જ સારા સંસ્કાર આપતા ને તે વખતે તેમને બાળધૂન મંડળની સ્થાપના કરેલ. તે જ પ્રમાણે સ.ગુ. પુ.સ્વા. ભક્તિકિશોરદાસજી પણ ખૂબ જ લાગણીશીલ સ્વભાવના હતા ને તેઓ વહીવટની સારી દેખરેખ રાખતા. તેમના સમયની અંદર મંદિરના તથા વહીવટના વિકાસના કાર્ય ખૂબ જ થયેલ ત્યારે દેશકાળ બહુ સારા નહિ તોપણ તેમણે મંદિરની ચારે બાજુ ટાઈલ્સ લગાવી ત્યાં પ્રદક્ષિણાનો ભાગ વધારેલો. ત્યાં છાણ લીપણ જે હોલ ચિનાઈ ટાઈલ્સ નખાવેલી આવી રીતે તેમણે હરિભક્તો પાસેથી સેવા લઈ અનેક મંદિરના વિકાસના કાર્યો કરેલ છે. સાથોસાથ રામપુરા મંદિરની અંદરમાં આવેલ ઉધના અને અશ્વિનીકુમાર મંદિરનો પણ ખૂબ વિકાસ કરેલો હતો. પુ.સ્વામી ભણેલા નહોતા તોપણ તેમની વાણીમાં ખૂબ જ પ્રેમ લાગણી હતી. તેથી દરેક હરિભક્તો સ્વામીને વિષે પ્રેમ રાખતા ને સ્વામી મંદિરની સેવા કરાવતા. આવી રીતે સ્વામીએ રામપુરા મંદિર શ્રી નારાયણમુનિદેવની સેવા કરેલ. તે સેવા અતિ પ્રશંસાને પાત્ર છે. અને સ્વામીને આજ પર્યન્ત સુરત સત્સંગ સમાજ ખૂબ પ્રેમથી અને લાગણીથી યાદ કરે છે એવા ગુણો હતા. તેથી કરીને સ્વામીએ અને તેમના મંડળે સુરતના સત્સંગરૂપી બગીચાને ફૂલ્યો ફાલ્યો રાખેલો છે. જ્યારે પણ કાંઈક વાત નીકળે ત્યારે સ્વામીને યાદ કરે છે તો એવા સંતગુણે કરીને પુ. સ્વામી નંદકિશોરદાસજી યુક્ત હતા. તેમનાં ચરણોમાં કોટી કોટી વંદન કરીએ છીએ.

લી. સુરતથી મહંત સ.ગુ. શા. સ્વા. શ્રીનિવાસદાસજી રામપુરા, સુરત

રામપુરા સ્વામિનારાયણ મંદિરની પ્રગતિમાં સિંહફાળો આપેલ છે.

- શ્રી હરિભાઈ ઈશ્વરભાઈ પટેલ

પરમ પૂજ્ય કોઠારી સ્વામી શ્રી નંદકિશોર સ્વામીએ સુરત ખાતે રામપુરા સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ જાત-જાતના અને ભાત-ભાતના ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. જેવાં કે ફળ-ફુટના હિંડોળા ઉત્સવ જેમાં દરેક જાતના ફુટ કેરી, સફરજન, મોસંબી, તરબુચ, કેળાં, દાડમ, દ્રાક્ષ જેવાં અનેક જાતના ફુટના હિંડોળા મહોત્સવની ઉજવણી કરી હતી. જેમાં હજારો હરિભક્તોએ હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો. તેનાં દર્શનનો લાભ રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી ખુલ્લો રાખવામાં આવતો.

પ.પૂ. કોઠારી સ્વામી શ્રી નંદકિશોર સ્વામીએ સુરત ખાતે રામપુરા સ્વામિનારાયણ મંદિર ખાતે નારાયણમુનિદેવ, શ્રીકૃષ્ણ તથા શ્રી રાધિકાજી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ તથા ભક્તિમાતાના પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરી હતી. તથા શ્રી ઘનશ્યામ મહારાજના ઉત્સવની પણ ઉજવણી કરી હતી.

વધુમાં આચાર્ય મહારાજશ્રી ઉત્સવની પણ ધામધૂમથી ઉજવણી કરી હતી એમાં હજારો હરિભક્તોએ ભાગ લીધો હતો.

પ.પૂ. કોઠારી સ્વામીશ્રી નંદકિશોર સ્વામીજીએ ૧૧ વર્ષ નિષ્ઠાપૂર્વક સેવા કરી હતી. એમાં રામપુરા સ્વામિનારાયણ મંદિરની પ્રગતિમાં સિંહફાળો આપેલ છે.

એમના સમયમાં પ્રસાદની હરિભક્તોને છૂટ હતી. હરિભક્તોને થાળ-ભોજન કરાવતા. નાસ્તો તો ધનુર્માસમાં હરિભક્તોને જોઈએ એટલો મળી રહેતો. હરિભક્તો ખુશ-મિજાજમાં રહેતા. દરેક હરિભક્તોને જાતે બોલાવી પ્રસાદની ભેટ આપતા.

પ.પૂ. કોઠારી સ્વામી શ્રી નંદકિશોર સ્વામીજીની સેવામાં ઝવેર ભગત તથા મુગટ સ્વામી, ભક્તિ સ્વામી ચોવીસ કલાક ખડેપગે રહેતા અને કોઠારી સ્વામીનું કામ સહેલું કરી દેતાં. એમનું મંડળ રામપુરા મંદિર ખાતે સારી સેવા કરવા તત્પર રહેતું.

એમના સમયમાં બાળધૂન મંડળની સ્થાપના થઈ હતી.

શ્રી હરિભાઈ ઈશ્વરભાઈ પટેલ,
મો. ૯૯૦૪૬૩૪૧૯૯

તેઓ સાધુ તથા હરિભક્તોની ખૂબ સારસંભાળ રાખતા.

- શ્રી ઉત્તમભાઈ રણછોડદાસ ગાંધી

સદ્‌ગુરુ શ્રી પરમ પૂજ્ય નંદકિશોર સ્વામીનાં ચરણોમાં દંડવત્ સહ પ્રણામ

સદ્‌ગુરુ શ્રી પરમ પૂજ્ય નંદકિશોર સ્વામી રામપુરા મેઈન રોડ સ્વામિનારાયણ મંદિરનાં કોઠારી તરીકે આશરે લગભગ અગિયાર (૧૧) વર્ષ સુધી રહ્યા હતા. તેમજ ધોલેરા અને મુંબઈનાં કોઠારી પદે પણ રહ્યા હતા. તેમના મંડળમાં મુખ્ય ભક્તિ સ્વામી અને હાલના વડતાલ મંદિરના ચેરમેન ઘનશ્યામ સ્વામી તેમનાં મુખ્ય શિષ્ય હતા તથા તેમની સાથે ઝવેર ભગત, મુગટ સ્વામી, લક્ષ્મીપ્રસાદ સ્વામી, નારાયણસ્વરૂપ સ્વામી, જગતપાવન સ્વામી સાથે રહેતા હતા. અને તેમનાં સમયમાં મંગળા આરતી પછી સવારની કથા થતી તથા શણગાર આરતી પછી પણ કથા થતી તથા સંધ્યા આરતી પહેલાં પણ અને શયન આરતી પહેલાં તેમનાં સમયમાં કથા રોજ થતી અને સભામાં હરિભક્તોનો ખૂબ મોટા પ્રમાણમાં મહેરામણ રહેતો. તેમનાં સમયમાં સભાખંડ નાનો પડતો. તેઓ ખૂબ જ માયાળુ સ્નેહપ્રિય અને સંતો હરિભક્તોનાં ખૂબ જ પ્રિય હતા તથા તેઓ સાધુ તથા હરિભક્તોની ખૂબ સાર સંભાળ રાખતાં અને જો કોઈ હરિભક્ત એક દિવસ મંદિરમાં ન દેખાય તો પૂછતા કે, "કેમ તમો મંદિરમાં કાલે ન આવ્યા ?" તેમનાં સમયમાં સર્વ સંતો તથા હરિભક્તો સર્વ ઉત્સવો ખૂબ જ ધામધૂમથી (આનંદથી) મનાવતા. તેમનાં સમયમાં હિંડોળાનો ઉત્સવ ખૂબ જ હેતથી થતો અને તેમનાં જ સમયમાં બાળધૂન મંડળની સ્થાપના થઈ હતી જે આજ દિન સુધી ચાલુ છે. તેઓ ખૂબ જ નિર્માની, ખૂબ જ હેતવાળા અને પ્રેમાળ હતા. તેમનાં સમયમાં ઘણાં સંતો સુરત મંદિરમાં આવી રહેતા હતા.

સ્થળ : સુરત
તા. ૩૦.૦૫.૨૦૧૨

શ્રી ઉત્તમભાઈ રણછોડદાસ ગાંધી
શ્રી જશવંતલાલ બેચરદાસ મેવાવાળા

નંદસ્વામી વિવેકી, દયાળુ તથા લોકોના મનને જીતી લેનાર હતા.

- હસમુખભાઈ નાગજીભાઈ દેસાઈ - સુરત

સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી

ગુરૂ પુરાણી શ્રી નારાયણસ્વરુપદાસજી - વડતાલ

સ.ગુ. શ્રી નંદકિશોરદાસજીને અમે ટૂંકમાં નંદસ્વામી કહેતા. તેઓ સુરતમાં સંવત્ ૧૯૬૫માં કોઠારી પદે શ્રી નારાયણમુનિદેવની સેવામાં રહીને ૧૦ વર્ષ સુધી લાગલગાટ સારી સેવા કરેલી. પોતે બિલકુલ અભણ હતા. વ્યવહાર કુશળ અને નિખાલસ સ્વભાવના હતા. તેના મંડળમાં શ્રી ભક્તિકિશોરદાસજી હતા તથા વયોવૃદ્ધ પાર્ષદ ઝવેરભગત હતા. ઝવેરભગત પણ ખૂબ પ્રેમાળ સ્વભાવના હતા તથા નિરન્નમુક્તદાસજી (મુગટ સ્વામી) પણ હતા. તેઓ શ્રી ઘનશ્યામ મહારાજની સેવામાં હતા. નંદસ્વામી વિવેકી, દયાળુ તથા લોકોના મનને જીતી લેનાર હતા. ઉદાર સ્વભાવના હતા. હરિભક્તોને ખાનપાનથી ખૂબ રાજી રાખતા. નાના નાના હરિભક્તોના બાળકોને પોતે બોલાવી પ્રસાદીના લાડુ આપતા અને ધૂન ભજનમાં આગ્રહ રખાવતા. પોતે આખો દિવસ સેવામાં રહેતા. ટાઈમ મળે ત્યારે માળા ફેરવવા બેસી જતા. ઉત્સવ સમૈયામાં નંદ સ્વામી ઉદારભાવથી દેવની સેવા કરતા અને કરાવતા મંદિરની તમામ મિલકતનું તેઓ જતન કરતા. દેવનો એક પણ પૈસો ગેરવલ્લે ન જાય તેની તકેદારી રાખતા. વડતાલ જવું હોય તો લોકલ ટ્રેનમાં બેસીને જતા. તેઓ એકદમ સાદું જીવન જીવી ગયા.

લી. હસમુખભાઈ નાગજીભાઈ દેસાઈ - સુરત

સુરત સત્સંગ આજે જે સૌરાષ્ટ્રવાસીમાં ફાલ્યો ફૂલ્યો છે તે સ્વામીને આભારી છે.

- નથુભાઈ એન. દેસાઈ

પ.પૂ. સ્વામી મારા ધાર્યા પ્રમાણે સુરત સ્વામિનારાયણ મંદિરના મહંત તરીકે સંવત્ ૨૦૧૯માં નિમણૂંક થયેલ ત્યારથી મારો તેમની સાથે જે પરિચય થયો તે હું લખી જાહેર કરી શકુ છું. સ્વામી મારા ધાર્યા પ્રમાણે સુરતમાં દશ થી અગિયાર વર્ષ સુધી રહ્યા હતા. આટલો સમય રહેવાનું કારણ એ હતુ કે વડતાલના આચાર્ય વહીવટ સામે કોર્ટમાં દાવો ચાલતો હતો. તે દરમિયાન નામદાર કોર્ટે આચાર્ય મહારાજશ્રીને કોઈ પણ મંદિરમાં કોઈ પણ કોઠારીશ્રીની બદલીઓ નહિ કરવા સામે સ્ટે આપેલો. તેથી સ્વામી તે વખત દરમિયાન સુરત મંદિરમાં હતા. સ્વામીના સ્વભાવની તો શું હું વાત કરૂં. સુરત સત્સંગ આજે જે ફુલ્યો ફાલ્યો છે તે સ્વામીના હિસાબે. સુરતી લાલાઓને પ્રસાદ પાણીથી ખૂબ લાડ લડાવ્યા છે. સ્વામીની રસોઈ બનાવેલી સ્વાદ વગરની ના હોય. દરેકે સ્વાદ સારો ચાખેલો. બીજું તેની જોડે ઝવેર ભગત હતા તેણે પણ બાળકોને પ્રસાદ આપી સત્સંગનો પાયો મજબૂત કરેલો, તેમનું પણ યોગદાન સારું હતું. બીજું તેમની જોડે પુરાણી ભક્તિકિશોરદાસજી સ્વામી હતા તે પણ વહીવટમાં કુશળ હતા. સ્વામીએ તેમના ગુરૂ પુરાણી નારાયણસ્વરુપદાસજી પાસેથી ખૂબ સારા ગુણ લીધેલા. નંદકિશોર સ્વામીજી સાથે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી હતા તે પણ સુરતીઓને કથાપાનથી રાજી રાખતા. વિ.સં. ૨૦૨૩ પછી સૌરાષ્ટ્રવાસી હરિભક્તોનો યોગ થયો. સત્સંગમાં ઓર મહેક આવી. સ્વામીએ વિ.સં. ૨૦૩૧માં પાઘનો ઉત્સવ ખૂબ ધામધૂમથી યાદગાર ઉજવેલો. સુરત સત્સંગ આજે જે સૌરાષ્ટ્રવાસીમાં ફાલ્યો ફૂલ્યો છે તે સ્વામીને આભારી છે. સુરતથી વિ.સં. ૨૦૩૧માં બદલી થતા પહેલા તેમનાં મંડળમાં આજે ચેરમેન એવા શ્રી ઘનશ્યામપ્રકાશસ્વામી પણ તેમના શિષ્ય તરીકે જોડાયેલા. સ્વામીએ સુરતમાં રહી ખૂબ સારી એવી સુવાસ મેળવેલી.

લી.નાથુભાઈ એન. દેસાઈ

પરિશિષ્ટ